# तत्त्वार्थसूत्र

## (मोक्षशास्त्र)

गुजराती भाषाटीकासहित

प्रकाशक-

मूलचंद कसनदास कापडीआ-सूरत

॥ श्री वीतरागाय नमः ॥

श्रीमदुमास्वामिविरचित—

# मोक्षशास्त्र.

## ( तत्त्वार्थसूत्रजी )

गुजराती भाषाटीकासहित.

पं. पन्नालालजी बाकलीवालकृत हिन्दी टीका उपरथी


अनुवादक—दोशी नाथालाल सोभागचंद—ईडर.



प्रकाशक—

मूलचंद कसनदास कापडीआ—सूरत.

वीर संवत २४४१ आवृत्ति १ ली. विक्र. सं. १९७१


मूल्य रु. ०-१०-०.

Printed by—
Matoobhai Bhaidas at K. A's 'The Surat Jain'
Printing Press Khapatia chakla—SURAT.

Published by—
Moolchand Kasondas Kapadia Hon: Editor 'Digambar Jain' & Proprietor 'Digambar Jain Poostakalaya'
Published from—
Khapatiachakla, Chandavadi—SURAT.

# પ્રસ્તાવના.

જેમાં **જૈનસિદ્ધાંતનો પૂર્ણ સાર** ભરેલો છે એવો અને જે સર્વે જૈનોને એટલો બધો માન્ય છે કે ઘણાખરા ભાઇઓ અને બ્હેનો જે ગ્રંથનો પાઠ દરરોજ નિયમીત રીતે કરવાનો કે સાંભળવાનો નિયમ લે છે તે આપણો **શ્રી તત્ત્વાર્થસૂત્રજી** યાને **મોક્ષશાસ્ત્ર** ગ્રંથ છે કે જે શ્રીમદ્ **ઉમાસ્વામીએ** રચેલોછે અને જેનું માહાત્મ્ય એટલું બધું છે કે એનો **એકવાર માત્ર પાઠ કરવાથી એક ઉપવાસનું ફળ મળે છે.**

હવે આવો મહત્વનો ગ્રંથ **સંસ્કૃતમાં હોવાથી** તેનો દરેક ભાષામાં અનુવાદ થવાની ખાસ જરૂર હતી, જેથી **સરલ હિંદી અનુવાદ** તો ૯ વર્ષ ઉપર બાલબ્રહ્મચારી જૈનસિદ્ધાંતપ્રેમી વિદ્વદ્વર્ય્ય **પંડિત પન્નાલાલજી બાકલીવાલે** પ્રકટ કર્યો હતો અને હાલ સુધી તેની ત્રણ આવૃત્તિઓ પ્રકટ થઈ ચુકી છે જ્યારે ગુજરાતી ભાષા સમજી શકનાર માટે એ ગ્રંથનો **ગુજરાતી અનુવાદ** પ્રકટ થવાની ઘણીજ આવશ્યક્તા હતી, જેથી એ હિંદી અનુવાદને આધારે ઈડરનિવાસી **ભાઈ નાથાલાલ સોભાગચંદ દોશીએ** ગુજરાતી અનુવાદ તૈયાર કરીને તે પ્રકટ કરવા માટે અમને ત્રણેક વર્ષ થયાં મોકલી આપ્યો હતો, પણ કેટલાંક વર્ષના અનુભવથી અમને જણાયું છે કે ગુજરાતમાં વાંચનનો વિશેષ શોખ ન હોવાથી જો કોઈ પુસ્તકની ૧૦૦૦ પ્રત પ્રકટ કરવામાં આવે છે તો તેમાંથી ૨૦૦-૩૦૦ પ્રત પણ પુરી વેચાતી નથી એટલે મુદ્દલ કિંમત પણ ઉપજવી મુશ્કેલ થઇ પડે છે, જેથી એ અનુવાદ અમારી પાસે પડી રહ્યો હતો, પણ આ ઉત્તમ અને અત્યંત માનનીય ગ્રંથ ગુજરાતી અનુવાદ સહિત પ્રકટ કરવામાં આવે તો

**વલાસણ(ખેડા) નિવાસી** સ્વર્ગવાસી શેઠ ઝવેરદાસ બાપુજીના સ્મરણાર્થે **શા. વલ્લભદાસ ઇશ્વરદાસે** ગુજરાતના દિ. જૈન બંધુઓના **સ્વાધ્યાય** માટે **ગુજરાતના** દરેક **દિ. જૈન** **દહેરાસર**માં **ભેટ** આપવાને એની **૨૫૦ પ્રતો**ની માંગણી કરવાથી અમોએ આ મોક્ષશાસ્ત્ર યાને **તત્ત્વાર્થસૂત્રજી** ગ્રંથ સંસ્કૃત સૂત્ર અને તેના પદચ્છેદ સહિત **સરલ ગુજરાતી ભાષા**માં પ્રકટ કર્યો છે, જે દરેક પાઠશાળાઓ, બોર્ડિંગો વગેરેમાં પણ ચલાવવા લાયક છે તથા ગુજરાતના સર્વે બંધુ અને બ્હેનોને અવશ્ય સ્વાધ્યાય કરવાલાયક છે. અર્થ જાણ્યા વગર પોપટીયા જ્ઞાનની માફક માત્ર મોંઢે પાઠ કરવા કરતાં તેનો અર્થ સમજીને પાઠ કરવાથી મહાન પૂણ્ય મળે છે. વળી જ્યારે હિંદી ગ્રંથની કિંમત પ્રથમ ૧) હતી અને હાલ બાર આના છે ત્યારે અમોએ એનો પુષ્કળ ફેલાવો કરવા માટે માત્ર દશ આનાજ રાખી છે, જેથી આશા છે કે એનો લાભ અમારા ગુજરાતના ભાઇઓ અવશ્ય લેશેજ. જોકે ભાઈ નાથાલાલ સોભાગચંદે કરેલા અનુવાદમાં કેટલીક અશુદ્ધિઓ હતી, તેનું અમોએ યથાશક્તિ સંશોધન કર્યું છે, છતાં પણ જૈનસિદ્ધાંતના સારરૂપ આ મહાન ગ્રંથમાં જો કંઈ અશુદ્ધિ હજુ રહી ગઈ હોય તે વિદ્વદ્ વાંચકવર્ગ જણાવશે, તો બીજી આવૃત્તિ વખતે તે અવશ્ય સુધારવામાં આવશે.

ચંદાવાડી, સુરત
વીર સં. ૨૪૪૧
પ્ર. વૈશાખ સુદી ૧ ગુરૂવાર.

જૈનજાતિસેવક—
**મૂલચંદ કસનદાસ કાપડીઆ.**

|| ॐ ||

|| श्री वीतरागाय नमः ||

# तत्त्वार्थसूत्र ।

## गुजराती भाषाटीकासहित ।

**पंच परमपद प्रणम करि, जिनवाणी उर धारी ।**
**मोक्षशास्त्र भाषार्थसह, लिखहुं बालहितकारी ॥१॥**

આત્માનું હિત મોક્ષ છે અને તે મળવાનો ઉપાય શું છે, એવો પ્રશ્ન થવાથી આચાર્ય શ્રી સૂત્ર કહે છેઃ—

**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥१॥**

अर्थ—( सम्यग्दर्शनज्ञानचारित्राणि ) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણેનું એકત્ર મળવું, તે (मोक्षमार्गः) મોક્ષનો માર્ગ છે અથવા મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. [1]સંશય, [2]વિપર્યય અને [3]અનધ્યવસાય સહિત જીવાદિક-

---

૧ સંશય—विपरितानेककोटीज्ञानं संशयः—વિપરીત અનેક કોટી રહેવાવાલા જ્ઞાનને સંશય કહે છે. જેમકે આ સીપ છે અથવા ચાંદી છે. ૨. વિપર્યય विपरितैककोटीज्ञानं विपर्ययः—વિપરીત એક કોટીમાં રહેવાવાલા જ્ઞાનને વિપર્યય કહે છે. જેમ સીપમાં ચાંદીનું નિશ્ચય રૂપ જ્ઞાન થવું. ૩. અનધ્યવસાય—किमित्यामायमनध्यवसायः શું, છે। એવી રીતનું જે જ્ઞાન, તેને અનધ્યવસાય કહે છે. જેમ

પદાર્થોને જાણવા, તેને સમ્યગ્જ્ઞાન કહે છે તેમજ મિથ્યાત્વ કષાયાદિક સંસારની કારણરૂપ ક્રિયાઓથી વિરક્ત થવું, તેને સમ્યગ્ચારિત્ર કહે છે. ૧. હવે सम्यग्दर्शननुं લક્ષણ કહે છે:—

**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥२॥**

अर्थ—(तत्त्वार्थश्रद्धानं) तत्त्व એટલે વસ્તુના સ્વરૂપ સહિત अर्थ એટલે પદાર્થોનું (સાત તત્ત્વોનું) (श्रद्धानं) શ્રદ્ધાન કરવું તેને (सम्यग्दर्शनम्) સમ્યગ્દર્શન કહે છે. ૨.

**तन्निसर्गादधिगमाद्वा ॥३॥**

अर्थ—(तत्) તે સમ્યગ્દર્શન (निसर्गात्) સ્વભાવથી (वा) અથવા (अधिगमात्) અન્યના ઉપદેશથી ઉત્પન્ન થાય છે એટલે જે સમ્યગ્દર્શન અન્યના ઉપદેશ વગર આપોઆપ ઉત્પન્ન થાય, તેને निसर्गज સમ્યગ્દર્શન કહે છે અને જે સમ્યગ્દર્શન અન્યના ઉપદેશથી ઉત્પન્ન થાય, તેને अधिगमज સમ્યગ્દર્શન કહે છે. ૩.

**जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षास्तत्त्वम् ॥४॥**

अर्थ—( जीवाजीवास्रवबन्धसंवरनिर्जरामोक्षाः ) જીવ, અજીવ, આસ્રવ, બન્ધ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ સાત (तत्त्वम्) તત્ત્વ છે. જેમાં ચેતનાલક્ષણ હોય, તેને જીવ કહે છે અને ચેતનાલક્ષણ જેમાં નહિ હોય, એવા પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ અજીવ

ચાલતાં કાંકરા કાંટા વીગેરે કોઇ પદાર્થ વાગ્યો હોય, તો અજાણથી શું વાગ્યું, તેવું જે જ્ઞાન, તેને અનધ્યવસાય કહે છે.

તત્વ છે. આત્માના પ્રદેશમાં શુભ અશુભ કર્મોનું આવવું તેને **આસ્રવ** કહે છે. આત્માના પ્રદેશોમાં કર્મોનો પ્રવેશ થવો અથવા સંબંધ થવો, તેને **બન્ધ** કહે છે. આસ્રવોને રોકવાના કારણુસ્વરૂપને **સંવર** કહે છે. આત્માના જીવના પ્રદેશોથી કર્મોનું એકદેશ ક્ષય થવું (પૃથક્ થવું) તેને **નિર્જરા** કહે છે અને સમસ્ત કર્મોનું સર્વથા પૃથક્ (નાશ) થઇ જવું, તેને **મોક્ષ** કહે છે. ૪.

**नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ॥५॥**

અર્થ—(नामस्थापनाद्रव्यभावतः) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી (तत्न्यासः) તે સપ્તતત્વોનો તથા સમ્યગ્દર્શનાદિકનો ન્યાસ એટલે લોકવ્યવહાર થાય છે. ગુણ, જાતિદ્રવ્ય અને ક્રિયાની અપેક્ષા રહિત પોતાની ઇચ્છાનુસાર લૌકવ્યવહાર માટે કોઇ પણ પદાર્થનું નામ આપવું, તેને **નામનિક્ષેપ** કહે છે. જેમકે કોઈ પુરુષનું નામ ઇંદ્રરાજ છે, પરન્તુ તેનામાં ઇંદ્રના જેવા ગુણ, જાતિ, દ્રવ્ય કે ક્રિયા કાંઇ પણ નથી; માત્ર માતા પિતાએ વ્યવહારાર્થે નામ રાખ્યું છે. વળી લોકોમાં ચતુર્ભુજ, ધનપાળ, દેવદત્ત, ઇંદ્રદત્ત, જીનદત્ત, હાથીસિંહ, જોરાવરસિંહ, મોતીચંદ, રામચંદ વિગેરે નામ રાખે છે, પણ તે ગુણ, જાતિ, દ્રવ્ય અને ક્રિયાની અપેક્ષાથી રખાતા નથી, તેને नामनिक्षेप કહે છે. ધાતુ, કાષ્ટ, પાષાણ અને માટીના ચિત્રાદિકમાં તથા સેતરંજ, ચોપટ વીગેરેમાં હાથી, ઘોડા, બાદશાહ, કુકડી ઇત્યાદિ तदाकार वा अतदाकार પદાર્થમાં કલ્પના કરી લેવી, તેને **સ્થાપના નિક્ષેપ**

કહે છે. જેમકે પાર્શ્વનાથ ભગવાનની વીતરાગસ્વરૂપ જેવી-ને તેવી શાન્ત મુદ્રાયુક્ત ધાતુપાષાણમય પ્રતિમાની (મૂર્તિની) પ્રતિષ્ઠા કરવી, તેને तदाकारस्थापना કહે છે અને સેતરંજની બાજીમાં હાથી, ઘોડા, બાદશાહ વગેરે માનવા, તેને अतदाकार-स्थापना કહે છે. નામનિક્ષેપમાં પૂજ્યઅપૂજ્ય બુદ્ધિ મનાતી નથી અને સ્થાપનાનિક્ષેપમાં પૂજ્યાપૂજ્ય બુદ્ધિ મનાય છે. ભૂત ભવિષ્યની પર્યાયની મુખ્યતા લઇને વર્તમાનમાં કહેવું તેને द्रव्यनिक्षेप કહે છે. જેમકે ભવિષ્યમાં થવાવાળા રાજાના પુત્રને (યુવરાજને) વર્તમાનમાં રાજા કહેવો અથવા જે ભૂત કાળમાં ફોજદાર હતો તેના હોદ્દાની મુખ્યતા લઇને વર્તમાન કાળમાં તેને ફોજદાર કહેવો, તે द्रव्यनिक्षेप છે. અને જે પદાર્થની વર્તમાન કાળમા જે પર્યાય હોય તે પર્યાયને તેજ સ્વરૂપ કહેવું, તેને भावनिक्षेप કહે છે. જેમકે લાકડાને લાક-ડાની અવસ્થામાં લાકડા કહેવા, કોલસા હોવાથી તેને કોલસા કહેવા અને રાખ હોવાથી રાખ કહેવી તે. પદાર્થોના આ ચાર ભેદો થાય છે. ૫.

प्रमाणनयैराधिगमः ॥६॥

अर्थ—ઉપર પ્રમાણે જીવાદિતત્વોના (अधिगमः) જ્ઞાન અથવા સ્વરૂપનું જાણવું તે (प्रमाणनयैः) પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણોથી તથા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયોથી થાય છે. પદાર્થને સર્વદેશરૂપ સ્પષ્ટ બતાવે તેને प्रमाण કહે છે. અને પદાર્થના એક દેશને કહી બતાવે (જણાવે), તેને નય કહે છે. આત્મા જે જ્ઞાનદ્વારા અન્ય પદાર્થની સહાયતાથી (ચક્ષુરાદિ ઇન્દ્રી-ઓની સહાયતા વિના તથા શાસ્ત્રાદિકની સહાયતા વિના,

પદાર્થને અત્યન્ત નિર્મળ તથા સ્પષ્ટરીતે જાણે, તેને प्रत्यक्षप्रमाण કહે છે. અને ચક્ષુ વિગેરે ઇન્દ્રીઓ (પાંચ ઇન્દ્રી-ઓ)થી તથા શાસ્ત્રાદિકથી પદાર્થને એકદેશ નિર્મળ જાણે તેને परोक्षप्रमाण કહે છે. એવાજ એક ભાગને અનુમાનપ્રમાણ પણ કહે છે. પર્યાયને ઉદાસીનરૂપથી દેખતાં છતાં દ્રવ્યને મુખ્યતાથી કહે તેને द्रव्यार्थिकनय કહે છે અને જે દ્રવ્યની મુખ્યતા નહિ કરીને એક પર્યાયનેજ કહે, તેને पर्यायार्थिकनय કહે છે. ૬.

**निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः ॥७॥**

**अर्थ**—(निर्देशस्वामित्वसाधनाधिकरणस्थितिविधानतः) નિર્દેષ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન એનાથી પણ જીવાદિક તથા સમ્યગ્દર્શનાદિકનું અધિગમ ( જ્ઞાન ) થાય છે. વસ્તુના સ્વરૂપને જાણીને કહેવું, તેને निर्देश કહે છે. વસ્તુના અધિકારને स्वामित्व કહે છે, વસ્તુની ઉત્પત્તિના કારણનું નામ साधन છે, વસ્તુના આધારને अधिकरण કહે છે, વસ્તુની કાળની મર્યાદાને स्थिति કહે છે અને વસ્તુના પ્રકારને ( ભેદ કહેવા, તેને ) विधान કહે છે. ૭

**सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तरभावाल्पबहुत्वैश्च ॥८॥**

**अर्थ**—(च) અને પદાર્થના (सत्संख्याक्षेत्रस्पर्शनकालान्तर-भावाल्पबहुत्वैः) સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અન્તર, ભાવ, અલ્પબહુત્વ એ આઠનાં સ્વરૂપ જાણવાથી અથવા કહેવાથી પણ સમ્યગ્દર્શનાદિકનું તથા જીવાદિક પદાર્થોનું

અધિગમ એટલે જ્ઞાન થાય છે.[1] सत्=અસ્તિત્વ, संख्या=વસ્તુના પરિણામોની ગણતરી કરવી તે, क्षेत्र=પદાર્થનો નિવાસ, स्पर्शन=જે આધારમાં હમેશાં નિવાસ રહે એવા અધિકરણને સ્પર્શન કહે છે. काल=વસ્તુને રહેવાની મર્યાદા ( પરિમાણ ), अन्तर=વિરહકાલ, भाव=પદાર્થોના ઔપશમિકાદિ સ્વરુપભાવ, अल्पबहुत्व=એક વસ્તુને બીજી વસ્તુની અપેક્ષા થોડી વધારે કહેવી તે. ૮. હવે સમ્યગ્જ્ઞાનના ભેદ તથા તેનું સ્વરૂપ કહે છે—

**मतिश्रुतावधिमनःपर्ययकेवलानिज्ञानम् ॥ ९ ॥**

अर्थ—(मतिश्रुतावधिमनःपर्ययकेवलानि) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન એ પાંચ પ્રકારના ( ज्ञानं ) જ્ઞાન છે. જે પચ ઇન્દ્રીઓથી અને મનથી જાણે, તેને मतिज्ञान કહે છે, મતિજ્ઞાનદ્વારા જાણેલા પદાર્થની સહાયતાથી તે પદાર્થના ભેદોને જાણે, તેને श्रुतज्ञान કહે છે. ક્ષેત્ર, કાલ, ભાવ તથા દ્રવ્યની મર્યાદાથી રૂપી પદાર્થોને પ્રત્યક્ષ જાણે, તેને अवधिज्ञान કહે છે. બીજાના મનમાં રહેલા રૂપી પદાર્થોને જાણે તેને, मनःपर्ययज्ञान કહે છે. સમસ્ત દ્રવ્ય-ક્ષેત્રકાલભાવને પ્રત્યક્ષરૂપ જાણે અથવા ભૂત ભવિષ્યત્ વર્તમાનમાં હોવાવાળી સમસ્ત પદાર્થોની સમસ્ત પર્યાયોને એકજ કાલમાં જાણે, તેને केवलज्ञान કહે છે. ૯.

**तत्प्रमाणे ॥ १० ॥**

अर्थ—( तत् ) ઉપર કહેલા પાંચ પ્રકારનાં જ્ઞાન છે તેજ

---

૧. એનું વિસ્તૃત વિવેચન સર્વાર્થસિદ્ધિ વગેરે શાસ્ત્રોમાં ચૌદ ગુણસ્થાન ચૌદ માર્ગણાના વર્ણનમાં છે.

( प्रमाणे ) પ્રમાણરૂપ છે તથા પ્રમાણના બે મૂળ ભેદ છે. १. प्रत्यक्ष, २. परोक्ष. १०.

आद्ये परोक्षम् ॥ ११ ॥

अर्थ—( आद्ये ) પ્રથમ બે એટલે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ( परोक्षं ) પરોક્ષપ્રમાણ છે. ૧૧.

प्रत्यक्षमन्यत् ॥ १२ ॥

अर्थ—( अन्यत् ) બાકીના અવધિ, મનઃપર્યંય અને કેવલજ્ઞાન ( प्रत्यक्षं ) પ્રત્યક્ષપ્રમાણ છે. ૧૨.

मतिः स्मृतिः संज्ञा चिन्ताभिनिबोध इत्यनर्थान्तरम् ॥ १३ ॥

अर्थ—(मतिः स्मृतिः संज्ञा चिन्ताभिनिबोध) મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિન્તા, અભિનિબોધ (इति) તેને આદિ લઇને પ્રતિભા, બુદ્ધિ, ઉપલબ્ધિ ઈત્યાદિ (अनर्थान्तरम्) અન્ય પદાર્થ નથી અર્થાત્ મતિજ્ઞાનના નામાન્તર છે. मति=મન અને ઇન્દ્રીઓથી વર્તમાનકાલવર્તી પદાર્થોને અવગ્રહાદિ સ્વરૂપ જાણે તે. स्मृति=અનુભવિત પદાર્થોનું કાલાન્તરમાં સ્મરણ થવું. संज्ञा= પ્રત્યભિજ્ઞાન અર્થાત્ વર્તમાનમાં કોઇપણ પદાર્થને જોઇને આ તેજ છે કે જે પહેલાં દેખ્યો હતો તે, એ પ્રકારનું જોડરૂપ જ્ઞાન તે. चिन्ता=કોઈપણ ચિન્હ જોઇને તે જગ્યા ઉપર આ ચિન્હવાળો અવશ્ય હશે, એ પ્રકારના વિચારને ચિન્તા કહે છે. अभिनिबोध=સન્મુખ ચિન્હાદિ જોઇને તે ચિન્હવાળો નિશ્ચય કરી લેવો તે (એને સ્વાર્થઅનુમાન પણ કહે છે). ૧૩.

तदिन्द्रियानिन्द्रियनिमित्तम् ॥१४॥

अर्थ—(तत्) તે મતિજ્ઞાન (इन्द्रियानिन्द्रियनिमित्तम्) બાહ્યમાં પાંચ ઇન્દ્રિયો અને મનના નિમિત્તથી થાય છે અર્થાત્ પાંચ ઇન્દ્રિયો અને મન એ છ બાહ્ય કારણ છે, પરન્તુ અંતરંગમાં મતિજ્ઞાનાવર્ણીય કર્મનો ક્ષયોપશમ એનું કારણ છે. ૧૪.

अवग्रहेहावायधारणाः ॥१५॥

अर्थ—મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર ભેદ છે. કોઈ પણ વસ્તુની સત્તામાત્રને જુએ (જાણે) તેને દર્શન અથવા દર્શનોપયોગ કહે છે. દર્શન થયા પછી તે વસ્તુનું શ્વેતકૃષ્ણાદિ વર્ણરૂપ વિશેષ જાણવું તેને अवग्रह કહે છે. અવગ્રહજ્ઞાન થયા પછી એ શ્વેત અથવા કૃષ્ણ કયો પદાર્થ છે, તેને જાણવાની ઇચ્છા થવી અથવા એ શ્વેત પદાર્થ બગલાની પંક્તિ હોવી જોઇએ અથવા શ્વેતધ્વજા દેખી હોય, તો એ ધ્વજા હોવી સંભવ છે, એ પ્રકારની ઇચ્છા થવી, તેને ईहा नामनुं मतिज्ञान કહે છે. ઇહાજ્ઞાનની પછી ઇહામાં જે જ્ઞાન થયું હતું તેનું નિશ્ચય થવું અથવા બગલાપંક્તિ હોય તો બગલાપંક્તિ અગર ધ્વજા હોય તો ધ્વજા એમ વિશેષ ચિન્હોથી નિશ્ચય કરી લેવું તેને अवाय नामनुं मतिज्ञान કહે છે અને જે જ્ઞાનના યોગથી જાણેલા પદાર્થને કાલાન્તરમાં નહિં ભુલવા તેને धारणा नामनुं मतिज्ञान કહે છે. ૧૫.

**बहुबहुविधाक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां सेतराणाम् ॥१६॥**

અર્થ—(बहुबहुविधंक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां) બહુ, બહુ-વિધ, ક્ષિપ્ર, અનિઃસૃત, અનુક્ત અને ધ્રુવ એ છ પ્રકારના પદાર્થોના તથા (सेतराणाम्) એનાથી ઉલ્ટા અલ્પ, એક વિધ, અક્ષિપ, નિઃસૃત ઉક્ત, અને અધ્રુવ એ છને મેળવીને બાર પ્રકારના પદાર્થોના અવગ્રહ, ઈહિ અવાય, ધારણારૂપ જ્ઞાન થાય છે. એક સાથે એક પદાર્થનું બહુ અવગ્રહાદિક જ્ઞાન થવું તેને बहुग्रहण કહે છે. બહુ પ્રકારના પદાર્થોનું અવગ્રહાદિક જ્ઞાન થવું તેને बहुविध કહે છે. જલ્દીથી પદાર્થનું અવગ્રહાદિ જ્ઞાન થવું તેને क्षिप्रग्रहण કહે-છે. જળમાં ડુબેલા હાથી મનુષ્યાદિકનો એક ભાગ જાણવાથી તેના સમ્પૂર્ણ પદાર્થનું અવગ્રહાદિરૂપ જ્ઞાન થવું તેને अनिःसृतग्रहण કહેછે. વચનથી સાંભળ્યા વિના અભિપ્રાયથી જાણી લેવું તેને अनुक्तग्रहण કહેછે. ઘણો વખત સુધી જેટલું તેટલું નિશ્ચય રૂપથી પદાર્થોનું થતું રહેવું તે ध्रुवग्रहण કહેછે એનાથી ઉલ્ટું પદાર્થોનું અલ્પજ્ઞાન હોવું અથવા એક પદાર્થનું જાણવું તેને अल्पग्रहण કહે છે. એક પ્રકારનું જાણવું તે एकविधग्रहण છે. પદાર્થનું ધીરે ધીરે બહુકાળમાં જાણવું તેને चिरग्रहण કહે છે. બહાર નિકળેલા પ્રગટરૂપ પદાર્થનું જાણવું તેને निःसृतग्रहण કહે છે. આ ઘટ (ઘડો) છે એ પ્રમાણે શબ્દ સાંભળીને ઘટપટાદિ પદાર્થોનું જાણવું તેને उक्तग्रहण કહે છે. ક્ષણક્ષણમાં ઓછું વધારે થાય અથવા ક્ષણ વારમાં નષ્ટ થઈ જાય, એ પ્રકારના પદાર્થોનું જાણવું તેને अध्रुवग्रहण કહે છે. એવી રીતે બાર પ્રકારની અવસ્થાવાળા પદાર્થોનું અવગ્રહ, ઇહા, અવાય અને ધારણારૂપ મતિજ્ઞાન થાય છે. ૧૬.

## अर्थस्य ॥ १७ ॥

અર્થ—પદાર્થોના એ બહુ વગેરે બાર ભેદ કહ્યા તે દ્રવ્યના છે એટલે પદાર્થના બહુ આદિ વિશેષણ સહિત બાર પ્રકાર અવગ્રહાદિ જ્ઞાન થાય છે. ( એટલે મતિજ્ઞાનના ભેદ અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, એ ચાર દરેક, પાંચ ઇન્દ્રિઓ અને મન એ છથી થાય છે તેથી ૪×૬=૨૪ ભેદ મતિજ્ઞાનના થયા. અને બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિઃસૃત, અનુક્ત, અને ધ્રુવ એ છ અને તેનાથી ઉલટા અલ્પ, અલ્પવિધ, ચિરકાળીગ્રહણ, નિઃસૃત, ઉક્ત અને અધ્રુવ એ બાર પ્રકારથી અવગ્રહાદિક જ્ઞાન થાય છે, તેથી મતિજ્ઞાનના ૨૪×૧૨=૨૮૮ ભેદ થયા.) કોઇનો મત એ છે કે ચાક્ષુષજ્ઞાન થાય છે તે રૂપનુંજ થાય છે, દ્રવ્યનું થતું નથી. દ્રવ્યનું તો તેના સંબંધથી પછી થાય છે, તેના ખંડનાર્થે આચાર્ય મહારાજ કહે છે કે સંબન્ધ પદાર્થની (દ્રવ્યની) સાથેજ થાય છે, માત્ર ગુણની સાથે કદીપણ થતો નથી, એ કારણથીજ આ સુત્ર રચ્યું છે. ૧૭.

## व्यञ्जनस्यावग्रहः ॥१८॥

અર્થ—( व्यञ्जनस्य )અપ્રકટરૂપ શબ્દાદિક પદાર્થોનું ( अवग्रहः )કેવલ માત્ર અવગ્રહરૂપ જ્ઞાનજ થાય છે—ઇહાદિક અન્ય ત્રણ જ્ઞાન થતાં નથી. ૧૮.

## न चक्षुरनिन्द्रियाभ्याम् ॥१९॥

અર્થ—પરન્તુ ( चक्षुरानिन्द्रियाभ्याम् ) નેત્ર અને મનથી વ્યઞ્જનાવગ્રહ અર્થાત્ અપ્રકટ પદાર્થનું અવગ્રહરૂપ જ્ઞાન (ન) થતું નથી.

( મતિજ્ઞાનના અપ્રકટરૂપ પદાર્થના ભેદ- અપ્રકટ પદાર્થનું અવગ્રહજ્ઞાન ચક્ષુ અને મનથી થતું નથી. બીજા ચાર ઈન્દ્રીઓથી થાય છે, તેથી ૪×૧૨ બહુ આદિ=૪૮ ભેદ તથા પ્રકટસ્વરૂપ પદાર્થના ભેદ ૨૮૮ (૪૮+૨૮૮)=મળી મતિજ્ઞાનના ભેદ કુલ્લે ૩૩૬ થયા. ) ૧૯.

**श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ॥२०॥**

અર્થ—( श्रुतं ) શ્રુતજ્ઞાન ( मतिपूर्वं ) મતિજ્ઞાનના નિમિત્તથી થાય છે. તે ( द्व्यनेकद्वादशभेदं ) બે પ્રકારનું છે-અંગબાહ્ય અને અંગપ્રવિષ્ઠ, તેમાંથી આદિના શ્રુતજ્ઞાનના અનેક, (૧૪) પ્રકાર અને પછીના ૧૨ પ્રકાર છે. આદિના દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત એ બે ભેદ છે અર્થાત્ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એ પ્રમાણે બે ભેદસ્વરૂપ છે. અંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનના ૧ આચારાંગ, ૨ સુત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ, ૪ સમવાયાંગ, ૫ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિઅંગ, ૬ જ્ઞાતૃધર્મકથાંગ, ૭ ઉપાસકાધ્યયનાંગ, ૮ અંતકૃદ્દશાંગ, ૯ અનુત્તરૌપપાદિકદશાંગ, ૧૦ પ્રશ્નવ્યાકરણાંગ, ૧૧ વિપાકસુત્રાંગ, ૧૨ દ્દષ્ટિપ્રવાદઅંગ, એ પ્રમાણે બાર ભેદ છે. અને અંગબાહ્યના સામાયિક, ચતુર્વિંશસ્તવ, વંદના, પ્રતિક્રમણ, વૈનયિક, કૃતિકર્મ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, કલ્પવ્યવહાર, કલ્પાકલ્પ, મહાકલ્પપુંડરીક, મહાપુંડરીક અને નિષિદ્ધિકા એ ૧૪ ભેદ છે. અંગોનો થોડો થોડો સારાંશ લેઇને સંક્ષેપથી અલ્પબુદ્ધિ પુરૂષોને માટે રચેલા દશ વૈકાલિકાદ શ્રુત છે. ૨૦.

**भवप्रत्ययोऽवधिर्देवनारकाणाम् ॥२१॥**

અર્થ--જે મર્યાદાયુક્ત જ્ઞાન હોય તેને અવધિજ્ઞાન

કહે છે. અવધિજ્ઞાન બે પ્રકારનું છે. એક ભવપ્રત્યય અવધિજ્ઞાન અને બીજું ક્ષયોપશમ નિમિત્તક, એમાંથી ( भवप्रत्ययः ) ભવપ્રત્યય નામનું ( अवधिः ) અવધિજ્ઞાન ( देवनारकाणाम् ) દેવ અને નારકી જીવોને થાય છે. ૨૧.

क्षयोपशमनिमित्तः षड्विकल्पः शेषाणाम् ॥२२॥

अर्थ--( क्षयोपशमनिमित्तः ) ક્ષયોપશમ નિમિત્તવાળું અવધિજ્ઞાન ( षड्विकल्पः ) અનુગામી, અનનુગામી, વર્દ્ધમાન, હીયમાન, અવસ્થિત, અને અનવસ્થિત એ પ્રમાણે છ પ્રકારનું છે. તે ( शेषाणां ) મનસહિત સૈની અર્થાત્ સમ્યગ્દર્શનાદિ સહિત મનુષ્ય અને તિર્યંચોને થાય છે. જે અવધિજ્ઞાન અન્ય ક્ષેત્ર અથવા ભવમાં સાથે જાય, તેને **અનુગામી** કહે છે. સાથે નહિ જાય તેને **અનનુગામી** કહે છે. જે વધતું રહે તેને **વર્દ્ધમાન** કહે છે. ઘટતું રહે તે **હીયમાન** કહે છે. એકજ રહે તેને **અવસ્થિત** અને ઘટતું વધતું રહે તેને **અનવસ્થિત** અવધિજ્ઞાન કહે છે ૨૨.

ऋजुविपुलमती मनःपर्ययः ॥ २३ ॥

अर्थ-( मनःपर्ययः ) મનઃપર્યય જ્ઞાન ( ऋजुविपुलमती ) ઋજુમતિ અને વિપુલમતિભેદથી બે પ્રકારનું છે. મનવચનકાયની સરલતારૂપ બીજાના મનમાં રહેલા પદાર્થને જાણે તેને ऋजुमति मनःपर्ययज्ञान કહે છે અને સરલ તથા વક્રરૂપ અન્યના મનમાં રહેવાવાળા પદાર્થને જાણે, તેને विपुलमति मनः-पर्ययज्ञान કહે છે. ૨૩.

विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ॥ २४ ॥

અર્થ-( विशुद्ध्यप्रतिपाताभ्यां ) પરિણામોની વિશુદ્ધતા અને અપ્રતિપાત એટલે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ત્યાં સુધી રહે છે, તેના પહેલાં છુટતાં નથી, એટલા માટે ( तद्विशेषः ) એ બેમાં ન્યુન્યાધિક્તાનો હેતુ છે એટલે ઋજુમતિ મનઃપર્યયજ્ઞાનથી વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન ઉપરના બે હેતુઓથી મોટું અને પૂજ્ય છે. ૨૪.

विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्योऽवधिमनःपर्ययोः ॥ २५ ॥

અર્થ-( अवधिमनःपर्ययोः ) અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનમાં પણ ( विशुद्धिक्षेत्रस्वामिविषयेभ्यः ) પરિણામોની વિશુદ્ધતા, ક્ષેત્ર, સ્વામી અને વિષય એ ચારેની વિશેષતાથી (વિલક્ષણતાથી) ભેદ (ફર્ક) થાય છે અર્થાત્ એ બેમાં વિશુદ્ધતા ક્ષેત્રની મર્યાદા, સ્વામી અને વિષય ન્યુનાધિક છે. સારાંશ કે મનઃપર્યય વિશુદ્ધ, અલ્પક્ષેત્ર, અલ્પસ્વામી અને સૂક્ષ્મવિષયવાળું છે તથા અવધિજ્ઞાન અવિશુદ્ધ, મોટું ક્ષેત્ર, બહુસ્વામી, અને સ્થૂલ વિષયવાળું છે. ૨૫.

मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु ॥ २६ ॥

અર્થ-( मतिश्रुतयोः ) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના (निबन्धः) વિષયોને જાણવાનો સબન્ધ અથવા નિયમ ( द्रव्येषु ) દ્રવ્યોની ( असर्वपर्यायेषु ) થોડી પર્યાયોમાં છે, અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જીવાદિક છએ દ્રવ્યોની સમસ્ત પર્યાયોને જાણતાં નથી, પણ થોડી થોડી પર્યાયોને જાણી શકે છે. ૨૬.

रूपिष्ववधेः ॥ २७ ॥

अर्थ–( अवधेः ) અવધિજ્ઞાનના વિષયનો નિયમ ( रूपिषु ) રૂપી મૂર્તીક પદાર્થોમાં છે અર્થાત્ અવધિજ્ઞાન પુદ્ગલદ્રવ્યની પર્યાયોને જાણી શકે છે. ૨૭.

तदनन्तभागे मनःपर्ययस्य ॥ २८ ॥

अर्थ–જે રૂપી દ્રવ્ય સર્વાવધિજ્ઞાનનો વિષયછે [ तदनन्त भागे ] તેનો અનન્તમો ભાગ સૂક્ષ્મ દ્રવ્ય પણ ( मनःपर्ययस्य ) મનઃપર્યયજ્ઞાનનો વિષય થઇ શકે છે. ૨૮.

सर्वद्रव्यपर्यायेषु केवलस्य ॥२९॥

अर्थ—(केवलस्य) કેવલજ્ઞાનના વિષયનો નિયમ ( सर्व-द्रव्यपर्यायेषु) સમસ્ત દ્રવ્યોની સમસ્ત પર્યાયોમાં છે એટલે એક એક દ્રવ્યની ત્રિકાલવર્તી અનન્તાનન્ત પર્યાય છે તે છએ દ્રવ્યોની સમસ્ત અવસ્થાઓને કેવલજ્ઞાન સાથે એક કાળમાં જાણી શકે છે. ૨૯.

एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥३०॥

अर्थ—( एकस्मिन् ) એક જીવમાં (एकादीनि भाज्यानि) એકને આદિ લઇને વિભાગ કરીએ તો (युगपत्) એક સાથે (आचतुर्भ्यः) ચાર જ્ઞાન સુધી થઈ શકે છે. જો કોઈ જીવમાં એક જ્ઞાન હોય તો કેવલજ્ઞાન હોય છે, બે જ્ઞાન હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે, ત્રણ હોય તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યય જ્ઞાન એ ત્રણ સાથે હોય છે, અને કોઇ જીવમાં ચાર જ્ઞાન હોય, તો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એ ચારે જ્ઞાન એક સાથે હોઈ શકે છે. ૩૦.

**मतिश्रुतावधयो विपर्ययश्च ॥३१॥**

अर्थ—(मतिश्रुतावधयः) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન (विपर्ययश्च) વિપરીત પણ થાયછે. એટલે એ પાંચે જ્ઞાનમાંથી જે સમ્યગ્જ્ઞાનના ભેદ છે તેમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ ત્રણે જ્ઞાન વિપરીત અથવા મિથ્યાજ્ઞાન પણ થાય છે, જેને મિથ્યામતિજ્ઞાન, મિથ્યાશ્રુતજ્ઞાન અને મિથ્યાઅવધિજ્ઞાન કહે છે, એવી રીતે જ્ઞાનના આઠ ભેદ થાય છે. ૩૧.

**सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत् ॥३२॥**

अर्थ—(यदृच्छोपलब्धेः) પોતાની ઈચ્છાસ્વરૂપ જેવું તેવું જાણવાને માટે (सदसतोः) સત્ અને અસત્ રૂપ પદાર્થોનું (अविशेषात्) વિશેષ જ્ઞાન નહિ હોવાથી (उन्मत्तवत्) ઉન્મત્ત પુરૂષની માફક મિથ્યાજ્ઞાન થાય છે. ૩૨.

भावार्थ—જેવી રીતે ભાંગ, દારૂ વીગેરે પીધેલો ઉન્મત્ત(ગાંડો) પુરૂષ ભાર્યા(સ્ત્રી)ને માતા(મા) અને માતાને ભાર્યા (સ્ત્રી) કહે તે તેનું મિથ્યા જ્ઞાન છે, પરન્તુ કોઈ વખત ભાર્યાને ભાર્યા અને માતાને માતા કહે, તોપણ તેનું જાણવું સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી કારણકે તે જાણતો નથી કે માતા અને ભાર્યામાં શું વિશેષતા છે. તેને સત્યાસત્ય નિર્ણયરૂપ યથાર્થ જ્ઞાન થતું નથી એવી રીતે મિથ્યાજ્ઞાન કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને કુઅવધિજ્ઞાનવાળાનું જાણવું પણ મિથ્યાજ્ઞાનજ છે. ૩૩.

**नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरुढैवंभूता नयाः ॥३३॥**

अर्थ—( नैगमसंग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरुढैवंभूताः નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત ( नयाः ) નય છે.

વસ્તુમાં અનેક ધર્મ અર્થાત્ સ્વભાવ હોય છે તેમાંથી કોઇ પણ એક ધર્મની મુખ્યતા લઇને અવિરોધરૂપ સાધ્ય પદાર્થને જાણે, તેને ( नय ) કહે છે. નયના ઉપર પ્રમાણે સાત ભેદ છે. ૩૩.

૧. જેટલાં દ્રવ્ય છે તે પોતાની ભુત ભવિષ્યત્ વર્તમાનકાળની સમસ્ત પર્યાયોથી અન્વયરૂપ અથવા જોડરૂપ છે. તે પોતાની કોઇ પણ પર્યાયથી દ્રવ્યભિન્ન નથી તેથી ભૂતકાલની પર્યાયોના તથા ભવિષ્યત્ પર્યાયોના વર્તમાન કાળમાં સંકલ્પ કરે એવા જ્ઞાનને તથા વચનને નૈગમનય કહે છે. જેમકે કોઈ પુરૂષ રોટલી બનાવવાની સામગ્રી એકઠી કરે છે તેવામાં કોઈ અન્ય પુરૂષે પૂછ્યું કે શું કરો છો? તેના જવાબમાં તેણે કહ્યું કે રોટલી બનાવું છું પરન્તુ તેણે હાલ સુધી રોટલી બનાવવા સ્વરૂપ પર્યાય પ્રગટ કરી નથી. કેવળ માત્ર લાકડાં, પાણી, લોટ વીગેરે એકઠાં કરે છે, તોપણ નૈગમનયથી એવું વચન કહી શકાય છે કે હું રોટલી બનાવું છું.

૨. એક વસ્તુની સમસ્ત જાતિને અથવા તેની સમસ્ત પર્યાયોનો સંગ્રહરૂપ કરીને એક સ્વરૂપ કહે તેને संग्रहनय કહે છે. જેમકે–ઘડો કહેવાથી સંપૂર્ણ ઘડા તાંબા, પીતળ,

માટી વગેરેના સમજવા અથવા દ્રવ્ય કહેવાથી જીવ, અજીવાદિક તથા તેના ભેદ પ્રભેદાદિક સંપૂર્ણ સમજવું એજ સંગ્રહનય છે.

૩. જે સંગ્રહનયથી ગ્રહણ કરેલા પદાર્થોના વિધિપૂર્વક ( વ્યવહારનોઅનુકૂળ ) ભેદપ્રભેદ કરે, તેને વ્યવહારનય કહે છે. જેમકે સંગ્રહનયથી દ્રવ્ય કહેવાથી સમસ્ત ભેદપ્રભેદરૂપ દ્રવ્યોનું સામાન્યતાથી ગ્રહણ થાય છે, પરન્તુ દ્રવ્ય બે પ્રકારનાં છે-જીવ અને અજીવ. જીવ-દેવ, નારકી મનુષ્ય, તિર્યંચ ચાર પ્રકારના છે. અજીવ-પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ એ પાંચ પ્રકારના છે, એવી રીતે જ્યાં સુધી વ્યવહારના સાધનથી ભેદપ્રભેદ થઈ શકે, તેને व्यवहारनय કહે છે.

૪ અતીત, અનાગત ( ભવિષ્ય ) એ બન્ને પર્યાયોને છોડીને વર્તમાનપર્યાયમાત્રને ગ્રહણ કરે, તેને ऋजुसूत्रनय કહે છે. દ્રવ્યની પર્યાય સમય સમયમાં બદલાતી રહે છે તેથી એકસમયવર્તીપર્યાયને અર્થપર્યાય કહે છે, તે અર્થ-પર્યાયજ ઋજુસૂત્રનયનો વિષય છે. ઋજુસૂત્રનય વર્તમાનની એકસમયમાત્રની પર્યાયનેજ કહે છે અથવા ગ્રહણ કરે છે; અતીત (ભૂત), અનાગત ( ભવિષ્ય )ની પર્યાયને ગ્રહણ કરતો નથી.

૫. વ્યાકરણ સંબંધી લિંગ, સંખ્યા (વચન), સાધન (કારક), કાળ વગેરેના વ્યભિચારને ( દોષોને ) દૂર કરે, તેને शब्दनय કહે છે.

૬. અનેક અર્થોને છોડીને જે એક અર્થમાંજ રૂઢ થાય, તેને समभिरूढनय કહે છે. જેમકે ગો શબ્દના ગમન વગેરે અનેક અર્થ થાય છે, તોપણ મુખ્યતાથી ગો નામ ગાય અથવા બળદનુંજ ગ્રહણ થાય છે. તેને ચાલવું, બેસવું, સુવું વીગેરે સંપૂર્ણ અવસ્થાઓમાં સર્વે લોકો ગો કહે છે, એજ સમભિરૂઢનય છે.

૭. જે કાળમાં જે ક્રિયા કરતા હોય તેને તે કાળમાં તેજ નામથી કહેવું, તેને एवंभूतनय કહે છે. જેમકે દેવોના સ્વામી ઈંદ્રને જ્યારે તે પરમ ઐશ્વર્યયુક્ત હોય તે અવસ્થામાં ઈંદ્ર કહેવા અને પૂજન અભિષેક કરતી વખતે ઈંદ્ર નહિ કહેવા (પણ પુજારી કહેવા). વળી વિદ્યાઅભ્યાસ કરતી વખતે વિદ્યાર્થી કહેવો, પણ જે વખતે વિદ્યાઅભ્યાસ કરતો નથી તે વખતે વિદ્યાર્થી કહેવો નહિ તેને, એવંભૂતનય કહે છે.

એવી રીતે ઉપર પ્રમાણે સાતે નયોમાંથી નૈગમ, સંગ્રહ, વ્યવહાર એ ત્રણ નય તો દ્રવ્યાર્થિક છે અને રૂજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચાર પર્યાયાર્થિક નય છે. અહિંયા કોઇ સંદેહ કરે કે દ્રવ્યસંગ્રહ, પુરૂષાર્થસિદ્ધયુપાયાદિક ગ્રન્થમાં નયના નિશ્ચયઃ અને વ્યવહાર એ બે ભેદ કહ્યા છે, તો તેને માટે કહે છે—પદાર્થના નિજ સ્વરૂપને મુખ્ય કરે તેને નિશ્ચયનય કહે છે અને કોઈ પણ પ્રયોજનને વશ થઇને અન્ય પદાર્થના ભાવને અન્ય પદાર્થમાં આરોપણ કરે અથવા અન્ય નિમિત્તથી ઉત્પન્ન થયેલ નૈમિત્તિક ભાવનેજ વસ્તુનો નિજભાવ કહે તેને વ્યવહારનય કહે છે અને તેને

ઉપચારનય તથા ઉપનય પણ કહે છે, તેથી ઉપર્યુક્ત નૈગમાદિ સાત નય તો દ્રવ્યનેજ મુખ્ય કરે છે. એ કારણથી એ સાત ભેદ નિશ્ચયનયના છે. અને વ્યવહારનયના (ઉપચારનયના) **સદ્ભૂતવ્યવહારનય**, અસદ્ભૂતવ્યવહારનય અને ઉપચરિતવ્યવહારનય એ ત્રણ ભેદ છે. જીવને રાગાદિક કર્મોનો કર્ત્તા કહેવો તે **સદ્ભૂતવ્યવહારનય** છે કેમકે જીવની સત્તામાંજ રાગાદિક ભાવ રૂપપર્યાય છે. તથા જીવને દ્રવ્યકર્મ તથા શરીરાદિકના કર્મોનો કર્ત્તા કહેવો, તેને **અસદ્ભૂતવ્યવહારનય** કહે છે. અને ઘટપટાદિનો કર્ત્તા કહેવો તેને **ઉપચરિતવ્યવહારનય** કહે છે. નિશ્ચય નયના પણ બે ભેદ છે. એક શુદ્ધ નિશ્ચયનય અને બીજો અશુદ્ધ નિશ્ચયનય. જીવને ક્ષયોપશમરૂપ મતિજ્ઞાનાદિક ચાર જ્ઞાનોનો કર્ત્તા કહેવો, તેને **અશુદ્ધનિશ્ચયનય** કહે છે. અને શુદ્ધ દર્શન જ્ઞાનનો અર્થાત્ કેવલદર્શન અને કેવલજ્ઞાનનો કર્ત્તા કહેવો તેને **શુદ્ધનિશ્ચયનય** કહે છે. એનું વિશેષ વર્ણન આલાપપદ્ધતિ તથા નયચક્રાદિ ગ્રન્થોથી જાણવું. ૩૩.

**इति श्रीमदुमास्वामिविरचिते तत्त्वार्थाधिगमे मोक्षशास्त्रे**

**प्रथमोऽध्यायः ॥१॥**

# अथ द्वितीयोऽध्यायः लिख्यते ।

પ્રથમ સમ્યગ્દર્શનના લક્ષણુમાં જીવાદિ સાત તત્વોનું શ્રદ્ધાન કહ્યું હતું, તેમાંથી પ્રથમ જીવનું નિજ સ્વરૂપ શું છે એવો પ્રશ્ન થવાથી આચાર્ય સૂત્ર કહે છે—જીવના ભાવના પ્રકાર કહે છે—

**औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च ॥१॥**

अर्थ—(जीवस्य) જીવના (औपशमिकक्षायिकौ) ઔપશમિક અને ક્ષાયિક (भावौ) ભાવ (च मिश्रः) અને મિશ્ર તથા (औदयिकपारिणामिकौ च) ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવ છે અને એ પાંચ ભાવ જીવના (स्वतत्त्वम्) નિજ તત્ત્વ અથવા નિજભાવ (પોતાના ભાવ) છે અને તે જીવમાંજ હોય છે. જેમ મેલા જળમાં ફટકડી નાંખવાથી મેલ નીચે બેસી જાય છે અને ઉપરથી જળ નિર્મળ થાય છે, તેવી રીતે કોઈ પણ કારણુથી કર્મોનો ઉપશમ થવાથી (ઉદય નહિ થવાથી) જીવના પરિણામ જે વિશુદ્ધ થઈ જાય છે, તેને औपशामिक भाव કહે છે. ઉપરના દાખલાથી નિર્મળ થયેલું જળ બીજા વાસણુમાં કાઢી લેવાથી નિર્મળજ દેખાય છે તેમ કર્મોનો સર્વથા નાશ થવાથી આત્માનો જે અત્યન્ત શુદ્ધ ભાવ થાય છે તેને क्षायिकभाव કહે છે. સર્વઘાતીકર્મોનો ઉદયાભાવી ક્ષય અને દેશઘાતીકર્મોનો ઉદય

થવાથી જે ભાવ થાય છે, તેને मिश्रभाव અથવા क्षायोपशमिक ભાવ કહે છે. દ્રવ્યક્ષેત્રકાલભાવરૂપ નિમિત્તથી કર્મ જે પોતાનું ફળ આપે છે તેને ઉદય કહે છે અને તે કર્મોના ઉદયથી આત્માના જે ભાવ થાય તે તેને औदयिक भाव કહે છે. અને જે ભાવોમાં કર્મોની કંઈ પણ અપેક્ષા નથી, તે ભાવોને पारिणामिक भाव કહે છે. ૧.

**द्विनवाष्टादशैकविंशतित्रिभेदा यथाक्रमम् ॥२॥**

अर्थ—એ પાંચ ભાવોના (यथाक्रमम्) અનુક્રમે (द्विनवाष्टादशैकविंशतित्रिभेदाः) બે, નવ, અઢાર, એકવીસ અને ત્રણ ભેદ છે. અર્થાત્ ઔપશમિક ભાવના બે ભેદ છે, ક્ષાયિક ભાવના નવ ભેદ છે, મિશ્રભાવના અઢાર ભેદ છે, ઔદયિક ભાવના એકવીસ ભેદ છે અને પારિણામિક ભાવના ત્રણ ભેદ છે. ૨.

**सम्यक्त्वचारित्रे ॥३॥**

अर्थ—ઔપશમિકસમ્યક્ત્વ અને ઔપશમિકચારિત્ર એ બે ઔપશમિક ભાવના ભેદ છે. ૩.

**ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि च ॥४॥**

अर्थ—(ज्ञानदर्शनदानलाभभोगोपभोगवीर्याणि) કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિકદાન, ક્ષાયિકલાભ, ક્ષાયિકભોગ, ક્ષાયિક-ઉપભોગ, ક્ષાયિકવીર્ય (च) અને ચકારથી ક્ષાયિકસમ્યક્ત્વ તથા ક્ષાયિકચારિત્ર એ નવ ક્ષાયિક ભાવ છે. ૪.

**ज्ञानाज्ञानदर्शनलब्धयश्चतुस्त्रित्रिपञ्चभेदाः सम्यक्त्वचारित्रसंयमासंयमाश्च ॥५॥**

अर्थ—(ज्ञानाज्ञानदर्शनलब्धयः चतुस्त्रित्रिपञ्चभेदाः) મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર જ્ઞાન; કુમતિ,

કુશ્રુત અને કુઅવધિ એ ત્રણ કુજ્ઞાન (અજ્ઞાન); ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણ દર્શન; ક્ષાયોપશમિક દાન, ક્ષાયોપશમિક લાભ, ક્ષાયોપશમિક ભોગ, ક્ષાયોપશમિક ઉપભોગ અને ક્ષાયોપશમિક વીર્ય, એ પાંચ લબ્ધિ તથા (संम्यंक्त्वचारित्रसंयमासंयमाश्च) વેદકસમ્યક્ત્વ, સરાગચારિત્ર અને સંયમાસંયમ (દેશવ્રત) એવી રીતે ક્ષાયોપશિકભાવના અઢાર ભેદ છે અને એ સંપૂર્ણ ભાવ આત્મામાં કર્મોના ક્ષયોપશમથી થાય છે.૫.

**गतिकषायलिङ्गमिथ्यादर्शनाज्ञानासंयतासिद्ध-**
**लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैकषड्भेदाः ॥६॥**

અર્થ—મનુષ્યગતિ, દેવગતિ, નરકગતિ અને તિર્યંચગતિ એ ચાર **ગતિ**; ક્રોધ, માન, માયા, લોભ એ ચાર **કષાય**; સ્ત્રી**વેદ**, પુંવેદ, નપુંસક એ ત્રણ **લિંગ**; મિથ્યાદર્શન ૧, અજ્ઞાન ૧, અસંયમ ૧, અસિદ્ધત્વ ૧ અને પીત, પદ્મ, શુકલ, કૃષ્ણ, નીલ, કપોત, એ **છ લેશ્યા** એ પ્રમાણે ૨૧ પ્રકારના ઔદયિકભાવ છે. ૬.

**जीवभव्याऽभव्यत्वानि च ॥७॥**

અર્થ—(च) અને (जीवभव्याऽभव्यत्वानि) જીવત્વ, ભવ્યત્વ, અને અભવ્યત્વ એ ત્રણ (અન્ય દ્રવ્યથી અસાધારણ) જીવના પારિણામિકભાવ છે.એવી રીતે જીવના સર્વ ભાવના ભેદ મળીને ૫૩ થાય છે. ૭. હવે જીવનું લક્ષણ કહે છે—

**उपयोगो लक्षणम् ॥८॥**

અર્થ—જીવનું (लक्षणं) લક્ષણ (उपयोगः) ઉપયોગ છે.

ઉપયોગ આત્માના ચૈતન્ય સ્વભાવને કહે છે અને એનેજ આત્માના (જીવના) પરિણામ, પરિણમન, પરિણતિ અથવા ઉપયોગ કહે છે. ૮.

स द्विविधोऽष्टचतुर्भेदः ॥९॥

अर्थ—(सः) એ ઉપયોગ (द्विविधः) મૂળભેદથી બે પ્રકારના છે. પહેલું જ્ઞાન અને બીજું દર્શન; પછી એ ઉપયોગના ભેદ અનુક્રમે (अष्टचतुर्भेदः) જ્ઞાનના આઠ ભેદ અને દર્શનના ચાર ભેદ છે એટલે જ્ઞાનોપયોગના આઠ ભેદ—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવલજ્ઞાન, મિથ્યામતિજ્ઞાન, મિથ્યા શ્રુતજ્ઞાન અને મિથ્યાઅવધિજ્ઞાન. દર્શનોપયોગના ચાર ભેદ—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન. ૯.

હવે જે જીવોના ઉપર મુજબ પાંચ ભાવ અને ઉપયોગ-લક્ષણ બતાવ્યા, તેના ભેદ કહે છે--

संसारिणो मुक्ताश्च ॥१०॥

अर्थ--એ જીવ (संसारिणः) સંસારી (च) અને (मुक्ताः) મુક્ત અર્થાત્ સિદ્ધ એવી રીતે બે પ્રકારના છે. જે જીવ અષ્ટ કર્મ-સહિત હોય અને કર્મોને વશીભૂત થઇને અનેક પ્રકારના જન્મ મરણ કરતો સંસારમાં સંસરણ (ભ્રમણ) કરતો રહે છે અને અનેક સુખદુઃખ ભોગવે છે તેને **સંસારી જીવ** કહે છે અને જે જીવ સમસ્ત કર્મોને (અષ્ટકર્મોને) કાપીને મુક્ત થઈ ગયો છે તેને મુક્તજીવ અથવા સિદ્ધજીવ કહે છે. ૧૦.

**समनस्काऽमनस्काः ॥११॥**

અર્થ—સંસારી જીવ (समनस्कामनस्काः) સમનસ્ક અને અમનસ્ક એ બે પ્રકારના છે. જે જીવને મન હોય છે, તેને સમનસ્ક (સૈની) જીવ કહે છે અને જે જીવને મન હોતું નથી તેને અમનસ્ક (અસૈની જીવ) કહે છે. ૧૧.

**संसारिणस्त्रसस्थावराः ॥१२॥**

અર્થ—(संसारिणः) સંસારી જીવ (त्रसस्थावराः) [1]ત્રસ અને [2]સ્થાવર એ બે પ્રકારના છે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય અને પાંચ ઇન્દ્રિય જીવોને **ત્રસજીવ** કહે છે અને એકેન્દ્રિય જીવોને **સ્થાવરજીવ** કહે છે.૧૨.

**पृथिव्यप्तेजोवायुवनस्पतयः स्थावराः ॥१३॥**

અર્થ—(पृथिव्यप्तेजोवायुवनस्पतयः) પૃથિકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચ પ્રકારના જીવ (स्थावराः) સ્થાવર કહેવાય છે અને સ્થાવરજીવોને એક સ્પર્શન ઇન્દ્રિયજ હોય છે અને દશ [3]પ્રાણોમાંથી કેવળ માત્ર ઇન્દ્રિયપ્રાણ, કાયબલપ્રાણ, શ્વાસોશ્વાસપ્રાણ અને આયુપ્રાણ એ ચાર પ્રાણ હોય છે. ૧૩.

**द्वीन्द्रियादयस्त्रसाः ॥१४॥**

અર્થ—(द्वीन्द्रियादयः) બે ઇન્દ્રિયને આદિ લઇને પાંચ

---

૧. જીવવિપાકી ત્રસનામકર્મના ઉદયથી ત્રસજીવ થાય છે.
૨. જીવવિપાકી સ્થાવરનામકર્મના ઉદયથી સ્થાવરજીવ થાય છે.
૩. પાંચ ઇન્દ્રિય, મનોબળ, કાયબળ, વચનબળ, શ્વાસોશ્વાસ અને આયુ એ દશ પ્રાણ છે.

ઇન્દ્રિય પર્યંતના (બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પાંચ ઈન્દ્રિય ) જીવને (त्रसाः) ત્રસ જીવો કહે છે. ૧૪.

**पञ्चेन्द्रियाणि ॥१५॥**

अर्थ—સંપૂર્ણ ઇન્દ્રિયો પાંચ છે. ૧૫.

**द्विविधानि ॥१६॥**

अर्थ—એ સંપૂર્ણ ઇન્દ્રિયો ( પાંચે ઈન્દ્રીઓ ) બબે પ્રકારની છે. પહેલી દ્રવ્યેન્દ્રિય અને બીજી ભાવેન્દ્રિય.૧૬.

**निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ॥१७॥**

अर्थ—(द्रव्योन्द्रियं) દ્રવ્યેન્દ્રિય (निर्वृत्त्युपकरणे) નિર્વૃત્તિરૂપ અને ઉપકરણરૂપ એમ બે પ્રકારની છે. નામકર્મના નિમિત્તથી જે ઇન્દ્રિયની રચના વિશેષ હોય તેને **નિર્વૃત્તિ** કહે છે અને નિર્વૃત્તિને સહાયક હોય, તેને **ઉપકરણ** કહે છે. નિર્વૃત્તિ અને ઉપકરણ પણ બે બે પ્રકારનાં છે. એક **બાહ્યનિર્વૃત્તિ** અને બીજી **આભ્યન્તરનિર્વૃત્તિ**. તેમજ એક **બાહ્યોપકરણ** અને **આભ્યન્તરોપકરણ**. આત્માના પ્રદેશોનું ઇન્દ્રિયોના આકારરૂપ થવું, તેને **આભ્યન્તરનિર્વૃત્તિ** કહે છે. અને પુદ્ગલપરમાણુની ઇન્દ્રિયરૂપ રચના થવી, તેને **બાહ્યનિર્વૃત્તિ** કહે છે. જેમકે—નેત્રઇન્દ્રિયમાં નેત્રઇન્દ્રિયના આકારરૂપ આત્માના જેટલા પ્રદેશ મસુરના આકારરૂપ ફેલાયલા છે તેને આભ્યન્તરનિર્વૃત્તિ કહે છે અને તેમાં જેટલા પુદ્ગલપરમાણુ મસુરના આકારરૂપ પરિણમિત (ફેલાયલા) છે તેને **બાહ્યનિર્વૃન્તિ** કહે છે. અને

મસુરના આકારરૂપ નેત્ર ઇન્દ્રિયના સફેદ ભાગ, પાંપણ, પલકો વીગેરે **બાહ્યોપકરણ** છે અને એ રૂપ (સફેદ ભાગ, પાંપણ, પલકો)માં જે આત્માના પ્રદેશ પરિણમે છે તેને **આભ્યન્તરઉપકરણ** કહે છે. એવી રીતે સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયોને જાણવું અને આ પાંચ ઇન્દ્રિયોને દ્રવ્યેન્દ્રિય કહે છે. ૧૭.

**लब्ध्युपयोगौ भावेन्द्रियम् ॥१८॥**

**अर्थ**—(लब्ध्युपयोगौ) લબ્ધિ અને ઉપયોગ એ બે (भावेन्द्रियम्) ભાવઇન્દ્રિયના ભેદ છે. જેના હોવાથી આત્મા દ્રવ્યેન્દ્રિયની રચનામાં પ્રવૃત્તિ કરે એવા જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમરૂપ શક્તિવિશેષને **લબ્ધિ** કહે છે અને ક્ષયો-પશમલબ્ધિના નિમિત્તથી આત્માના વિષયો તરફ પરિણમન થવાથી આત્મામાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને **ઉપયોગ** કહે છે. જેમકે કોઈ જીવ સાંભળવા ચાહે, પણ તેને સાંભળવાની ક્ષયોપશમરૂપ શક્તિ નહીં હોય, તો તેથી સાંભળી શકતો નથી. એવી રીતે લબ્ધિ અને જ્ઞાન ઉત્પન્ન થવામાં કારણ હોવાથી ઇન્દ્રિય માની છે અને ઉપયોગ ઇન્દ્રિયના કાર્ય હો-વાથી કાર્યમાં કારણનો ઉપચાર કરેલો છે અથવા ઇન્દ્રિયો જેવી રીતે આત્માના પરિચયનો હેતુ છે તેવી રીતે ઉપયોગ પણ મુખ્ય હેતુ છે, એ કારણથી ઉપયોગને ઇન્દ્રિય કહી છે. ૧૮.

**स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि ॥१९॥**

**अर्थ**—સ્પર્શન (त्वचा) અથવા ચામડી, રસન (જીભ), ઘ્રાણ (નાસિકા), ચક્ષુ(નેત્ર) અને શ્રોત્ર (કાન) એ પાંચ ઇન્દ્રિયોના નામ છે. ૧૯.

## स्पर्शरसगन्धवर्णशब्दास्तदर्थाः ॥२०॥

अर्थ—(स्पर्शरसगन्धवर्णशब्दाः) સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ અને શબ્દ એ પાંચ (तदर्थाः) તે પાંચે ઇન્દ્રિયોના વિષય છે. [1]સ્પર્શનઇન્દ્રિયને। વિષય **સ્પર્શ** એટલે અડકવું છે. [2]રસનાઇન્દ્રિયને। વિષય **રસ** અથવા સ્વાદ લેવો છે. ઘ્રાણઇન્દ્રિયને। વિષય **ગન્ધ** (સુગન્ધ, દુર્ગન્ધ)ને। છે. [3]નેત્રઇન્દ્રિયને। વિષય વર્ણ (રંગ) છે અને શ્રોત્રઇન્દ્રિયને। વિષય શબ્દોનું સાંભળવું તે છે. ૨૦.

## श्रुतमनिन्द्रियस्य ॥२१॥

अर्थ--(अनिन्द्रियस्य) મનને। વિષય (श्रुतम्) શ્રુતજ્ઞાનગોચર પદાર્થ છે.

## वनस्पत्यन्तानामेकम् ॥२२॥

अर्थ—(वनस्पत्यन्तानाम्) જેને અંતમાં વનસ્પતિકાય છે એવા જીવોને અર્થાત્ પૃથિવીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચે કાયના જીવોને (एकम्) એક સ્પર્શનઇન્દ્રિયજ છે એટલે એ પાંચ કાયના જીવો એકમાત્ર સ્પર્શનઇન્દ્રિયના ધારક એકેન્દ્રિય જીવ (સ્થાવરજીવ) છે. ૨૨.

---

૧ શીત, ઉષ્ણ, રૂક્ષ, સચિક્કણ, કઠોર, કોમળ, હલકા, ભારે, એ આઠ જે ઇન્દ્રિયથી જણાય, તેને સ્પર્શનઇન્દ્રિય કહે છે. ૨ તીખું, કડવું, કસાયલું, ખાટું અને મીઠું એ પાંચ જે ઇન્દ્રિયથી જણાય તેને રસનાઇન્દ્રિય કહે છે. ૩ ધોળું, પીળું, વાદળી, લાલ, કાળું એ પાંચ જે ઇન્દ્રિયથી જણાય, તેને નેત્રઇન્દ્રિય કહે છે.

क्रमिपिपीलिकाभ्रमरमनुष्यादीनामेकैकवृद्धानि ॥२३॥

અર્થ—( क्रमिपिपीलिकाभ्रमरमनुष्यादीनाम् ) ચેળ, કીડી, ભમરા, મનુષ્ય વગેરેને અનુક્રમે ( एकैकवृद्धानि ) એકએક ઇન્દ્રિય વધારે વધારે છે. એટલે ચેળ, જળોઇ, સરસીયું, શંખ વીગેરેને સ્પર્શન અને રસન બે ઇન્દ્રિય છે. કીડી, મકોડા, જુ વગેરેને સ્પર્શન, રસન, ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિય છે ભમરા, મચ્છર, તીડ વીગેરેને સ્પર્શન, રસન, ઘ્રાણ તથા ચક્ષુ એ ચાર ઇન્દ્રિય છે. અને દેવ, નારકી, પશુ, અને મનુષ્યને સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચે ઇન્દ્રિયો છે. ૨૩.

संज्ञिनः समनस्काः ॥२४॥

અર્થ—(समनस्काः) જે મનસહિત જીવ હોય તે (संज्ञिनः) સંજ્ઞી જીવ છે. જે જીવને પોતાના હિત અહિતનો અથવા ગુણ દોષદિકનો વિચાર હોય તથા શિક્ષા, ક્રિયા અને આ-લાપને ગ્રહણકરવારૂપ સંજ્ઞા હોય, તેને સંજ્ઞી પંચેન્દ્રિય જીવ કહે છે. ૨૪.

શંકા—હમેશાં જીવ મનથાજ હિતઆહિતની પ્રાપ્તિરૂપ પ્રત્યેક કર્મ કરી શકે છે, તો વિગ્રહગાતમાં મન નથી; ત્યાં નવીન શરીરને માટે કેમ ગમન કરે ? એ શંકા દૂર કરવાને માટે સૂત્ર કહે છે—

विग्रहगतौ कर्मयोगः ॥२५॥

અર્થ—(विग्रहगतौ) નવું શરીર ધારણ કરવાને માટે

ગતિ અર્થાત્ ગમન થાય છે તેમાં (कर्मयोगः) [1]કાર્માણુયોગ છે. એટલે કાર્માણુયોગથીજ જીવ એક ગતિથી બીજી ગતિમાં ગમન કરે છે. ૨૫.

अनुश्रेणि गतिः ॥२६॥

अर्थ—(गतिः) જીવ અને પુદ્ગલોનું ગમન (अनुश्रेणि) આકાશના પ્રદેશોની શ્રેણીરૂપ (નીસરણીરૂપ) થાય છે. શ્રેણીને (પ્રદેશોની પંક્તિને) છોડીને વિદિશારૂપ ગમન થતું નથી. ભાવાર્થ—મૃત્યુ થવાથી નવીન શરીર ધારણ કરવાને માટે જ્યારે જીવનું ગમન થાય છે ત્યારે આકાશના પ્રદેશોની શ્રેણીમાંજ ગમન થાય છે, અન્ય પ્રકાર થતું નથી. તથા પુદ્ગલના શુદ્ધ પરમાણુ એક સમયમાં ચૌદ રાજૂ ગમન કરે છે ત્યારે તે (જીવ) પણ શ્રેણીરૂપ ગમન કરે છે. બીજી અવસ્થામાં શ્રેણીરૂપ ગમન નથી. ૨૬.

अविग्रहा जीवस्य ॥२७॥

अर्थ—(जीवस्य) મુક્ત જીવની ગતિ (अविग्रहा) વક્રતા રહિત (વાંકીચુકી નહિ એવી) સીધી થાય છે એટલે મુક્ત જીવ એક સમયમાં સીધો સાત રાજુ ઉંચો ગમન કરતો સતો સિદ્ધક્ષેત્રમાં ચાલ્યો જાય છે. આમતેમ વળતો નથી.

विग्रहवती च संसारिणः प्राक्चतुर्भ्यः ॥२८॥

अर्थ—(च) અને (संसारीणः) સંસારી જીવની ગતિ (प्राक्चतुर्भ्यः) ચાર સમયથી પહેલાં પહેલાં (विग्रहवती) વિગ્રવતી એટલે વાંકીચુંકી છે.

[1]જ્ઞાનાવરણાદિક અષ્ટકર્મોના સમૂહને કાર્માણુયોગ કહે છે.

ભાવાર્થ—સંસારી જીવની ગતિ એક સમયમાં થાય છે તથા બે, ત્રણ સમયમાં પણ થાય છે એટલે સંસારી જીવ બીજા સમયમાં એક વાંક, ત્રીજા સમયમાં બીજો વાંક અને ચોથા સમયમાં ત્રીજો વાંક લઇને કોઈ પણ સ્થાનમાં નવીન શરીર ધારણ કરીલે છે. ૨૮.

**एकसमयाविग्रहा ॥२९॥**

અર્થ—( अविग्रहा ) વાંક રહિત ગતિ ( एकसमया ) એકસમયમાત્રમાંજ થાય છે, તેને ઋજૂગતિ પણ કહે છે. ૨૯.

**एकं द्वौ त्रीन्वाऽनाहारकः ॥३०॥**

અર્થ—વિગ્રહગતિવાળો જીવ ( एकं ) એક સમયમાં (द्वौ) બે સમયમાં (वा) અથવા (त्रीन्) ત્રણ સમયમાં (अनाहारकः) અનાહારક એટલે નોકર્મવર્ગણાનો આહાર ગ્રહણ કરતો નથી. ઔદયિક, વૈક્રિયક અને આહારક એ ત્રણ શરીર અને છ પર્યાપ્તિના યોગ્ય પુદ્ગલવર્ગણાના ગ્રહણને आहार કહે છે. જીવ જ્યાં સુધી આહારને ગ્રહણ નહિ કરે ત્યાં સુધી તેને अनाहारक કહે છે. જીવ વધારેમાં વધારે વિગ્રહ-ગતિમાં ત્રણ સમય સુધી રહે છે. ચોથા સમયમાં શરીર-પર્યાપ્તિને ગ્રહણ કરીને આહારક થઈ જાય છે. ૩૦

**सम्मूर्छनगर्भोपपादा जन्म ॥३१॥**

અર્થ—(जन्म) નવીન શરીરનું ધારણ (सम्मूर्छनगर्भोपपादा) સમ્મૂર્છન, ગર્ભ અને ઉપપાદ એ ત્રણ પ્રકારથી થાય છે

એટલે સમ્મૂર્છનજન્મ, ગર્ભજન્મ, અને ઉપપાદજન્મ એ ત્રણ પ્રકારના જન્મ છે. પોતાને યોગ્ય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની વિશેષતાથી ત્રણ લોકમાં ભરેલા ચારો તરફના પુદ્ગલ-પરમાણુઓથી ( માતાપિતાના રજોવીર્યના મળવા વગરજ ) શરીરની રચના થઈ જાય, તેને **સમ્મૂર્છન** કહે છે. અને સ્ત્રીના ઉદર (ગર્ભાશય)માં માતાનું રજ અને પિતાનું વીર્ય એ બેના સંયોગથી જન્મ થાય, તેને **ગર્ભજન્મ** કહે છે. માતાપિતાના રજવીર્યના વગરજ દેવનારકીઓના સ્થાન-વિશેષમાં ઉત્પન્ન થાય, તેને **ઉપપાદજન્મ** કહે છે.

## सचित्तशीतसंवृताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ॥३२॥

अर्थ—(सचित्तशीतसंवृताः) સચિત્ત, શીત, સંવૃત અને ( सेतराः ) એનાથી ઉલટા અચિત, ઉષ્ણ, વિવૃત ( च ) અને ( मिश्राः ) મળેલા ત્રણ ( एकशः ) એકએક અથવા ક્રમથી ૧ સચિત્ત, ૨ અચિત્ત, ૩ શીત ૪ ઉષ્ણ ૫ સંવૃત, ૬ વિવૃત, ૭ સચિત્તાચિત્ત, ૮ શીતોષ્ણ, ૯ સંવૃતવિવૃત એ નવ (तद्योनयः) એ સમ્મૂર્છનાદિ જન્મોની યોનિઓ (ઉત્પત્તિસ્થાન) છે. ૩૨.

## जरायुजाण्डजपोतानां गर्भः ॥ ३३ ॥

अर्थ—[जरायुजाण्डजपोतानां] જરાયુજ, અંડજ અને પોત એ ત્રણ પ્રકારના જીવોનો (गर्भः) **ગર્ભજન્મ** થાય છે. જે જાળની માફક માંસ અને રૂધીરથી વ્યાપ્ત એક પ્રકારની થેલીઓથી લપેટાયલો પેદા થાય તેને **જરાયુજ** કહે છે. અને માતાના રૂધિર અને પિતાના વીર્યથી નખની ત્વચા

માફક કઠિન ગોળગોળ આવરણ હોય, તેને ઇંડા કહે છે, અને ઇંડાથી ઉત્પન્ન થાય તેને **અંડજ** કહે છે. અને જેના ઉપર જરા પણ ઇંડા આદિ કોઈ પણ આવરણ નહિ હોય અને માતાના ઉદરથી નિકલતાં વારજ ચાલવા ફરવા લાગી જાય, તેને **પોતજ** કહે છે ૩૩.

**देवनारकाणामुपपादः ॥ ३४ ॥**

अर्थ—(देवनारकाणाम्) ચાર પ્રકારના દેવોને અને નારકી જીવોને (उपपादः) ઉપપાદજન્મ થાય છે. ૩૪.

**शेषाणां सम्मूर्च्छनम् ॥ ३५ ॥**

अर्थ—(शेषाणां) બાકીના જીવોને (सम्मूर्च्छनम्) સમ્મૂર્ચ્છનજન્મ થાય છે એટલે ગર્ભજન્મ અને ઉપપાદજન્મને છોડીને બાકીના સંસારી જીવોને સમ્મૂર્છનજન્મ થાય છે. ૩૫.

**औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि ॥३६॥**

अर्थ—એ સંપૂર્ણ જીવોનાં (शरीराणि) શરીર (औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि) ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ પ્રકારનાં હોય છે. સ્થૂલ શરીરને (ઇન્દ્રીયોથી દેખાય તેવા શરીરને) ઔદારિક શરીર કહે છે. જેમાં અનેક પ્રકારનાં સ્થુલ, સૂક્ષ્મ હલકા, ભારી વીગેરે વિકાર હોવાની યોગ્યતા હોય, તેવા શરીરને વૈક્રિયિકશરીર કહે છે. સુક્ષ્મપદાર્થના નિર્ણયને માટે અથવા સંયમ પાળવાને માટે પ્રમત્તગુણથાનવર્તી

તેને આહારકશરીર કહે છે, જેથી શરીરમાં તેજ હોય છે તેને તૈજસશરીર કહે છે અને જ્ઞાનાવરણાદિક આઠ કર્મોના સમુહને કાર્મણશરીર કહે છે. ૩૬.

**परं परं सूक्ष्मम् ॥ ३७ ॥**

**અર્થ**—(परंपरं) ઔદારિકના આગળ આગળનાં શરીર (सूक्ष्मम्) સુક્ષ્મ છે. એટલે ઔદારિકથી વૈક્રિયિક સૂક્ષ્મ છે, વૈક્રિયિકથી આહારક સૂક્ષ્મ છે, આહારકથી તૈજસ સૂક્ષ્મ છે અને તૈજસથી કાર્મણ સૂક્ષ્મ છે. ૩૭. પરંતુ—

**प्रदेशतोऽसंख्येयगुणं प्राक्तैजसात् ।। ३८ ।।**

**અર્થ**—( प्रदेशतः ) પ્રદેશોની અપેક્ષા ( तैजसात् प्राक् ) તૈજસ શરીરના પ્રથમના શરીર ( असंख्येयगुणं) અસંખ્યાતગણા છે એટલે ઔદારિકશરીરમાં જેટલા પરમાણુ છે, તેનાથી અસંખ્યાતગણા સૂક્ષ્મ પરમાણુ વૈક્રયિકશરીરમાં અને વૈક્રિયિકશરીરથી અસંખ્યાતગણા સૂક્ષ્મ પરમાણુ આહારકશરીરમાં છે. ૩૮.

**अनन्तगुणे परे ॥ ३९ ॥**

**અર્થ**—( परे ) બાકીના બે શરીર એટલે તૈજસ અને કાર્મણ શરીર ( अनन्तगुणे ) અનન્તગણા સૂક્ષ્મ પરમાણુવાલાં છે. અર્થાત્ આહારકશરીરથી અનન્તગણા સૂક્ષ્મ પરમાણુ તૈજસશરીરમાં છે. અને તૈજસથી અનન્તગણા સૂક્ષ્મ પરમાણુ કાર્મણશરીરમાં છે. ૩૯.

अप्रतीघाते ॥ ४० ॥

अर्थ—અને એ બે તૈજસશરીર અને કાર્મણુ શરીર અપ્રતીઘાત છે, એટલે અન્ય મૂર્તિમાન પુદ્ગલાદિકથી રાકાતાં નથી. જેમ અગ્નિના પરમાણુ સૂક્ષ્મરૂપ પરિણમન હાવાથી લાઢાના પિંડમાં (કકડામાં) પ્રવેશ કરી દે છે, તેવી રીતે તૈજસ અને કાર્મણુશરીર પણ વજ્રમય બની પટલા (પેટીઓ)થી પણ રાકાતાં નથી તેમ તે બીજા કાઇ પણ પદાર્થને રાકી શકતા નથી. ૪૦.

अनादिसम्बन्धे च ॥ ४१ ॥

अर्थ—(च)અને એ બે તૈજસ અને કાર્મણુશરીર (अनादिसम्बन्धे) અનાદિકાળથી સંબંધ રાખવાવાળાં છે એટલે સંસારી જીવાને એ બે શરીર હમેશાં સાથેજ રહે છે. ૪૧.

सर्वस्य ॥ ४२ ॥

अर्थ—એ બે શરીર સંપૂર્ણ સંસારી જીવાને હાયછે. ૪૨.

तदादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ॥ ४३ ॥

अर्थ—(तदादीनि) એ બન્ને શરીરને સાથે લઇને (भाज्यानि) ભાગ કરીએ તા (एकस्य) એક જીવને (युगपत्) એક સાથે (आ चतुर्भ्यः) ચાર શરીર સુધી હાય છે. ત્રણ શરીર હાય, તા ઔદારિક, તૈજસ અને કાર્મણુ-શરીર; અથવા વૈક્રિયિક, તૈજસ અને કાર્મણ પણ હાય છે. પરંતુ એ ત્રણ શરીર દેવગતિ અને નરકગતિમાંજ હાય છે. ઔદારિક, તૈજસ અને કાર્મણુશરીર મનુષ્ય અને તિર્યંચ

જીવોને હોય છે. અને જે જીવને ચાર શરીર હોય તેને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્મણ હોય છે. ૪૩.

**निरुपभोगमन्त्यम् ॥ ४४ ॥**

**अर्थ**—( अन्त्यम् ) અન્તનું કાર્મણશરીર ( निरुपभोगम् ) ઉપભોગ રહિત અથવા ઇન્દ્રીયોદ્વારા શબ્દાદિક વિષયોના ઉપભોગથી રહિત છે. ૪૪.

**गर्भसम्मूर्छनजमाद्यम् ॥४५॥**

**अर्थ**—(गर्भसम्मूर्च्छनजम्) જે જીવની ગર્ભજન્મ અને સમ્મૂર્ચ્છન જન્મથી ઉત્પત્તિ થાય છે તેને (आद्यं) આદિનું ઔદારિકશરીર છે. ૪૫.

**औपपादिकं वैक्रियिकम् ॥४६॥**

**अर्थ**—(औपपादिकम्) જે જીવની ઉત્પત્તિ (જન્મ) ઉપપાદજન્મથી થાય છે તેને વૈક્રિયિકશરીર હોય છે. ૪૬.

**लब्धिप्रत्ययं च ॥४७॥**

**अर्थ**—વૈક્રિયિકશરીર (लब्धिप्रत्ययं च) લબ્ધિથી અર્થાત્ તપ વગેરે વિશેષરૂપ ઋદ્ધિ પ્રાપ્ત થવાના નિમિત્તથી પણ થાય છે. ૪૭.

**तैजसमपि ॥४८॥**

**अर्थ**—(अपि) તથા (तैजसम्) તૈજસશરીર પણ લબ્ધિ-પ્રત્યય અર્થાત્ ઋદ્ધિ પ્રાપ્ત થવાથી થાય છે. ૪૮.

**शुभं विशुद्धमव्याघाति चाहारकं प्रमत्तसंयतस्यैव ॥४९॥**

**अर्थ**—( आहारकं ) આહારકશરીર ( शुभं ) શુભ છે અર્થાત્ શુભ કાર્યને પેદા કરે છે, (विशुद्धं) વિશુદ્ધ છે એટલે

વિશુદ્ધ કર્મનું કાર્ય છે, (च) અને (अव्याघाति) વ્યાઘાત (ઘાત) રહિત છે, તથા (प्रमत्तसंयतस्य एव) છઠ્ઠા પ્રમત્તસંયત ગુણુ-સ્થાનવર્તિ મુનિશ્વરનેજ થાય છે. ૪૯.

नारकसम्मूर्छिनो नपुंसकानि ॥५०॥

**अर्थ**—(नारकसम्मूर्छिनः) નારકી જીવ અને સમ્મૂર્છન જીવ (नपुंसकानि) નપુંસકલિંગી હોય છે. ૫૦. પણુ—

न देवाः ॥५१॥

**अर्थ**—(देवाः) ચાર પ્રકારના દેવો નપુંસલિંગી (न) હોતા નથી અર્થાત્ ચાર પ્રકારના દેવોમાં સ્ત્રીવેદ, પુરુષવેદ એ બેજ હોય છે. નપુંસકવેદ હોતો નથી. ૫૧.

शेषास्त्रिवेदाः ॥५२॥

**अर्थ**—(शेषाः) નારકી જીવ, દેવ અને સમ્મૂર્છનોથી બાકીના ગર્ભજ, તિર્યંચ અને મનુષ્ય (त्रिवेदाः) ત્રણે વેદવાળા હોય છે. ૫૨.

औपपादिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषोऽनपवर्त्यायुषः ॥५३॥

**अर्थ**—(औपपादिकचरमोत्तमदेहाऽसंख्येयवर्षायुषः) ઔપપાદિક જન્મવાળા દેવ, નારકી તથા ચરમોત્તમ દેહ અથવા તદ્ભવ મોક્ષગામી જીવોના શ્રેષ્ઠ તીર્થંકરાદિ અને અસંખ્યાત વર્ષની આયુષ્યવાળા ભોગભૂમિના જીવો (अनपवर्त्यायुषः) પરિપૂર્ણ આયુષવાળા હોય છે એટલે તેઓનું કોઇ પણ કારણથી આયુષ ઓછું થઇને અકાળ મૃત્યુ થતું નથી, આ સિવાય બાકીના મનુષ્ય અને તિર્યંચ જીવોનું કોઇ પણ કારણથી આયુષ્ય ઓછું થઈ અકાળ મૃત્યુ થાય છે. ૫૩.

इति तत्त्वार्थाधिगमे मोक्षशास्त्रे द्वितीयोऽध्यायः ॥२॥

# अथ तृतीयोऽध्यायः लिख्यते ।

જીવપદાર્થના કથનમાં તેનાં નિજતત્ત્વો બતાવવામાં આવ્યા. હવે તેને રહેવાના સ્થાન જે ત્રણે લોક છે તેમાંથી પ્રથમ **અધોલોકનું વર્ણન** કરવામાં આવે છે.

**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बुवाताकाशप्रातिष्ठाः सप्ताऽधोऽधः ॥१॥**

अर्थ—(रत्नशर्करावालुकापङ्कःधूमतमोमहातमःप्रभाः) રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા, એ (भूमयः) **ભૂમિયો** (सप्त) **સાત** છે અને (अधोऽधः) ક્રમથી એકના નીચે બીજી, બીજીના નીચે ત્રીજી એ પ્રમાણે સાતે ભૂમિયો (નરકો) એક બીજાની નીચે નીચે (घनाम्बुवाताकाशप्रातिष्ठाः) ઘનાદિક ત્રણ વાતવલય અને આકાશના આશ્રયે સ્થિર છે અર્થાત્ સમસ્ત નરકોની ભૂમિયો ઘનોદધિવાતવલયના આધારે છે. ઘનોદધિ વાતવલય ઘનવાતવલયના આધારે છે, ઘનવાતવલય તનુવાતવલયઆકાશના આધારે છે અને **આકાશ** પોતાનેજ આધારે છે.

**વિશેષ**—[1]**રત્નપ્રભા** નામની પ્રથમ પૃથિવી એક લાખ એંસીહજાર [2]યોજન મોટી છે અને તેના ત્રણ ભાગ

---

૧ રત્નાપ્રભાદિક સાતે પૃથ્વીઓનાં નામ રૂઢીથી નથી, પણ જેવા ગુણ તેવાં નામ કહે છે. રૂઢીથી ધમ્મા, વંશા, મેઘા, અંજના, અરિષ્ટા, મઘવી અને માઘવી એ નામ છે.

૨ યોજન ૨૦૦૦ કોષનો સમજવો.

છે, જેમાં ૧૬૦૦૦ યોજન મોટો ઉપરનો **ખરભાગ** છે, તેમાં ચિત્રા, વજ્રા, વૈડૂર્યાદિક એક એક હજાર યોજનની મોટી ૧૬ **પૃથિવીઓ** છે, તેમાંથી ઉપરની એક અને નીચેની એક એવી એક એક હજારની બે પૃથિવીઓને છોડીને વચ્ચેની ૧૪૦૦૦ યોજન મોટી અને એક રાજુ લાંબી પહોળી પૃથિવીમાં કિન્નર, કિંપુરૂષ, મહોરગ, ગંધર્વ યક્ષ, ભૂત અને પિશાચ એ સાત પ્રકારના **વ્યન્તર દેવો**નાં તથા નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિત્કુમાર, ઉદધિકુમાર, દ્વિપકુમાર અને દિક્કુમાર એવા નવ પ્રકારના **ભવનવાસી દેવો**નાં નિવાસસ્થાન છે. તે ખરભાગની નીચે ૮૪૦૦૦ યોજનનો મોટો **પંકભાગ** છે, તેમાં અસુરકુમાર અને રાક્ષસોનું નિવાસસ્થાન છે તેમજ પંકભાગની નીચે ૮૦૦૦૦ યોજન મોટો **અબ્બહુલભાગ** છે, તેમાં **પ્રથમ નરક** છે. તેની નીચે એક રાજુનું અંતર છોડીને શર્કરાપ્રભાદિક ૬ પૃથિવીઓ છે. એ સંપૂર્ણ પૃથિવીમાં નારકી જીવોને રહેવાનાં બીલ (નિવાસસ્થાન) છે.

(ભાવાર્થ)—રત્નપ્રભાદિ સાતે પૃથિવી એકએકની નીચે નીચે રહેલી છે અને તે ઘનાદિક ત્રણ વાતવલયને આધારે સ્થિત છે. જેમ ઉપર અને નીચે લોહચુંબક ઘાલવાથી તેના પ્રમાણુનો લોઢાનો ગોળો વચમાં રાખવાથી અદ્ધરજ રહે છે કારણકે લોહચુંબકને લીધે તે ગોળો ઉપર અગર નીચે જઇ શકતો નથી તેમ આ સાતે પૃથિવી ત્રણ વાતવલય અને આકાશના આધારે સ્થિત છે; તેથી તે

લોહચુંબકના વચમાંના ગોળાની માફક પોતાની જગાએથી ખસી શક્તી નથી. ૧.

હવે તે બિલો કઇ કઈ પૃથિવીમાં કેટલા કેટલા છે તે કહેછે—

**तासु त्रिंशत्पञ्चविंशतिपञ्चदशदशत्रिपञ्चोनैकनरकशतसहस्राणि पञ्च चैव यथाक्रमम् ॥२॥**

અર્થ—(तासु) તે રત્નપ્રભાદિક સાતે પૃથિવીઓમાં (यथाक्रमम्) અનુક્રમે (त्रिंशत्पञ्चविंशतिपञ्चदशदशत्रिपञ्चोनैकनरकशतसहस्राणि) પહેલી પૃથિવીના અબ્બહુલભાગમાં (**રત્નપ્રભામાં**) ત્રીસ લાખ નરક (બિલો) છે. બીજી **શર્કરાપ્રભા** પૃથિવીમાં પચીસ લાખ, ત્રીજી વાલુકાપ્રભા પૃથિવીમાં પંદર લાખ, ચોથી **પંકપ્રભા** પૃથિવીમાં દશલાખ, પાંચમી **ધૂમપ્રભા** પૃથિવીમાં ત્રણ લાખ, છઠ્ઠી **તમઃપ્રભા** પૃથિવીમાં એક લાખમાં પાંચ ઓછા (च) અને સાતમી **મહાતમઃપ્રભા** પૃથિવીમાં (पञ्चएव) પાંચજ નરક છે. તે નરક (બિલો) ગોળ ત્રિકોણ, ચતુર્કોણ ઇત્યાદિ અનેક પ્રકારના છે. અને તેમાં કેટલાક બિલો સંખ્યાત યોજનનાં અને કેટલાંક અસંખ્ય યોજન લાંબા, પહોળા છે અને બિલોને આંતરે આંતરે ચારો તરફ પ્રત્યેક બિલના પૃથિવીસ્કંધ છે. જેમ ઢાલને પૃથિવીમાં (જમીનમાં) દાટવાથી ચારો તરફ જમીનજ રહે છે અને ઢાલની અંદર પોલાણ રહે છે; તેમ પૃથિવીસ્કંધોની વચમાં ઢાલની અંદરના પોલાણની માફક એ બિલો હોય છે. ૨.

નારકીજીવોનાં કૃત્યને કહે છે—

**नारकानित्याऽशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ॥३॥**

अर्थ—(नारकाः) નારકીજીવો (नित्याशुभतरलेश्यापरिणाम-देहवेदनाविक्रियाः) હમેશાંજ અશુભતર લેશ્યાવાળા, અશુભતર પરિણામવાલા અને અશુભતર શરીરનાધારક, અશુભતર વેદનાવાળા અને અશુભતર વિક્રિયા કરવાવાળા હોય છે. તેમને હમેશાં અશુભ કર્મનોજ ઉદય રહેવાથી તેના પરિણામો વગેરે સદા અશુભજ રહે છે. ૩.

**परस्परोदीरितदुःखाः ॥४॥**

अर्थ—નારકી જીવો હમેશાં એક બીજાને દુઃખજ ઉત્પન્ન કરે છે એટલે કે કૂતરાઓની માફક હમેશાં એકબીજાની સાથે લઢતા અને ઝગડતા રહે છે. ૪.

**संक्लिष्टाऽसुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥५॥**

अर्थ—(च) તથા તે નારકી જીવો (प्राक्चतुर्थ्याः) ચોથા નરકના પહેલા એટલે પહેલા, બીજા અને ત્રીજા નરક પર્યન્ત (संक्लिष्टाऽसुरोदीरितदुःखाः) અંબાવરીષ જાતિના સંક્લિષ્ટ પરિણામવાળા અસુરોથી પણ દુઃખી કરાય છે. એટલે જેવી રીતે આ લોકમાં અનેક અજ્ઞાની પુરૂષો મેઢાં, પાડા, હાથીઓ વગેરેને મદ્ય (દારૂ) પાઇને પરસ્પર લઢાવે છે અને તેમની હારજીતથી આનંદ માને છે અથવા તમાસા જુવે છે તેવી રીતે ત્રીજા નરક પર્યન્તના નારકી જીવોને દુષ્ટ કૌતુકી દેવો પોતાના અવધિજ્ઞાનથી તે જીવોનાં પૂર્વ

ભવમાં થયેલાં વૈરોને સ્મરણ કરાવી પરસ્પર લઢાવતા રહે છે અને પોતે તમાસા જુએ છે. ૫.

**तेष्वेकत्रिसप्तदशसप्तदशद्वाविंशतित्रयस्त्रिंशत्सागरोपमा सत्त्वानां परा स्थितिः ॥६॥**

अर्थ—(तेषु) તે સાતે નરકોમાં રહેવાવાલા (सत्वानां) નારકી જીવોનું (परा) ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) (स्थितिः) આયુ (एकत्रिसप्तदशसप्तदशद्वाविंशतित्रयस्त्रिंशत्सागरोपमा) પહેલા નરકમાં એક *સાગર, બીજા નરકમાં ત્રણ સાગર, ત્રીજા નરકમાં સાત સાગર, ચોથા નરકમાં દશ સાગર, પાંચમા નરકમાં સત્તર સાગર, છઠ્ઠા નરકમાં બાવીસ સાગર અને સાતમાં નરકમાં તેત્રીસ સાગરનું આયુષ છે. ૬.

---

*બે હજાર કોસ ઉંડો અને બે હજાર કોસ પહોળો એવો એક કૂવો ખોદવો, તેમાં જેનો બીજો ભાગ ન થઈ શકે એવા મેંઢાના (ઘેટાના) વાળ કાતરીને ખીચોખીચ ભરો; જેટલા વાળ તેમાં સમાય તેમાંથી પછી એક એક વાળ સો સો વરસ પછી કાઢો; જેટલા વર્ષોમાં તે સંપૂર્ણ વાળ નીકળી તે કૂવો ખાલી થઈ જાય, તેટલા વર્ષોને **વ્યવહારપલ્ય** કહે છે. તેના વાળોની કુલ ગણત્રી ૪૫ અંક પ્રમાણ છે. ૪૧૩૪૫૨૬૩૦૩૦૮૨૦૩૧૭૭૭૪૯૫૧૨૧૯૨૦૦૦૦૦૦૦૦-૦૦૦૦૦૦૦૦૦૦ આટલાં વર્ષોને વ્યવહારપલ્ય કહે છે, તેને અસંખ્યાતે ગુણવાથી **ઉદ્ધારપલ્ય** થાય છે અને ઉદ્ધારપલ્યને અસંખ્યાતે ગુણવાથી **અદ્ધાપલ્ય** થાય છે. આવા દશકોટી અદ્ધાપલ્યોનો **એક સાગર** થાય છે કોટાકોટી એટલે એક કરોડને એક કરોડ ગુણાવાથી જે આવે તેને કોટાકોટી કહે છે.

जम्बूद्वीपलवणोदादयः शुभनामानो द्वीपसमुद्राः ॥७॥

અર્થ—આ **ચિત્રાપૃથિવી** ઉપર (जम्बूद्वीपलवणोदादयः) જમ્બૂદ્વીપાદિક તથા લવણસમુદ્રાદિક (शुभनामानः) ઉત્તમ ઉત્તમ નામવાળા (द्वीपसमुद्राः) દ્વીપ અને સમુદ્ર છે. **ભાવાર્થ**—સંપૂર્ણ દ્વીપોની મધ્યમાં **જમ્બૂદ્વીપ** છે, તેની ચારેતરફ **લવણુ સમુદ્ર** છે. તેની ચારેતરફ **ધાતુકીખંડ** દ્વીપ છે. તેની ચારેતરફ કાલોદધિ સમુદ્ર છે. તેની ચારેતફ **પુષ્કરવર** દ્વીપ છે અને તેની ચારેતરફ **પુષ્કરવર સમુદ્ર** છે. એવી રીતે એકબીજાને લપેટેલા અન્તના **સ્વયંભૂરમણુ-સમુદ્ર** પર્યન્ત અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે. ૭.

द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥८॥

અર્થ—દરેક દ્વીપ અને સમુદ્ર (वलयाकृतः) ગોળ ચુંડીના આકારસ્વરૂપ (पूर्वपूर्वपारिक्षेपिणो) પહેલા પહેલા દ્વીપ અને સમુદ્રને ઘેરેલા (द्विर्द्विर्विष्कम्भाः) એકથી બીજા બમણુા વિસ્તારવાળા છે એટલે જમ્બુદ્વીપથી બમણી પહેલાઇવાળો લવણુસમુદ્ર છે અને લવણુસમુદ્રથી બમણી પહોળાઇવાળો ધાતુકીદ્વીપ છે. ધાતુકીદ્વીપથી બમણી પહોળાઈવાલો કાલોદધિ સમુદ્ર છે. કાલોદધિ સમુદ્રથી બમણો પુષ્કરવર દ્વીપ છે; એવી રીતે આગળ આગળના દ્વીપ અને સમુદ્ર બમણુા બમણુા જાણુવા. ૮.

तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कम्भोजम्बूद्वीपः ॥९॥

અર્થ—(तन्मध्ये) તે સંપૂર્ણ દ્વીપ, સમુદ્રોની વચમાં

(मेरुनाभिः) સુમેરૂ પર્વત છે *નાભિ જેની એવો અને (वृत्तः) ગોળાકાર તથા (योजनशतसहस्रविष्कम्भः) એક લાખ યોજન લાંબો, પહોળો (जम्बूद्वीपः) જમ્બૂદ્વીપ છે. જમ્બૂદ્વીપનો ઘેરાવો ૩૧૬૨૨૭ યોજન ૩ કોસ, ૧૨૮ ધનુષ અને ૧૩૨ આગળથી કાંઇક વધારે છે. અહિંયા પણ યોજન બે હજાર કોસનો જાણવો. ૯.

જમ્બૂદ્વીપના ભાગ કહે છે—

**भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥१०॥**

अर्थ—આ જમ્બૂદ્વીપમાં (भरतहैमवतहरिविदेहरम्यकहैरण्यवतैरावतवर्षाः) ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત, ઐરાવત એ સાત (क्षेत्राणि) ક્ષેત્ર છે. ૧૦.

**तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मिशिखरिणो वर्षधरपर्वताः ॥११॥**

अर्थ—(तद्विभाजिनः) ઉપરના સાતે ક્ષેત્રોને જુદા કરવાવાળા [पूर्वापरायताः] પૂર્વ પશ્ચિમ લાંબા (हिमवन्महाहिमवन्निषिधनीलरुक्मिशिखरिणः) હિમવાન્, મહાહિમવાન્, નિષિધ, નીલ, રૂકિમ અને શિખરી એ છ (वर्षधरपर्वताः) વર્ષધર નામના પર્વતો છે. આ ભરતક્ષેત્ર અને હેમવત ક્ષેત્રની વચમાં હિમવાન પર્વત છે, જેને હિમાચળ પણ કહે છે. એવી રીતે સાતે ક્ષેત્રોની વચમાં છ પર્વત છે જે ષટ્ કુલાચલ પણ કહેવાય છે. ૧૧.

---

* સૌથી વચ્ચે સુમેરૂ પર્વત છે, તેથી તેને નાભિની ઉપમા આપી છે.

हेमार्जुनतपनीयवैडूर्यरजतहेममयाः* ॥१२॥

अर्थ—હિમવાન પર્વત સુવર્ણમય પીળા વર્ણનો છે, મહાહિમવાન પર્વત સફેદ ચાંદિ જેવા રંગનો છે, ત્રીજો નિષિધ પર્વત તાવેલા સુવર્ણના રંગનો છે. ચોથો નીલપર્વત વૈડૂર્યમય અર્થાત્ મોરના કંઠની માફક વાદળી રંગનો છે. પાંચમો રૂકિમ પર્વત પણ ચાંદી જેવા સફેદ વર્ણનો છે અને છઠ્ઠો શિખરી પર્વત સોના જેવા પીળા રંગનો છે. ૧૨.

मणिविचित्रपार्श्वा उपरि मूले च तुल्यविस्ताराः ॥१३॥

अर्थ—એ છએ પર્વત (मणिविचित्रपार्श्वाः) જેના પાર્શ્વભાગ (આજુબાજુના પાસાં) જુદાજુદા પ્રકારના વર્ણ અને દેદીપ્યમાન મણિઓથી વિચિત્ર થઇ રહેલા છે. અને (उपरि-मूले) ઉપર, નીચે (च) તથા મધ્ય ભાગમાં (तुल्यविस्ताराः) એક સરખા પહોળા ભીતની સમાન છે. ૧૩.

## તે પર્વતો ઉપર શું શું છે તે કહે છે—

पद्ममहापद्मतिगिञ्छकेसरिमहापुण्डरीकपुण्डरीका
ह्रदास्तेषामुपरि ॥१४॥

अर्थ —(तेषां) તે પર્વતોના (उपरि) ઉપર (पद्मम-हापद्मतिगिञ्छकेशरिमहापुण्डरीकपुण्डरीकाः) પદ્મ, મહાપદ્મ, તિગિં-

*મય શબ્દના બે અર્થ થાય છે. પહેલો-સુવર્ણમય અથવા સોનાનો; એવીજ રીતે રજતમય-ચાંદિનો, બીજો-સુવર્ણના રંગ સરખો તથા ચાંદીના રંગ સરખો (જેવો) સફેદ એ અર્થમાંથી બીજો અર્થ લેવો કારણકે સર્વાર્થ સિદ્ધિમાં એ પ્રમાણેજ કહ્યું છે.—

છ, કેશરિ, મહાપુણ્ડરીક અને પુણ્ડરીક એ છ (ह्रदाः) હૃદ એટલે **સરોવર** છે. भावार्थ-હિમવાન પર્વત ઉપર પદ્મનામનું સરોવર છે. મહાહિમવાન ઉપર મહાપદ્મ નામનું સરોવર છે, નિષિધ પર્વત ઉપર **તિગિંચ્છ** નામનું સરોવર છે, નીલ પર્વત ઉપર **કેશરી** નામનું સરોવર છે. રૂકિમ પર્વત ઉપર **મહાપુણ્ડરીક** નામનું સરોવર છે અને શિખરી પર્વત ઉપર **પુણ્ડરીક** નામનું સરોવર છે. ૧૪.

**प्रथमो योजनसहस्रायामस्तदर्द्धविष्कम्भो ह्रदः ॥१५॥**

**अर्थ**—તે સરોવરમાંથી પદ્મ નામનું (प्रथमः) પ્રથમ (ह्रदः) સરોવર (योजनसहस्रायामः) પૂર્વ અને પશ્ચિમ એકએક હજાર યોજન લાંબું છે અને (तदर्द्धविष्कम्भः) તેથી અડધું પાંચસો યોજન ઉત્તર દક્ષિણ પહોળું છે. ૧૫.

**दशयोजनावगाहः ॥१६॥**

**अर्थ**—એ પદ્મ નામના સરોવરની **ઉંડાઈ** દશ યોજનની છે. ૧૬.

**तन्मध्ये योजनं पुष्करम् ॥१७॥**

**अर्थ**—(तन्मध्ये) તે પદ્મ સરોવરની મધ્યમાં (योजनं) એક યોજનનું લાંબું પહોળું (पुष्करम्) **કમળ** છે. ૧૭.

**तद्द्विगुणद्विगुणा ह्रदाः पुष्कराणि च ॥१८॥**

**अर्थ**—(तद्द्विगुण द्विगुणाः તે પહેલા પદ્મ સરોવરથી અને કમળથી બમણા બમણા લાંબા અને પહોળા આગલા આગલા (ह्रदाः) સરોવરો (च) અને (पुष्कराणि) કમળો છે.

ભાવાર્થ—પદ્મ સરોવરથી બમણા વિસ્તારવાળું મહાપદ્મ સરોવર છે, મહાપદ્મ સરોવરથી બમણા વિસ્તારવાળું તિગિંચ્છ સરોવર છે. એ ત્રણે સરોવરની બરાબરજ ઉત્તરના ત્રણે પર્વતોના ત્રણ સરોવર છે અને એ ત્રણ સરોવરના કમળોની બરાબર કમળો છે. ૧૮.

**तन्निवासिन्यो देव्यः श्रीह्रीधृतिकीर्तिबुद्धिलक्ष्म्यः पल्यो-पमस्थितयः ससामानिकपरिषत्काः॥१९॥**

अर्थ—(तान्निवासिन्यः) ઉપરના છ કમલોમાં રહેવાવાળી (श्रीह्रीधृतिकीर्तिबुद्धिलक्ष्म्यः) શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, અને લક્ષ્મી નામની છ (देव्यः) દેવીઓ છે, જે (पल्योपमस्थितयः) એક પલ્યની બરાબર આયુષ્યવાળી અને (ससामानिकपारिषत्काः) સામાનિક પરિષત્ક જાતિના દેવો સહિત નિવાસ કરે છે. भावार्थ–તે સરોવરોમાં રત્નમયી કમળ છે તેની કર્ણીકાઓમાં (પાંખડીઓમાં) અતિશય ઉજ્જવળ મહેલ છે. તે મહેલોમાં એ છ દેવી રહે છે. તે કમલોની અર્ધી ઉંચાઈનાં અનેક બીજાં રત્નમયી કમળો ચારે દીશાએ છે, તેમાં પણ રત્નમયી મહેલ છે અને તેમાં ઉક્ત દેવીઓના પરિવારના સામાનિક અને પરિષત્ક જાતિના દેવો રહે છે. ૧૯.

**गङ्गासिन्धुरोहिद्रोहितास्याहरिद्धरिकान्तासीतासीतोदानारीनरकान्तासुवर्णरूप्यकूलारक्तारक्तोदाः सरितस्तन्मध्यगाः ॥२०॥**

अर्थ—(तन्मध्यगाः) ઉક્ત સાતે ક્ષેત્રોમાં વહેવાવાળી ગંગા, સિન્ધુ, રોહિત, રોહિતાસ્યા, હરિત, હરિકાન્તા, સીતા, સીતોદા, નારી, નરકાન્તા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા,

રક્તા અને રકતોદા એ ચૌદ (सरितः) નદીયો ઉક્ત છ-એ સરોવરોમાંથી નીકળેલી છે, તેમાં પહેલા પદ્મ સરોવર-માંથી ત્રણ નદીયો ગંગા, સિન્ધુ અને રોહિત તથા છઠ્ઠા પુણ્ડરીક સરોવરમાંથી ત્રણ નદીઓ રૂપ્યકૂલા, રક્તા અને રકતોદા એ પ્રમાણે બે સરોવરોમાંથી ત્રણ ત્રણ અને બીજા ચાર સરોવરોમાંથી બબ્બે નદીઓ નીકળેલી છે, તેથી સાતે ક્ષેત્રમાંથી હરેક ક્ષેત્રમાંથી હરેક ક્ષેત્રમાં બે બે નદીઓ પૂર્વ પશ્ચિમ વહે છે. એટલે ભરતક્ષેત્રમાં ગંગા અને સિન્ધુ, હેમવતક્ષેત્રમાં રોહિત અને રોહિતાસ્યા, હરિક્ષેત્રમાં હરિત અને હરિકાન્તા, વિદેહક્ષેત્રમાં સીતા અને સીતોદા, રમ્યક્ક્ષેત્રમાં નારી અને નરકાન્તા, હૈરણ્યક્ષેત્રમાં સૂવર્ણકૂલા અને રૂપ્યકૂલા અને ઐરાવતક્ષેત્રમાં રક્તા અને રક્તોદા એ પ્ર-માણે ચૌદ નદીઓ એક એક ક્ષેત્રમાં બબ્બે વહે છે. ૨૦.

**द्वयोर्द्वयोः पूर्वाः पूर्वगाः ॥२१॥**

अर्थ—એક એક ક્ષેત્રમાં જે બે બે નદિયો વહે છે તે (द्वयोःद्वयोः) બે બે નદીઓનાં સાત યુગલો (જોડકાં)માંથી (पूर्वाः) પહેલી પહેલી નદિયો (पूर्वगा :) પૂર્વ તરફ વહે છે અને પૂર્વ સમુદ્રને મળે છે. भावार्थ—ગંગા, રોહિત, હરિત, સીતા, નારી, સુવર્ણકૂલા અને રક્તા એ સાત નદિયો પૂર્વ દીશા તરફ વહી પૂર્વ સમુદ્રને મળે છે. ૨૧.

**शेषास्त्वपरगाः ॥२२॥**

अर्थ—(तु) અને (शेषाः) બાકીની સિન્ધુ, રોહિતાસ્યા, હરિકાન્તા, સીતોદા, નરકાન્તા, રૂપ્યકૂલા અને રકતોદા એ

સાત નદિયો (अपरगाः) પશ્ચિમ દીશા તરફ વહી પશ્ચિમ સમુદ્રને મળે છે. ૨૨.

**चतुर्दशनदीसहस्रपरिवृता गङ्गासिन्ध्वादयो नद्यः ॥२३॥**

अर्थ—(गङ्गासिन्ध्वादयः) ગંગા, સિન્ધુ વગેરે (नद्यः) નદિયો (चतुर्दशनदीसहस्रपरिवृता) ચૌદ ચૌદ હજાર નદિયોના પરિવાર સહિત છે. એટલેકે-ગંગા નદિમાં બીજી ચૌદ હજાર નદિયો આવી મળેલી છે, સિન્ધુ નદિમાં પણ બીજી ચૌદ હજાર નદિયો આવી મળે છે, તેવી રીતે એ બે નદિયોના સાતે યુગલોમાં ઉત્તર તરફના ત્રણ ને દક્ષિણ તરફના ત્રણ યુગલોમાં એકએકથી બમણી બમણી બીજી નદિયો આવી મળેલી છે એટલે-રોહિત્ રોહિતાસ્યા એ બે નદિયોમાં અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ હજાર;હરિત્, હરિકાન્તા એ બે નદિયોમાં છપ્પન છપ્પન હજાર, સીતા સીતોદા એ બે નદિયોમાં એકસો બાર એકસો બાર હજાર; એ પ્રમાણે તે યુગલોમાં બીજી નદિયો આવીને મળેલી છે. અને એથી ઉત્તર તરફના ક્ષેત્રોના ક્રમથી દક્ષિણ તરફના ક્ષેત્રોની સમાન પરિવાર સહિત નદિયો છે. અર્થાત્ દક્ષિણ તરફના ત્રણ ક્ષેત્રોની નદિયો નારી અને નરકાન્તા એ બે નદિયોમાં છપ્પન છપ્પન હજાર; સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા એ બે નદિયોમાં અઠ્ઠાવીસ અઠ્ઠાવીસ હજાર તથા રક્તા, રક્તોદા એ બે નદિયોમાં ચૌદ ચૌદ હજાર એ પ્રમાણે બીજી નદિયો આવેલી છે. ૨૩.

**भरतः षड्विंशतिपञ्चयोजनशतविस्तारः**
**षट्चैकोनविंशतिभागा योजनस्य ॥२४॥**

अर्थ—(भरतः) ભરતક્ષેત્ર (षड्विंशतिपञ्चयोजनशतविस्तारः)

**भरतः षड्विंशतिपञ्चयोजनशतविस्तारः**
**षट् चैकोनविंशतिभागा योजनस्य ॥ २४ ॥**

अर्थ—(भरत) ભરતક્ષેત્ર (षड्विंशतिपञ्चयोजनशतविस्तारः) દક્ષિણ ઉત્તરમાં પાંચસો છવીસ યોજન વિસ્તારનો (च) અને (योजनस्य) એક યોજનના (एकोनविंशतिभागाः) ઓગણીસમા ભાગમાંથા (षट) છ ભાગ જેટલો અધિક છે. ભાવાર્થ—ભરતક્ષેત્રનો ઉત્તર અને દક્ષિણ વિસ્તાર પાંચસો છવીસ પૂર્ણાંક છ ઓગણીસાંઉસ $526\frac{6}{19}$ યોજન છે. ૨૪.

**तद्विगुणद्विगुणविस्तारा वर्षधरवर्षा विदेहान्ताः ॥२५॥**

अर्थ—(विदेहान्ताः) વિદેહક્ષેત્ર પર્યન્તના (वर्षधरवर्षाः) પર્વત અને ક્ષેત્ર (ताद्विगुणद्विगुणाविस्ताराः) તે ભરતક્ષેત્રથી બમણા બમણા વિસ્તારવાળા છે.

भावार्थ—વિદેહક્ષેત્ર સુધીના સંપૂર્ણ પર્વત અને ક્ષેત્ર ભરતક્ષેત્રથી બેગણા બેગણા વિસ્તારવાળાં છે. અર્થાત્—ભરતક્ષેત્રથી બમણા વિસ્તારવાળું હૈમવત ક્ષેત્ર તથા હિમવન્ પર્વતથી બમણા વિસ્તારવાળો મહાહિમવન્ પર્વત છે. હૈમવત્ ક્ષેત્રથી બમણા વિસ્તારવાળું હરિક્ષેત્ર છે તથા મહાહિમવાન્ પર્વતથી બમણા વિસ્તારવાળો નિષિધ પર્વત છે. એ પ્રમાણે ઉત્તર તરફના ત્રણ ક્ષેત્ર અને ત્રણ પર્વત વિસ્તારસ્વરૂપ છે. ૨૫.

**उत्तरा दक्षिणतुल्याः ॥ २६ ॥**

अर्थ—(उत्तराः) વિદેહક્ષેત્રની ઉત્તરના ત્રણ પર્વત અને

ત્રણ ક્ષેત્ર (दक्षिणतुल्याः) દક્ષિણના પર્વત અને ક્ષેત્રોની બરાબર વિસ્તારવાળા છે. भावार्थ—વિદેહક્ષેત્રની ઉત્તરના ભરતક્ષેત્ર, હૈમવતક્ષેત્ર, હરિક્ષેત્ર અને હિમવન્ પર્વત, મહા હિમવન્ પર્વત, નિષિધ પર્વત, એ પ્રમાણે ત્રણ ક્ષેત્ર અને ત્રણ પર્વતના વિસ્તારસ્વરૂપ દક્ષિણ તરફના રમ્યક, હૈરણ્યવત, ઐરાવતક્ષેત્ર અને નીલ, રૂકિમ અને શિખરી એ ત્રણ પર્વત વિસ્તારવાળા છે. ૨૬.

**भरतैरावतयोर्वृद्धिह्रासौ षट्समयाभ्यामुत्सर्पिण्यवसर्पिणीभ्याम् ॥२७॥**

**अर्थ**—(उत्सार्पिण्यवसार्पिणीभ्यां) ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ (षट्समयाभ्याम्) **છ કાળોથી** (भरतैरावतयोः) ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં મનુષ્યો વિગેરેનાં આયુ, કાય, ભોગોપભોગ, સમ્પત્તિ, વીર્ય, બુદ્ધયાદિકનું (वृद्धिह्रासौ) વધવું ઘટવું હોય છે. **ભાવાર્થ—ઉત્સર્પિણી**ના છ કાળોમાં વૃદ્ધિ અને અવસર્પિણીના છ કાળોમાં દિવસેદિવસ ઘટારો થતો જાય છે. **અવસર્પિણી** કાળના ૧ સુખમાસુખમા, ૨ સુખમા, ૩ સુખમા દુઃખમા, ૪ દુઃખમા સુખમા, ૫ દુઃખમા, ૬ દુઃખમા દુઃખમા (અતિ દુઃખમા) એવા છ ભાગ છે, એ રીતે ઉત્સર્પિણી કાળના પણ ૧ અતિ દુઃખમા, ૨ દુઃખમા ૩ દુઃખમાસુખમા, ૪ સુખમાદુઃખમા, ૫ સુખમા, ૬ અતિ સુખમા એ છ ભાગ છે. અવસર્પિણીકાળ **દશ કોડાકોડી સાગરનો** છે અને ઉત્સર્પિણીકાળ પણ દશ કોડાકોડી સાગરનો છે. એ બે કાળોના વર્ષ મેળવીએ, તો

વીસ કોડાકોઠી સાગર વર્ષનો એક **કલ્પકાળ** થાય છે, તેમાં પહેલો **સુખમાસુખમા** કાળ ચાર કોડાકોડી સાગર વર્ષનો હોય છે. બીજો **સુખમા** ત્રણ કોડાકોડી સાગર વર્ષનો, ત્રીજો **સુખમા દુઃખમા** કાળ બે કોડાકોડી સાગર વર્ષનો, ચોથો **દુઃખમા સુખમા** એક કોડાકોડી સાગરથી ૪૨ હજાર વર્ષ ઓછાનો છે. પાંચમો **દુઃખમા** કાળ એકવીસ હજાર વર્ષનો છે. છઠ્ઠો અતિ દુઃખમા કાળ પણ એકવીસ હજાર વર્ષનો છે. એમાંથી પહેલા ત્રણ સુખમા સુખમા, ૨ સુખમા, ૩ સુખમા દુઃખમા એ ત્રણ કાળોમાં ઉત્તમ, મધ્ય, અને જઘન્ય ભોગભૂમિની માફક રચના અને રીતિ હોય છે. બાકીના ત્રણ દુઃખમાસુખમા, દુઃખમા, અને અતિદુઃખમામાં કર્મભૂમિ માફક હોય છે. આ પ્રમાણે ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના છએ કાળોમાં મનુષ્યાદિકનાં આયુ કાય ભોગોપભોગ વગેરેની ન્યુનાધિતા થતી રહે છે. પહેલા અતિસુખમા કાળમાં મનુષ્યોના શરીરની ઉંચાઇનું પ્રમાણ છ હજાર ધનુષ્યની ઉંચાઇનું તથા આયુ ત્રણ પલ્યનું હોય છે. બીજા સુખમા કાળમાં મનુષ્યોના શરીરનું પ્રમાણ ચાર હજાર ધનુષ્યની ઉંચાઈનું તથા આયુ બે પલ્યનું હોય છે. ત્રીજા સુખમાદુઃખમા કાળમાં મનુષ્યોના શરીરની ઉંચાઈનું પ્રમાણ બે હજાર ધનુષ્યનું તથા આયુ એક પલ્યનું હોય છે. તેજ સુખમા દુઃખમા કાળનો એક પલ્યનો આઠમો ભાગ બાકી રહે, ત્યારે ચૌદ કુલકરોની ઉત્પત્તિ થાય છે. ચોથા દુઃખમા-સુખમા કાળમાં મનુષ્યોના શરીરની ઉંચાઈનું પ્રમાણ

પાંચસો ધનુષ્યનું તથા આયુ એક કરોડ વર્ષનું હોય છે અને તેમાં ૨૪ તીર્થંકરોની ઉત્પત્તિ થાય છે. પાંચમા દુઃખમા કાળમાં મનુષ્યોના શરીરની ઉંચાઈનું પ્રમાણ સાત હાથનું, તથા આયુષ્ય ૧૨૦ વર્ષનું હોય છે. છઠ્ઠા અતિ દુઃખમા કાળમાં મનુષ્યોના શરીરનું પ્રમાણ *અરનિ પ્રમાણ હોય છે તથા આયુષ્ય માત્ર વીસ વર્ષનું હોય છે. એ પ્રમાણે મનુષ્યોના શરીરની ઉંચાઇ તથા આયુનું ઘટવું વધવું ઉત્સર્પિણી, અવસર્પિણી કાળના માહાત્મ્યથી થાય છે તે ભરત અને ઐરાવત એ બન્ને ક્ષેત્રોમાંજ થાય છે. ૨૭.

**ताभ्यामपरा भूमयोऽवस्थिताः ॥ २८ ॥**

**अर्थ**—(ताभ्यां) તે ભરતક્ષેત્ર અને ઐરાવતક્ષેત્ર સિવાય (अपराः) અન્ય પાંચ (भूमयः) ક્ષેત્ર (अवस्थिताः) જ્યાંના ત્યાં નિત્ય છે અર્થાત્ તે પાંચે ક્ષેત્રો હૈમવત્, હરિ, વિદેહ, રમ્યક અને હૈરણ્યમાં વૃદ્ધિ, નાશ થતો નથી. ૨૮.

**एकद्वित्रिपल्योपमस्थितयो हैमवतकहारिवर्षकदैवकुरवकाः॥२९॥**

**अर्थ**—( हैमवतकहारिवर्षकदैवकुरवकाः ) હૈમવત્ક્ષેત્રના, હરિક્ષેત્રના અને દેવકુરૂભોગભૂમિના મનુષ્ય ( एकद्वित्रि-पल्योपमस्थितयः) અનુક્રમે એક, બે, ત્રણ પલ્યની આયુવાળા હોય છે. ૨૯.

---

*કનિષ્ટિકા (ટચલી) આંગળી સીધી રાખી મુઠ્ઠી વાળતાં હાથનું જે પ્રમાણ થાય તેને અરનિપ્રમાણ કહે છે. તે હાથથી જરા નાનું હોય છે.

**तथोत्तराः ॥३०॥**

अर्थ—(तथा) જેવી રીતે દક્ષિણના ક્ષેત્રોની રચના છે; તેવી રીતે (उत्तराः) ઉત્તર તરફના ક્ષેત્રોની રચના છે. અર્થાત્ હૈરણ્યક્ષેત્રની રચના હૈમવત ક્ષેત્રની બરાબર છે, રમ્યકક્ષેત્રની રચના હરિક્ષેત્રની બરાબર છે, અને ઉત્તરકુરૂની રચના દેવકુરૂની માફક છે; એવી રીતે ઉત્તમ, મધ્ય અને જઘન્ય એ ત્રણે ભોગભૂમિના બે બે ક્ષેત્ર છે. **પાંચ મેરૂ સંબંધી** ત્રીસ ભોગભૂમિયો છે. ૩૦.

**विदेहेषु संख्येयकालाः ॥ ३१ ॥**

अर्थ—(विदेहेषु) પાંચ મેરુ સમ્બન્ધી પાંચે વિદેહ-ક્ષેત્રમાં મનુષ્ય (संख्येयकालाः) સંખ્યાત્ વર્ષની આયુવાળા હોય છે. ૩૧.

**भरतस्यविष्कम्भो जम्बूद्वीपस्य नवतिशतभागः ॥३२॥**

अर्थ—(जम्बूद्वीपस्य) એક લાખ યોજનના જમ્બૂદ્વીપનો (नवतिशतभागः) એકસો નેવુંમો ભાગ (भरतस्य) ભરતક્ષેત્રનો (विष्कम्भः) વિસ્તાર છે. ૩૨.

**द्विर्धातकीखण्डे॥ ३३ ॥**

अर्थ—(धातकीखण्डे) ધાતકીખંડ નામના બીજા દ્વીપમાં (द्विः) ભરતાદિ ક્ષેત્ર બે બે છે. ધાતકીદ્વીપ લવણસમુદ્રને વીંટેલો ચાર યોજન પહોળો છે. ૩૩.

**पुष्करार्द्धेच ॥ ३४ ॥**

अर्थ—(पुष्करार्द्धे) પુષ્કરદ્વીપના અર્ધા ભાગમાં (च) પણ જમ્બૂદ્વીપથી બમણા ભરતાદિ ક્ષેત્ર છે. એ પુષ્કરદ્વીપ

૧૬ લાખ યોજન પહોળો છે અને તેની વચમાં એક હજાર બાવીસ યોજન પહોળો **માનુષોત્તર પર્વત** છે, પહેલા અડધા ભાગમાં અર્થાત્ પુષ્કરવર દ્વીપના પહેલા અડધા ભાગમાં બે બે ભરત આદિ ક્ષેત્રોની રચના છે. આગળ એવી રચના નથી. ૩૪.

**प्राङ्मानुषोत्तरान्मनुष्याः ॥ ३५ ॥**

अर्थ—(मानुषोत्तरात्) માનુષોત્તર પર્વતોની (प्राक्) પહેલાં અઢાઈ દ્વીપમાં (मनुष्याः) મનુષ્ય છે. માનુષોત્તર પર્વતની પાછળના દ્વીપોમાં ઋદ્ધિધારક મુનિ અથવા વિદ્યાધરોનું (વિગ્રહગતિના મનુષ્યો સિવાય) સર્વથા ગમન હોતું નથી, તેમ તે દ્વીપોમાં મનુષ્યો હોતા નથી. ૩૫.

**आर्या म्लेच्छाश्च ॥ ३६ ॥**

अर्थ—મનુષ્ય (आर्याः) **આર્ય** (च) અને (म्लेच्छाः) **મ્લેચ્છ** એ બે પ્રકારના છે. જે અસિ (શસ્ત્રધારણ), મસિ (લખવાનું કામ), કૃષિ (ખેતી), શિલ્પ, વાણિજ્ય અને વિદ્યા (નાચવું, ગાવું, સેવા વગેરે) એ છ કર્મોથી આજીવિકા કરે છે તેને **આર્ય** અને જે ત્રસ જીવોની સંકલ્પી હિંસા કરીને પોતાનો નિર્વાહ કરે છે તેને **મ્લેચ્છ** કહે છે. **આર્ય** બે પ્રકારના છે–૧. ઋદ્ધિપ્રાપ્તઆર્ય, ૨. અનૃદ્ધિપ્રાપ્ત આર્ય- જેને બુદ્ધિ, વિક્રીયા, તપ, બળ, ઔષધ, રસ અને અક્ષીણ, એ સાતની પ્રાપ્તિ હોય છે તે સાત પ્રકારના ઋદ્ધિપ્રાપ્ત આર્ય છે અને જેને ઋદ્ધિ પ્રાપ્ત ન હોય, તેને અનૃદ્ધિ- પ્રાપ્ત આર્ય કહે છે. અનૃદ્ધિપ્રાપ્તઆર્યના ક્ષેત્રઆર્ય, જાતિઆર્ય, કર્મઆર્ય, ચારિત્રઆર્ય અને દર્શનઆર્ય

એ પ્રમાણે પાંચ ભેદ છે અને તેના ઉત્તરોત્તર ભેદ પણ છે. મલેચ્છ પણ **અન્તરદ્વીપજ** અને **કર્મભૂમિજ** એ બે પ્રકારના છે. ૩૬.

**भरतैरावताविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः॥३७॥**

अर्थ—(अन्यत्र देवकुरूत्तरकुरुभ्यः) દેવકુરૂ અને ઉત્તરકુરૂને છોડીને (भरतैरावतविदेहाः) પાંચ ભરત, પાંચ ઐરાવત તથા પાંચ વિદેહ એ પંદર (कर्मभूमयः) કર્મભૂમિ છે જેમાં અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, સેવા અને શિલ્પ એ છ કર્મોની પ્રધાનતા હોય તેને કર્મભૂમિ કહે છે અર્થાત્ સવાર્થસિદ્ધિ આદિને પ્રાપ્ત કરાવવાવાળા તથા સાતમા નરક સુધી લઇ જવાવાળા શુભ અશુભ કર્મોનો ઉત્કૃષ્ટ બન્ધ થાય છે તથા તીર્થંકરપણું વગેરે ઉત્તમકર્મપ્રકૃતિઓનો જ્યાં બન્ધ થતો હોય તેને કર્મભૂમિ કહે છે. ૩૭.

**नृस्थिती परावरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ॥३८॥**

अर्थ—(पराऽवरे) ઉત્કૃષ્ટ અને જઘન્ય (नृस्थिति) મનુષ્યોની સ્થિતિ અર્થાત્ આયુ (त्रिपल्पोपमान्तर्मुहूर्त्ते) ત્રણ પલ્ય અને અન્તરર્મુહૂર્તનું છે અર્થાત્ ઉત્કૃષ્ટ આયુ ત્રણ પલ્યનું અને જઘન્ય આયુ અન્તર્મુહૂર્તનું છે અને મધ્યમ આયુના અનેક ભેદ છે. મુહૂર્તનું પ્રમાણ બે ઘડીનું એટલે બે ઘડીની અંદરના વખતને અન્તર્મુહૂર્ત કહે છે. ૩૮.

**तिर्यग्योनिजानां च ॥ ३९ ॥**

अर्थ—(च) અને (तिर्यग्योनिजानां) તિર્યંચોનું આયુ પણ ઉત્કૃષ્ટ ત્રણપલ્યનું અને જઘન્ય અન્તર્મુહૂર્તનું છે. ૩૯.

**इति तत्त्वार्थाधिगमे मोक्षशास्त्रे तृतीयोऽध्यायः ॥ ३ ॥**

# अथचतुर्थोऽध्यायः लिख्यते ।

હવે દેવલોકનું સ્વરૂપ કહે છે.—

**देवाश्चतुर्णिकायाः ॥ १ ॥**

**અર્થ**—(देवाः)દેવ (चतुर्णिकायाः) ચાર પ્રકારના છે અર્થાત્ દેવો ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ ચાર પ્રકારના છે. ૧.

**आदितस्त्रिषु पीतान्तलेश्याः ॥२॥**

**અર્થ**—(आदितः) પહેલાના (त्रिषु) ત્રણ પ્રકારના અર્થાત્ ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષ્ક દેવોને (पीतान्तलेश्याः) પીત પર્યન્તની લેશ્યા છે એટલે કૃષ્ણ, નીલ, કાપોત અને પીત એ ચાર છે; પદ્મ અને શુક્લ એ બે લેશ્યા એ ત્રણ દેવોને નથી. ૨.

**दशाष्टपञ्चद्वादशविकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ॥३॥**

**અર્થ**—(कल्पोपपन्नपर्यन्ताः) [૧]કલ્પવાસી પર્યન્ત એ ચાર પ્રકારના દેવોના અનુક્રમે (दशाष्टपञ्चद्वादशविकल्पाः) દશ, આઠ, પાંચ અને બાર ભેદ છે અર્થાત્ દશ પ્રકારના ભવનવાસી, આઠ પ્રકારના વ્યન્તર, પાંચ પ્રકારના જ્યોતિષ્ક અને બાર પ્રકારના કલ્પોપન્ન અથવા કલ્પવાસી દેવ છે. ૩.

૧ વૈમાનિક દેવોના કલ્પોપપન્ન અને કલ્પાતીત એ બે પ્રકાર છે.

**इन्द्रसामानिकत्रायस्त्रिंशपारिषदात्मरक्षलोकपाला-नीकप्रकीर्णकाभियोग्याकिल्बिषिकाश्चैकशः ॥ ४ ॥**

अर्थ—ઉપલા ચાર પ્રકારના દેવોમાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્વિષિક એ પ્રમાણે દશ ભેદ હોય છે. બીજા દેવોમાં નહિ હોય એવી અણિમા મહિમાદિ અનેક ઋદ્ધિયોથી પરમ ઐશ્વર્યને પ્રાપ્ત હોય, તેને **ઈન્દ્ર** કહે છે. જેનું સ્થાન, આયુ, વીર્ય, પરિવાર, ભોગાદિક ઇન્દ્રની સમાન હોય, પણ આજ્ઞા અને ઐશ્વર્ય ઈન્દ્રની સમાન નહિ હોય અને જેને ઇન્દ્ર પોતાના પિતા ઉપાધ્યાય સમાન મોટા માને એવા દેવોને **સામાનિક** દેવો કહેછે. મંત્રી પુરોહિતની માફક શિક્ષા આપવાવાળા, પુત્રની માફક પ્રિયપાત્ર હોય, જેને જેવાથી અથવા વાર્તાલાપ કરવાથી ઈન્દ્રના મનને આનંદ થાય એવા ૩૩ દેવ છે, તેને **ત્રાયસ્ત્રિંશ** કહે છે. ઇન્દ્રની બાહ્ય, અભ્યન્તર અને મધ્યની એ ત્રણે પ્રકારની સભાઓમાં બેસવા યોગ્ય જે સભાસદ છે, તેને **પારિષદ્ દેવ** કહે છે ઇન્દ્રની સભામાં શસ્ત્ર (હથિયાર) ધારણ કરી ઇન્દ્રની પાછળ ઉભા રહે છે, તેને **આત્મરક્ષદેવ** કહે છે. કોટવાલની માફક વર્તનારા જે દેવ હોય તેને **લોકપાલ** કહે છે. પાયદળ, અશ્વ, વૃષભ (બળદ), રથ, હાથી, ગન્ધર્વ અને નાચનારી એ સાત પ્રકારના રૂપ ધારણ કરવાવાળી દેવોની સેનાને **અનીકદેવ** કહે છે. પ્રજાની માફક પ્રીતિના કારણ રૂપ હોય એવા દેવોને **પ્રકીર્ણક** કહે છે. સેવકની

માફક હાથી ઘોડા વગેરે વાહન બનીને ઈન્દ્રાદિકની સેવા કરે, તેને **આભિયોગ્ય** દેવ કહે છે. અને દૂર રહેવાવાળા તથા ઇન્દ્રાદિક દેવોના સન્માનાદિકના અધિકારી નહિ એવા અને બહાર દૂરજ ઉભા રહે તેને **કિલ્વિષિક** દેવ કહે છે. એ પ્રમાણે એક એક પ્રકારના દેવોમાં દશ દશ પ્રકારના ઉપર પ્રમાણે ભેદ છે. ૪

**त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः ॥५॥**

अर्थ—(व्यन्तरज्योतिष्काः) વ્યન્તર દેવ અને જ્યોતિષ્ક દેવ (त्रायस्त्रिंशलोकपालवर्ज्याः) ત્રાયસ્ત્રિંશ દેવ અને લોકપાલ દેવોથી રહિત છે; અર્થાત્ વ્યન્તર અને જ્યોતિષ્ક દેવોમાં એ બે ભેદ હોતા નથી. ૫.

**पूर्वयोर्द्वीन्द्राः ॥ ६ ॥**

अर्थ—(पूर्वयोः) પહેલાના બે સમુહોમાં અર્થાત્ ભવનવાસી અને વ્યન્તર દેવોના પ્રત્યેક ભેદમાં (द्वीन्द्राः) બે બે ઈન્દ્ર હોય છે. **ભાવાર્થ**—દશ પ્રકારના ભવનવાસી દેવોમાં ચમરવૈરોચનાદિ વીસ ઈન્દ્ર છે; અને આઠ પ્રકારના વ્યન્તર દેવોમાં કિન્નર, કિંપુરૂષાદિ સોળ ઇન્દ્ર છે. ૬.

**कायप्रवीचारा आ ऐशानात् ॥ ७ ॥**

अर्थ—(आऐशानात्) ઐશાન સ્વર્ગ પર્યન્તના દેવોમાં (ભવનવાસી, વ્યન્તર, જયોતિષ્ક, અને સૌધર્મ તથા ઐશાન એ બે સ્વર્ગોના દેવોમાં) (कायप्रवीचाराः) મનુષ્યોની માફક શરીરથી કામસેવન હોય છે. ૭.

शेषाः स्पर्शरूपशब्दमनः प्रवीचाराः ॥८॥

अर्थ—( शेषाः ) બાકીના ઉપરના સ્વર્ગોના દેવો (स्पर्शरूपशब्दमनःप्रवीचाराः) દેવાંગનાઓના સ્પર્શ કરવાથી, રૂપ દેખવાથી, શબ્દ સાંભળવાથી તથા મનના વિચારથીજ કામસેવન કરવાવાળા હોય છે.

भावार्थ—સાનત્કુમાર અને માહેન્દ્ર એ બે સ્વર્ગોના દેવોને જ્યારે કામવાસના થાય છે ત્યારે દેવી પાસેજ રહે છે અને તેમને સ્પર્શ માત્ર કરવાથીજ દેવીઓ અને દેવોની કામપીડા મટી જાય છે. તથા બ્રહ્મ, બ્રહ્મોત્તર, લાવન્તવ, કાપિષ્ટ એ ચાર સ્વર્ગના દેવ દેવાંગનાઓમાં સ્વાભાવિક સુંદર શ્રૃંગારાદિ રૂપને જોવા માત્રથીજ કામ-પીડા દૂર થઇ જાય છે અને શુક્ર, મહાશુક્ર, સતાર અને સહસ્રાર એ ચાર સ્વર્ગોના દેવદેવાંગનાઓમાં પરસ્પર ગીત અથવા પ્રેમભરેલા મધુર વચનાલાપાદિકથીજ કામની પીડા દૂર થઈ જાય છે, અને આનત, પ્રાણુત, આરણુ અને અચ્યુત એ ચાર સ્વર્ગોના દેવદેવાંગનાઓની કામવાસના પરસ્પર મનમાં સ્મરણુ કરવાથીજ નાશ થઇ જાય છે. ૮.

परेऽप्रवीचाराः ॥ ९ ॥

अर्थ—(परे) સોળ સ્વર્ગોની (કલ્પ વિમાનોની) ઉપ-રના અલ્પાતિત અર્થાત્ અચ્યુત સ્વર્ગથી ઉપરના નવ ગ્રૈવેયકોના ૩૦૯ વિમાન અને નવ અનુદિશવિમાન તથા પાંચ અનુત્તરવિમાન એ સંપૂર્ણ વિમાનોમાં રહેવાવાળા દેવ (अप्रवीचाराः) કામસેવન રહિત છે, એટલે તેમને કામવાસના હોતીજ નથી. ૯.

भवनवासिनोऽसुरनागविद्युत्सुपर्णाग्निवातस्त-
नितोदधिद्वीपदिक्कुमाराः ॥१०॥

अर्थ—(भवनवासिनः) ભવનવાસી દેવ (असुरनागविद्युत्सुपर्णाग्निवातस्तानितोदधिद्वीपदिक्कुमाराः) અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિત્કુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, અને દિક્કુમાર એ પ્રમાણે દશ પ્રકારના છે, એમાંના, અસુરકુમારને છોડીને બાકીના નવ પ્રકારના દેવોનું નિવાસસ્થાન રત્નપ્રભા પૃથિવીના **ખરભાગ**ની સોળ પૃથિવીઓમાંથી પહેલી અને છેલ્લી બે પૃથિવીઓ છોડીને બાકીની ચૌદ પૃથિવીઓમાં છે અને અસુરકુમાર જાતના દેવોનું નિવાસસ્થાન રત્નપ્રભાપૃથિવીના **પંકભા**ગમાં છે. ૧૦.

व्यन्तराः किन्नरकिम्पुरुषमहोरगगन्धर्व-
यक्षराक्षसभूतपिशाचाः ॥ ११ ॥

अर्थ—(व्यन्तराः) વ્યન્તરદેવ (किन्नरकिम्पुरुषमहोरगगन्धर्वयक्षराक्षसभूतपिशाचाः) કિન્નર, કિંપુરૂષ, મહોરગ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એ આઠ પ્રકારના છે—તેમાંના રાક્ષસજાતના દેવોને છોડીને બાકીના સાત પ્રકારના દેવોનું નિવાસસ્થાન રત્નપ્રભા પૃથિવીના ખરભાગની સોળ પૃથિવીઓમાંથી પહેલી અને છેલ્લી એ બે પૃથિવીઓ છોડીને બાકીની ચૌદ પૃથિવીઓમાં છે. અને રાક્ષસ જાતના દેવોનું નિવાસસ્થાન રત્નપ્રભા પૃથિવીના પંક ભાગમાં છે. ૧૧.

**ज्योतिष्काः सूर्य्याचन्द्रमसौ ग्रहनक्षत्रप्रकीर्णकतारकाश्च॥१२॥**

अर्थ—(ज्योतिष्काः) જ્યોતિષ્ક દેવ (सूर्याचन्द्रमसौ) સૂર્ય અને ચન્દ્રમા (च) તથા (ग्रहनक्षत्रप्रकीर्णकतारकाः) ગ્રહ, નક્ષત્ર અને પ્રકીર્ણક તારા એ પાંચ પ્રકારના છે. ૧૨.

**मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥१३॥**

अर्थ—એ સંપૂર્ણ જ્યોતિષ્ક દેવ (नृलोके) મનુષ્ય લોકમાં અર્થાત્ અઢી દ્વીપ અને બે સમુદ્રોમાં (मेरुप्रादिक्षणाः) સુમેરૂ પર્વતની પ્રદિક્ષણા કરતા સતા (नित्यगतयः) નિરન્તર ગમન કરવાવાળા છે. **ભાવાર્થ**—એ જ્યોતિષ્ક દેવો મનુષ્યલોકમાં નિરન્તર સુમેરૂપર્વતની પ્રદિક્ષણા કરે છે. ૧૧.

**तत्कृतः कालविभागः ॥१४॥**

अर्थ—(कालविभागः) સમયનો વિભાગ એટલે ઘડી, પળ, દિવસ, રાત્રિ આદિનો વ્યવહાર (तत्कृतः) તે ગમન કરતા એવા સૂર્ય અને ચંદ્રમાદિકદ્વારા સૂચિત થાય છે. ૧૪.

**बहिरवस्थिताः ॥ १५ ॥**

अर्थ—(बहिः) મનુષ્યલોકની બહાર જે સૂર્ય-ચંદ્રમાદિ જ્યોતિષ્ક દેવ છે, તે (अवस्थिताः) અવસ્થિત છે અર્થાત્ ગમન કરતા નથી; જયાંના ત્યાં હમેશાં સ્થિર રહે છે. તે અઢી દ્વીપમાં *સૂર્ય, ચંદ્ર ૧૩૨ છે. ૧૫.

*જમ્બૂદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે. લવણસમુદ્રપર ચાર સૂર્ય અને ચાર ચંદ્ર છે ધાતુકીદ્વીપમાં બાર સૂર્ય અને બાર ચદ્ર છે.

वैमानिकाः ॥१६॥

અર્થ—જેમાં રહેવાથી વિશેષ પુણ્યવાન મનાય, તેને વિમાન કહે છે અને તે વિમાનોમાં રહે તે વૈમાનિક કહેવાય છે. સંપૂર્ણ વિમાન ચોર્યાસી લાખ સત્તાણુહજાર ત્રેવીશ છે, અને એક એક વિમાન અસંખ્યાત અસંખ્યાત યોજનના વિસ્તારમાં છે. ૧૬.

कल्पोपपन्नाः कल्पातीताश्च ॥१७॥

અર્થ—ઉપલા વૈમાનિક દેવ (कल्पोपपन्नाः) કલ્પોપપન્ન કહેવાય છે. (च) અને બીજા (कल्पातीताः) કલ્પાતીત કહેવાય છે. **ભાવાર્થ**—સૌધર્માદિક ૧૬ સ્વર્ગોના વિમાનોમાં ઈન્દ્રાદિક દશ પ્રકારના દેવોની કલ્પના હોય છે, એ કારણથી એ વિમાનોની કલ્પસંજ્ઞા છે. અને જે કલ્પોમાં ઉત્પન્ન થાય છે તેને કલ્પોપપન્ન કહે છે. જે વિમાનોમાં ઇન્દ્રાદિકની કલ્પના નથી, એવા ગ્રૈવેકાદિકોને કલ્પાતીત કહે છે. ૧૭.

उपर्युपरि ॥१८॥

અર્થ—કલ્પોના યુગલ અને નવગ્રૈવેયક, નવ અનુદિશ, પાંચ અનુત્તર વિમાન એ સંપૂર્ણ વિમાનો અનુક્રમે (उपरि-उपरि) એકએકના ઉપર ઉપર છે. ૧૮.

---

કાલોદધિ સમુદ્રપર બેંતાલીશ સૂર્ય અને બેંતાલીશ ચંદ્રમા છે. પુષ્કર દ્વીપ અર્ધામાં બોત્તેર સૂર્ય અને બોત્તેર ચંદ્ર છે. એવી રીતે અઢી દ્વીપમાં કુલ્લે મળી પાંચ સ્થાનો ઉપર એકસોબત્રીસ સૂર્ય અને એકસોબત્રીસ ચંદ્રમા છે—એ સંપૂર્ણ ગ્રહ, નક્ષત્ર, તારાદિગણ સહિત મેરૂની ચોતરફ ફરે છે. અઢી દ્વીપની પેલી બાજુએ સૂર્ય ચંદ્રમાદિક સંપૂર્ણ જ્યોતિષ્ક વિમાનો સ્થિર છે.

**सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मब्रह्मोत्तरलान्तवकापिष्ट-शुक्रमहाशुक्रशतारसहस्रारेष्वानतप्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजयवैजयन्तजयन्तापराजितेषु सर्वार्थसिद्धौ च ॥१९॥**

अर्थ—વૈમાનિકદેવ (सौधर्मैशानसानत्कुमारमाहेन्द्रब्रह्मब्रह्मोत्तर-लान्तवकापिष्टशुक्रमहाशुक्रसतारसहस्रारेषु) સૌધર્મ અને ઐશાન, સાનત્કુમાર અને માહેન્દ્ર, બ્રહ્મ અને બ્રહ્મોત્તર, લાન્તવ અને કાપિષ્ટ, શુક્ર અને મહાશુક્ર, સતાર અને સહસ્રાર એ છ યુગલોમાં (૧૨ સ્વર્ગોમાં) તથા (आनतप्राणतयोः) આનત અને પ્રાણુત એ સ્વર્ગોમાં તથા (आरण्याच्युतयोः) આરણ્ અને અચ્યુત નામના યુગલમાં તથા (नवसुग्रैवेयकेषु) નવ ગ્રૈવેયકોના નવ પટલોમાં તથા તેના ઉપરના નવ અનુદિશના એકપટલના વિમાનોમાં તથા તેના ઉપર (विजयवैजयन्तजयन्तापराजितेषु) વિજય, વૈજયંત, જયન્ત અને અપરાજીત નામના વિમાનોમાં (च) અને (सर्वार्थसिद्धौः) સર્વાર્થસિદ્ધિ એ સંપૂર્ણ વિમાનોમાં કલ્પોપપન્ન અને કલ્પાતિત સંજ્ઞાવાળા દેવો રહે છે. ૧૯.

**स्थितिप्रभावसुखद्युतिलेश्याविशुद्धीन्द्रियावधिविषयतोऽधिकाः ॥२०॥**

अर्थ—ઉક્ત વૈમાનિક દેવ (स्थितिप्रभावसुखद्युतिलेश्यावि-शुद्धीन्द्रियावधिविषयतः) સ્થિતિ અર્થાત્ આયુ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાની વિશુદ્ધતા, ઇન્દ્રિયવિષય અને અવધિજ્ઞાનનો વિષય, એ સર્વે વિષયો ઉપર ઉપરના વિમાનોમાં (अधिकाः) અધિક અધિક છે. ૨૦.

गतिशरीपरिग्रहाभिमानतो हीनाः ॥२१॥

अर्थ—પણ (गतिशरीरपारिग्रहाभिमानतः) ગમન, શરીરની પરિગ્રહ અને અભિમાન આ વિષયોમાં ઉપર ઉપરના દેવ (हिनाः) ઓછા છે. ૨૧.

पीतपद्मशुक्लश्या द्वित्रिशेषेषु ॥ २२ ॥

अर्थ—(द्वित्रिशेषेषु)—બે યુગલોમાં તથા ત્રણ યુગલોમાં અને શેષ (બાકીના) સમસ્તવિમાનોમાં અનુક્રમે (पीतपद्मशुक्ल-लेश्याः) પીત, પદ્મ અને શુકલ લેશ્યા હોય છે. भावार्थ—સૌધર્મ અને ઐશાન એ યુગલમાં **પીતલેશ્યા**, સનત્કુમાર અને માહેન્દ્ર એ બે યુગલોમાંના દેવોને પીત **પદ્મ** એ બે લેશ્યા હોય છે; બ્રહ્મ, બ્રહ્મોત્તર, લાન્તવ, કાપિષ્ટ એ યુગલોના દેવોને તો પદ્મ લેશ્યા અને શુક્ર, મહાશુક્ર, સતાર અને સહસ્રાર એ ચાર સ્વર્ગોમાં પદ્મ અને શુકલ એ બે લેશ્યા હોય છે. આનતાદિ બાકીના વિમાનોમાં **શુકલ** લેશ્યા છે, પરંતુ પાંચ અનુદિશ અને નવ અનુત્તર એ ચૌદ વિમાનોમાં **પરમ શુકલલેશ્યા** છે. ૨૨.

प्राग्ग्रैवेयकेभ्यः कल्पाः ॥२३॥

अर्थ—(ग्रैवेयकेभ्यः) ગ્રૈવેયકોથી (प्राक्) પહેલા પહેલાના ૧૬ સ્વર્ગો (कल्पाः) કલ્પ સંજ્ઞાવાલા છે. તેના આગલાના (ઉપરના) નવ ગ્રૈવેયકાદિક કલ્પાતિત વિમાન છે જેમાં રહેવાવાળા **અહમન્દ્ર** કહેવાય છે અર્થાત્ પ્રત્યેક દેવ ઈન્દ્રની સમાન સુખ ભોગવવાવાળા છે. ૨૩.

## ब्रह्मलोकालया लौकान्तिकाः॥२४॥

અર્થ—(ब्रह्मलोकालयाः) જેનું બ્રહ્મલોક આલય છે તે એટલે પાંચમાં સ્વર્ગની અંતમાં રહેવાવાળા દેવ (लौकान्तिकाः) લૌકાન્તિક દેવ છે. એ લૌકાન્તિક દેવ ભવાવતારી છે અર્થાત્ મનુષ્યોનો એક ભવ ધારણ કરીને તરતજ મોક્ષે જાય છે. એ કારણથી જેના લોક એટલે સંસારનો અંત થવાનો છે, તેને લૌકાન્તિક દેવ કહે છે. તે દેવો વિષયોથી વિરક્ત, બ્રહ્મચારી, દ્વાદશાંગના પાઠી અને અત્યન્ત ઉદાસીન હોય છે. તીર્થંકર ભગવાનના તપ કલ્યાણકની આદિમાંજ એ દેવ આવે છે. તપ સિવાય ભગવાનના ઉત્સવોમાં આવતા નથી. ૨૪.

## सारस्वतादित्यवह्नयरुणगर्दतोयतुषिताव्याबाधारिष्टाश्च ॥२५॥

અર્થ—સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરૂણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ અને અરિષ્ટ એ આઠ પ્રકારના લૌકાન્તિક દેવ હોય છે, તે બ્રહ્મસ્વર્ગની આઠે દિશાઓમાં રહે છે. ૨૫.

## विजयादिषु द्विचरमाः ॥२६॥

અર્થ—(विजयादिषु) વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજીત એ ચાર વિમાનોના દેવ (द्विचरमाः) દ્વિચરમી હોય છે અર્થાત્ મનુષ્યના બે જન્મ લઈને મોક્ષગામી થાય છે, અને સર્વાર્થસિદ્ધિના દેવ એક ભવાવતારથી (મનુષ્યનો એક જન્મ લઈને) મોક્ષગામી થાય છે. ૨૬.

**औपपादिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥२७॥**

અર્થ—(औपपादिकमनुष्येभ्यः) દેવ, નારકી અને મનુષ્યો સિવાય (शेषाः) બાકી રહેલા જીવ (तिर्यग्योनयः) તિર્યંચ જીવ છે. **વિશેષાર્થ**–સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. લોકનો કોઈ પણ પ્રદેશ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ રહિત નથી અને બાદર સ્થૂલ એકેન્દ્રિયજીવ પૃથિવીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાયને આધારે છે અને બાકીના વિકલત્રય (દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય) તિર્યંચ ત્રસનાળીમાં રહે છે. ૨૭.

**स्थितिरसुरनागसुपर्णद्वीपशेषाणां सागरोपमत्रि-
पल्योपमार्द्धहीनमिताः ॥२८॥**

અર્થ—અસુરકુમારનું આયુ એક સાગરનું છે, નાગકુમારનું આયુ ત્રણ પલ્યનું છે, સુપર્ણકુમારનું આયુ અઢી પલ્યનું છે અને દ્વીપકુમારનું આયુ બે પલ્યનું છે તથા બાકીના વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનીતકુમાર અને દિક્કુમાર એ છ પ્રકારના દેવોનું દોઢ દોઢ પલ્યનું આયુ છે. એ પ્રમાણે ભવનવાસી દેવોનું ઉત્કૃષ્ટ આયુ છે. ૨૮.

**सौधर्मैशानयोः सागरोपमेऽधिके ॥२९॥**

અર્થ—(सौधर्मैशानयोः) સૌધર્મ અને ઐશાન સ્વર્ગમાં રહેવાવાળા દેવોનું ઉત્કૃષ્ટ આયુ (सागरोपमेऽधिके) બે સાગરથી કંઈક વધારે છે. ૨૯.

**सानत्कुमारमाहेन्द्रयोः सप्त ॥३०॥**

अर्थ—(सानत्कुमारमाहेन्द्रयोः) સાનત્કુમાર અને માહેન્દ્ર સ્વર્ગમાં રહેવાવાળા દેવોનું ઉત્કૃષ્ટ આયુ સાત સાગરથી કંઇક વધારે છે. ૩૦.

**त्रिसप्तनवैकादशत्रयोदशपञ्चदशभिरधिकानि तु ॥३१॥**

अर्थ—ત્રણ, સાત, નવ, અગ્યાર, તેર, પંદર એ સંખ્યાઓને ક્રમથી સાત સાગરમાં મેળવવાથી આગળ આગળના છ યુગલોમાં જાણવું. भावार्थ—બ્રહ્મ, બ્રહ્મોત્તર એ બે વિમાનોમાં રહેવાવાળા દેવોનું ઉત્કૃષ્ટ આયુ દશ સાગરથી કંઇક અધિક છે. લાન્તવ અને કાપિષ્ટ એ બે સ્વર્ગોમાં રહેવાવાળાનું ઉત્કૃષ્ટ આયુ ચૌદ સાગરથી કંઇક અધિક છે. સતાર, સહસ્રાર એ બે સ્વર્ગમાં રહેવાવાળા દેવોનું અઢાર સાગરથી કંઈક અધિક છે. આનત, પ્રાણુત એ બે સ્વર્ગોમાં રહેવાવાળાનું વીસ સાગરથી કંઇક અધિક છે અને આરણ અચ્યુત સ્વર્ગમાં રહેવાવાળાનું બાવીસ સાગરથી કંઇક અધિક છે. સુત્રમાં (तु) શબ્દ હોવાથી સહસ્રાર પર્યંતના દેવોનું આયુ કંઈક કંઈક અધિક (વધારે) કહેલું છે. આગળ અધિક નથી—પુરેપુરા સાગરોનાં પ્રમાણુજ છે. ૩૧.

**आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु**
**विजयादिषु सर्वार्थसिद्धौ च ॥३२॥**

अर्थ—(आरणाच्युतात्) આરણુ અને અચ્યુત સ્વર્ગના

યુગલથી (ऊर्ध्वम्) ઉપર (नवसुग्रैवेयकेषु) નવ ગ્રૈવેયકોમાં, નવ અનુદિશાઓમાં (विजयादिषु) વિજયાદિક ચાર વિમાનોમાં (च) અને (सर्वार्थसिद्धौ) સ્વાર્થસિદ્ધિ વિમાનમાં (एकैकेन) એક એક સાગર વધતું આયુ છે. भावार्थ—પહેલા ગ્રૈવેયકમાં ૨૩ સાગરનું આયુ છે, બીજામાં ૨૪ સાગરનું, ત્રીજામાં ૨૫ સાગરનું, ચોથામાં ૨૬ સાગરનું, પાંચમામાં ૨૭ સાગરનું, છઠ્ઠા અને સાતમામાં ૨૯ સાગરનું, આઠમામાં ૩૦ સાગરનું, નવમામાં ૩૧ સાગરનું અને નવ અનુદિશ વિમાનોમાં ૩૨ સાગરનું આયુ છે તેમજ વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજીત અને સર્વાર્થસિદ્ધિ એ પાંચે વિમાનોમાં ૩૩ સાગરનું ઉત્કૃષ્ટ આયુ છે. ૩૨.

## अपरा पल्योपममधिकम् ॥ ३३ ॥

अर्थ--(अपरा) જઘન્ય આયુ અર્થાત્ ઓછામાં ઓછું આયુ સૌધર્મ અને ઐશાન એ બે સ્વર્ગોમાં (पल्योपमम् आधिकम्) એક પલ્યથી કંઈક વધારે છે. ૩૩.

## परतः परतः पूर्वापूर्वानन्तरा: ॥ ३४ ॥

अर्थ--(पूर्वा पूर्वा) પહેલા પહેલા યુગલોનું ઉત્કૃષ્ટ આયુ (परतः परतः) આગળ આગળ (ઉપર ઉપર)ના યુગલોમાં (अनन्तराः) જઘન્ય છે. ભાવાર્થ-સૌધર્મ અને ઐશાન સ્વર્ગમાં જે બે સાગરથી અધિક ઉત્કૃષ્ટ આયુ છે તેજ સાનત્કુમાર માહેન્દ્ર સ્વર્ગના દેવોનું જઘન્ય આયુ છે. સાનત્કુમાર માહેન્દ્રના દેવોનું જે સાત સાગરથી કંઈક વધારે

ઉત્કૃષ્ટ આયુ છે, તે બ્રહ્મબ્રહ્મોત્તર સ્વર્ગોના દેવોનું જઘન્ય આયુ છે. એવી રીતે યુગલો પ્રમાણે ઉપર ઉપરના યુગલ વિમાનોમાં તેની નીચેના યુગલોના દેવોનું જે ઉત્કૃષ્ટ આયુ છે તે તેની ઉપરના યુગલોના દેવોનું જઘન્ય આયુ છે, પરંતુ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં જઘન્ય આયુ હોતું નથી. ૩૪.

**नारकाणां च द्वितीयादिषु।। ३५।।**

अर्थ—(च) અને એવીજ રીતે (द्वितीयादिषु) બીજા, ત્રીજા, ચોથા નરકોમાં પણ (नारकाणां) નારકી જીવોનું જઘન્ય આયુ છે. भावार्थ—રત્નપ્રભા પૃથિવીમાં નારકી જીવોનું એક સાગરનું ઉત્કૃષ્ટ આયુ છે તે બીજી શર્કરાપ્રભા નરકમાં જઘન્ય છે અને બીજાનું ઉત્કૃષ્ટ આયુ છે તે ત્રીજામાં જઘન્ય છે. એ પ્રમાણે સાતે નરકમાં જાણવું. ૩૫.

**दशवर्षसहस्राणि प्रथमायाम् ।।३६।।**

अर्थ—(प्रथमायां) પ્રથમ નરકના નારકી જીવોનું જઘન્ય આયુ (दशवर्षसहस्राणि) દશ હજાર વર્ષનું છે. ૩૬.

**भवनेषु च ।।३७।।**

अर्थ—(भवनेषु) ભવનવાસીમાં (च) પણ જઘન્ય આયુ દશ હજાર વર્ષનું છે. ૩૭.

**व्यन्तराणां च।।३८।।**

अर्थ—(व्यन्राणां) વ્યન્તર દેવોનું (च) પણ જઘન્ય આયુ દશ હજાર વર્ષનું છે. ૩૮.

**परा पल्योममाधिकम् ॥ ३९ ॥**

अर्थ—વ્યન્તર દેવોનું (परा) ઉત્કૃષ્ટ આયુ (पल्योपमम् अधिकम्) એક પલ્યથી કંઈક વધારે છે. ૩૯.

**ज्योतिष्काणां च ॥४०॥**

अर्थ—(ज्योतिष्काणां) જ્યોતિષ્ક દેવોનું (च) પણ ઉત્કૃષ્ટ આયુ એક પલ્યથી કંઇક વધારે છે. ૪૦.

**तदष्टभागोऽपरा ॥४१॥**

अर्थ—જ્યોતિષ્ક દેવોનું (अपरा) જઘન્ય આયુ (तदष्टभागः) એક પલ્યના આઠમા ભાગની બરાબર છે. ૪૧.

**लौकान्तिकानामष्टौ सागरोपमाणि सर्वेषाम् ॥४२॥**

अर्थ—બ્રહ્મસ્વર્ગના અન્તમાં રહેવાવાળા (सर्वेषां) સમસ્ત (लौकान्तिकानां) લૌકાન્તિક દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુ (अष्टौ सागरोपमाणि) આઠ સાગરનું છે. ૪૨.

**इति श्रीमदुस्वामीविरचिते तत्त्वार्थधिगमे मोक्षशास्त्रे चतुर्थोऽध्यायः ॥४॥**

# अथ पंचमोऽध्यायः लिख्यते ।

अजीवकाया धर्म्माधर्म्माकाशपुद्गलाः ॥१॥

अर्थ—(धर्म्माधर्म्माकाशपुद्गलाः) ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર દ્રવ્ય (अजीवकायाः) અજીવ કાય અર્થાત્ અચેતન અને બહુપ્રદેશી પદાર્થ છે. ૧.

द्रव्याणि ॥२॥

अर्थ—ઉપલા ચારે પદાર્થો દ્રવ્ય છે અર્થાત્ છ દ્રવ્યોમાંથી એ ચાર દ્રવ્ય છે. ત્રણુ કાળમાંજ પોતાની ગુણુપર્યાયોને પ્રાપ્ત થાય, તેને દ્રવ્ય કહે છે.

जीवाश्च ॥३॥

अर्थ—(जीवाः) જીવ (च) પણુ દ્રવ્ય છે. એટલે જીવ પણુ પોતાની ગુણુપર્યાયો સહિત છે, એ કારણુથી એની પણુ દ્રવ્યસંજ્ઞા છે. ૩.

नित्यावस्थितान्यरूपाणि ॥४॥

अर्थ—(नित्यावस्थितानि) આ અધ્યાયના ૩૯મા સુત્રમાં કહેલા કાળ દ્રવ્ય સહિત છએ દ્રવ્ય નિત્ય છે; અર્થાત્ એ કોઈ વખતે નાશ થતાં નથી અને સંખ્યામાં પણુ ઘટતાં વધતાં નથી. સારાંશ કે દ્રવ્ય છ છે તે કદી પાંચ અથવા સાત થતા નથી. દ્રવ તથા એ સર્વે (अरूपाणि) રૂપ રહિત અરૂપી છે. ૪.

रूपिणः पुद्गलाः ॥५॥

अर्थ—પરંતુ (पुद्गलाः) પુદ્ગલ દ્રવ્ય (रूपिणः) રૂપી છે. યદ્યપિ રૂપી શબ્દના અનેક અર્થ છે પરન્તુ અત્રે પરમાગમ અનુસાર 'મૂર્ત્તીક' અર્થજ સમજવો જોઇએ. ૫.

आ आकाशादेकद्रव्याणि ॥६॥

अर्थ—(आ आकाशात्) આકાશ પર્યન્ત (एकद्रव्याणि) એકએક દ્રવ્ય છે. અર્થાત્ ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશ દ્રવ્ય એ ત્રણે દ્રવ્યો એકએક છે. જ્યારે એ ત્રણે એકએક છે તો જીવ, પુદ્ગલ અને કાળ એ ત્રણ દ્રવ્યોમાં વગર કહે અનેકતા સિદ્ધ થઈ જાય છે, તેથી આગમ (શાસ્ત્ર) અનુસાર જીવ દ્રવ્ય અનન્તાનન્ત છે; અને જીવોથી અનન્તગુણા પુદ્ગલપરમાણુ છે અને કાળદ્રવ્યનાં અણુ અસંખ્યાત છે. ૬.

निष्क्रियाणि च ॥७॥

अर्थ—(च) અને ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણે દ્રવ્યો (निष्क्रियाणि) હલન ચલન રૂપ ક્રિયાથી રાહત છે. બાહ્યાભ્યંતર કારણથી એક ક્ષેત્રને છોડીને અન્યત્ર ક્ષેત્રમાં જવાનો ક્રિયા કહે છે; તેથી એ ત્રણે દ્રવ્યો લોકાકાશમાં વ્યાપ્ત છે, અનાદિકાળથી એવી રીતેજ છે; એવી રીતેજ રહેશે અને ક્રિયા રહિત છે. ૭.

असंख्येयाः प्रदेशाः धर्माधर्मैकजीवानाम् ॥८॥

अर्थ—(धर्माधर्मैकजीवानाम्) ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય

અને એક જીવ દ્રવ્યના (असंख्येयाःप्रदेशाः) અસંખ્યાત અસંખ્યાત પ્રદેશ છે. જેટલા ક્ષેત્ર (જગ્યા)ને એક અવિભાગી (જેનો બીજો ભાગ ન થઈ શકે) પુદ્ગલ પરમાણુ રોકે તેટલી જગ્યાને એક પ્રદેશ કહે છે. ૮.

आकाशस्यानन्ताः ॥९॥

अर्थ--(आकाशस्य) આકાશદ્રવ્યના (अनन्ताः) અનન્ત પ્રદેશ છે, પરંતુ લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે. ૯.

संख्येयाऽसंख्येयाश्च पुद्गलानाम् ॥१०॥

अर्थ--(पुद्गलानाम्) પુદ્ગલોના (संख्येयाऽसंख्येयाः) સંખ્યાત, અસંખ્યાત (च) અને અનન્ત પ્રદેશ છે. જો કે શુદ્ધ પુદ્ગલ તો અવિભાગી એક પરમાણુ એકજ પ્રદેશવાળું છે પરન્તુ પુદ્ગલ પરમાણુઓમાં મળવા અને છુટા પડવાની શક્તિ છે, એ કારણથી અનેક સ્કંધ બબે પરમાણુઓથી અને અનેક ત્રણ ત્રણ ચાર ચાર પરમાણુઓના છે. એવીજ રીતે સંખ્યાત પરમાણુના તથા અસંખ્યાત અને અનન્ત પરમાણુઓના પણ સ્કંધ છે. અહીંઆ કોઇ પ્રશ્ન કરે કે લોકાકાશ તો અસંખ્યપ્રદેશી છે અને પુદ્ગલ અનન્તાનન્ત પરમાણુનું છે, તથા સ્કંધ અનન્ત પરમાણુઓનો છે તેથી તે લોકાકાશમાં કેવી રીતે સમાય ? તેનું સમાધાન એ છે કે પુદ્ગલોનું પરિણમન બે પ્રકારનું હોય છે; એક તો સૂક્ષ્મ પરિણમન, ને બીજું સ્થૂલ પરિણમન, તેથી જ્યારે તેનું સૂક્ષ્મ પરિણમન થાય છે, ત્યારે આકાશના એકજ પ્રદેશમાં અનન્ત પરમાણુ આવી શકે છે. એ સિવાય આકાશમાં અવકાશદાન શક્તિ પણ છે. એ કારણથી આ દોષ આવતો નથી. ૧૦.

नाणोः ॥ ११ ॥

અર્થ--(अणोः) અણુ અર્થાત્ પુદ્ગલ પ્રમાણુના(न) પ્રદેશ હોતા નથી; અર્થાત્ પરમાણુની એક પ્રદેશ માત્રતા કહી છે. કેમકે પરમાણુના ભેદનો અભાવ છે. ૧૧.

लोकाकाशेऽवगाहः ॥१२॥

અર્થ— એ સમસ્ત ધર્માદિક દ્રવ્યોની (लोकाकाशे) લોકાકાશમાં (अवगाहः) સ્થિતિ છે. લોકાકાશની બહાર અલોકાકાશમાં અન્ય કોઈ પણ દ્રવ્ય નથી. જ્યાં સુધી પાંચ દ્રવ્ય છે ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે. ૧૨.

धर्माधर्मयोः कृत्स्ने ॥१३॥

અર્થ—(धर्माधर्मयोः) ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્યનો અવગાહ (कृत्स्ने) સમસ્ત લોકાકાશમાં છે. જેવી રીતે તલ, સરસવ વગેરેમાં તેલ સંપૂર્ણ ભાગમાં વ્યાપ્ત છે, તેવી રીતે લોકાકાશના સમસ્ત પ્રદેશોમાં ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્યના પ્રદેશો વ્યાપ્ત છે. ૧૩.

एकप्रदेशादिषु भाज्यः पुद्गलानाम् ॥१४॥

અર્થ—(एकप्रदेशादिषु) લોકના એક પ્રદેશાદિક ભાગોમાં (पुद्गलानां) પુદ્ગલ દ્રવ્યોનો અર્થાત્ એક પરમાણુ, બે પરમાણુ, સંખ્યાત અસંખ્યાત, અને અનંત પરમાણુઓનો અવગાહ (भाज्यः) વિકલ્પ કરવો જોઇએ અર્થાત્ ઉક્ત પુદ્ગલ પરમાણુઓનો અવગાહ (સ્થાન) એક પ્રદેશ, બે પ્રદેશ આદિ પ્રદેશોમાં જાણવો. ૧૪.

असङ्ख्येयभागादिषु जीवानाम् ॥१५॥

अर्थ—(असंख्येयभागादिषु) લોકના અસંખ્યાત ભાગો વગેરેમાં (जीवानां) જીવોનો અવગાહ છે. ૧૫.

प्रदेशसंहारविसर्प्पाभ्यां प्रदीपवत् ॥१६॥

अर्थ—એક જીવના પ્રદેશ લોકાકાશની માફક છે. તોપણ તે ( प्रदीपवत् ) દીવાની રોશનીની માફક (प्रदेशसंहार-विसर्पाभ्याम् ) પ્રદેશોમાં સંકોચતા-વિસ્તારતા હોવાથી જેવો આધાર ( આશ્રય ) હોય તેવોજ સંકોચવિસ્તારરૂપ પ્રદેશવાળો થઇ જાય છે. भावार्थ—જેમ દીવો એક નાની ઓરડીમાં મુકવાથી તેના પ્રમાણરૂપ પ્રકાશ આપે છે અને મહાન વિશાળ મોટા મકાનમાં મુકવાથી તે મકાનના પ્રમાણરૂપ પ્રકાશ આપે છે તથા એક ઘડામાં મુકવાથી ઘડા જેટલોજ પ્રકાશ આપે છે તેમ જીવ પણ પ્રદેશોના વિસ્તારરૂપ થાય છે એટલે કીડીપર્યાયમાં હોય તે વખતે કીડીરૂપ તેના પ્રદેશ હોય છે, મનુષ્યપર્યાયમાં હોય ત્યારે તેના પ્રદેશ મનુષ્યરૂપમાં હોય છે અને હાથીની પર્યાય ધારણ કરે ત્યારે હાથીના પ્રમાણરૂપ થાય છે. ૧૬.

गतिस्थित्युपग्रहौ धर्म्माधर्म्मयोरुपकारः ॥१७॥

अर्थ—જીવ અને પુદ્ગલોને(गातिस्थित्युपग्रहौ) ગમનરૂપ અને સ્થિતિરૂપ કરવા એ (धर्माधर्मयोः) ધર્મ અને અધર્મ દ્રવ્યનો (उपकारः) ઉપકાર છે. भावार्थ—જીવ અને પુદ્ગલોને ચલન કરવામાં તો ધર્મદ્રવ્ય સહાયકારી છે અને સ્થિત કરવામાં અધર્મદ્રવ્ય સહાયકારી છે-પ્રેરક નથી. ૧૭.

**आकाशस्यावगाहः ॥१८॥**

अर्थ—સમસ્ત દ્રવ્યોને અર્થાત્ જીવાદિક પાંચે દ્રવ્યોને (अवगाहः) અવકાશ આપવો એટલે જગ્યા આપવી તે (आकाशस्य) આકાશ દ્રવ્યનો ઉપકાર છે. ૧૮.

**शरीरवाङ्मनःप्राणापानाः पुद्गलानाम् ॥१९॥**

अर्थ—(शरीरवाङ्मनः प्राणापानाः) શરીર, વચન, મન, શ્વાસોશ્વાસાદિક બનવું તે (पुद्गलानां) પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર છે. ૧૯.

**सुखदुःखजीवितमरणोपग्रहाश्च ॥२०॥**

अर्थ—(च) તથા (सुखदुःखजीवितमरणोपग्रहाः) સુખ, દુઃખ, જીવવું, મરવું, એ ઉપકાર પણ પુદ્‌ગલોનો છે, કારણકે સુખ, દુઃખ, જીવવું, મરવું પણ પુદ્‌ગલોના કારણથી થાય છે.૨૦.

**परस्परोपग्रहोजीवानाम् ॥२१॥**

अर्थ—(जीवानाम्) જીવોનો (परस्परोग्रहः) પરસ્પર ઉપકાર છે અર્થાત્ જીવ કારણ મળવાથી એક બીજાને સુખ, દુઃખ, જીવવું, મરવું, સેવા વગેરે ઉપકાર કરે છે. ૨૧.

**वर्त्तनापरिणामाक्रियाः परत्वापरत्वे च कालस्य ॥२२॥**

अर्थ—(च)અને (कालस्य) કાળનો ઉપકાર (वर्त्तनापरिणामक्रियाः) વર્ત્તના, પરિણામ, ક્રિયા તથા (परत्वापरत्वे) પરત્વ અને અપરત્વ એ પાંચ ઉપકાર છે. જે બીજાને વર્ત્તાવે તેને વર્ત્તના કહે છે. જો કે ધર્માદિક દ્રવ્ય પોતાની પર્યાયની પૂર્ણતા માટે પોતે વર્ત-

નરૂપ હોય છે, તોપણ તેના વર્તનમાં જે બાહ્યકરણ છે-જે તેને વર્તનરૂપ કરે છે, તેને **વર્ત્તના** કહે છે. દ્રવ્યની એવી પર્યાય કે જે એક ધર્મની નિવૃત્તિરૂપ અને બીજા ધર્મના જનનરૂપ (નાશરૂપ) હોય, તેને **પરિણામ** કહે છે. જેમકે આત્માના ક્રોધાદિક અને પુદ્‌ગલના વર્ણાદિક પરિણામ છે. જે હલનચલનાદિ રૂપ હોય, તેને **ક્રિયા** કહે છે. એક દેશથી બીજા દેશ સુધી જવું, તેને પણ **ક્રિયા** કહે છે. જેમકે ગાડીનું ચાલવું, બળદનું ચાલવું અને નાનું મોટું થવું એ વ્યવહારને **પરત્વાપરત્વ** કહે છે. જેમકે આ પુરૂષ ૧૫ વરસનો છે અને આ ૨૦ વરસનો છે એવો જે વ્યવહાર હોય છે, તેને પરત્વાપરત્વ કહે છે. એ સર્વ વર્ત્તનાદિક કાળના નિમિત્તથી થાય છે અને એનાથીજ કાળનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. ૨૨.

**स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः ॥२३॥**

अर्थ—(स्पर्शरसगन्धवर्णवन्तः) સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ-વાળા (पुद्गलाः) પુદ્‌ગલ દ્રવ્ય છે. કોમળ, કઠોર, હલકું, ભારી, શીત, ઉષ્ણ, સચ્ચિકણ અને રૂક્ષ (લુખ્ખું) એ **આઠ પ્રકારના સ્પર્શ** છે. ખાટો, મીઠો, કડવો, કષાયલો, અને તીખો એ **પાંચ રસ** છે. સુગન્ધ દુર્ગન્ધ એ બે **ગન્ધ** છે. કૃષ્ણ(કાળો) નીલ (ગળીના રંગ જેવો), લાલ, પીળો અને સફેદ એ **પાંચ વર્ણ** છે. ૨૩.

**शब्दबन्धसौक्ष्म्यस्थौल्यसंस्थानभेदतमश्छाया-तपोद्योतवन्तश्च ॥२४॥**

अर्थ— (च) તથા એ પુદ્‌ગલ શબ્દ, બન્ધ, સૂક્ષ્મતા,

સ્થૂલતા, સંસ્થાન, ભેદ, તમ, છાયા, આતપ અને ઉદ્યોત સહિત છે. ભાવાર્થ—શબ્દાદિક પણ પુદ્ગલોની એક પ્રકારની અવસ્થાઓ છે. શબ્દાદિકોને અન્યવાદી (બીજા મતના) પુરૂષો અન્યરૂપ (જુદી રીતે) માને છે, તેનું ખંડન આ સુત્રથી જાણવું. ૨૪.

अणवः स्कन्धाश्च ॥२५॥

अर्थ—(च) તથા પુદ્ગલદ્રવ્ય (अणवः) અણુ અને (स्कन्धाः) સ્કન્ધ એવી રીતે બે ભેદ રૂપ છે. બેથી સંખ્યાત, અસંખ્યાત અથવા અનન્ત પરમાણુઓના પિંડને સ્કન્ધ કહે છે. ૨૫.

भेदसङ्घातेभ्य उत्पद्यन्ते ॥२६॥

अर्थ—પુદ્ગલોના સ્કન્ધ (भेदसङ्घातेभ्यः) ભેદ અને સંઘાતથી અર્થાત્ બાહ્ય અથવા આભ્યન્તરિક નિમિત્તના ટૂટવા અથવા જોડાવાથી (उत्पद्यन्ते) ઉત્પન્ન થાય છે. 'भेदसंघातेभ्यः' અહિંયા બહુવચન કહેવાથી ભેદ અને સંઘાત એ બન્નેથી સ્કન્ધ થાય છે, બે આદિના સંઘાતથી (મલવાથી) પણ અનેક પ્રકારના સ્કન્ધ થાય છે અને મોટા સ્કન્ધોના ટૂટવાથી પણ બે પરમાણુ સુધીના અનેક સ્કન્ધ થાય છે તથા તેવીજ રીતે કેટલાએક સ્કંધોના ભેદ થવાથી અને તેજ સમયમાં કેટલાએક સ્કન્ધોના મળવાથી પણ સ્કન્ધ થાય છે. ૨૬.

भेदादणुः ॥२७॥

अर्थ—(अणुः) અણુ (भेदात्) ભેદથીજ થાય છે;

સંઘાતથી થતા નથી. ૨૭. અહિંયાં કોઈ પ્રશ્ન કરે કે સ્કન્ધ સંઘાતથીજ થાય છે તેના સમાધાનને માટે સુત્ર કહે છે.

भेदसंघाताभ्यां चाक्षुषः ॥२८॥

अर्थ—(चाक्षुषः) જે ઇન્દ્રિયગોચર સ્કન્ધ હોય છે તે (भेदसंघाताभ्यां) ભેદ અને સંઘાત એ બેથીજ થાય છે. भावार्थ—ઇન્દ્રિયગોચર સ્કન્ધ (સ્થૂલપરિણામનરૂપ સ્કન્ધ) ભેદ અને સંઘાત બેથીજ થાય છે. ૨૮.

सद्‌द्रव्यलक्षणम् ॥२९॥

अर्थ—(द्रव्यलक्षणम्) દ્રવ્યનું લક્ષણ (सत्) સત્ છે અર્થાત્ જે સત્‌રૂપ છે; તેજ દ્રવ્ય છે. ૨૯.

उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ॥३०॥

अर्थ—જે (उत्पादव्ययध्रौव्ययुक्तं) ઉત્પત્તિ, વિનાશ (નાશ,) ધ્રૌવ્ય (કાયમપણું) સહિત છે તેજ (सत्) છે. બાહ્યાભ્યન્તર નિમિત્તના કારણથી પોતાની જાતિને છોડીને ચેતન અથવા અચેતન દ્રવ્યનું એક અવસ્થાથી બીજી અવસ્થારૂપ થવું તેને ઉત્પત્તિ અથવા ઉત્પાદ કહે છે. જેમકે સોનાની કંઠી ભાંગી કડું બનાવવું, તેને ઉત્પાદ કહે છે અને કંઠીની અવસ્થાનો નાશ થવો તેને વિનાશ અથવા વ્યય કહે છે. અને પીળાપણું, ભારીપણું વગેરે પોતાની જાતિને લઇને બન્ને અવસ્થામાં કાયમ રહેવું, તેને ધ્રૌવ્ય કહે છે. એવી રીતે દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ ગુણ એક સાથે રહે છે. જેમાં એ ત્રણે ગુણ રહે તેજ સત્ અને તેજ દ્રવ્ય છે. ૩૦.

## तद्भावाव्ययं नित्यम् ॥३१॥

अर्थ—(तद्भावाव्ययं) જે તદ્ભાવરૂપથી અવ્યય છે તેજ (नित्यम्) નિત્ય છે. भावार्थ-જે પહેલા સમયમાં હતું, તેજ બીજા સમયમાં હોય, તેને તદ્ભાવ કહે છે. અને જે તદ્ભાવથી અવ્યય (અવિનાશી) હોય, તેને નિત્ય જાણવું. સારાંશ કે પદાર્થના ભાવ અથવા ગુણનો નાશ થવાને નિત્ય કહે છે. અગ્નિમાં ઉષ્ણુતાનો ગુણ કાયમ રહેવો તે નિત્યપણું છે. સર્વથા નિત્ય અર્થાત્ કુટસ્થ કોઈ વસ્તુ નથી. સત્તાની દ્રવ્યપણાની અપેક્ષા એ નિત્યત્વ છે અને પર્યાયની અપેક્ષા એ અનિત્યત્વ છે. ૩૧.

## अर्पितानर्पितसिद्धेः ॥३२॥

अर्थ—જેને મુખ્ય કરે તેને **અર્પિત** અને જેને ગૌણ કરે તેને **અનર્પિત** કહે છે; એ બન્ને નયોથી વસ્તુ અનેક ધર્માત્મક સિદ્ધ થાય છે. भावार्थ—વસ્તુમાં અનેક ધર્મ હોય છે. તેમાં વક્તા જે ધર્મને પ્રયોજનના કારણથી પ્રધાન (મુખ્ય) કરીને કહે તેને અર્પિત કહે છે અને પ્રયોજન વગર જે ધર્મને કહેવાની ઈચ્છા નહિ કરે, તેને અનર્પિત કહે છે. એથી એવું ન સમજી લેવું કે જે ધર્મ નહિ કહ્યો, તે વસ્તુમાં છેજ નહિ. નહિ, તે જરૂર છે, પરંતુ તે સમયે તેને કહેવાની મુખ્યતા નથી કેમકે વસ્તુ અનેક ધર્માત્મક છે. જેમ એકજ પુરૂષમાં પિતા, પુત્ર, ભ્રાતા, (ભાઈ,) મામા, ભાણેજ, શ્વસુર (સાસુ), જામાતા (જમાઈ) આદિ અનેક સંબંધ વિદ્યમાન છે; તે સર્વે અપેક્ષાથીજ

સિદ્ધ થાય છે. કોઇ કહે કે આ મામાજ છે તેમ નથી. ભાણેજની અપેક્ષા મામો છે; પરન્તુ ભાણેજના પિતાનો તે સાળો છે અને ભાણેજની માતાનો ભાઇ પણ છે; એવી રીતે વસ્તુમાં પણ અનેક ધર્મ ભિન્ન ભિન્ન અપેક્ષાથી સિદ્ધ થાય છે. ૩૨.

**स्निग्धरूक्षत्वाद्बन्धः ॥३३॥**

अर्थ—બે વગેરે પરમાણુઓના સ્કન્ધોના (बन्धः) બંધ (स्निग्धरूक्षत्वात्) સ્નિગ્ધત્વ (ચીકણાઇથી) અને રૂક્ષત્વ એટલે લુખ્ખાપણાથી થાય છે. ૩૩.

**न जघन्यगुणानाम् ॥३४॥**

अर्थ—(जघन्यगुणानां) જઘન્યગુણ સહિત પરમાણુઓમાં બન્ધ(न) થતો નથી. પરમાણુઓમાં સ્નિગ્ધતા અથવા રૂક્ષતાના અવિભાગ પરિચ્છેદને ગુણ કહે છે. જે પરમાણુઓમાં સ્નિગ્ધતાનો અથવા રૂક્ષતાનો એક અવિભાગ પરિચ્છેદ રહી જાય, તેને **જઘન્યગુણ** કહે છે. અહિંયા એક અવિભાગી પરિચ્છેદ (જેનો બીજો ભાગ ન થઇ શકે તે) ને જઘન્ય કહે છે. જેમાં એક ગુણ સ્નિગ્ધરૂક્ષતાનો હોય તે પરમાણુ દ્વિતીયાદિ સંખ્યાત અસંખ્યાત અનન્ત ગુણ સહિત સ્નિગ્ધપરમાણુ અથવા રૂક્ષપરમાણુઓની સાથે બન્ધને પ્રાપ્ત થતો નથી. ૩૪.

**गुणसाम्ये सदृशानाम् ॥३५॥**

अर्थ—(सदृशानां) સદૃશોના (गुणसाम्ये) ગુણની સમાનતા હોવાથી પણ બંધ થતો નથી. भावार्थ—પહેલાં કહી

ચુકયા છીએ કે સ્નિગ્ધ અને રૂક્ષોનો બંધ થાય છે અને હવે નિષેધ પ્રકરણમાં સદૃશોનું અર્થાત્ સ્નિગ્ધનું સ્નિગ્ધની સાથેનું પણ ગ્રહણ કર્યું છે; એથી જણાય થાય છે કે સદૃશોનો પણ બન્ધ થાય છે, એ માટેજ નિષેધ કર્યો છે. તથા બે ગુણ સ્નિગ્ધોનો બે ગુણ રૂક્ષની સાથે બન્ધ થતો નથી, અને બે ગુણ સ્નિગ્ધનો બે ગુણ સ્નિગ્ધની સાથે પણ બન્ધ થતો નથી; એવી રીતે આગળ પણ જાણવું. ૩૫.

**द्व्यधिकादिगुणानां तु ॥३६॥**

अर्थ—પરન્તુ (द्व्यधिकादिगुणानां तु) બે અધિક ગુણ-વાળાનોજ બન્ધ થાય છે અર્થાત્ બંધ ત્યારેજ થાય છે કે જ્યારે એકથી બીજામાં બે ગુણ અધિક હોય. જેમકે ચાર સ્નિગ્ધ ગુણવાળાની સાથે પાંચ, સાત વગેરે સ્નિગ્ધ અથવા રૂક્ષ ગુણવાળાનો બન્ધ નહિ થાય પરન્તુ ચારની સાથે છ સ્નિગ્ધ અથવા રૂક્ષ ગુણવાળાનો બંધ થાય છે. એવી રીતે સાત રૂક્ષ ગુણવાળાનો બન્ધ આઠ, દશ, અગી-આર વગેરે ગુણવાળાની સાથે ન થઇને નવ સ્નિગ્ધ અથવા રૂક્ષ ગુણવાળાની સાથેજ થશે. એવી રીતે સમસ્ત બંધોમાં બે બે ગુણ અધિકવાળાનો બંધ થાય છે. ૩૬.

**बन्धेऽधिकौ पारिणामिकौ च ॥३७॥**

अर्थ—(च) અને (बन्धे) બન્ધ અવસ્થામાં (आधिकौ) અધિક ગુણ સહિત પુદ્ગલ અલ્પગુણ સહિતને (पारिणामिकौ) પરિણમાવવાવાળા થાય છે અર્થાત્ અલ્પ ગુણના ધારક સ્કંધ અધિક ગુણના સ્કંધરૂપ થઈ જાય છે. ૩૭.

## गुणपर्य्ययवद्द्रव्यम् ॥३८॥

अर्थ—( गुणपर्ययवत् ) ગુણુપર્યાયવાળા (द्रव्यं) દ્રવ્ય હોય છે. દ્રવ્યની અનેક પરિણુતિ હોવા છતાં પણુ જે દ્રવ્યથી ભિન્ન (જુદા) ન થાય અર્થાત્ દ્રવ્યની સાથે નિત્ય રહે તે તો ગુણુ છે. અને ક્રમવર્તી થાય (વધતા ઓછી થાય), પલટવારૂપ થાય તેને પર્યાય કહે છે. દ્રવ્યના જેટલા ગુણુ છે તે દ્રવ્યથી કોઇ વખતે ભિન્ન (જુદા) થતા નથી. સમસ્ત ગુણોનો સમૂહ તેજ દ્રવ્ય છે. દ્રવ્યની અનેક પર્યાયો (અવસ્થાઓ) પલટતી રહે છે. પણુ તેના (દ્રવ્યના) ગુણુ કદાપિ પલટતા નથી, દ્રવ્યની સાથે નિત્ય રહે છે. એ કારણુથી ગુણોને અન્વયી કહે છે. ૩૮.

## कालश्च ॥३९॥

अर्थ—કાલ છે તે પણુ દ્રવ્ય છે. કાલદ્રવ્ય લોકાકાશના પ્રત્યેક પ્રદેશમાં એકએક અણુરૂપ ભિન્ન ભિન્ન રહે છે પુદ્ગલ પરમાણુની અવગાહનાની બરાબરજ તેની અવગાહના છે. તે કાલદ્રવ્ય અમૂર્ત્તિક છે. તેના અણુ લોકાકાશના પ્રદેશની બરાબર અસંખ્યાત છે અને રત્નોની રાશી (ઢગલા) ની માફક ભિન્ન ભિન્ન અને નિષ્ક્રિય છે. ઉત્પાદ વ્યય, ધ્રૌવ્ય તથા ગુણુપર્યાયસહિત હોવાથી તે પણુ (કાલ પણુ) દ્રવ્ય છે. એનેજ નિશ્ચય કાલદ્રવ્ય કહે છે. ૩૯.

## सोऽनन्तसमयः ॥४०॥

अर्थ—(सः) તે કાલદ્રવ્ય (अनन्तसमयः) અનન્ત સમય-

વાળું છે. જો કે વર્તમાનકાલ એક સમયમાત્ર છે, પરન્તુ ભૂત ભવિષ્યત્ વર્તમાનકાલની અપેક્ષા અનન્ત સમયવાળું છે. સમય કાલની પર્યાયનો સૌથી નાનો અંશ છે. એના સમૂહથી ઘડી વગેરે વ્યવહાર કાલ થાય છે. એ વ્યવહાર-કાલ નિશ્ચય કાલદ્રવ્યની પર્યાય છે.

**द्रव्याश्रया निर्गुणा गुणाः ॥४१॥**

अर्थ—(द्रव्याश्रयाः) જે નિત્ય દ્રવ્યને આશ્રયે હોય અર્થાત્ દ્રવ્યના આશ્રય વિના સ્વતંત્ર નહીં રહી શકતા હોય તે તથા (निर्गुणाः) પોતે અન્ય ગુણોથી રહિત હોય તે (गुणाः) ગુણ છે. જેમ જીવમાં અસ્તિત્વ જ્ઞાનાદિક ગુણ છે અને પુદ્ગલમાં અચેતન રૂપાદિક ગુણ છે તેમ. ૪૧.

**तद्भावः परिणामः ॥४२॥**

अर्थ—(तद्भावः) ધર્માદિક દ્રવ્યોનું જે રૂપથી ઉત્પન્ન થવું તે રૂપજ તદ્ભાવ છે. અને તેનેજ (परिणामः) પરિણામ અથવા પર્યાય કહે છે. ૪૨.

**इति श्रीमदुमास्वामिविरचिते तत्त्वार्थाऽधिगमे**

**मोक्षशास्त्रे पञ्चमोऽध्यायः ॥५॥**

# अथ षष्ठोऽध्यायः लिख्यते ।

હવે યોગ કોને કહે છે તે કહે છે-

**कायवाङ्मनःकर्म योगः ॥१॥**

अर्थ—(कायवाङ्मनःकर्म योगः) કાયા, વચન અને મનની ક્રિયાને યોગ કહે છે. અર્થાત્ આત્માના પ્રદેશોનું સકંપ (હલનચલનરૂપ) થવું તેને યોગ કહે છે. તે યોગ ત્રણ પ્રકારના છે. કાયયોગ, વચનયોગ, અને મનોયોગ. વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ થવાથી ઔદારિકાદિક સાત પ્રકારની કાયવર્ગણાઓમાંથી કોઇપણ વર્ગણાના કારણથી આત્માના પ્રદેશોનું સકંપ (ચલનરૂપ) થવું તેને **કાયયોગ** કહે છે. વીર્યાન્તરાય અને મત્યક્ષરાદિ આવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી વચનલબ્ધિની નિકટતાથી વચનરૂપ પરિણમનના સન્મુખ થયેલા આત્માના પ્રદેશોનું હલનચલનરૂપ થવું તેને **વાગ્યોગ** (વચનયોગ) કહે છે. અને અભ્યન્તરમાં વીર્યાન્તરાય તથા ઇન્દ્રિયાવરણના ક્ષયોપશમરૂપ મનોલબ્ધિના સમીપપણાથી અને બાહ્યમાં પૂર્વોક્ત નિમિત્તના અવલંબનથી મનપરિણામના સન્મુખ આત્માના પ્રદેશોનું સકંપ થવું તેને **મનોયોગ** કહે છે. **ભાવાર્થ**—કાયરૂપ આત્માના પ્રદેશોનું ચલનરૂપ થવું તેને **કાયયોગ** કહે છે. વચનના નિમિત્તથી આત્માના પ્રદેશોનું ચલનરૂપ થવું તેને **વચનયોગ** કહે છે. અને મનના નિમિત્તથી આત્માના પ્રદેશોનું ચલનરૂપ થવું તેને **મનોયોગ** કહે છે. ૧.

## स आस्रवः ॥२॥

अर्थ—(सः) તે ત્રણ યોગજ (आस्रवः) કર્મોના આગમનના દ્વારરૂપ આસ્રવ છે. જેવી રીતે સરોવરમાં પાણી આવવાને દ્વાર (નીકો) કારણ હોય છે તેવીજ રીતે આત્માને પણ મન, વચન, કાયરૂપ યોગોદ્વારા **શુભ** અથવા **અશુભકર્મ** આવે છે, તેને આવવામાં યોગ કારણરૂપ છે. અહીં કાર્યમાં કારણની સંભાવના કરીને ત્રણ યોગોનેજ આસ્રવ કહ્યો છે. ૨.

## शुभः पुण्यस्याशुभः पापस्य ॥३॥

अर्थ—(शुभः) શુભ પરિણામોથી ઉત્પન્ન થયેલો યોગ (पुणस्य) પુણ્ય પ્રકૃતિયોનો આસ્રવ કરે છે. (अशुभः) અશુભ પરિણામોથી ઉત્પન્ન થયેલો યોગ (पापस्य) પાપરૂપ પ્રકૃતિયોનો આસ્રવ કરે છે. જીવોનો ઘાત કરવો, અસત્ય (જુઠું) બોલવું, બીજાનું ધન હરણ કરવું, દ્વેષબુદ્ધિ રાખવી, એ વગેરે **અશુભયોગ** છે. એનાથી પાપરૂપ કર્મનો આસ્રવ થાય છે. જીવોની રક્ષા કરવી, ઉપકાર કરવો, સત્ય બોલી ન્યાયથી વર્તવું, પંચ પરમેષ્ટીની ભાવથી ભક્તિ કરવી વગેરે **શુભયોગ** છે; એનાથી પુણ્યરૂપ કર્મોનો આસ્રવ થાય છે. ૩.

## सकषायाकषाययोः साम्परायिकेर्यापथयोः ॥४॥

अर्थ—(सकषायाकषाययोः) કષાય સહિત અને કષાય

રહિત જીવોને અનુક્રમથી (साम्परायिकेर्यापथयोः) સામ્પરાયિક આસ્રવ અને ઈર્યાપથ આસ્રવ થાય છે અર્થાત્ કષાય સહિત જીવોને સામ્પરાયિક આસ્રવ થાય છે અને કષાય રહિત જીવોને ઈર્યાપથ આસ્રવ થાય છે. જે આત્માને 'કષિત' એટલે કષે અથવા ઘાતે, તે ક્રોધ, માન, માય, લોભ એ ચાર કષાય કહેવાય છે. સંસારના કારણરૂપ આસ્રવોને **સામ્પરાયિકઆસ્રવ** કહે છે; અને સ્થિતિ રહિત કર્મોના આસ્રવને **ઈર્યાપથઆસ્રવ** કહે છે. ૪.

**इन्द्रियकषायाव्रतक्रियाः पञ्चचतुःपञ्चपञ्चविंशतिसंख्याः पूर्वस्य भेदाः ॥५॥**

अर्थ—(इन्द्रियकषायाव्रतक्रियाःपञ्चचतुःपञ्चपञ्चविंशतिसंख्याः) પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત અને પચીસ ક્રિયા એ સર્વે (पूर्वस्य) પહેલા સામ્પરાયિકઆસ્રવના (भेदाः) ભેદ છે. **ભાવાર્થ**—સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ **પાંચ ઇંદ્રિઓ** છે. ક્રોધ, માન, માયા અને લોભ એ **ચાર કષાય** છે. હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ **પાંચ અવ્રત** છે. અને ૨૫ **ક્રિયા** નીચે મુજબ છે-

દેવગુરૂશાસ્ત્રની પૂજા-ભક્તિ કરવી તે **સમ્યક્ત્વ ક્રિયા** છે. અન્ય કુદેવ, કુગુરૂ અને કુશાસ્ત્રની સ્તુતિ વગેરે કરવું તેને **મિથ્યાત્વ ક્રિયા** કહે છે. ૨. કાયાદિકથી ગમનાગમનાદિરૂપ વર્તન કરવું તે **પ્રયોગક્રિયા** છે. ૩. સંયમીનું અવિરતિના સન્મુખ થવું તેને **સમાદાનક્રિયા** કહે છે. ૪. ઈર્યાપથ અથવા ગમન કરવાને માટે જે ક્રિયા

કરવી તેને **ઈર્યાપથક્રિયા** કહે છે. ૫. ક્રોધના આવેષથી જે ક્રિયા થાય તેને **પ્રાદોષિકીક્રિયા** કહે છે. ૬. દુષ્ટતાને માટે ઉદ્યમ કરવો, તેને **કાયિકીક્રિયા** કહે છે. ૭. હિંસાના ઉપકરણ શસ્ત્રાદિક ગ્રહણ કરવાં તેને **અધિકરણિકીક્રિયા** કહે છે. ૮. પોતાને અથવા બીજાને દુઃખોત્પત્તિનું કારણ થાય, તેને **પારિતાપિકીક્રિયા** કહે છે. ૯. આયુ–ઇન્દ્રિય–બલ–પ્રાણોનો વિયોગ કરવો તેને **પ્રાણાતિપાતિકી** ક્રિયા કહે છે. ૧૦. રાગની અધિકતાથી પ્રમાદી થઇને રમણીય રૂપનું અવલોકન કરવું તેને **દર્શનક્રિયા** કહે છે. ૧૧. પ્રમાદના કારણથી વસ્તુનો સ્પર્શ કરવો તેને **સ્પર્શનક્રિયા** કહે છે. ૧૨. વિષયોનાં નવાં નવાં કારણો મેળવવાં તેને **પ્રાત્યયિકીક્રિયા** કહે છે. ૧૩. સ્ત્રીપુરૂષો અથવા પુશુઓનાં બેસવાં સુવાનાં સ્થાનમાં મળ મૂત્રાદિક ક્ષેપણ કરવાં, તેને **સમંતાનુપાત** ક્રિયા કહે છે. ૧૪. જોયા તપાસ્યા વગર ભૂમિ ઉપર બેસવું સુવું વગેરેને **અનાભોગ** ક્રિયા કહે છે. ૧૫. બીજાને કરવા યોગ્ય ક્રિયાઓને પોતે કરવી તેને **સ્વહસ્ત**ક્રિયા કહે છે. ૧૬. પાપ ઉત્પન્ન થાય એવી પ્રવૃત્તિને સારી જાણવી અથવા તેમ કરવાને આજ્ઞા કરવી તેને **નિસર્ગ**ક્રિયા કહે છે. ૧૭. બીજાનાં કરેલાં પાપાચરણને પ્રકાશ કરવાં તેને **વિદારણ**ક્રિયા કહે છે. ૧૮. ચારિત્રમોહના ઉદયથી પરમાગમ (શાસ્ર)ની આજ્ઞાનુસાર વર્તન કરવામાં અસમર્થ થઇને તેનાથી અન્યથા રીતે વર્તવું તેને **આજ્ઞાવ્યાપાદિકી**ક્રિયા કહે છે. ૧૯. પ્રમાદ (આળસ)થી અથવા અજ્ઞાનતાથી પર-

માગમમાં કહેલી વિધિમાં અનાદર કરવો, તેને **અનાકાંક્ષા** ક્રિયા કહે છે. ૨૦. છેદવું, ભેદવું, છોલવું વગેરે ક્રિયાઓમાં તત્પર થવું તથા બીજાને આરંભ કરવામાં હર્ષ માનવો, તેને **પ્રારંભાક્રિયા** કહે છે. ૨૧. પરિગ્રહની રક્ષાને માટે પ્રવૃત્તિ કરવી, તેને **પારિગ્રાહિકીક્રિયા** કહે છે. ૨૨. જ્ઞાનદર્શનાદિકમાં કપટરૂપ ઉપાય કરવો, તેને **માયાક્રિયા** કહે છે. ૨૩. કોઈ મિથ્યાત્વનું કાર્ય કરવું અથવા કરવાવાળાને તે કાર્યમાં દૃઢ કરી દેવો, તેને **મિથ્યાદર્શનક્રિયા** કહે છે. ૨૪. સંયમને ઘાત કરવાવાળા કર્મના ઉદયથી સંયમરૂપ ન પ્રવર્તવું, તેને **અપ્રત્યાખ્યાનક્રિયા** કહે છે. ૨૫. આ પચ્ચીસ ક્રિયાઓ સામ્પરાયિક આસ્રવનાં કારણ છે. ૫.

**तीव्रमन्दज्ञाताज्ञातभावाधिकरणवीर्यविशेषेभ्यस्तद्विशेषः ॥६॥**

અર્થ— ( तीव्रमन्दज्ञाताज्ञातभावाधिकरणविशेषेभ्यः ) તીવ્રભાવ, મન્દભાવ, જ્ઞાતભાવ, અજ્ઞાતભાવ, અધિકરણ અને વીર્ય એની વિશેષતાથી (तद्विशेषः) ઉક્ત આસ્રવમાં વિશેષતા (ન્યુનાધિકપણું) થાય છે. બાહ્યાભ્યન્તર કારણોથી વધેલા ક્રોધાદિકથી જે તીવ્રતારૂપ પરિણામ થાય છે તેને **તીવ્રભાવ** કહે છે. કષાયોની મંદતાથી જે ભાવ થાય, તેને **મંદભાવ** કહે છે. જીવોના ઘાતમાં જ્ઞાનપૂર્વક પ્રવૃત્તિ થવી તેને **જ્ઞાતભાવ** કહે છે અને મદ્યપાનાદિકથી અથવા ઈન્દ્રિયોને મોહિત કરવાવાળા મદથી અસાવધાનતાથી ગમનાદિકમાં પ્રવૃત્તિ કરવી, તેને **અજ્ઞાતભાવ** કહે છે. જેને

આધારે પુરૂષોનું પ્રયોજન હોય, તેને **અધિકરણ** કહે છે. અને દ્રવ્યની શક્તિનું વિશેષપણું, તેને વીર્ય કહે છે. એ સંપૂર્ણોની ન્યુનાધિક્તાથી આસ્રવોમાં વિશેષતા થાય છે. ૬.

**अधिकरणं जीवाऽजीवाः ॥७॥**

અર્થ—(अधिकरणं) **આસ્રવોનો આધાર** (जीवाऽजीवाः) જીવ અને અજીવ એ બે છે. ૭.

**आद्यं संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतकषायविशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ॥८॥**

અર્થ—(आद्यं) આદિનું જીવાધિકરણ છે તે (संरम्भसमारम्भारम्भयोगकृतकारितानुमतकषायविशेषैः) સંરંભ, સમારંભ, આરંભ; મન, વચન, કાય, એ ત્રણ યોગ; કૃત કારિત, અનુમોદના; અને ક્રોધ, માન, માયા, લોભ એ કષાયોના વિશેષથી (एकशः) એકએકના (त्रिः त्रिः त्रिः चतुः) ત્રણ, ત્રણ, ત્રણ, અને ૪ ભેદ થવાથી ૧૦૮ પ્રકારનું છે. અર્થાત્ સંરંભ, સમારંભ, આરંભ એ ત્રણને મન, વચન અને કાયરૂપ ત્રણ યોગે ગુણવાથી (૩×૩) ૯ થયા અને કૃત કારિત અને અનુમોદના એ ત્રણોએ ગુણેથી (૯×૩) ૨૭ થયા અને ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયે ગુણવાથી (૨૭×૪) ૧૦૮ ભેદ થાય છે. હિંસાદિક કાર્યમાં ઉદ્યમરૂપ પરિણામ કરવું, તેને **સંરંભ** કહે છે. હિંસાદિક કાર્યના સાધનનો અભ્યાસ કરવો તથા તેની સામગ્રી મેળવવી તેને **સમારંભ** કહે છે. હિંસાદિક કાર્યમાં પ્રવૃત્ત

(તત્પર) થવું **તેને આરંભ** કહે છે. પોતે હિંસાદિ કાર્ય કરે તેને **કૃત** કહે છે. બીજા પાસે કરાવે **તેને કારિત** કહે છે અને બીજાએ કરેલા કાર્યની પ્રશંસા કરવી **તેને** **અનુમતિ** અથવા **અનુમોદના** કહે છે. જેમકે— ૧ ક્રોધકૃતકાયસંરંભ, ૨ માનકૃતકાયસંરંભ, ૩ માયાકૃત કાયસંરંભ, ૪ લોભકૃતકાયસંરંભ; ૫ ક્રોધકારિત કાયસં-રંભ, ૬ માનકારિત કાયસંરંભ, ૭ માયાકારિત કાયસંરંભ, ૮ લોભકારિતકાયસંરંભ, ૯ ક્રોધાનુમત કાયસંરંભ, ૧૦ માનાનુમત કાયસંરંભ, ૧૧ માયાનુમત કાયસંરંભ, ૧૨ **લોભાનુમત** કાયસંરંભ, એવી રીતે બાર ભેદ **કાયસંરંભ**ના થયા, તેવી રીતે બાર ભેદ **વચનસંરંભ**ના, અને બાર ભેદ **મનસંરંભ**ના એ કુલે મળી ૩૬ થયા; એવીજ રીતે ૩૬ ભેદ સમારંભના અને ૩૬ ભેદ આરંભના મળી એકંદર ૧૦૮ *ભેદ થયા, સુત્રમાં च શબ્દ છે તે અંતરંગ ભેદના સંગ્રહમાટે છે. દરેક કષાયના અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાના-વરણ અને સંજ્વલન એ ચાર ચાર ભેદ છે, તેને ગુણવાથી (૧૦૮×૪) ૪૩૨ થાય છે. એવી રીતે જીવના પરિણામોના ભેદથી આસ્રવોના પણ ભેદ થાય છે. ૮.

**निर्वतनानिक्षेपसंयोगानिसर्गा द्विचतुर्द्वित्रिभेदाः परम् ॥९॥**

अर्थ—(परं) પર અર્થાત્ અજીવાધિકરણ (निर्वर्त्तना-

---

* નમોકાર મંત્રની માળામાં ૧૦૮ દાણા હોય છે, તે આ ૧૦૮ આરંભજનિત પાપાસ્રવોને દૂર કરવાને માટે અથવા ૧૦૮ આરં-ભોને છોડીને જાપ કરવાને બેસવું જોઇએ એવા અભિપ્રાયથી છે.

निक्षेपसंयोगनिसर्गाः) નિર્વર્તનાધિકરણ, નિક્ષેપાધિકરણ, સંયોગાધિકરણ અને નિસર્ગાધિકરણ એ પ્રમાણે ચાર પ્રકારના છે; તે ( द्विचितुर्द्वित्रिभेदाः ) અનુક્રમે બે, ચાર, બે, અને ત્રણ ભેદરૂપ છે અર્થાત્ નિર્વર્તનાધિકરણ બે પ્રકારનાં, નિક્ષેપાધિકરણ ચાર પ્રકારનાં, સંયોગાધિકરણ બે પ્રકારના અને નિસર્ગાધિકરણ ત્રણ પ્રકારનાં એવી રીતે ભેદરૂપ છે. હવે દરેક ભેદનો સ્પષ્ટ અર્થ કહે છે. શરીરથી કુચેષ્ટા ઉત્પન્ન કરવી તેને **દેહદુઃપ્રયુક્તનિર્વર્તનાધિકરણ** કહે છે; અને હિંસા કરવાના ઉપકરણ શસ્ત્રાદિક (હથિયારાદિક)ની રચના કરવી તેને **ઉપકરણનિર્વર્તનાધિકરણ** કહે છે. નિર્વર્તનાધિકરણના મૂલગુણનિર્વર્તના અને ઉત્તરગુણનિર્વર્તના એવી રીતે પણ બે ભેદ છે. પાંચ પ્રકારનાં શરીર, મન વચન અને શ્વાસોચ્છ્વાસોનું ઉત્પન્ન કરવું તેને **મૂલગુણનિર્વર્તના** કહે છે. અને કાષ્ટ પુસ્ત અર્થાત્ માટી પથ્થરાદિકથી મૂર્તિ વગેરેની રચના કરવી અથવા ચિત્રપટાદિક નકશા વગરે બનાવવું તેને **ઉત્તરગુણનિર્વર્તના** કહે છે. **નિક્ષેપ**-એટલે ધારણ કરવું અથવા રાખવું તે. એવા ૧ સહસાનિક્ષેપાધિકરણ, ૨ અનાભોગનિક્ષેપાધિકરણ, ૩ દુઃપ્રમુષ્ટનિક્ષેપાધિકરણ અને ૪ અપ્રત્યવેક્ષિતનિક્ષેપાધિકરણ એ ચાર ભેદ છે. ૧. ભય વિગેરેથી અથવા અન્ય કાર્ય કરવાની ઉતાવળથી પુસ્તક, કમંડલ, શરીર તથા શરીરનાં મલમૂત્રાદિક ક્ષેપણ કરવાં (નાંખવાં) તેને **સહસાનિક્ષેપાધિકરણ** કહે છે. ૨ ઉતાવળ ન હોવા છતાં પણ અહિંયા જીવજન્તુ છે કે નહિ એવો વિચાર નહિ કરે અને જોયા વગર પુ-

स्तक कमंडल आदि मूके तथा तेने मुकवा योग्य स्थानमां नहि मुकी ज्यां त्यां जोया वगर मुके तेने **अनाभोगनिक्षेपाधिकरण** कहे छे. ३. दुष्टताथी तथा यत्नाचाररहित थइने उपकरणादिकने मुके अथवा राखे तेने **दुःप्रमृष्टनिक्षेपाधिकरण** कहे छे. ४. अने जोया वगर कोइ पण वस्तुने मुकवी तेने **अप्रत्यवेक्षितनिक्षेपाधिकरण** कहे छे. **संयोग** नाम जोडवानुं (मेळववानुं) छे, तेना उपकरणसंयोजना अने भकतपानसंयोजना ए बे भेद छे. शीतस्पर्शरूप पुस्तक, कमंडल, शरीरादिकने तापथी तपेली पींछीथी साफ करवां तेने **उपकरणसंयोजना** कहे छे. अने पान तथा भोजनने बीजा पान भोजनमां मेळववुं तेने **भकतपानसंयोजना** कहे छे. **निसर्गाधिकरण**–१ मनोनिसर्गाधिकरण, २ वाग्निसर्गाधिकरण, अने ३ कायनिसर्गाधिकरण ए त्रण प्रकारनां छे. दुष्ट प्रकारथी मनने प्रवर्तन कराववुं तेने **मनोनिसर्गाधिकरण** कहे छे, दुष्ट प्रकारथी वचनने प्रवर्त्तन कराववुं, तेने **वाग्निसर्गाधिकरण** कहे छे अने दुष्ट प्रकारथी शरीरने हलन चलन कराववुं, तेने **कायनिसर्गाधिकरण** कहे छे. ए प्रमाणे ११ प्रकारना अजीवाधिकरण छे. भावार्थ–जीव अने अजीव ए अधिकरणना आश्रयथी कर्मोनुं आगमन थाय छे तेथी ए बे अधिकरणोना भावोना आ सर्वे विशेष भेद कह्या छे. ९.

**हवे ज्ञानावरणादिक विशेष आस्रवनां कारण कहे छे–**

**तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः ॥१०॥**

अर्थ—( तत्प्रदोषनिह्नवमात्सर्यान्तरायासादेनापघाताः ) ज्ञान

અને દર્શનના વિષયમાં ૧ પ્રદોષ, ૨ નિહ્નવ, ૩ માત્સર્ય, ૪ અન્તરાય, ૫ આસાદન, ૬ ઉપઘાત, એ છ ( ज्ञानदर्शनावरणयोः ) જ્ઞાનાવરણ અને દર્શનાવરણકર્મના આસ્રવનું કારણ છે. ૧. કોઈ પુરૂષ મોક્ષના કારણભૂત તત્વજ્ઞાનનું વિવેચન કરે તેને સાંભળીને ઇર્ષાભાવથી તેની પ્રસંશા નહિ કરે અને મુંગાની માફક બેસી રહે, તેવા ભાવને **પ્રદોષ** કહે છે. ૨. જે સ્વંય ( પોતે ) શાસ્ત્રજ્ઞાનના જાણકાર વિદ્વાન હોય અને કોઇ પુરૂષ કોઈ પદાર્થનું સ્વરૂપ જાણવાને માટે તેને પૂછે છે કે " અમુક પદાર્થનું સ્વરૂપ શું છે " ત્યારે તે વિષયને પોતે જાણવા છતાં 'હું જાણતો નથી ' એવી રીતે શાસ્ત્રજ્ઞાનના છુપાવવાથી જે ભાવ થાય, તેને **નિહ્નવભાવ** કહે છે. ૩. આ ભણીને વિદ્વાન (પંડિત) થઈ જશે તો મારી બરોબરી કરશે એવા અભિપ્રાયથી કોઇને શીખવવું નહિ એવા ભાવને **માત્સર્યભાવ** કહે છે. ૪. કોઇ જ્ઞાનને માટે વિદ્યાભ્યાસ કરતો હોય તેમાં તેને વિઘ્ન કરવું; પુસ્તક, અધ્યાપક, પાઠશાળા વગેરે સાધનોનો વિચ્છેદ ( નાશ ) કરવો અથવા જે કાર્યથી જ્ઞાનનો ( વિદ્યાનો ) પ્રચાર થતો હોય તેવા કાર્યનો વિરોધ કરવો ( બગાડી દેવું ) તેને **અન્તરાય** કહે છે. ૫. બીજાએ પ્રકાશીત કરેલા જ્ઞાનને વર્જન કરવું ( રોકી દેવું ) કે હમણાં આ વિષયને નહિ કહો ઇત્યાદિ ભાવોને **આસાદન** કહે છે. ૬. અને પ્રશંસનીય જ્ઞાનને દૂષણ લગાવવું તેને **ઉપઘાતભાવ** કહે છે. એ છ કારણોથી અજ્ઞાનના વિષયમાં જ્ઞાનાવરણકર્મોનો અને દર્શનના વિષયમાં હોય તો દર્શનાવરણ

કર્મોનો **આસ્રવ** થાય છે. જો કે આસ્રવ દરેક સમયે આયુકર્મ સિવાય સાતે કર્મનો થાય છે, તોપણ સ્થિતિ (કાળની મર્યાદા) બંધ અને અનુભાગ (ફળ આપવાની શક્તિ) બંધની અપેક્ષાએ વિશેષ કારણ કહેલું છે અર્થાત્ એવાં કર્મો કરવાથી જ્ઞાનાવરણાદિ કર્મોમાં સ્થિતિ અને અનુભાગબંધ વધારે થાય છે. ૧૦.

**વેદનીય કર્મ**ના બે પ્રકાર છે. ૧ અસાતાવેદનીય, ૨ સાતાવેદનીય, તેમાંથી **અસાતાવેદનીયકર્મ**નાં આસ્રવનાં કારણ કહે છે—

**दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनान्यात्मपरोभय-स्थान्यसद्वेद्यस्य ॥११॥**

अर्थ—(दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनानि) દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ અને પરિદેવન એ (आत्मपरोभयस्थानि) પોતે કરવાથી, બીજાને કરવાથી તથા બન્નેને એક સાથે ઉત્પન્ન કરવાથી (असद्वेद्यस्य) અસાતાવેદનીયકર્મનો આસ્રવ થાય છે. પીડારૂપ પરિણામને **દુઃખ** કહે છે. પોતાના ઉપકારરૂપ દ્રવ્યનો વિયોગ (નાશ) થવાથી પરિણામ મલીન કરવું, ચિન્તા કરવી, ખેદરૂપ થવું, તેને **શોક** કહે છે. નિંદ્ય કાર્ય કરવામાં પોતાની નિંદા થવાથી પશ્ચાતાપ કરવો, તેને **તાપ** કહે છે. પરિતાપથી અશ્રુપાતપૂર્વક વિલાપ કરવો અથવા રડવું, તેને **આક્રંદન** કહે છે. આયુ, ઇન્દ્રિય, બળ, પ્રાણાદિકનો વિયોગ કરવો, તેને **વધ** કહે છે. અને એવો વિલાપ કરે કે સાંભળવા-

વાળાના મનમાં દયા ઉત્પન્ન થાય , એવા વિલાપને **પરિદેવન** કહે છે. ઇત્યાદિ અનેક કારણોથી **અસાતા વેદનીય કર્મનો આસ્રવ** થાય છે. (તેમજ અત્યન્ત ક્રોધ, માન માયા અને લોભ કરવાથો, અત્યન્ત વિલાપ કરવાથી, અત્યન્ત કૂટવાથી વગેરે અનેક અશુભ કારણોથી પણ અસાતાવેદનીયકર્મનો આસ્રવ થાય છે.) ૧૧.

**भूतव्रत्यनुकम्पादानसरागसंयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ॥१२॥**

अर्थ—( भूतव्रत्यनुकम्पादानसरागसंयमादियोगः ) ભૂતવ્રત્યનુકમ્પા, દાન, સરાગસંયમાદિ યોગ, ( क्षान्तिः ) શુભ પરિણામોની ભાવનાથી ક્રોધાદિક ચાર કષાયોનો અભાવ તે ક્ષમા અને ( शौचम् ) લોભનો ત્યાગ ( इति ) એવા પ્રકારના ભાવોથી ( सद्वेद्यस्य ) સાતવેદનીયકર્મનો આસ્રવ થાય છે. ભૂતોના અર્થાત્ ચારે ગતિના જીવોના અને વ્રતીઓના અર્થાત્ અહિંસાદિ વ્રતોના ધારણ કરનાર વ્રતીનાં દુઃખ જોઇને તેને દૂર કરવારૂપ પરિણામોનું થવું, તેને **ભૂતવ્રત્યનુકમ્પા** કહે છે. બીજાના તથા પોતાના ઉપકારાર્થે ધન, ઔષધિ, આહારાદિક આપવું તેને **દાન** અને દુષ્ટ કર્મોને નાશ કરવામાં રાગ કરવારૂપ [1]સંયમને અથવા રાગ સહિત સંયમને **સરાગસંયમ** કહે છે. આદિ શબ્દ લેવાથી [2]સં-

---

૧ પાંચે ઇન્દ્રિઓ અને મનને વશ કરવું, તેને **સંયમ** કહે છે.

૨ એક દેશ ત્યાગ કરવાને તથા વિષયોમાં વિનાપ્રયોજનજ ત્યાગ થવાથી **સંયમાસંયમ** કહેવાય છે.

યમાસંયમ, અકામ[3]નિર્જરા, બાલત પાદિકે સમજવાં. એ સર્વના અનિન્ધ આચરણનું નામ યોગ છે. ૧૨.

**મોહનીયકર્મ**ના બે ભેદ છે. ૧ દર્શનમોહનીય અને ૨ ચારિત્રમોહનીય; એમાંથી અનન્ત સંસારના કારણસ્વરૂપ દર્શનમોહનીયના આસ્રવનાં કારણ કહે છે.–

**केवलिश्रुतसङ्घधर्म्मदेवावर्णवादो दर्शनमोहस्य ॥१३॥**

अर्थ— (केवलिश्रुतसंघधर्मदेवावर्णवादः) કેવલજ્ઞાની, શાસ્ત્ર, મુનિયોનો સંઘ, અહિંસામય ધર્મ અને દેવોનો અવર્ણવાદ કરવો અર્થાત્ તેઓને દૂષણ લગાવવું તે (दर्शनमोहस्य) દર્શનમોહનીયકર્મના આસ્રવનું કારણ છે. કેવલજ્ઞાનીને ક્ષુધા, તૃષા, આહાર, નિહારાદિ દોષ કહેવો, કંબલાદિ વસ્ત્ર પાત્રાદિ છે, એવું કહેવું તે **કેવળીનો અવર્ણવાદ** છે. શાસ્ત્રમાં મદ્ય (દારૂ), માંસ, મધુ (મધ) આદિને સેવન કરવાનો ઉપદેશ છે, વેદનાથી પિડિતને માટે મૈથુનસેવન, રાત્રિભોજન વગેરે કહ્યું છે ઈત્યાદિ દોષ લગાવવો, તે **શાસ્ત્રનો અવર્ણવાદ** છે. શરીરથી નિર્મમત્વ, નિર્ગ્રંથ, વીતરાગી મુનિશ્વરોના સંઘને અપવિત્ર નિર્લજ્જ કહેવો, તે **સંઘનો અવર્ણવાદ** છે. અહિંસામય જૈનધર્મના સેવન કરનારા સર્વે અસુર હોય છે અને થશે; એવું કહેવું તે **ધર્મનો અવર્ણવાદ** છે અને દેવોને માંસભક્ષી દારૂડીઆ, ભોજન કરવાવાળા, સ્ત્રીથી કામસેવન કરવાવાળા

---

૩ પોતાના અભિપ્રાયથી ત્યાગ નહિ કરીને પરાધીનતાથી ભોગોપભોગનો નિરોધ (નાશ) થવો તેને **અકામનિર્જરા** કહે છે.

૪ તત્વોના યથાર્થ સ્વરૂપથી અનભિજ્ઞ મિથ્યાદષ્ટીને **બાલ** કહે છે અને તેના તપને **બાલતપ** કહે છે.

વગેરે કહેવું; તે **દેવનો અવર્ણવાદ** છે. એ સર્વેથી મોહનીયકર્મનો આસ્રવ થાય છે. ૧૩.

**कषायोदयात्तीव्रपरिणामश्चारित्रमोहस्य ॥१४॥**

अर्थ—(कषायोदयात्) દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવનાં કારણ-કષાયોના ઉદયથી (तीव्रपरिणामः) તીવ્ર પરિણામ થવું, તે (चारित्रमोहस्य) ચારિત્રમોહનીયકર્મના આસ્રવનું કારણ છે. આત્મજ્ઞાની તપસ્વીઓની નિન્દા કરવી, ધર્મનો નાશ કરવો, ધર્મના સાધનમાં અન્તરાય કરવી, બ્રહ્મચારીઓને બ્રહ્મચર્યથી ચલાયમાન કરવા, દેશવ્રતી અને મહાવ્રતીઓને વ્રતોમાંથી ચલાયમાન કરવા; મદ્ય, માંસ, મધુના ત્યાગીને ભ્રમ પેદા કરવો; ઉત્તમ ચારિત્રમાં તથા પ્રતિષ્ઠા અને યશઃકીર્તિમાં દુષણ લગાવવું એ વગેરે તીવ્ર પરિણામોનાં કાર્ય છે; અને એજ કાર્યથી **ચારિત્રમોહનીયકર્મનો આસ્રવ** થાય છે. ૧૪.

હવે **આયુકર્મ**ના ચાર ભેદ છે–નરકઆયુ, તિર્યંગ્ચઆયુ, મનુષ્ય આયુ અને દેવઆયુ, તેમાંથી પહેલા **નરકઆયુ**ના આસ્રવનું કારણ કહે છે—

**बह्वारम्भपरिग्रहत्वं नारकस्यायुषः ॥१५॥**

अर्थ— (बह्वारम्भपरिग्रहत्वं) બહુ આરંભ કરવો અને બહુ પરિગ્રહ રાખવો તે (नारकस्य) નારકીજીવોના (आयुषः) આયુના આસ્રવનું કારણ છે. ૧૫.

**माया तैर्यग्योनस्य ॥१६॥**

अर्थ—(माया) ચારિત્રમોહના ઉદયથી ઉત્પન્ન થયેલો કુટીલ સ્વભાવ (तैर्यग्योनस्य) **તિર્યંગ્ચયોનિના** આયુના

આસ્રવનું કારણ થાય છે. મનમાં કંઇ, વચનમાં કંઇ અને કરે કાંઇ તેને માયાચારી કહે છે. ૧૬.

**अल्पारम्भपरिग्रहत्वं मानुषस्य ॥१७॥**

अर्थ—( अल्पारम्भपरिग्रहत्वं ) અલ્પ આરંભ કરે અને અલ્પ પરિગ્રહ (તૃષ્ણા) રાખે તે ( मानुषस्य ) **મનુષ્યઆયુ**-ના આસ્રવનું કારણ છે. ૧૭.

**स्वभावमार्दवं च ॥१८॥**

अर्थ—( स्वभावमार्दवं ) શીખવ્યા વગરની સ્વાભાવિક કોમળતા ( च ) પણ મનુષ્યઆયુના આસ્રવનું કારણ છે. ૧૮.

**निःशीलव्रतत्वं च सर्वेषाम् ॥१९॥**

अर्थ—( च ) અને ( निःशीलव्रतत्वं ) દિગ્વ્રત, દેશવ્રત વગેરે સાત શીલ તથા અહિંસાદિ પાંચ વ્રતોને ધારણ નહિં કરવાં તે ( सर्वेषां ) **ચારેગતિ**ઓના આસ્રવનું કારણ છે. ૧૯.

**सरागसंयमसंयमासंयमाऽकामनिर्ज्जराबालतपांसि दैवस्य ॥२०॥**

अर्थ—( सरागसंयमसंयमासंयमाऽकामनिर्जराबालतपांसि ) સ-રાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા અને બાલતપ એ (दैवस्य) દેવાયુબંધના આસ્રવનું કારણ છે. કર્મોનો નાશ કરવામાં તથા વ્રતાદિક શુભાચરણમાં રાગસહિત જે ભાવ થવો, તેને **સરાગસંયમ** કહેછે. ત્રસહિંસાના ત્યાગરૂપ સંયમ અને સ્થાવરહિંસાના અત્યાગરૂપ અસંયમ એ પ્રકારે સંયમ અસંયમ એ બન્ને પ્રકારના પરિણામને **સંયમાસંયમ** કહે છે. પરાધી-નતાથી ક્ષુધા તૃષાદિક પીડા ભોગવવી; મારન, તાડન આદિ ત્રાસ સહન કરવો, અને પરિતાપાદિક દુઃખ ભોગવવામાં મંદકષાય-

રૂપ ભાવ થવો, તેને **અકામનિર્જરા** કહે છે. અને આત્મજ્ઞાન રહિત તપ કરવું તે **બાલતપ** ( અજ્ઞાનતપ ) છે. તેનાથી તથા હિતકારી કલ્યાણ કરવાવાળા મિત્રોનો સંબંધ કરવાથી, ધર્માયતનું સેવન કરવાથી, સત્ય ધર્મનું શ્રવણ કરવાથી, પ્રશંસા કરવાથી અને પ્રભાવનાદિકથી **દેવાયુના** આસ્રવનું કારણ થાય છે.

**सम्यक्त्वं च ॥ २१ ॥**

अर्थ--[च] અને ( सम्यक्त्वं ) સમ્યગ્દર્શન પણ દેવાયુનું કારણ છે પરન્તુ પૃથક્ વિધાનથી કલ્પવાસીદેવોના આયુનાજ આસ્રવનું કારણ છે એમ જાણવું. ૨૧.

**योगवक्रता विसंवादनं चाशुभस्य नाम्नः ॥ २२ ॥**

अर्थ—( योगवक्रता ) મનવચનકાયાના યોગોની વક્રતા ( કુટીલતા ) ( च )અને ( विसंवादनं ) અન્યથા પ્રવર્તન કરવું તે, ( अशुभस्य नाम्नः ) **અશુભનામકર્મના** આસ્રવનું કારણ છે. ૨૨.

**तद्विपरीतं शुभस्य ॥ २३ ॥**

अर्थ—( तद्विपरीतं ) યોગ, વક્રતા અને વિસંવાદથી વિપરીત મનવચનકાયાની સરળતા અને વિસંવાદનો અભાવ તે ( शुभस्य) શુભ નામકર્મના આસ્રવનું કારણ છે. ૨૩.

**दर्शनविशुद्धिर्विनयसम्पन्नताशीलव्रतष्वनतीचारोऽभीक्ष्णज्ञानोपयोगसंवेगौ शक्तितस्त्यागतपसी साधुसमाधिर्वैयावृत्त्यकरणमर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिरावश्यकापरिहाणिर्मार्ग-**

**प्रभावना प्रवचनवत्सलत्वमिति तीर्थकरत्वस्य॥२४॥**

अर्थ—(दर्शनविशुद्धिः) પચ્ચીસ *દોષ રહિત નિર્મળ સમ્યક્ત્વ. ૧. (विनयसंपन्नता) દર્શન, જ્ઞાન, ચારિત્રમાં; તથા દર્શનજ્ઞાનચારિત્રનાધારકોમાં, તથા દેવ, શાસ્ત્ર, ગુરૂ અને ધર્મમાં પ્રત્યક્ષ પરોક્ષ વિનય કરવો, તથા કષાયોનો અભાવ કરીને આત્માને માર્દવરૂપ કરવો તે. ૨. (शीलव्रतेष्वनतीचारः) અહિંસાદિક વ્રતોમાં તથા તેનું પ્રતિપાલન કરવાવાળા ક્રોધવર્જનાદિ શીલોમાં અતિચાર રહિત પ્રવૃત્તિ કરવી તે. ૩. (अभीक्ष्णज्ञानोपयोगसंवेगौ) નિરન્તર તત્વાભ્યાસ કરતા રહેવું તે. ૪. સંસારના દુઃખોથી ભયભીત થઇને વિરકત થવું તે. ૫. (शक्तितः त्यागतपसी) શક્તિને નહિં છુપાવીને યથાશક્તિ (પોતાની શક્તિ મુજબ) દાન કરવું તે. ૬. કાયકલેશાદિક તપ કરવું તે. ૭. (साधुसमाधिः) મુનિયોના વિઘ્ન અને કષ્ટને દૂર કરીને તેમના સંયમની રક્ષા કરવી તે. ૮. (वैयावृत्यकरणम्) રોગી તથા સાધુમુનિગણોની સેવાપૂજા કરવી તે. ૯. (अर्हदाचार्यबहुश्रुतप्रवचनभक्तिः) અર્હન્ત વીતરાગ દેવની ભકિત અથવા તેમના ગુણોમાં અનુરાગસ્વરૂપ **અર્હદ્ભક્તિ** તે. ૧૦. સંઘમાં દીક્ષા શિક્ષાના આપવાવાળા સંઘાધિપતિ આચાર્યોના ગુણોમાં અનુરાગરૂપ **આચાર્યભક્તિ**. ૧૧. ઉપાધ્યાય મહારાજના ગુણોમાં અનુરાગરૂપ **બહુશ્રુતભકિત**

* શંકા કાંક્ષાદિ આઠ દોષ, આઠ મદ, છ અનાયતન અને ત્રણ મૂઢતા એ ૨૫ દોષ છે.

૧૨. અને શાસ્ત્રોના ગુણોમાં અનુરાગરૂપ પ્રવચનભક્તિ. ૧૩. ( आवश्यकापरिहाणिः ) સામાયિક, સ્તવન, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ એ છ આવશ્યક ક્રિયાઓમાં હાનિ નહિં કરવી તે. ૧૪. ( मार्गप्रभावना ) સ્યાદ્વવાદ વિદ્યાધ્યયનપૂર્વક પરમતના અજ્ઞાન અંધકારને દૂર કરીને જૈનધર્મનો પ્રભાવ વધારવો અથવા વૃદ્ધિરૂપ કરવો તે. ૧૫. ( प्रवचनवत्सलत्वम् ) સાધર્મી જીવોની સાથે ગાય વાછરડાની માફક પ્રીતિ કરવી તે. ૧૬. એવી રીતે **સોળ ભાવનાઓ** ( तीर्थंकरत्वस्य ) તીર્થંકરપ્રકૃતિના આસ્રવનું કારણ છે. **ભાવાર્થ**—દર્શનવિશુદ્ધિ વગેરે સોળ ભાવના જેને થાય તે નિયમથી તીર્થંકર થાય છે–સંસારસમુદ્રને તરી જાય છે; તેને કુગતિ થતી નથી. વળી પૂર્વભવમાં મિથ્યાત્વના પરિણામથી નરકાયુનો બંધ કર્યો હોય, તોપણ કોઇ જ્ઞાનીના કારણથી સમ્યક્ત્વ ગ્રહણ કરી સોળ ભાવના ભાવે, તો તે નરકમાંથી નીકળીને તીર્થંકર થઇ નિર્વાણગતિને પામે છે. ૨૪.

**ગોત્રકર્મ**ના ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર એ બે ભેદ છે, તેમાંથી **નીચ ગોત્રકર્મ**ના આસ્રવનું કારણ કહે છે—

**परात्मनिन्दाप्रशंसे सदसद्गुणोच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ॥२५॥**

अर्थ— ( परात्मनिन्दाप्रशंसे ) બીજાના ગુણોની નિંદા અને પોતાના ગુણોની પ્રશંસા કરવી ( च ) અને ( सदसद्गुणोच्छादनोद्भावने ) બીજાના વિદ્યમાન ગુણોને આચ્છાદન કરવા ( ઢાંકવા ) અને પોતાના અવિદ્યમાન ગુણોને પ્રકાશ-

માન કરવા, તે ( नीचैर्गोत्रस्य ) નીચ ગોત્રકર્મના આસ્રવનું કારણ છે. ૨૫.

**तद्विपर्य्ययो नीचैर्वृत्त्यनुत्सेकौ चोत्तरस्य ॥ २६ ॥**

अर्थ—( तद्विपर्ययो ) નીચ ગોત્રના આસ્રવોથી વિપરીત કારણ **અર્થાત્** પોતાના ગુણની નિંદા અને બીજાના ગુણોની પ્રશંસા તથા પોતાના ગુણોને ઢાંકવા અને બીજાના ગુણોને પ્રકાશમાન કરવા ( च ) અને (नीचैर्वृत्त्यनुत्सेकौ) [1]**નીચપ્રવૃત્તિ** અને [2]**ઉત્સુકતાના** અભાવથી ( उत्तरस्य) ઉત્તરના **અર્થાત્** ઉચ્ચગોત્રકર્મના આસ્રવનું કારણ છે. ૨૬.

**विघ्नकरणमन्तरायस्य ॥ २७ ॥**

अर्थ—( विघ्नकरणम् ) બીજાના દાન, ભોગાદિકમાં વિઘ્ન કરવું ( अन्तरायस्य ) તે અન્તરાયકર્મના આસ્રવનું કારણ છે. भावार्थ—દાન આપવામાં વિઘ્ન કરવાથી **દાનાન્તરાય**-કર્મનો આસ્રવ થાય છે. બીજાના લાભમાં વિઘ્ન નાંખવાથી **લાભાંતરાય** કર્મનો આસ્રવ થાય છે. બીજાનું બળ વીર્ય બગાડવાથી **વીર્યાંતરાય** કર્મનો આસ્રવ થાય છે. બીજાના ભોગના કારણોને બગાડવાથી **ભોગાન્તરાય** કર્મનો આસ્રવ થાય છે અને ઉપભોગના કારણોને બગાડવાથી **ઉપભોગાન્તરાય** કર્મનો આસ્રવ થાય છે.

આવી રીતે આઠો કર્મોના આસ્રવ થવાનાં મુખ્ય મુખ્ય કારણો કહ્યાં. વિશેષ કારણો તો અસંખ્યાત છે. ૨૭.

**इति तत्त्वार्थाधिगमे मोक्षशास्त्रे षष्ठोऽध्यायः ॥ ६ ॥**

---

૧ ગુણોમાં જે મોટા હોય તેની સાથે વિનયરૂપ રહેવાથી **નીચૈર્વૃત્તિ** કહેવાય છે. ૨ ગુણોમાં પોતે મોટા હોય તો મદ ( અહંકાર ) નહિ કરવો, તેને **અનુત્સેક** કહે છે.

# अथ [1]सप्तमोऽध्यायः लिख्यते ।

હવે પાંચ વ્રત કહેવાને સુત્ર કહે છે—

**हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥१॥**

अर्थ—( हिंसाऽनृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यः ) હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહ એનાથી ( विरतिः ) બુદ્ધિપૂર્વક વિરકત થવું તેને ( व्रतम् ) વ્રત કહે છે. ભાવાર્થ—અહિંસા, સત્ય, અચોરી, બ્રહ્મચર્ય અને પરિગ્રહપરિમાણ એ પાંચ વ્રત છે. ૧.

**देशसर्वतोऽणुमहती ॥ २ ॥**

अर्थ—ઉકત પાંચ વ્રત ( देशसर्वतः ) એકદેશ ત્યાગથી અને સર્વ પ્રકારે ત્યાગથી ( अणुमहती ) અણુવ્રત અને મહાવ્રત થાય છે. भावार्थ--ઉકત પાંચ પાપ-હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહનો યથાશકિત એકદેશત્યાગ કરવાથી **પાંચ અણુવ્રત** અને મન, વચન, કાયા; તથા કૃત, કારિત, અનુમોદનાથી સંપૂર્ણ રીતે ત્યાગ કરવાથી **પાંચ મહાવ્રત** થાય છે. ૨.

---

૧ સામાન્ય આસ્રવનું કથન કરવા પછી વિશેષ શુભ આસ્રવનું કથન કરવાને માટે અધ્યાય પ્રારંભ કરીએ છીએ. જીવ શુભ, અશુભ તથા શુદ્ધ ઉપયોગવાળા એવી રીતે ત્રણ જાતિના હોય છે. જ્યાં સુધી શુદ્ધ અવસ્થા નહિ થાય ત્યાં સુધી શુભ અવસ્થા પણ ગ્રાહ્ય માની છે.

तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥ ३ ॥

અર્થ—( तत्स्थैर्यार्थं ) ઉક્ત પાંચ વ્રતોને સ્થિર રાખવાને માટે પ્રત્યેક વ્રતની ( पञ्च पञ्च ) પાંચ પાંચ ( भावनाः) ભાવનાઓ છે (વારંવાર ચિંતવન કરવાને ભાવના કહે છે). ૩.

वाङ्मनोगुप्तीर्यादाननिक्षेपणसमित्यालो-
कितपानभोजनानि पञ्च ॥ ४ ॥

અર્થ–( वाङ्मनोगुप्तीर्यादाननिक्षेपणसमित्यालोकितपानभोजनानि) વચનગુપ્તિ, મનોગુપ્તિ, ઇર્યાસમિતિ, આદાનનિક્ષેપણુસમિતિ અને આલોકિતપાન ભોજન એ ( पञ्च ) પાંચ અહિંસાવ્રતની ભાવનાઓ છે. વચનની પ્રવૃત્તિને સારી રીતે રોકવી તેને **વચનગુપ્તિ** કહે છે. મનની પ્રવૃત્તિને સારી રીતે રોકવી ( વશ કરવી ) તેને **મનોગુપ્તિ** કહે છે. ચાર હાથ સુધી જમીન દેખીને યત્નાચારપૂર્વક (કોઇ જીવ મરે નહિ તેવી રીતે) ચાલવું તેને **ઈર્યાસમિતિ** કહે છે. જમીનને જીવ રહિત જોઈને યત્નાચારપૂર્વક કોઈ વસ્તુ લેવી, મુકવી કે જેનાથી કોઇ જીવ મરે નહિ તેવી રીતે વર્તવું, તેને **આદાનનિક્ષેપણુસમિતિ** કહે છે. આહારપાનાદિકમાં અન્તરંગની જ્ઞાનદૃષ્ટિથી જોઈ તપાસીને ભોજનપાન કરવું, તેને **આલોકુતિપાનભોજન** કહે છે. ૪.

क्रोधलोभभीरुत्वहास्यप्रत्याख्याना-
न्यनुवीचिभाषणं च पञ्च ॥ ५ ॥

અર્થ—( क्रोधलोभभीरुत्वहास्यप्रत्याख्यानानि ) ક્રોધનો ત્યાગ,

લોભનો ત્યાગ, ભયનો ત્યાગ, હાસ્યનો ત્યાગ (च) અને (अनुवीचि भाषणं) પાપરહિત સૂત્રપ્રમાણે (શાસ્ત્રાનુસાર) બોલવું એ (पञ्च) પાંચ **સત્યવ્રતની** ભાવના છે. ૫.

**शून्यागारविमोचितावासपरोपरोधाकरणभैक्ष्यशुद्धिसधर्म्माऽविसंवादाः पञ्च ॥६॥**

अर्थ—( शून्यागारविमोचितावासपरोपरोधाकरणभैक्ष्यशुद्धिसधर्मीविसंवादाः ) સૂના ઘરમાં રહેવું, કોઇએ ત્યાગ કરેલા સ્થાનમાં રહેવું, બીજાને રોકવા નહિ, શાસ્ત્રવિહિત ભિક્ષાની વિધિમાં ન્યૂનાધિક નહિ કરવું અને સાધર્મી ભાઇ સાથે વિસંવાદ નહિ કરવો એ (पञ्च) પાંચ **અચૌર્યવ્રતની** ભાવના છે. ૬.

**स्त्रीरागकथाश्रवणतन्मनोहराङ्गनिरीक्षणपूर्वरतानुस्मरणवृष्येष्टरसस्वशरीरसंस्कारत्यागाः पञ्च ॥७॥**

अर्थ—( स्त्रीरागकथाश्रवणतन्मनोहराङ्गनिरीक्षणपूर्वरतानुस्मरणवृष्येष्टरसस्वशरीरसंस्कारत्यागाः) સ્ત્રીઓમાં રાગ ઉત્પન્ન થાય એવી કથાઓને સાંભળવાનો ત્યાગ, સ્ત્રીઓના મનોહર અંગોને રાગ સહિત જોવાનો ત્યાગ, પૂર્વકાળમાં કરેલા (ભોગવેલા) વિષયભોગોને સ્મરણ કરવાનો ત્યાગ, કામોદ્દીપન (કામને ઉત્પન્ન) કરવાવાળા પુષ્ટિકારક પદાર્થો તથા ઇન્દ્રિયોને લાલસા ઉત્પન્ન કરવાવાળા રસોનો ત્યાગ, અને શરીરને શ્રૃંગાર (ઘરેણાં) યુક્ત કરવાનો ત્યાગ, એ (पञ्च) પાંચ **બ્રહ્મચર્યવ્રતની** ભાવના છે. ૭.

**मनोज्ञामनोज्ञेन्द्रियविषयरागद्वेषवर्जनानि पञ्च ॥८॥**

અર્થ—(मनोज्ञामनोज्ञेन्द्रियविषयरागद्वेषवर्जनानि) પાંચ ઇન્દ્રિઓના સ્પર્શ, રસાદિક ઇષ્ટ અથવા અનિષ્ટરૂપ પાંચે વિષયોમાં રાગદ્વેષનો ત્યાગ કરવો, તે (पञ्च) પાંચ પરિગ્રહ-વ્રતની ભાવનાઓ છે. એ પાંચે વ્રતની પાંચ પાંચ ભાવનાઓને ભાવવાથી વ્રતોમાં દૃઢતા થાય છે. ૮.

હવે અહિંસાદિ પાંચ વ્રતથી ઉલટા હિંસાદિ પાંચ પાપોમાં કેવી ભાવના રાખવી જોઇએ, તે કહે છે—

**हिंसादिष्विहामुत्रापायावद्यदर्शनम् ॥ ९ ॥**

અર્થ—( हिंसादिषु ) હિંસાદિ પાંચ પાપોના થવાથી ( इह ) આ લોકમાં તથા (अमुत्र) પરલોકમાં ( अपायावद्यदर्शनम् ) રાજદંડ, પંચદંડ વગેરે આપત્તિઓ તથા છેદનભેદન વગેરે નિંદા કરવાલાયક કષ્ટો જોવા તથા સહન કરવા પડે છે; એ પ્રકારે ચિંતવન કરવું તે. ૯.

**दुःखमेववा ॥ १० ॥**

અર્થ—( वा ) અથવા હિંસાદિ પાંચ પાપ (दुःखमेव) દુઃખરૂપજ છે, એ પ્રમાણે ભાવના કરવી તે. (અહિયાં કારણમાં કાર્યનો ઉપચાર હિંસાદી પાપોને દુઃખ કહેલું છે.) ૧૦.

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि च सत्त्वगुणाधिकक्लिश्यमानाऽविनयेषु ॥ ११ ॥**

અર્થ—( मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थानि च ) મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર ભાવના પણ અનુક્રમે

( सत्वगुणाधिकाक्लिश्यमानाऽविनयेषु ) સર્વસાધારણ જીવોમાં; ગુણાધિકોમાં, દુઃખીઓપર, તથા અવિનયી અથવા મિથ્યાદૃષ્ટિઓ ઉપર કરવી જોઇએ. भावार्थ—સંપૂર્ણ જીવોપર મૈત્રી ( મિત્રતા ) ભાવ રાખવો તે **મૈત્રીભાવના** છે. જે પોતાથી ગુણોમાં અધિક હોય, તેને દેખતાંજ પ્રસન્નતા પ્રગટ કરી હર્ષિત થઇને તેના ગુણોમાં ભકિત કરવી તે **પ્રમોદભાવના** છે. જે જીવ રોગ વગેરેથી પીડિત ( દુઃખી ) હોય તેના ઉપર કરૂણાબુદ્ધિ રાખી તેના દુઃખને દૂર કરવાનો ઉપાય કરવો, તે **કારૂણ્યભાવના** છે અને જે જીવ તત્ત્વાર્થના ઉપદેશને ગ્રહણ કરવાયોગ્ય ન હોય તથા અવિનયી હોય એવા જીવોપર રાગદ્વેષ રહિત મધ્યસ્થ ભાવ રાખે તે **માધ્યસ્થભાવના** છે. ૧૧.

**जगत्कायस्वभावौ वा संवेगवैराग्यार्थम् ॥ १२ ॥**

अर्थ—( वा ) અથવા ( संवेगवैराग्यार्थं ) સંવેગ અને વૈરાગ્યને માટે ( जगत्कायस्वभावौ ) જગત્ અને કાયના સ્વભાવને પણ વારંવાર ચિંતવન કરવો જોઇએ. એ હિંસાદિક પાંચ ભાવનાઓનું વારંવાર ચિન્તવન કરવાથી શુદ્ધ નિર્મલ ભાવ થાય છે અને તેનાથી શુભકર્મનો આસ્રવ થાય છે. ૧૨.

હવે એ **પાંચ પાપોનું** અનુક્રમે લક્ષણ કહે છે—

**प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा ॥ १३ ॥**

अर्थ—(प्रमत्तयोगात्) [1]પ્રમાદના યોગથી (प्राणव्यपरोपणं)

---

૧ સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા અને દેશકથા એ ચાર વિકથા; ક્રોધ, માન, માયા અને લોભ એ **ચાર** કષાય; સ્પર્શન, રસન, ઘ્રાણ,

ભાવપ્રાણુ અથવા દ્રવ્યપ્રાણોનો વિયોગ કરવો, તે (हिंसा) **હિંસા** છે. કષાયસહિત ભાવ થવાથી અર્થાત્ આત્માના રાગદ્વેષરૂપ પરિણામ થવાને **પ્રમત્ત** કહે છે. આત્માના જ્ઞાન દર્શનાદિક સ્વભાવોને **ભાવપ્રાણુ** કહે છે અને શરીરાદિકને **દ્રવ્યપ્રાણુ** કહે છે. भावार्थ–પ્રમાદને વશ થઇને કોઈ પણ જીવને માર, કુટ વગેરે કરીને તથા વિનાપ્રયોજન ઝાડ વગેરેને ઉખેડવાં; ડાંળાં, પાંદડાં વગેરે તોડવાં, દયા રહિત થઇ પ્રાણીઓને ઘાસ, પાણી વગેરેથી દુઃખી કરવાં તથા શક્તિ ઉપરાંત વધારે બોજ લાદીને નહિ ચાલે એટલે માર મારવો, આવી રીતે કોઈ પણ પ્રાણીના જીવને (આત્મા)ને દુઃખ આપવું, તે હિંસા છે. ૧૩.

**असदभिधानमनृतम् ॥ १४ ॥**

अर्थ—પ્રમાદના યોગથો (असदभिधानं) કોઈ પણ પ્રાણીને પીડાકારક અપ્રશસ્ત વચન કહેવાં તે (अनृतम्) અનૃત છે અર્થાત્ **અસત્ય** નામનું પાપ છે. भावार्थ–પ્રમાદને વશ થઇને કોઈ પ્રાણીને કુવચન, તિરસ્કાર, જૂઠ, મસ્કરી, હાસ્ય વગેરે કરી તેના પ્રાણુ(આત્મા)ને દુઃખ આપવું તે અસત્ય નામનું પાપ છે. ૧૪.

**अदत्तादानं स्तेयम् ॥१५॥**

अर्थ—લોભ વગેરે પ્રમાદોના કારણુથી ( अदत्तादानं ) વિના આપેલું બીજાનું ધનધાન્યાદિકનું ગ્રહણુ કરવું તે ( स्तेयम् ) સ્તેય અર્થાત્ **ચોરી** છે. भावार्थ-પ્રમાદના યોગથી

ચક્ષુ અને શ્રોત્ર એ **પાંચ ઇન્દ્રિઓ**; નિદ્રા અને રાગદ્વેષ એવી રીતે કુલ્લે **૧૫ પ્રમાદ** છે.

લોભને વશ થઈ માલિકની આજ્ઞા વગર અથવા આપ્યા વગર કોઇ પણ વસ્તુ લેવી તે ચોરી છે. ૧૫.

मैथुनमब्रह्म ॥१६॥

अर्थ—રાગાદિ પ્રમાદના યોગથી ( मैथुनम् ) સ્ત્રીપુરૂષોની પરસ્પર સ્પર્શરૂપ ક્રિયા તે [अब्रह्म] અબ્રહ્મ અર્થાત્ કુશીલ છે. ૧૬.

मूर्च्छा परिग्रहः ॥ १७ ॥

अर्थ—( मूर्च्छा ) [1]બાહ્ય અને [2]અભ્યન્તર ચેતન-અચેતનરૂપ પરિગ્રહમાં મમત્વરૂપ પરિણામ તેજ ( परिग्रहः ) પરિગ્રહ છે. भावार्थ—બાહ્યમાં સ્ત્રી, પુત્ર, દાસીદાસ, સેવક, પરિવાર, ગાય, ભેંસ, હાથી, ઘોડા, ધન, ધાન્ય, સુવર્ણ, રૂપું, મણિ, મોતી, શય્યા, આસન, ઘર, ઘરેણાં, વસ્ત્રાદિકમાં તથા અભ્યન્તરમાં રાગાદિ પરિણામોમાં જે ઉપાર્જન સંસ્કારાદિ રૂપ મમત્વભાવ થાય છે તેને મૂર્છા કહે છે. તે મૂર્છાજ પરિગ્રહ છે. ૧૭.

निःशल्यो व्रती ॥ १८ ॥

अर्थ—( निःशल्यः ) જે માયા, મિથ્યા અને નિદાન એ ત્રણ શલ્ય રહિત છે તેજ ( व्रती ) વ્રતી કહેવાય છે. મનમાં કંઈ હોય, વચનમાં કંઇ હોય અને કાર્ય કંઈ કરે, તેને છળ, કપટ અર્થાત્ માયાશલ્ય કહે છે. તત્ત્વાર્થનું અશ્રદ્ધાન તે મિથ્યાત્વશલ્ય છે અને ભવિષ્યત્ કાળમાં વિષયભોગ ભોગવવાની ઇચ્છા કરવી તેને નિદાનશલ્ય

કહે છે. એ ત્રણ શલ્યો હોય અને અહિંસાદિ પાંચ વ્રત પાળે, તોપણ તે જીવ વ્રતી થઈ શકતો નથી. ખરી રીતે તો અહિંસાદિ પાંચ વ્રતોને ધારણ કરી ત્રણ શલ્યરહિત થવાથીજ વ્રતી થાય છે. ૧૮.

**अगार्यऽनगारश्च ॥ १९ ॥**

अर्थ—વ્રતી ( अगारी ) ગૃહસ્થી (च) અને (अनगारः) ગૃહત્યાગી સાધુ એ બે પ્રકારના હોય છે. ૧૯.

**अणुव्रतोऽगारी ॥ २० ॥**

अर्थ—( अणुव्रतः ) અણુમાત્ર વ્રતવાળા **અર્થાત્** જેને પાંચ પાપોનો એકદેશ યથાશક્તિ ત્યાગ હોય તે ( अगारी ) અણુવ્રતી ગ્રહસ્થ અથવા **શ્રાવક** કહેવાય છે. બે ઇન્દ્રિઆદિક ત્રસ જીવોની હિંસાનો ત્યાગ તે **પ્રથમઅહિંસાવ્રત** છે. સ્નેહ, વૈર, મોહ, રાગ વગેરેના કારણથી અસત્ય કહેવાનો ત્યાગ તેને બીજું **સત્યાણુવ્રત** કહે છે. (૩) બીજાએ વગર આપેલા પદાર્થનું ગ્રહણ કરવું કે જેથી તેને પીડા થાય અને રાજા વગેરે દંડ કરે તેને ચોરી અથવા ચૌર્ય કહે છે અને એ ચોરીનો ત્યાગ કરવો તે ત્રીજું **અચૌર્યાણુવ્રત** છે. (૪) બીજાએ ગ્રહણ કરેલી (પરેણલી) અથવા નહિ ગ્રહણ કરેલી (કુંવારી) સ્ત્રી સાથે વિષય સેવનનો ત્યાગ, તે ચોથું **બ્રહ્મચર્યાણુવ્રત** છે અને ધન, ધાન્ય, નોકર, ચાકર વગેરેનું પરિમાણ કરીને વધારેનો ત્યાગ કરવો, તે પાંચમું **પરિગ્રહપરિમાણઅણુવ્રત** છે. એવી રીતે પાંચ અણુવ્રતોને ધારણ કરનાર અણુવ્રતી (શ્રાવક) કહેવાય છે. ૨૦.

**दिग्देशानर्थदण्डविरतिसामायिक-
प्रोषधोपवासोपभोगपरिभोगपरिमा-
णातिथिसंविभागव्रतसम्पन्नश्च ॥२१॥**

अर्थ—દિગ્વિરતિ, દેશવિરતિ અને અનર્થદંડવિરતિ, એ **ત્રણગુણવ્રત** છે અને સામાયિક, પ્રોષધોપવાસ, ઉપભોગપરિભોગપરિમાણ અને અતિથિસંવિભાગ આ **ચાર-શિક્ષાવ્રત** છે. એ સાત વ્રત પણ ગૃહસ્થ વ્રતીએ ધારણ કરવાં જોઇએ અર્થાત્ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ ૧૨ વ્રતનો ધારી વ્રતીશ્રાવક (**વ્રતપ્રતિમાધારી**) કહેવાય છે. (૧) લોભ, આરંભ વગેરે ત્યાગવાના અભિપ્રાયથી પૂર્વાદિ દિશાઓમાં કોઈ પ્રસિદ્ધ નદી, ગામ, નગર, પર્વતાદિક સુધી ગમનાગમનનું સ્થાન રાખી તેની આગળ જવાનો યાવજ્જીવ ત્યાગ કરવો, તેને **દિગ્વ્રત** કહે છે. (૨) અને યાવજ્જીવ સુધીના કરેલા દિગ્વ્રત (દિશાઓના નિયમ)માંથી પણ સંકોચીને કોઇ ગામ, નગર, મોહોલ્લા સુધીનું ગમનાગમન રાખીને તેનાથી આગળ મહિનો, પખવાડીઉં, દિવસ, બે દિવસ, ચાર દિવસાદિ કાળની મર્યાદાથી ગમનાગમનનો ત્યાગ કરવો, તેને **દેશવ્રત** કહે છે. (૩) વગર કારણે જે કામોથી પાપારંભ થાય એવા કામોનો ત્યાગ કરવો, તેને **અનર્થદંડવ્રત** કહે છે. જેમાં વ્યર્થજ પાપબંધ થાય છે એવા અનર્થદંડ પાંચ પ્રકારના છે—૧ પાપોપદેશ, ૨ હિંસાદાન, ૩ અપધ્યાન, ૪ દુઃશ્રુતિ અને ૫. પ્રમાદચર્યા. તિર્યગ્ચ વગેરે જીવોને

દુઃખ ઉત્પન્ન થાય તેવો, વનસ્પતિ કાપવાનો તેમજ પૃથ્વીને ખોદવા વગેરેનો ઉપદેશ આપવો તે **પાપોપદેશઅનર્થદંડ** છે. હિંસાના ઉપકરણ-શસ્ત્ર (હથીયાર), પાવડા, કોદાળી, બેડી, સાંકળ, ચાબૂક, વિષ, અગ્નિ વગેરે પદાર્થોનું દાન કરવું, તે **હિંસાદાનઅનર્થદંડ** છે. બીજા જીવોના દોષ ગ્રહણ કરવાનો ભાવ, બીજાનું ધન ગ્રહણ કરવાની ઇચ્છા, બીજાની સ્રીને જોવાની ઇચ્છા તથા બીજા મનુષ્ય તિર્યંચોની લડાઇ જોવાનો ભાવ; બીજાની સ્રી, પુત્ર, ધન, આજીવિકા વગેરે નષ્ટ થવાની ઇચ્છા કરવી; બીજાનું અપમાન, અપવાદ, અવજ્ઞા ઇચ્છવી-ચિંત્તવવી તે **અપધ્યાનઅનર્થદંડ** છે. ૪. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, અભિમાનને વધારવાવાળી, હિંસાદિકને પુષ્ટિ કરવાવાળી, મિથ્યાત્વને વધારવાવાળી, ભંડકથા, યુદ્ધકથા વગેરે કહેવાવાળા વેદપુરાણ સ્મૃતિ વગેરેનું શ્રવણ કરવું, તે **દુઃશ્રુતિઅનર્થદંડ** છે. ૫. અને વગરકારણે જળ ડોળવું, અગ્નિ સળગાવવો, વનસ્પતિ છેદવી, જમીન ખોદવી વગેરેને **પ્રમાદચર્યાઅનર્થદંડ** કહે છે. એ પાંચ પ્રકારના અનર્થદંડોને ત્યાગ કરવા, તે **અનર્થદંડવિરતિ** છે. અને ત્રણે સંધ્યાને વખતે (સવાર, બપોર, સાંજે) સમસ્ત પાપયોગ ક્રિયાઓથી રહિત થઈ સર્વેથી રાગદ્વેષ છોડી સામ્યભાવને પ્રાપ્ત થઇને શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન થવું, તેને **સામાયિકવ્રત** કહે છે. ૫. દરેક અષ્ટમી (૮) ચતુર્દશી (૧૪) ના દિવસે સમસ્ત આરંભ છોડીને વિષય, કષાય

અને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી ધર્મકથાને સાંભળીને સોળ પહોર (સાતેમના રોજ બપોરે બાર વાગે જમી આઠેમનો ઉપવાસ અને નવમીના દિવસે બાર વાગે પારણું કરવું.) વ્યતીત કરવો તે **પ્રોષધોપવાસ** છે. ૬. જે એક વખત ભોગવવામાં આવેછે એવાં તાંબૂલ, ભોજન, પાન, સુગંધી વગેરે ઉપભોગ છે અને જે વસ્તુ અનેક વખત ભોગવવામાં આવે એવા આભૂષણ, વસ્ત્ર, ઘર, વાહન, શયન વગેરે પરિભોગ છે. એ ભોગ, પરિભોગની મર્યાદા કરીને બાકીનું [1]યમ [2]નિયમરૂપ ત્યાગ કરવું, તેને **ઉપભોગપરિભોગવિરતિ** કહે છે. ૭. અને અતિથિ એટલે મોક્ષ મેળવવા માટે ઉદ્યમી, સંયમી અને અન્તરંગ બહિરંગમાં શુદ્ધ એવા વ્રતી પુરૂષને શુદ્ધ મનથી આહાર, ઔષધિ, ઉપકરણ, વસ્ત્રાદિકનું દાન કરવું તે **આતથિ-સંવિભાગ** વ્રત છે. એવી રીતે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ સાત શીલવ્રત પણ ગૃહસ્થીઓને ધારણ કરવાયોગ્ય છે. આ સૂત્રમાં च શબ્દ છે તે આગળના સૂત્રમાં કહેલા સલ્લેખનારૂપ ગ્રહસ્થધર્મને સામેલ કરવા માટે છે. ૨૧.

**मारणान्तिकीं सल्लेखनां जोषिता ॥ २२ ॥**

अर्थ—(मारणान्तिकीं) મૃત્યુના સમયે થવાવાળી (सल्लेखनां) સલ્લેખનાને (जोषिता)સેવન કરે અર્થાત્ મૃત્યુ

---

૧. યાવજ્જીવ ત્યાગ કરવાને **યમ** કહે છે. ૨. કાળની મર્યાદા કરીને ત્યાગ કરવાને **નિયમ** કહે છે.

(મરણુ) સમયે શરીર અને કષાયને ક્રમથી કૃશ કરતાં કરતાં ધર્મધ્યાનમાં સાવધાન રહીને પ્રાણોનો ત્યાગ કરે, તેને **સલ્લેખના** કહે છે. એને સન્યાસમરણુ (સમાધિમરણુ) અથવા ઉત્તમ મરણુ પણુ કહે છે. ગૃહસ્થીએ અન્ત સમયનું પરોપકારી શુભ ગતિના કારણુરૂપ એ સર્વોત્તમ વ્રત પ્રીતિપૂર્વક સેવન કરવું જોઈએ. भावार्थ—મૃત્યુનો સમય નજીક જાણીને સંપૂર્ણ પદાર્થો તથા કુટુંબ વગેરેથી રાગ, દ્વેષ, સંબંધ, શોક, ભય, વિષાદાદિને અને બાહ્ય તથા અભ્યન્તર પરિગ્રહને અનુક્રમે (ધીરે ધીરે) ત્યાગ કરી છળ, કપટ રહિત શુદ્ધ મનથી પોતાના કુટુંબની અને અન્ય જનોની પાસે ક્ષમા માંગે, પોતે પણુ ક્ષમા કરે અને સમસ્ત પાપોની આલોચના કરીને મહામંત્રસ્વરૂપ પંચ નમસ્કારમંત્રને ધારણુ કરીને શરીરને છોડે, તેને સમાધિમરણુ કહે છે. તેજ ગૃહસ્થીને શુભગતિનું કારણુ છે. ૨૨.

હવે સંપૂર્ણ વ્રતોના અતીચાર કહેતાં પ્રથમ **સમ્યક્ત્વના પાંચ અતીચાર** કહે છે—

**शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः**
**सम्यग्दृष्टेरतीचाराः ॥२३॥**

अर्थ—(शङ्काकाङ्क्षाविचिकित्सान्यदृष्टिप्रशंसासंस्तवाः) શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવ, એ પાંચ (सम्यग्दृष्टेः) સમ્યકદર્શનના (अतीचाराः)

[1]અતીચાર છે. અર્હન્ત ભગવાનના પરમાગમમાં પ્રરૂપણ (નિર્માણ) કરેલા અર્થમાં સંશય કરવો અથવા પોતાના આત્માને જ્ઞાતા, દૃષ્ટા, અખંડ, અવિનાશી અને પુદ્ગલથી ભિન્ન જાણીને [2]સાત પ્રકારના ભયને પ્રાપ્ત થવું તેને **શંકાઅતીચાર** કહે છે. ૨ આલોક, પરલોકસંબંધી ભોગોની વાંચ્છા રાખવી તેને **કાંક્ષા અતીચાર** કહે છે. ૩. દુઃખી, દરિદ્રિ, રોગી ઇત્યાદિ કલેશ સમ્પન્ન જીવોને જોઇને ગ્લાનિ કરવી અથવા અસમીચીન પદાર્થને દેખીને ગ્લાનિ કરવી, તે **વિચિકિત્સા અતીચાર** છે. ૪. મિથ્યાદૃષ્ટિના જ્ઞાનચારિત્રાદિ ગુણોને મનથી પ્રગટ કરવાં તેને **પ્રશંસા અતીચાર** કહે છે. ૫. અને મિથ્યાદૃષ્ટિના હોય અગર નહિ હોય એવા ગુણોને વચનથી પ્રકટ કરવા, તે **સંસ્તવ અતીચાર** છે. સમ્યગ્દૃષ્ટિએ એ પાંચ અતીચાર પણ ત્યાગવા જોઇએ. ૨૩.

**व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ॥ २४ ॥**

અર્થ—એવી રીતે (व्रतशीलेषु) પાંચ વ્રત અને સાત શીલવ્રતમાં પણ (यथाक्रमम्) અનુક્રમે (पञ्च पञ्च) પાંચ પાંચ અતિચાર છે, તે આગળ અનુક્રમે કહે છે. ૨૪.

---

૧ વ્રતને સર્વથા છોડી દેવું તેને અનાચાર કહે છે અને વ્રતને દોષ લગાવવો (દુષિત કરવું) તેને અતીચાર કહે છે.

૨. આલોકભય, પરલોકભય, મરણભય, વેદનાભય, અરક્ષાભય, અગુપ્તભય અને અકસ્માતભય એ **સાત પ્રકારના ભય છે.**

बन्धवधच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ॥ २५ ॥

अर्थ—બન્ધ, વધ, છેદ, અતીભારારોપણ અને અન્નપાનનિરોધ, એ પાંચ **અહિંસાણુવ્રતના અતીચાર** છે. ૧. પશુ વગેરેને બાંધીને રોકી રાખવાં, તેને **બંધાતીચાર** કહે છે. ૨. લાકડી, ચાબૂક વગેરેથી જીવોને મારવાં તેને **વધાતીચાર** કહે છે. ૩. પશુ વગેરેનાં કાન, નાક, વગેરે અંગોને છેદવા, તેને **છેદાતીચાર** કહે છે. ૪. મનુષ્ય, પશુ વગેરે ઉપર શક્તિ ઉપરાંત વધારે ભાર લાદવો ( ભરવો ) **તેને અતિભારારોપણાતીચાર** કહે છે. ૫. અને ખાન( ખોરાક )પાનાદિ રોકીને ભુખ્યાં તરષ્યાં રાખવાં તે **અન્નપાનનિરોધાતીચાર** છે. ૨૫.

मिथ्योपदेशरहोभ्याख्यानकूटलेखाक्रियान्यासापहा-
रसाकारमंत्रभेदाः ॥ २६ ॥

अर्थ—મિથ્યા ઉપદેશ, રહોભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસાપહાર અને સાકારમન્ત્રભેદ, એ પાંચ **સત્યાણુવ્રતના અતીચાર** છે. પરમાગમ ( શાસ્ત્ર ) થી વિરૂદ્ધ ઉપદેશ આપવો તેને **મિથ્યોપદેશાતીચાર** કહે છે. ૨. સ્ત્રીપુત્રાદિકની ગુપ્ત વાર્તા અથવા ગુપ્ત આચરણોને પ્રગટ કરી દેવાં, તેને **રહોભ્યાખ્યાન** અતીચાર કહે છે. ૩. જૂઠાં ખત, જૂઠા લેખ વગેરે લખવું, તેને **કૂટલેખક્રિયાતીચાર** કહે છે. ૪. કોઇ મનુષ્ય રૂપીઆ, ઘરેણું વગેરે અનામત મૂકી જાય અને જ્યારે તે લેવા આવે ત્યારે

ભૂલથી થોડા માંગે ત્યારે તેને કહે કે તમારા જેટલા હોય તેટલા લઈ જાઓ, એવું કહીને છુપાવવું, તેને **ન્યાસાપહારાતીચાર** કહે છે. ૫. અને કોઈનો ભ્રકુટીક્ષેપ, મુખ વગેરે આકૃતિથી તેના મનના ગુપ્ત અભિપ્રાયને જાણીને પ્રકટ કરવો, તેને **સાકારમંત્રભેદાતીચાર** કહે છે. ૨૬.

**स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपकव्यवहाराः ॥ २७ ॥**

अर्थ—સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધરાજ્યાતિક્રમ, હીનાધિકમાનોન્માન અને પ્રતિરૂપકવ્યવહાર એ પાંચ **અચોર્યાણુવ્રતના અતીચાર** છે. ૧. ચોરી કરવાનો ઉપાય બતાવવો તેને **સ્તેનપ્રયોગાતીચાર** કહે છે. ૨. ચોરીની વસ્તુની કિંમત આપીને અથવા કિંમત નહીં આપીને લેવી, તે **તદાહૃતાદાન** અથવા **ચૌરાર્થાદાનાતીચાર** છે. ૩. રાજાની આજ્ઞાનો લોપ કરવો અને તેના વિરૂદ્ધ ચાલવું, તે **વિરૂદ્ધરાજ્યાતિક્રમાતીચાર** છે. ૪. આપવા લેવાનાં તોલ, ત્રાજવાં, ગજ, પાલી વગેરે ઓછા વધારે રાખવાં તેને **હીનાધિકમાનોન્માનાતીચાર** કહે છે. ૫ અધિક મૂલ્યની વસ્તુમાં ઓછા મૂલ્યની વસ્તુ મેળવી વધારે કિંમતથી વેચવી અથવા ઘીમાં ડોલીચું, ચરબી વગેરે તેમજ દૂધમાં પાણી વગેરે મેળવી વેચવું તેને **પ્રતિરૂપકવ્યવહારાતીચાર** કહે છે. ૨૭.

**परविवाहकरणत्वरिकापरिगृहीताऽपरिगृहीतागमनानङ्गक्रीडाकामतीव्राभिनिवेशाः ॥ २८ ॥**

अर्थ—પરવિવાહકરણ, પરિગૃહીતેત્વરિકાગમન, અપ-

રિગૃહીતેત્વરિકાગમન, અનઙ્ગક્રીડા અને કામતીવ્રાભિનિવેષ, એ પાંચ **બ્રહ્મચર્યાણુવ્રતના અતીચાર** છે. ૧. બીજાની છોકરા છોકરીનો વિવાહ કરવો અથવા કહીને કરાવી આપવો, તેને **પરવિવાહકરણાતીચાર** કહે છે. ૨. બીજાની પરણેલી વ્યભિચારણી સ્ત્રીને ત્યાં જાવઆવ કરવું તથા તેની સાથે લેણદેણ, વચનાલાપાદિ કરવું તેને **પરિગૃહીતેત્વરિકાગમનાતીચાર** કહે છે. ૩. જે વ્યભિચારણી સ્ત્રી અપરિગૃહીત છે અર્થાત્ જે સ્રીનો કોઈ પતિ નથી એવી વેશ્યા વગેરે સ્ત્રીઓ સાથે લેણદેણ તથા વાર્તાલાપાદિ રાખવો, તેને **અપરિગૃહીતેત્વરિકાગમનાતીચાર** કહે છે. ૪. કામસેવન કરવાના અંગોને છોડીને અન્ય અંગોથી કામક્રીડા કરવી તેને **અનંગક્રીડાતીચાર** કહે છે. ૫. અને પોતાની સ્ત્રીમાં કામસેવનની અત્યન્ત અભિલાષા રાખવો અથવા કામક્રીડામાં અતિશય મગ્ન રહેવું તેને **કામતીવ્રાભિનિવેષાતીચાર** કહે છે. ૨૮.

**क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्य प्रमाणाऽतिक्रमाः ॥ २९ ॥**

अर्थ—ક્ષેત્રવાસ્તુ, હિરણ્યસુવર્ણ, ધનધાન્ય, દાસીદાસ અને કુપ્ય એ પાંચેના પરિમાણને ઉલંઘન કરવાં તે પરિગ્રહપરિમાણના પાંચ અતીચાર છે. ૧. ધાન્યાદિક ઉત્પન્ન હોવાના સ્થાનને **ક્ષેત્ર** કહે છે અને ઘર, મકાન, વગેરેને **વાસ્તુ** કહે છે. ૨. રૂપીઆ ચાંદી, વગેરેને **હિરણ્ય** કહે છે અને સોનું અથવા સોનાના દાગીના, વાસણ વગેરેને

**સુવર્ણ** કહે છે. ૩. ગાય, બળદ, ભેંસ વગેરેને **ધન** કહે છે અને ચોખા, ઘઉં વગેરે અનાજને **ધાન્ય** કહે છે. ૪. શરીર અથવા ઘરની સેવા વગેરે કરવાવાળી સ્ત્રી તથા પુરૂષ **દાસીદાસ** છે. ૫. વસ્ત્ર, થાળી, લોટા, કપાસ, ચંદન વગેરે **કુપ્ય** છે. એ સંપૂર્ણના પરિમાણમાં ઘટારો વધારો કરવાથી અતીચાર થાય છે. ૨૯.

ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तराधानानि ॥ ३० ॥

अर्थ—ઉર્દ્ધાતિક્રમ, અધોતિક્રમ, તિર્યંગતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃત્યંતરાધાન, એ પાંચ દિગ્વ્રતના અતીચાર છે. ૧. પરિમાણથી અધિક વૃક્ષ (ઝાડ) પર્વતાદિ ઉપર ચઢવું, તેને **ઉર્દ્ધાતિક્રમાતીચાર** કહે છે. ૨. પરિમાણથી વધારે કુવા, વાવ વગેરેમાં નીચે ઉતરવું તેને **અધોતિક્રમાતીચાર** કહે છે. ૩. ભોંયરાં, પર્વત વગેરેની ગુફા, સુરંગ વગેરેમાં આડાઅવળા જવું, તેને **તિર્યગતિક્રમાતીચાર** કહે છે. ૪. પરિમાણ કરેલી દિશાઓના ક્ષેત્રથી વધારે ક્ષેત્રવૃદ્ધિ કરવી, તેને **ક્ષેત્રવૃદ્ધિઅતીચાર** કહે છે. અને ૫. દિશાઓની કરેલી મર્યાદાને ભૂલી જવી, તેને **સ્મૃત્યંતરાધાનાતીચાર** કહે છે. ૩૦.

आनयप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलक्षेपाः ॥ ३१ ॥

अर्थ—આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાપાનુત, રૂપાનુપાત, અને પુદ્ગલક્ષેપ એ પાંચ **દેશવ્રતના અતીચાર** છે. ૧. મર્યાદાથી બહારની વસ્તુને મંગાવવી અથવા કોઇને બોલાવવો, તે **આનયનાતીચાર** છે. ૨. મર્યાદાથી

બહારના ક્ષેત્રોમાં પોતે જાય નહિ, પરંતુ સેવક વગેરે બીજા મનુષ્યને મોકલે, તે **પ્રેષ્યપ્રયોગાતીચાર** છે. ૩. મર્યાદાથી બહારના ક્ષેત્રમાં બેઠેલા મનુષ્યને ઉધરસ અથવા ખોંખારો વગેરે શબ્દ કરીને પોતાનો અભિપ્રાય જણાવવો, તે **શબ્દાપાતાતીચાર** છે. ૪. મર્યાદાથી બહાર ક્ષેત્રમાં બેઠેલા મનુષ્યને પોતાનું રૂપ બતાવીને હાથના ઈસારાથી સમજાવી કામ કરાવવું, તે **રૂપાનુપાતાતીચાર** છે, ૫. અને મર્યાદાથી બહાર પથ્થર કાંકરા વગેરે ફેંકીને ઇસારો કરવો, તે **પુદ્ગલક્ષેપાતીચાર** છે. ૩૧.

**कन्दर्पकौत्कुच्यमौखर्य्यासमीक्ष्याधिकरणोपभोगपरिभोगानर्थक्यानि ॥ ३२ ॥**

અર્થ–કન્દર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ, અને ઉપભોગપરિભોગાનર્થકય એ પાંચ અનર્થદંડ ત્યાગવ્રતના અતીચાર છે. ૧. રાગભાવની ઉત્કંઠાથી હાસ્યમિશ્રીત ભંડવચન (કુવચન) બોલવાં, તે **કન્દર્પાતીચાર** છે. ૨. રાગોદયની તીવ્રતાથી હાસ્ય, બીભસ્ત વચન બોલવાં અને કાયાથી પણ નિન્દનીય ક્રીડા કરવી, તે **કૌત્કુચ્યાતીચાર** છે. ૩. મૂર્ખતાથી ઘણોજ નિરર્થક [1]પ્રલાપ કરવો, તે **મૌખર્યાતીચાર** છે ૪. વિચાર કર્યા વગર વિના પ્રયોજને અધિકતાથી પ્રવર્ત્તન કરવું, તે **અસમીક્ષ્યાધિકરણાતીચાર** છે. ૫. ભોગ ઉપભોગના જેટલા પદાર્થોથી પોતાનું કામ ચાલતું હોય, તેનાથી અધિક (વધારે) સંગ્રહ કરવો, તે **ઉપભોગપરિભોગાનર્થકયાતીચાર** છે. ૩૨.

**योगदुःप्रणिधानानादरस्मृत्यनुपस्थानानि ॥ ३३ ॥**

अर्थ—ત્રણ પ્રકારના યોગદુઃપ્રણિધાન (મનોદુઃપ્રણિધાન, વાગ્દુઃપ્રણિધાન અને કાયદુઃપ્રણિધાન), અનાદર અને સ્મૃત્યનુપસ્થાન એ પાંચ સામાયિકવ્રતના અતીચાર છે. ૧. મનને અન્યથા (જયાંત્યાં) ચલાયમાન કરવું, તે **મનોદુઃપ્રણિધાનાતીચાર** છે. ૨. વચનને ચલાયમાન કરવું, તે **વાગ્દુઃપ્રણિધાનાતીચાર** છે. ૩. શરીર જેમ તેમ હલાવવું (ચલાયમાન કરવું), તે **કાયદુઃપ્રણિધાનાતીચાર** છે. ૪. ઉત્સાહરહિત અનાદરથી (પ્રફુલ્લીત મન વગર) સામાયિક કરવું, તે **અનાદરાતીચાર** છે. અને ૫. સામાયિકમાં એકાગ્રતા વગર ચિત્તની વ્યગ્રતાથી પાઠ ભૂલી જવો, તે **સ્મૃત્યનુપસ્થાનાતીચાર** છે. ૩૩.

**अप्रत्यवेक्षिताऽप्रमार्जितोत्सर्गादानसंस्तरोपक्रमणा-
नादरस्मृत्यनुपस्थानानि ॥ ३४ ॥**

अर्थ—અપ્રત્યવેક્ષિત–અપ્રમાર્જિત ભૂમિ ઉપર મળ મૂત્રાદિ કરવું, ઉપકરણ ગ્રહણ કરવાં, સંથારા વગેરે બીછાવવા, વ્રતનો અનાદર કરવો, અને સ્મૃત્યનુપસ્થાન એ પાંચ **પ્રાષધોપવાસ**વ્રતના અતીચાર છે. ૧. આ ભૂમિમાં જીવ છે કે નહિ એવી રીતે આંખોથી જોવું તે પ્રત્યવેક્ષણ છે, અને કોમળ ઉપકરણથી ભૂમિને શોધવી અથવા સાફ કરવી તે પ્રમાર્જન છે, માટે આંખોથી જોયા વગર અથવા કોમળ પીંછી વગેરેથી શોધન કર્યા વગર ભૂમિ ઉપર મળમૂત્ર કફાદિક નાંખવું, તે **અપ્રત્યવે-**

**ક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગાતીચાર** છે. ૨. એજ પ્રમાણે વગરજુએ વગરસાફ કરે અર્હન્ત આચાર્યાદિનાં પૂજનનાં ઉપકરણ, કેશર, માળા, ધૂપાદિક ગ્રહણ કરવું અથવા વસ્ત્ર, પાત્ર (વાસણ) વગેરેને જોયા કે સાફ કર્યા વગર જમીન ઉપર ઘસડીને ઉઠાવવાં તે **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતાદાનાતીચાર** છે. ૩. વગર જુએ વગર સાફ કરે ભૂમિ ઉપર શયનાસનને માટે વસ્ત્રાદિક પાથરવાં તે **અપ્રત્યવેક્ષિતાપ્રમાર્જિતસંસ્તરોપક્રમણાતીચાર** છે. ૪. ભૂખ તરસની પીડાથી આવશ્યક ધર્મક્રિયાઓમાં અનાદરથી પ્રર્વતન કરવું તે **અનાદરાતીચાર** છે. ૫. પ્રોષધોપવાસાના દિવસે કરવાયોગ્ય આવશ્યક ધર્મક્રિયાઓને ભૂલી જવી તે, **સ્મૃત્યનુપસ્થાનાતીચાર** છે. પ્રોષધોપવાસ વ્રત કરવાવાળાએ એ પાંચ અતીચાર ત્યાગવા જોઇએ. ૩૪.

**सचित्तसम्बन्धसम्मिश्राभिषवदुःपक्काहाराः ॥३५॥**

अर्थ—સચિત્ત, સચિત્તસંબન્ધ, સચિત્તમિશ્ર, અભિષવ અને દુઃપક્વ એ પાંચ પ્રકારનો આહાર કરવો, તે **ભોગોપભોગપરિમાણવ્રતના અતીચાર** છે. ૧. જીવ સહિત પુષ્પ ફળ વગેરેનો આહાર કરવો, તે **સચિત્તાહારાતીચાર** છે. ૨. સચિત્ત વસ્તુને સ્પર્શ કરેલા પદાર્થનો આહાર કરવો, તે **સચિત્તસમ્બન્ધાહારાતીચાર** છે. ૩. સચિત્ત પદાર્થ સાથે મળેલા પદાર્થનો આહાર કરવો તે **સચિત્તસંમિશ્રાહારાતીચાર** છે. ૪. પુષ્ટિકારક પદાર્થનો આહાર કરવો, તે **અભિષવાતીચાર** છે. ૫. સારી

રીતે નહિ પાકેલા પદાર્થનો આહાર કરવો તથા કષ્ટથી ઘણે વખતે પરિપક્વ (હજમ) થાય એવા પદાર્થનું ભોજન કરવું, તે **દુઃપક્વાહારાતીચાર** છે. ૩૫.

**सचित्तनिक्षेपापिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥३६॥**

અર્થ—સચિત્તનિક્ષેપ, સચિત્તાપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ **અતિથિસંવિભાગવ્રતના અતીચાર** છે. ૧. સચિત્ત (જીવસહિત) લીલા કમળ, પાંદડાં વગેરેમાં મૂકીને આહાર આપવો, તે **સચિત્તનિક્ષેપાતીચાર** છે. ૨. સચિત્ત કમળ પાંદડાંદિકથી ઢાંકેલા આહાર ઔષધિનું દાન આપવું તે **સચિત્તાપિધાનાતીચાર** છે. ૩. બીજાની વસ્તુનું દાન કરવું, તે **પરવ્યપદેશાતીચાર** છે. ૪. અનાદરથી દાન આપવું અથવા અન્યદાતારથી ઈર્ષાભાવ કરીને દાન આપવું, તે **માત્સર્યાતીચાર** છે. ૫. દાન આપવાનો વખત ઉલંઘન કરી અકાળે ભોજન આપવું, તે **કાળાતીક્રમાતીચાર** છે. ૩૬.

**जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानानि ॥३७॥**

અર્થ—જીવિતાશંસા, મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબન્ધ અને નિદાન એ પાંચ **સલ્લેખનામરણના અતીચાર** છે. ૧ સલ્લેખના (સમાધિમરણ) ધારણ કરીને વધારે જીવવાની કાંક્ષા (ઇચ્છા) કરવી, તે **જીવિતાશંસાતીચાર** છે. ૨. રોગ વગેરેના ઉપદ્રવ (દુઃખ) થી ઘભરાઈને મરવાની વાંછા (ઇચ્છા) કરવી, તે **મરણાશં-**

**સાતીચાર** છે. ૩. મિત્રોનું સ્મરણ કરીને તેમાં રાગ કરવો, તે **મિત્રાનુરાગાતીચાર** છે. ૪. પૂર્વકાળમાં ભોગવેલા ભોગોને યાદ કરવા, તે **સુખાનુબંધાતીચાર** છે. ૫. આગલા જન્મમાં વિષયાદિક સુખો પ્રાપ્ત થવાની ઈચ્છા કરવી, તે **નિદાનાતીચાર** છે. ૩૭. એવી રીતે સમ્યગ્દર્શન, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત અને એક સલ્લેખનાના એકંદરે ૭૦ અતીચાર કહ્યા, તેનાથી વ્રતીએ અવશ્ય બચવું જોઈએ. હવે **દાનનું** લક્ષણ કહે છે—

**अनुग्रहार्थं स्वस्यातिसर्गोदानम् ॥ ३८ ॥**

अर्थ—(अनुग्रहार्थं) પોતાના અને બીજા ઉપકારને માટે (स्वस्य) ધન વગેરેનો અથવા સ્વાર્થનો (अतिसर्गः) ત્યાગ કરવો તે (दानम्) દાન છે. જે દાન કરવાથી પોતાને પુણ્યબન્ધ થાય છે, તે પોતાનો ઉપકાર છે અને જેથી પાત્રને સમ્યગ્દર્શનાદિ ગુણોની વૃદ્ધિ થાય, તે બીજાનો ઉપકાર છે; એવી રીતે સ્વપર ઉપકારાર્થે આહારદાન, ઔષધદાન, શાસ્ત્રદાન અને અભયદાન એ ચાર પ્રકારનાં દાન આપવાં તે **દાન** છે. ૩૮.

**विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ॥ ३९ ॥**

अर्थ—(विधिद्रव्यदातृपात्रविशेषात्) વિધિવિશેષ, દ્રવ્યવિશેષ, દાતારવિશેષ અને પાત્રવિશેષના કારણથી (तद्विशेषः) ઉક્ત દાનમાં પણ વિશેષતા છે અર્થાત્ એ ચાર કારણોથી ઉત્તમ, મધ્યમ, જઘન્ય આદિ દાનના વિશેષ ભેદ થાય છે અને તેનાં ફળ પણ ઉત્તમ, મધ્યમ, જઘન્ય વગેરે થાય છે. ૩૯.

**इति श्रीमदुमास्वामिविराचिते तत्त्वार्थाधिगमे**

**मोक्षशास्त्रे सप्तमोऽध्यायः ॥ ७ ॥**

# अथ अष्टमोऽध्यायः लिख्यते ।

**मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ॥ १ ॥**

અર્થ—( मिथ्यादर्शनाऽविरतिप्रमादकषाययोगाः ) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ (बन्धहेतवः) બન્ધનાં કારણ છે. ૧. અતત્ત્વનું શ્રદ્ધાન કરવું તે મિથ્યાત્વ અથવા **મિથ્યાદર્શન** છે. એના બે ભેદ છે–ગૃહીતમિથ્યાત્વ અને અગૃહીતમિથ્યાત્વ. બીજાને (કુધર્મને) ઉપદેશ તથા કુશાસ્ત્રના સાંભળવાથી અતત્ત્વનું શ્રદ્ધાન થાય તેને **ગૃહીતમિથ્યાત્વ** કહે છે. બીજાના ઉપદેશ વગર પૂર્વભવમાં ઉત્પન્ન કરેલા મિથ્યાત્વકર્મના ઉદયથી જે અતત્વ શ્રદ્ધાન થાય, તે **અગૃહીતમિથ્યાત્વ** અથવા **નિસર્ગજમિથ્યાત્વ** છે. ગૃહીતમિથ્યાત્વના એકાન્તમિથ્યાત્વ, વિપરીતમિથ્યાત્વ, સંશયમિથ્યાત્વ, વિનયમિથ્યાત્વ અને અજ્ઞાનમિથ્યાત્વ એ પાંચ ભેદ છે. વસ્તુમાં અથવા પદાર્થમાં અનેક ધર્મ છે તે સર્વને ગૌણુ કરીને તેમાંથી એકજ ધર્મને માની તેનું શ્રદ્ધાન કરે, તે **એકાન્તમિથ્યાત્વ** છે. સગ્રન્થને નિર્ગ્રંથ માનવા, કેવળી ભગવાનને આહાર કરવાવાળા માનવા, સ્ત્રીને મોક્ષ માનવું એવી રીતના ઉલટા શ્રદ્ધાનને **વિપરીતમિથ્યાત્વ** કહે છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે કે નહિ એવી રીતે સંદેહરૂપ શ્રદ્ધાન કરવું, તે **સંશયમિથ્યાત્વ** છે. સમસ્ત પ્રકારના દેવ, કુદેવ

અને સમસ્ત પ્રકારના દર્શનોને એકજ માનવાં તથા તેની ભક્તિ કરવી, તેને **વિનયમિથ્યાત્વ** કહે છે. હિત અહિતની પરીક્ષા રહિત શ્રદ્ધાન કરવું તેને **અજ્ઞાનમિથ્યાત્વ** કહે છે. ષટ્ (છ) કાયના જીવોની હિંસાનો ત્યાગ નહીં કરવો અને પાંચ ઇન્દ્રિય અને મનને વશ નહીં કરવાં તે **બાર પ્રકારની અવિરતિ** છે. ભાવશુદ્ધિ, કાયશુદ્ધિ, વિનયશુદ્ધિ, ઇર્યાપથશુદ્ધિ, ભૈક્ષ્યશુદ્ધિ, પાપનાશનશુદ્ધિ, પ્રતિષ્ઠાપનશુદ્ધિ અને વાકયશુદ્ધિ એ આઠ શુદ્ધિ તથા દશ લક્ષણ ધર્મમાં ઉત્સાહ રહિત પરિણામ થઇ મંદ ઉદ્યમી થવાને પ્રમાદ કહે છે. સ્ત્રીકથા, રાજકથા, ભોજનકથા, દેશકથા એ ચાર વિકથા અને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય; પાંચ ઇન્દ્રિયો, નિદ્રા અને રાગ એ પ્રમાણે પ્રમાદના ૧૫ ભેદ છે. કષાયના ક્રોધમાનમાયાલોભરૂપ ૧૬ ભેદ અને હાસ્ય, રતિ, અરતિ વગેરે—કષાયના ભેદ મળી **૨૫ કષાય** છે. ચાર મનોયોગ, ચાર વચનયોગ અને પાંચ કાયયોગ, એક આહારક કાયયોગ અને એક આહારક મિશ્રયોગ, એ પ્રમાણે **પંદર યોગ** છે. એ સમસ્તથી અર્થાત્ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગોથી શુભઅશુભ કર્મોનો બંધ થાય છે. ૧.

**सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते स बन्धः ॥२॥**

अर्थ—(जीवः) જીવ ( सकषायत्वात् ) કષાયના યોગથી ( कर्मणः ) કર્મના ઉત્પન્ન થવા ( योग्यान् ) યોગ્ય ( पुदलान् ) પુદ્ગલોને ( आदत्ते ) ગ્રહણ કરે ( सः ) તે ( बन्धः )

બન્ધ છે. ભાવાર્થ—સમસ્ત લોકમાં પુદ્ગલોનાં પરમાણુ ભરેલાં છે. તેમાં કાર્માણવર્ગણાના પરમાણુ પણ દરેક જગ્યાએ કાયમ છે. આત્મા જ્યારે મનવચનકાયરૂપ યોગો-દ્વારા સકંપ અથવા કષાયસહિત થાય છે ત્યારે તે કાર્મા-ણુવર્ગણા કર્મરૂપ થઈને આત્મા સાથે સબન્ધ કરીલે છે, તેને **કર્મબન્ધ** કહે છે. તે સમયે કષાય જો મન્દ હોય તો કર્મોનો પણ સ્થિતિબન્ધ અથવા અનુભાગબન્ધ મંદ થાય છે અને તીવ્ર હોય છે તો તીવ્ર બન્ધ થાય છે. ૨.

હવે બન્ધના પ્રકાર કહે છે.—

**प्रकृतिस्थित्यनुभागप्रदेशास्तद्विधयः ॥ ३ ॥**

अर्थ—( प्रकृतिस्थित्यनुभागप्रदेशाः ) પ્રકૃતિબન્ધ, સ્થિતિબન્ધ, અનુભાગબન્ધ અને પ્રદેશબન્ધ એ ( तद्विधयः ) તે બન્ધના ચાર પ્રકાર છે. પ્રકૃતિ નામ સ્વભાવનું છે. જેમ લીમડાનો સ્વભાવ કડવો છે, ગોળનો સ્વભાવ મીઠો છે તેમ એવી રીતે આઠ કર્મોના સ્વભાવનું ( રસનું ) પડવું, તે પ્રકૃતિ-બંધ છે. જ્ઞાનાવરણ, દરશનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય એ આઠ કર્મ છે તેમાં જ્ઞાનવરણની પ્રકૃતિ આત્માને આચ્છાદન કરવાની ( ઢાંકવાની ) છે, દર્શનાવરણની પ્રકૃતિ આત્માના દર્શન અથવા જ્ઞાનના સામાન્ય અવલોકનરૂપ અંશને આચ્છાન કરવાની છે, વેદનીયકર્મની પ્રકૃતિ આત્મામાં સુખદુઃખ ઉત્પન્ન કરવાની છે, મોહનીયકર્મની પ્રકૃતિ કર્મમાં મદ્ય

( મદીરા ), ધંત્તુરા વગેરેની માફક આત્મામાં મોહ ઉત્પન્ન કરવાની છે; આયુકર્મની પ્રકૃતિ કોઇ પણ શરીરમાં કાળની મર્યાદાને માટે આત્માને અટકાવવાની છે; નામકર્મની પ્રકૃતિ આત્માને માટે જુદા જુદા પ્રકારના સાંગોપાંગ રચવાની છે; ગોત્રકર્મની પ્રકૃતિ ઉચ્ચકુળમાં, નીચકુળમાં ઉત્પન્ન કરવાની અને અન્તરાયકર્મની પ્રકૃતિ આત્માના વીર્ય, દાન, લાભ, ભોગ અને ઉપભોગમાં વિઘ્ન નાંખવાની છે. કર્મમાં એ પ્રકારનો સ્વભાવ થવાને **પ્રકૃતિબંધ** કહે છે. ઉક્ત આઠ પ્રકારની કર્મપ્રકૃતિ જે આત્માના પ્રદેશોમાં બન્ધરૂપ થઈ જેટલા વખત સુધી રહે અથવા જ્યાં સુધી પોતાના સ્વભાવને છોડે નહિ તેટલા સમયની મર્યાદા જેને થાય છે તેને **સ્થિતિબન્ધ** કહે છે અને જેવી રીતે ગાય, બકરી, ભેંસના દૂધમાં વધારે ઓછા રસનો તફાવત છે, તેવી રીતે કર્મોમાં તીવ્ર, મધ્ય, મન્દ રસ ( ફળ ) આપવાની શક્તિ હોવાને **અનુભાગબંધ** અથવા **અનુભવબન્ધ** કહે છે, ઉકત આઠ પ્રકારના કર્મોનો આત્માના પ્રદેશોમાં એક ક્ષેત્રાવગાહરૂપ સંબંધ થવો, તેને **પ્રદેશબંધ** કહે છે. એવી રીતે બન્ધના ચાર ભેદ છે. ૩.

**आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायाः॥४॥**

अर्थ—( आद्यः ) આદિનો બંધ અર્થાત્ પ્રકૃતિબંધ (ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुर्नामगोत्रान्तरायाः) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય એવી રીતે આઠ પ્રકારના છે અર્થાત્ આઠ પ્રકા-

રના સ્વભાવવાળા છે. એમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય **ઘાતિકર્મ** છે અને બાકીના ચાર **અઘાતિકર્મ** છે. ૪.

**पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ॥ ५ ॥**

अर्थ--મૂલપ્રકૃતિના આઠ પ્રકાર કહ્યા, તેમાં (यथाक्रमम्) અનુક્રમે (पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्त्वारिंशद्द्विपञ्चभेदाः) પાંચ, નવ, બે, અઠ્ઠાવીસ, ચાર, બેંતાલીસ, બે અને પાંચ ભેદ છે. भावार्थ—જ્ઞાનાવરણના પાંચ, દર્શનાવરણના નવ, વેદનીયકર્મના બે, મોહનીયકર્મના અઠ્ઠાવીસ, આયુકર્મના ચાર, નામકર્મના બેંતાલીશ, ગોત્રકર્મના બે અને અન્તરાયકર્મના પાંચ ભેદ છે. ૫.

**मतिश्रुतावधिमनःपर्ययकेवलानाम् ॥ ६ ॥**

अर्थ—જ્ઞાનાવરણકર્મના મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યયજ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ એ પાંચ ભેદ છે. આવરણ નામ ઢાંકણ છે. જેવી રીતે કોઈ મૂર્તિ ઉપર કપડાનો પડદો ઢાંકવાથી તે મૂર્તિનો આકાર દેખાતો નથી તેવી રીતે આત્મામાં કેવળજ્ઞાનરૂપ હોવાની શક્તિ છે, પણ તે જ્ઞાનાવરણરૂપ કર્મના પડદાએ સંપૂર્ણ જ્ઞાનોને ઢાંકી રાખ્યા છે. મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણકર્મના કંઇક ક્ષયોપશમથી ઓછું વધતું જ્ઞાન સર્વે જીવોમાં રહે છે, પરંતુ બાકીના સર્વે પ્રકારના જ્ઞાનને

વિજયનેમિસૂરી

ઉક્ત પાંચે પ્રકારનાં કર્મો ઓછાવધતા ઢાંકી રાખે છે. મતિજ્ઞાનને ઢાંકી રાખે અર્થાત્ મતિજ્ઞાન ઉત્પન્ન થવા ન દે, તેને **મતિજ્ઞાનાવરણકર્મ** કહે છે. શ્રુતજ્ઞાન ઉત્પન્ન થવા ન દે, તેને **શ્રુતજ્ઞાનાવરણકર્મ** કહે છે. અવધિજ્ઞાનને ઢાંકી રાખે, તેને **અવધિજ્ઞાનાવરણકર્મ** કહે છે. મનઃપર્યય-જ્ઞાનને આચ્છાદન કરી ઉત્પન્ન થવા ન દે, તેને **મનઃપર્યયજ્ઞાનાવરણકર્મ** કહે છે. અને કેવલજ્ઞાનને આચ્છાદન કરી ઉત્પન્ન થવા ન દે, તેને **કેવલજ્ઞાનાવરણકર્મ** કહે છે. ૬.

**चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचला-प्रचलास्त्यानगृद्धयश्च ॥ ७ ॥**

अर्थ—( चक्षुरचक्षुरवधिकेवलानां ) ચક્ષુદર્શનાવરણ, અ-ચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણ એ ચાર ( च ) અને ( निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यानगृद्धयः ) નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ એ પાંચ નિદ્રાસહિત નવ પ્રકૃતિ દર્શનાવરણ કર્મની છે. જેના ઉદયથી આત્મા ચક્ષુઇન્દ્રિય રહિત એકેન્દ્રિય અથવા વિકલેન્દ્રિય થાય અથવા ચક્ષુઇંદ્રિય સહિત પંચેન્દ્રિય થાય તોપણ તેના નેત્રોમાં દેખવાની સમર્થતા ન હોય અર્થાત્ આંધળો કાણો અથવા ઘણું ઓછું જોતો હોય તેને **ચક્ષુદર્શનાવરણપ્રકૃતિ** કહે છે. જે કર્મના ઉદયથી ચક્ષુ ઇન્દ્રિયથી અતિરિક્ત અન્ય ઇન્દ્રિઓથી દર્શન ( સામાન્યજ્ઞાન ) ન થાય, તેને **અચક્ષુદર્શનાવરણપ્રકૃતિ** કહે છે. અવધિદર્શનથી જે સામાન્ય અવલોકન થાય છે,

તેને આચ્છાદન કરવા (ઢાંકવા) વાળી **અવધિદર્શનાવરણપ્રકૃતિ** છે. કેવલદર્શનદ્વારા જે સમસ્ત દર્શન અથવા સામાન્યાવલોકન નહિ થવા દે, તેને **કેવલદર્શનાવરણ પ્રકૃતિ** કહે છે. મદ, ખેદ, ગ્લાનિ દૂર કરવાને માટે જે શયન કરે છે, તે **નિદ્રાદર્શનાવરણપ્રકૃતિ** છે. નિદ્રા ઉપર નિદ્રા આવવી, તેને **નિદ્રાનિદ્રાદર્શનાવરણપ્રકૃતિ** કહે છે. નિદ્રાનિદ્રાદર્શનાવરણપ્રકૃતિના ઉદયથી નેત્રોને ઉઘાડી નહિ શકે એવી અઘોર નિદ્રા જીવને આવે છે. શોક, ખેદ, મદાદિકથી બેઠાંબેઠાંજ શરીરમાં વિકાર ઉત્પન્ન થાય અને પાંચે ઇન્દ્રિયોના વ્યાપારનો અભાવ થઈ જાય તેને **પ્રચલાદર્શનાવરણપ્રકૃતિ** કહે છે. તેના ઉદયથી જીવ આંખોને કંઈક ઉઘાડી મુકીને સુઈ રહે છે અર્થાત્ સુઈ રહેલો સુતા સુતા પણ કાંઈ જાણે છે; બેઠો બેઠો પણ ફરવા માંડે છે. નેત્રગાત્ર ચલાવ્યા કરે છે દેખતાં છતાં પણ કાંઈ દેખતો નથી. જેના ઉદયથી મુખમાંથી લાળ વહેવા માંડે, અંગ, ઉપાંગ ચલાયમાન થતાં રહે, સોય વગેરે ઘોંચવાથી પણ સચેત ન થાય તેને **પ્રચલાપ્રચલાદર્શનાવરણપ્રકૃતિ** કહે છે. જે નિદ્રાના આવવાથી ચૈતન્ય જેવો થઇને અનેક રૌદ્રકર્મ કરી લેછે અને પછી બેહોશ થઈ જાય છે તથા નિદ્રા પુરી થવા પછી તેને માલુમ પડતું નથી કે મેં શું શું કામ કરી લીધું, તેને **સ્ત્યાનગૃદ્ધિદર્શનાવરણપ્રકૃતિ** કહે છે. એવી રીતે નવ પ્રકારના દર્શનાવરણ પ્રકૃતિના ભેદ છે. ૭.

सदसद्वेद्ये ॥ ८ ॥

अर्थ—( सदसद्वेद्ये ) વેદનીયકર્મના સત્ અને અસત્ અર્થાત્ સાતાવેદનીય અને અસાતાવેદનીય એ બે ભેદ છે. જેના ઉદયથી જીવને શારીરિક માનસિક અનેક પ્રકારની સુખરૂપ સામગ્રીની પ્રાપ્તિ થાય, તેને **સાતાવેદનીયકર્મ** કહે છે. અને જેને કર્મના ઉદયથી દુઃખદાયક સામગ્રીની પ્રાપ્તિ થાય, તેને **અસાતાવેદનીય** કર્મ કહે છે. ૮.

**दर्शनचारित्रमोहनीयाकषायकषायवेदनीयाख्यास्त्रिद्विनवषोडशभेदाः सम्यक्त्वमिथ्यात्वतदुभयान्यऽकषायकषायौ हास्यरत्यरतिशोक-भयजुगुप्सास्त्रीपुन्नपुंसकवेदा अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्या-ख्यानसंज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभाः॥ ९ ॥**

अर्थ—(दर्शनचारित्रमोहनीयाकषायकषायवेदनीयाख्याः) દર્શનમોહનીય, ચારિત્રમોહનીય, અકષાયવેદનીય અને કષાયવેદનીય એ ચાર **મોહનીય**કર્મ અનુક્રમે (त्रिद्विनवषोडशभेदाः) ત્રણ, બે, નવ અને સોળ પ્રકારનાં છે, જેમાંથી **દર્શનમોહનીય** (सम्यक्त्वमिथ्यात्वतदुभयानि) સમ્યકત્વ, મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વ એ ત્રણ પ્રકારના છે. અને **ચારિત્રમોહનીય** (अकषायकषायौ) અકષાયવેદનીય અને કષાયવેદનીય એવી રીતે બે પ્રકારના છે; તેમાંથી અકષાયવેદનીય તો ( हास्यरत्यरतिशोकभयजुगुप्साः ) હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા એ છ તથા (स्त्रीपुंनपुंसकवेदाः)

સ્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ એવી રીતે નવ પ્રકારના (च) અને કષાયવેદનીય ( अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यान-संज्वलनविकल्पाः ) અનન્તાનુબન્ધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલનના ભેદો સહિત (क्रोधमानमायालोभाः) ક્રોધ, માન, માયા અને લોભરૂપ ૧૬ પ્રકારના છે. ભાવાર્થ—મોહનીયકર્મના દર્શનમોહનીય અને ચારિત્ર-મોહનીય એ બે તો મૂળ ભેદ છે, તેમાં દર્શનમોહનીયના સમ્યકત્ત્વ, અને સમ્યગ્મિથ્યાત્વ અથવા મિશ્રમોહનીય એવી રીતે ત્રણ પ્રકાર છે અને ચારિત્રમોહનીયના અકષાય-વેદનીય અને કષાયવેદનીય એ બે ભેદ છે, જેમાંથી [1]અકષાયવેદનીયના હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એવી રીતે નવ પ્રકાર છે. અને કષાયવેદનીના ૧. અનન્તાનુબંધીક્રોધ, ૨. અપ્રત્યાખ્યાનક્રોધ, ૩. પ્રત્યાખ્યાનક્રોધ, ૪. સંજ્વલન ક્રોધ, ૫. અનન્તાનુબંધીમાન, ૬. અપ્રત્યાખ્યાનમાન, ૭. પ્રત્યાખ્યાનમાન, ૮. સંજ્વલનમાન, ૯. અનન્તાનુબંધીમાયા, ૧૦. અપ્રત્યાખ્યાનમાયા, ૧૧. પ્રત્યાખ્યાનમાયા, ૧૨. સંજ્વલનમાયા, ૧૨. અનન્તાનુબંધીલોભ, ૧૪. અપ્રત્યાખ્યાનલોભ, ૧૫. પ્રત્યાખ્યાનલોભ, અને ૧૬. સંજ્વલનલોભ એવી રીતે સોળ પ્રકારના કષાયવેદનીય છે.

---

૧ કિંચિત્‌કષાયરૂપને ઈષિત્‌કષાય, નોકષાય અથવા અકષાયવેદનીય કહે છે. આત્માને કષે અર્થાત્ કલેશિતરૂપ કરે તેને કષાય કહે છે. અહિંયા અકષાય શબ્દનો અર્થ કષાય રહિત નથી, પરંતુ કિંચિત કષાય છે.

જે કર્મના ઉદયથી સર્વજ્ઞભાષિત માર્ગથી પરાઙ્‌મુખતા અને તત્વાર્થશ્રદ્ધાનમાં નિરૂત્સુકતા અથવા નિરૂદ્યમતા તથા હિતાહિતની પરિક્ષામાં અસમર્થતા થાય, તે **મિથ્યાત્વપ્રકૃતિ** છે. જયારે શુભ પરિણામના પ્રભાવથી મિથ્યાત્વનો રસ ઓછો થઇ જાય છે ત્યારે તે શકિતના ઘટવાથી અસમર્થ થઇને આત્માના શ્રદ્ધાનને રોકી શકતો નથી અથવા સમ્યકત્ત્વને બગાડી શકતો નથી ત્યારે જેનો ઉદય થાય છે, તે **સમ્યકત્વપ્રકૃતિ** છે. અને જે કર્મના ઉદયથી તત્વોના શ્રદ્ધાનરૂપ અને અશ્રદ્ધાનરૂપ બન્ને પ્રકારના ભાવ દહીં ગોળના મળેલા સ્વાદની માફક મળેલા હોય છે તેને **સમ્યગ્મિથ્યાત્વપ્રકૃતિ** કહે છે. એ ત્રણે પ્રકૃતિઓ આત્માના સમ્યકત્ત્વભાવનો ઘાત કરવાવાલી છે.

જેના ઉદયથી હસવું આવે તેને **હાસ્યપ્રકૃતિ** કહે છે, જેના ઉદયથી વિષયોમાં ઉત્સુકતા અથવા આસક્તતા થાય, તેને **રતિપ્રકૃતિ** કહેછે અને જેના ઉદયથી રતિમાં (વિષયસેવનમાં) આસક્તતા ન થાય તેને **અરતિપ્રકૃતિ** કહે છે. જેના ઉદયથી શોક, ચિન્તા વગેરે થયાં કરે, તેને **શોકપ્રકૃતિ** કહે છે. જેના ઉદયથી ઉદ્વેગ પ્રગટ થાય, તેને **ભયપ્રકૃતિ** કહે છે. જેના ઉદયથી પોતાના દોષોને આચ્છાદાન કરે (ઢાંકે) અને બીજાના ઉત્કૃષ્ટ શીલાદિક ગુણોમાં દોષ ઉત્પન્ન કરી અવજ્ઞા, તિરસ્કાર અથવા ગ્લાનિરૂપ ભાવ થાય તેને **જુગુપ્સાપ્રકૃતિ** કહે છે. જેના ઉદયથી પુરૂષની સાથે રમવાની ઇચ્છા થાય, તેને **સ્રીવેદપ્રકૃતિ**

કહે છે. જેના ઉદયથી સ્ત્રીની સાથે રમવાની ઇચ્છા થાય તેને **પુરૂષવેદપ્રકૃતિ** કહે છે. જેના ઉદયથી સ્ત્રીપુરૂષ બન્નેની સાથે રમવાની ઇચ્છા તેને **નપુંસકવેદપ્રકૃતિ** કહે છે.

કષાયવેદનીયની ૧૬ પ્રકારની પ્રકૃતિ છે, જેમાંથી મુખ્ય ક્રોધ, માન, માયા અને લોભ એ **ચારકષાય** છે. જેના ઉદયથી પોતાનો અને બીજાનો ઘાત કરવાનાં પરિણામ થાય તથા બીજાનો ઉપકાર કરવાનો અભાવ અથવા ક્રૂર ભાવ થાય, તેને **ક્રોધકષાય** કહે છે. અને જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય, વિદ્યા, રૂપ, ગુણ, તપ, જ્ઞાન વગેરેના ગર્વથી ઉદ્ધતરૂપ તથા બીજા સાથે નમ્ર ન થવા-રૂપ પરિણામ થાય, તેને **માનકષાય** કહે છે. બીજાને ઠગવાની ઇચ્છાથી કુટિલતા, દગો, કપટ વગેરે કરવાં, તેને **માયાકષાય** કહે છે. અને પોતાના ઉપકારક દ્રવ્યમાં અત્યંત અભિલાષા રાખવી, તેને **લોભકષાય** કહે છે. એ ચારે કષાયમાંથી પ્રત્યેકના તીવ્રતર, તીવ્ર, મંદ અને મંદતર એવા ચાર ચાર ભેદ છે. તીવ્રતર ક્રોધ, માન, માયા લોભરૂપ પરિણામોને **અનન્તાનુબન્ધી ક્રોધ, માન, માયા, લોભ** કહે છે, તેનાથી ઓછા તીવ્ર પરિણામોને **અપ્રત્યાખ્યાન ક્રોધ માન માયા લોભ** કહે છે, તીવ્રથી મંદરૂપ પરિણામોને **પ્રત્યાખ્યાનક્રોધમાનમાયા-**

---

૧ સ્ત્રી, પુરૂષ અને નપુંસકોના શરીરમાં જે ગુપ્ત અંગોની રચના હોય છે તે તો નામકર્મના ઉદયથી થાય છે અને ક્રિડા કરવાની ઇચ્છારૂપ જે કાર્ય થાય છે તે વેદકર્મજનિત છે.

લોભ કહે છે, અને મંદતર (તેનાથી પણ મંદ) ક્રોધમાન માયાલોભરૂપ પરિણામોને **સંજ્વલનક્રોધમાનમાયાલોભ** કહે છે.

એવી રીતે પ્રત્યેકના ચાર ચાર ભેદ થવાથી કષાયવેદનીયની સોળ પ્રકૃતિ થઈ. અને તેમાં નવ કષાયવેદનીયની અને ત્રણ દર્શનમોહનીયની મેળવવાથી ૨૮ પ્રકૃતિ મોહનીય કર્મની થઇ. દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ અને અનન્તાનુબન્ધી ક્રોધ માન માયા લોભ એ સાત પ્રકૃતિ સમ્યકત્વનો ઘાત કરનારી છે એટલે એનો ઉદય થવાથી સમ્યકત્વ પ્રાપ્ત થતું નથી અને અપ્રત્યાખ્યાનરૂપ ક્રોધ માન માયા લોભનો ઉદય રહેવાથી શ્રાવકનાં વ્રત થતાં નથી. પ્રત્યાખ્યાન ક્રોધમાન માયા લોભનો ઉદય રહેવાથી જીવને મહાવ્રત થઇ શકતાં નથી. અને સંજ્વલન ક્રોધ માન માયા લોભનો ઉદય રહેવાથી યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થતું નથી. ૯.

હવે આયુકર્મના ચાર ભેદ કહે છે—

**नारकतैर्यग्योनमानुषदैवानि ॥ १० ॥**

अर्थ—નરકાયુ, તિર્યગ્યાયુ, મનુષ્યાયુ, અને દેવાયુ એ પ્રમાણે ચાર પ્રકારની આયુકર્મની પ્રકૃતિઓ છે. જેના સદ્ભાવથી નરકગતિ, તિર્યગ્યગતિ, મનુષ્યગતિ અને દેવગતિ એ ચાર ગતિમાં આત્મા જીવે અને જેના અભાવથી મરણને પ્રાપ્ત થાય, તેને આયુકર્મ કહે છે. ૧૦.

નામકર્મની બેંતાળીસ પ્રકૃતિ કહે છે—

**गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णानुपूर्व्यागुरुलघूपघातपरघातातपोद्योतोच्छ्वासवि-**

हायोगतयः प्रत्येकशरीरत्रसशुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तिस्थिरादेययशःकीर्तिसेतराणि तीर्थकरत्वं च ॥ ११ ॥

अर्थ—( गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसंघातसंस्थानसंहननस्पर्शरसगन्धवर्णानुपूर्व्यागुरुलघूपघातपरघातातपोद्योतोच्छ्वासविहायोगतयः ) ગતિ, જાતિ, શરીર, આંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વ્ય, અગુરૂલઘુ, ઉપઘાત, પરઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ અને વિહાયોગતિ એ એકવીસ તથા ( प्रत्येकशरीरत्रससुभगसुस्वरशुभसूक्ष्मपर्याप्तिस्थिरादेययशःकीर्तिसेतराणि ) પ્રત્યેક શરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્તિ, સ્થિર, આદેય, યશઃકીર્તિ, એ દશ તથા તેનાથી ઉલટા ( પ્રતિપક્ષી ) સાધારણ શરીર, સ્થાવર, દુર્ભગ, દુઃસ્વર, અશુભ, બાદર, અપર્યાપ્તિ, અસ્થિર, અનાદેય અને અયશસ્કીર્તિ એવા દશ ( च ) અને ( तीर्थकरत्वं ) તીર્થંકરત્વ એવી રીતે નામકર્મની ૪૨ પ્રકૃતિ છે. તથા તેમાંથી કોઇ કોઈ પ્રકૃતિના અન્તર ભેદ હોવાથી સંપૂર્ણ ૯૩ પ્રકૃતિ થાય છે.

૧. જેના ઉદયથી આત્મા ભવાન્તર તરફ સન્મુખ થઈને પ્રાપ્ત થાય, તે **ગતિનામકર્મ** છે. તેના ચાર પ્રકાર છે.—નરકગતિ, તિર્યગ્ગતિ, દેવગતિ અને મનુષ્યગતિ. જેના ઉદયથી આત્મા નારકી જીવોનો જન્મ લે તેને **નરકગતિનામકર્મ** કહે છે; જેના ઉદયથી આત્મા તિર્યગ્-ચ યોનિમાં જઇ જન્મ લે, તેને **તિર્યગ્ગતિનામકર્મ**

કહે છે; જેના ઉદયથી આત્મા દેવગતિમાં જઇ જન્મ લે, તેને **દેવગતિનામકર્મ** કહે છે. અને જેના ઉદયથી આત્મા મનુષ્યગતિમાં જઈ મનુષ્યજન્મને પ્રાપ્ત થાય, તેને **મનુષ્યગાતનામકર્મ** કહે છે.

૨. ઉક્ત નરકાદિ ગતિયોમાં જે અવિરોધી સમાન ધર્મોથી આત્માને એક રૂપ કહે, તેને **જાતિનામકર્મ**, કહે છે, તેના પાંચ ભેદ છે-એકેન્દ્રિય જાતિનામકર્મ, બેઈન્દ્રિય જાતિનામકર્મ, ત્રીંદ્રિય જાતિનામકર્મ, ચારઈન્દ્રિય જાતિનામકર્મ અને પચેન્દ્રિય જાતિનામકર્મ. જેના ઉદયથી આત્મા એકેન્દ્રિય જાતિના જીવરૂપ ઉત્પન્ન થાય, તેને **એકેન્દ્રિય જાતિનામકર્મ**, જેના ઉદયથી આત્મા બે ઇન્દ્રિય જાતિના જીવરૂપ ઉત્પન્ન થાય તેને **બે ઈન્દ્રિયજાતનામકર્મ**, જેના ઉદયથી આત્મા ત્રણ ઇન્દ્રિયજાતિના જીવરૂપ ઉત્પન્ન થાય તેને **ત્રણઈન્દ્રિયજાતિનામકર્મ**, જેના ઉદયથી આત્મા ચાર ઈન્દ્રિય જાતિના જીવરૂપ ઉત્પન્ન થાય તેને **ચારઈન્દ્રિયજાતિનામકર્મ** અને જેના ઉદયથી આત્મા પંચેન્દ્રય જાતિના જીવરૂપ ઉત્પન્ન થાય, તેને **પંચેન્દ્રિયજાતિનામકર્મ** કહે છે.

૩. જે કર્મના ઉદયથી આત્માના શરીરની રચના થાય, તેને **શરીરનામકર્મ** કહે છે, તેના પણ પાંચ પ્રકાર છે—ઔદયિકશરીર; વૈક્રયકશરીર, આહારકશરાર. તૈજસશરીર અને કાર્માણુશરીર. જેના ઉદયથી આત્માને ઔદયિકશરીરની રચના થાય, તેને **ઔદારિકશરીર-**

**નામકર્મ**, જેના ઉદયથી આત્માને વૈક્રિયકશરીરની રચના થાય તેને **વૈક્રિયશરીરનામકર્મ**, જેનાં ઉદયથી આત્માને આહારકશરીરની રચના થાય તેને **આહારકશરીરનામકર્મ**, જેના ઉદયથી આત્માને તૈજસશરીરની રચના થાય તેને **તૈજસશરીરનામકર્મ** અને જેના ઉદયથી આત્માને કાર્માણશરીરની રચના થાય તેને **કાર્માણશરીરનામકર્મ** કહે છે.

૪. જેના ઉદયથી અંગ ઉપાંગના ભેદ પ્રગટ થાય, તેને **અંગોપાંગ નામકર્મ** કહે છે. મસ્તક, પીઠ, [૧]હૃદય, બાહુ, ઉદર, જાંઘ, હાથ અને પગ એને તો **અંગ** કહે છે અને તેના ભેદ લલાટ (કપાલ), નાસિકા વગેરે **ઉપાંગ** છે. તેના પણ ત્રણ પ્રકાર છે—ઔદારિકશરીરાંગોપાંગ, વૈક્રિયિકશરીરાંગોપાંગ અને આહારકશરીરાંગોપાંગ છે.

૫. જેના ઉદયથી અંગઉપાંગોની ઉત્પત્તિ થાય તેને **નિર્માણનામકર્મ** કહે છે. એના પણ બે પ્રકાર છે–સ્થાનનિર્માણ અને પ્રમાણનિર્માણ. જાતિનામકર્મના ઉદયથી ચક્ષુ વગેરે અંગઉપાંગોને યોગ્ય સ્થાનમાં નિર્માણ કરે, તે **સ્થાનનિર્માણકર્મ** છે અને ચક્ષુ વગેરે અંગઉપાંગોના યોગ્ય પ્રમાણરૂપ રચના કરે તે **પ્રમાણનિર્માણ** છે.

---

૧ ગોમ્મટસારમાં હૃદયની જગ્યાએ નિતંબ અને જંઘાઓની જગ્યાએ પગ તથા બંને જંઘાઓ અને બંને ભુજાઓ કહી છે. બાહૂમાં હાથનો સમાવેશ કરેલો છે.

૬. જેના ઉદયથી શરીરનામકર્મના કારણથી ગ્રહણ કરેલા આહારવર્ગણાના પુદ્ગલસ્કંધોના પ્રદેશોનું મળવું થાય તે **બન્ધનનામકર્મ** છે, જેના પાંચ પ્રકાર છે–૧. ઔદારિકબંધનનામકર્મ, ૨. વૈક્રિયકબંધનનામકર્મ, ૩. આહારકબંધનનામકર્મ ૪. તૈજસબંધનનામકર્મ અને ૫. કાર્માણબંધનનામકર્મ. જેના ઉદયથી ઔદારિકબંધ થાય તે **ઔદારિકબન્ધનનામકર્મ** છે; જેના ઉદયથી વૈક્રિયકબંધ થાય, તે **વૈક્રિયકબંધનનામકર્મ** છે; જેના ઉદયથી આહારકબંધ થાય તે **આહારકબંધનનામકર્મ** છે; જેના ઉદયથી તૈજસ બંધ થાય તે **તૈજસબંધનનામકર્મ** છે અને જેના ઉદયથી કાર્માણબંધ થાય, તેને **કાર્માણબંધનનામકર્મ** કહે છે.

૭. જેના ઉદયથી ઔદારિક આદિ શરીરોનાં છિદ્રરહિત અન્યોઅન્ય પ્રદેશોના પ્રવેશરૂપ સંઘટન (એકતા) થાય તે **સંઘાતનામકર્મ** છે, તેના પણ પાંચ પ્રકાર છે–૧. ઔદારિકસંઘાત, ૨. વૈક્રિયકસંઘાત, ૩. આહારક સંઘાત, ૪. તૈજસસંઘાત અને ૫. કાર્માણસંઘાત. જેના ઉદયથી ઔદારિક શરીરમાં છિદ્રરહિત સંધિ (જોડ) થાય, તે **ઔદારિકસંઘાતનામકર્મ** છે; જેના ઉદયથી વૈક્રિયક શરીરમાં સંઘાત થાય, તેને **વૈક્રિયકસંઘાતનામકર્મ** કહે છે; જેના ઉદયથી વૈક્રિયક શરીરમાં સંઘાત થાય, તે **આહારકસંઘાતનામકર્મ** છે; જેના ઉદયથી તૈજસ શરીરમાં સંઘાત થાય, તે **તૈજસસંઘાતનામકર્મ** છે

અને જેના ઉદયથી કાર્માણુશરીરમાં સંઘાત થાય તેને **કાર્માણુસંઘાતનામકર્મ** કહે છે.

૮. જેના ઉદયથી શરીરની આકૃતિ ( આકાર ) ઉત્પન્ન થાય, તે **સંસ્થાનનામકર્મ છે**, તેના છ પ્રકાર છે–૧. સમચતુરસ્રસંસ્થાનનામકર્મ, ૨. ન્યગ્રોધપરિમંડલસંસ્થાનનામકર્મ, ૩. સ્વાતિસંસ્થાનનામકર્મ, ૪. કુબ્જકસંસ્થાનનામકર્મ, ૫. વામનસંસ્થાનનામકર્મ અને ૬. હુંડકસંસ્થાનનામકર્મ. જેના ઉદયથી ઉપર, નીચે અને મધ્યમાં સમાન ( સરખા ) વિભાગથી શરીરની આકૃતિ ઉત્પન્ન થાય, તે **સમચતુસ્રસંસ્થાનનામકર્મ** છે; જેના ઉદયથી વડનાં ઝાડની માફક શરીરનો નાભીની નીચેનો ભાગ પાતળો થાય અને ઉપરનો ભાગ સ્થુલ (મોટો) થાય તે **ન્યગ્રોધપરિમંડલસંસ્થાનનામકર્મ** છે; જેના ઉદયથી શરીરનો નીચેનો ભાગ સ્થુલ ( મોટો ) થાય અને ઉપરનો ભાગ પાતળો થાય તે **સ્વાતિસંસ્થાનનામકર્મ છે**; જેના ઉદયથી શરીરના પીઠભાગ ( પાછલા ભાગ ) માં ઘણાં પુદ્‌ગલોનો સમુહ થાય અર્થાત્ કુબડું શરીર થાય, તે **કુબ્જકસંસ્થાનનામકર્મ** છે; જેના ઉદયથી શરીર વધારે નાનું થાય તે **વામનસંસ્થાનનામકર્મ** છે; જેના ઉદયથી શરીરના અંગ ઉપાંગ જોઈએ તે જગ્યાએ ન હોય એટલે ગમેત્યાં હોય, મોટાં નાનાં હોય અથવા સંખ્યામાં વધારે ઓછાં હોય એવી રીતે બેડોલ આકારના શરીરને **હુંડકસંસ્થાનનામકર્મ** કહે છે.

૯. જેના ઉદયથી શરીરનાં હાડ વગેરેના બંધનોમાં વિશેષતા થાય, તે **સંહનનનામકર્મ** છે, તેના છ પ્રકાર છે—૧. વજ્રવૃષભનારાચસંહનન, ૨. વજ્રનારાચસંહનન, ૩. નારાચસંહનન, ૪. અર્ધનારાચસંહનન, ૫. કીલકસંહનન અને ૬. અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનન. નસોથી હાડકાંના બંધાવાનું નામ ઋષભ અથવા **વૃષભ** છે. નારાચ એટલે ખીલારૂપ થવું તે અને સંહનન એટલે હાડકાંનો સમૂહ. જે કર્મના ઉદયથી વૃષભ (વેષ્ટન), નારાચ (કીલ) અને સંહનન (અસ્થિપીંજર) એ ત્રણે વજ્રની માફક અભેદ્ય (ભેદાય નહિ એવાં વજ્ર જેવાં) થાય તે **વજ્રવૃષભનારાચસંહનનનામકર્મ** છે; જેના ઉદયથો સંહનન (હાડપીંજર) તો વજ્રમય થાય અને વૃષભ સામાન્ય થાય, તે **વજ્રનારાચસંહનનનામકર્મ** છે; જેના ઉદયથી હાડ તથા સાંધાઓના કીલા તો હોય પણ વજ્રમય ન હોય અને વજ્રમય વેષ્ટન પણ ન હોય તે **નારાચસંહનનનામકર્મ** છે; જેના ઉદયથી હાડોની સંધી અર્ધકીલિત થાય, તે **અર્દ્ધનારાચસંહનનનામકર્મ** છે. જેના ઉદયથી હાડ પરસ્પર કીલિત થાય તે **કીલિતસંહનનનામકર્મ** છે અને જેના ઉદયથી હાડોની સંધી તો કીલિત ન થાય પરંતુ નસો, સ્નાયુ અને માંસથીજ બંધાયલી હોય તે **અસંપ્રાપ્તાસૃપાટિકાસંહનનનામકર્મ** છે.

૧૦. જેના ઉદયથી શરીરમાં સ્પર્શગુણ પ્રગટ થાય તે **સ્પર્શનામકર્મ** છે, તેના પણ આઠ પ્રકાર છે—

૧. કર્કશસ્પર્શનામકર્મ, ૨. મૃદુસ્પર્શનામકર્મ, ૩. ગુરૂસ્પર્શનામકર્મ, ૪. લઘુસ્પર્શનામકર્મ, ૫. સ્નિગ્ધસ્પર્શનામકર્મ, ૬. રૂક્ષસ્પર્શનામકર્મ, ૭. શીતસ્પર્શનામકર્મ અને ૮. ઉષ્ણસ્પર્શનામકર્મ.

૧૧. જેના ઉદયથી શરીરમાં રસ (સ્વાદ) ઉત્પન્ન થાય તે **રસનામકર્મ** છે તેના પાંચ પ્રકાર છે—૧. તિક્તરસનામકર્મ, ૨. કટુરસનામકર્મ. ૩ કષાયરસનામકર્મ, ૪. આમ્લરસનામકર્મ અને ૫. મધુરરસનામકર્મ.

૧૨. જેના ઉદયથી શરીરમાં ગન્ધ પ્રગટ થાય, તે **ગન્ધનામકર્મ** છે, તેના બે પ્રકાર છે–૧. સુગંધનામકર્મ અને ૨. દુર્ગન્ધનામકર્મ.

૧૩. જેના ઉદયથી શરીરમાં વર્ણ (રંગ) ઉત્પન્ન થાય તે **વર્ણનામકર્મ** છે, તેના પાંચ પ્રકાર છે--૧. શુક્લવર્ણનામકર્મ, ૨ કૃષ્ણવર્ણનામકર્મ, ૩. નીલવર્ણનામકર્મ. ૪. રક્તવર્ણનામકર્મ અને ૫ પીતવર્ણનામકર્મ.

૧૪ પૂર્વ આયુનો નાશ થવાથી પૂર્વના નિર્માણનામકર્મની નિવૃત્તિ થવાથી વિગ્રહગતિમાં જેના ઉદયથી પૂર્વના તૈજસ કાર્માણ શરીરના આકારનો વિનાશ (નાશ) નહિ થાય, તે **આનુપૂર્વ્યનામકર્મ** છે, તેના ચાર ભેદ છે—૧. નરકગતિ પ્રાયોગ્યાનુપૂર્વ્યનામકર્મ, ૨. દેવગતિપ્રાયોગ્યાનુપૂર્વ્યનામકર્મ, ૩. તિર્યગ્ગતિપ્રાયોગ્યાનુપૂર્વ્યનામકર્મ અને ૪. મનુષ્યગતિપ્રાયોગ્યાનુપૂર્વ્યનામકર્મ. જે વખતે મનુષ્ય અગર તિર્યંચનું આયુ પૂર્ણ થાય અને આત્મા શ-

રીરથી જુદો થઇને નરકભવ તરફ જવાને સન્મુખ થાય, તે વખતે માર્ગમાં જેના ઉદયથી આત્માના પ્રદેશો પહેલા શરીરના આકારરૂપજ રહે છે, તે **નરકગતિપ્રાયોગ્યાનુપૂર્વ્ય** છે. એ કર્મનો ઉદય વિહાયોગતિમાંજ થાય છે. એવી રીતે અન્ય ત્રણ આનુપૂર્વ્યનું પણ સમજવું. આ કર્મનો ઉદયકાળ જઘન્ય એક સમય, મધ્યમ બે સમય અને ઉત્કૃષ્ટ ત્રણ સમયમાત્રમાંજ થાય છે.

૧૫. જેના ઉદયથી લોહપિંડની માફક ભારેપણાથી નીચે ન પડે તેમ આંકડાનાં રૂની માફક હલકાપણાથી ઉડી પણ ન જાય તે **અગુરૂલઘુનામકર્મ** છે. અહિયાં શરીરસહિત આત્માના સંબંધમાં અગુરૂલઘુ કર્મપ્રકૃતિ માનેલી છે. અન્યદ્રવ્યોમાં જે અગુરૂલઘુત્વ છે, તે સ્વાભાવિકગુણ છે.

૧૬. જેના ઉદયથી શરીરના અવયવ એવા થાય કે જેનાથી પોતાનુંજ બંધન અથવા ઘાત થાય તે **ઉપઘાતનામકર્મ** છે.

૧૭. જેના ઉદયથી તીક્ષ્ણ સીંગડાં, નખ અથવા સર્પની દાઢમાં વિષ (ઝેર) ઇત્યાદિ બીજાનો ઘાત કરવાવાળા અવયવ થાય તે **પરઘાતનામકર્મ** છે.

૧૮. જેના ઉદયથી આતાપકારી શરીર થાય, તે **આતાપનામકર્મ** છે. આ કર્મનો ઉદય સૂર્યના વિમાનમાં જે બાદર પર્યાપ્ત જીવ પૃથિવીકાયિક મણીરૂપ થાય છે તેમનેજ થાય છે. બીજા જીવોને થતો નથી.

૧૯. જેના ઉદયથી ઉદ્યોતરૂપ શરીર થાય તેને **ઉદ્યોતનામકર્મ** કહે છે. આ કર્મનો ઉદય ચન્દ્રમાના વિમાનના પૃથ્વીકાયિક જીવોને તથા આગિયા વગેરે જીવોને થાય છે.

૨૦. જેના ઉદયથી શરીરમાં ઉચ્છ્વાસ ઉત્પન્ન થાય, તે **ઉચ્છ્વાસનામકર્મ** છે.

૨૧. જેના ઉદયથી આકાશમાં ગમન થાય તે **વિહાયોગતિનામકર્મ** છે, તેના બે પ્રકાર છે–જે હાથી, બળદ વગેરેની ગતિની માફક સુંદર ગમનનું કારણ થાય તે **પ્રશસ્તવિહાયોગતિનામકર્મ** છે. અને જે ઊંટ ગધેડાદિની માફક ખરાબ ગમનનું કારણ થાય તે **અપ્રશસ્તવિહાયોગતિનામકર્મ** છે. મુકત થતી વખતે જીવને તથા ચૈતન્ય વગરના પુદ્ગલને જે ગતિ થાય છે તે સ્વાભાવિક ગતિ છે, તેમાં કર્મજનિત કારણ નથી.

૨૨. જેના ઉદયથી એક શરીર એક આત્માને ભોગવવાનું કારણ થાય તે **પ્રત્યેકશરીરનામકર્મ** છે.

૨૩. જેના ઉદયથી એક શરીર વધારે જીવોને ઉપભોગ કરવાનું કારણ થાય તે **સાધારણનામકર્મ** છે. જેના ઉદયથી અનંત જીવોને આહારાદિ ચાર પર્યાપ્તિ, જન્મ, મરણ, શ્વાસોશ્વાસ, ઉપકાર અને ઉપઘાત એકજ કાળમાં થાય, તે **સાધારણ જીવ** છે. જે કાળમાં આહારાદિ પર્યાપ્તિ જન્મ મરણ શ્વાસોશ્વાસને એક જીવ ગ્રહણ કરે છે; તેજ કાળમાં બીજા પણ અનંત જીવ ગ્રહણ કરે છે. સાધારણ જીવ નિગોદિયા વનસ્પતિકાયમાં થાય છે, અન્ય સ્થાવરકાયમાં થતા નથી.

૨૪. જેના ઉદયથી આત્મા **દ્વિઇન્દ્રિયાદિક** જીવોમાં ઉત્પન્ન થાય, તે **ત્રસનામકર્મ** છે.

૨૫. જેના ઉદયથી પૃથ્વી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિકાયમાં ઉત્પત્તિ થાય, તે **સ્થાવરનામકર્મ** છે.

૨૬. જેના ઉદયથી બીજાને પ્રીતિ ઉત્પન્ન થાય અને જોવાથી બીજા જનોમાં પ્રીતિરૂપ પરિણામ થઈ જાય, તે **સુભગનામકર્મ** છે.

૨૭. જેના ઉદયથી રૂપાદિ ગુણોમાં યુક્ત (યોગ્ય) હોવા છતાં પણ બીજાને અપ્રીતિનું કારણ થાય તે **દુર્ભગનામકર્મ** છે.

૨૮. જેના ઉદયથી મનોજ્ઞ સ્વરની પ્રાપ્તિ થાય તે **સુસ્વરનામકર્મ** છે.

૨૯. જેના ઉદયથી અમનોજ્ઞ સ્વરની પ્રાપ્ત થાય તે **દુઃસ્વરનામકર્મ** છે.

૩૦. જેના ઉદયથી મસ્તક વગેરે સુન્દર અવયવ થાય એટલે જોવામાં રમણીક શરીર થાય તે **શુભનામકર્મ** છે.

૩૧. જેના ઉદયથી મસ્તકાદિ રમણીક નહિ થાય તે **અશુભનામકર્મ** છે.

૩૨. જેના ઉદયથી એવું સૂક્ષ્મ શરીર પ્રાપ્ત થાય કે જે અન્ય જીવોનો ઉપકાર અથવા ઘાત કરવા યોગ્ય નહિ હોય તથા પૃથ્વી, જલ, અગ્નિ, પવનઆદિકથી તે શરીરનો ઘાત નહિ થાય, તથા જેથી પહાડ વગેરેમાં પ્રવેશ કરવાં છતાં પણ રોકાય નહિ, તે **સૂક્ષ્મશરીરનામકર્મ** છે.

૩૩. જેના ઉદયથી બીજાને રોકવાયોગ્ય અથવા બીજાથી રોકવા યોગ્ય શરીર થાય તે **બાદરશરીરનામકર્મ** છે.

૩૪. જેના ઉદયથી પર્યાપ્તિની રચના થાય તે **પર્યાપ્તિનામકર્મ** છે, તેના છ પ્રકાર છે—

૧. આહારપર્યાપ્તિનામકર્મ, ૨. શરીરપર્યાપ્તિનામકર્મ, ૩. ઈન્દ્રિયપર્યાપ્તિનામકર્મ, ૪. પ્રાણાપાનપર્યાપ્તિનામકર્મ, ૫. ભાષાપર્યાપ્તિનામકર્મ અને ૬. મનઃપર્યાપ્તિનામકર્મ. અહિંયા એ પ્રશ્ન થઈ શકે છે કે પ્રાણાપાનપર્યાપ્તિનામ કર્મના ઉદયથી જે ઉદરથી પવનનું નીકળવું અથવા પ્રવેશ થવાનું ફળ તે ઉચ્છ્વાસકર્મના ઉદયનું ફળ પણ છે, તો એ બેમાં વશેષતા શું? તેનો જવાબ એ છે કે—એ બેમાં ઇન્દ્રિય અતિન્દ્રિયનો ભેદ છે અર્થાત્ પંચેન્દ્રિય જીવોને સર્દી ગર્મીના કારણે જે શ્વાસ ચાલે છે અને જેનો શબ્દ સંભળાય છે તથા મોંઢા પાસે હાથ લઇ જવાથી જે સ્પર્શ માલમ પડે છે તે તો ઉચ્છ્વાસનામકર્મના ઉદયથી થાય છે અને જે સમસ્ત સંસારી જીવોને થાય છે અને ઇન્દ્રિયગોચર થતી નથી તે પાણાપાનપર્યાતિના ઉદયથી થાય છે. એકેન્દ્રિય જીવને ભાષા અને મન વગર ચાર પર્યાપ્તિ હોય છે. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, **ચાર ઇન્દ્રિય** અને અસૈની (મનરહિત) પંચેન્દ્રિય જીવોને ભાષા સહિત પાંચ પર્યાપ્તિ હોય છે. અને સૈની (મનસહિત) પંચેન્દ્રિય જીવોને છએ પ્રાપ્તિ હોય છે.

૩૫. જેના ઉદયથી જીવ છએ પર્યાપ્તિમાંથી એક પણ પર્યાપ્તિને પૂરી ન કરી શકે તે **અપર્યાપ્તિનામકર્મ** છે.

૩૬. જેના ઉદયથી સપ્ત ધાતુ અને ઉપધાતુ પોતપોતાના સ્થાનમાં સ્થિરતાને પ્રાપ્ત થાય, કઠણ ઉપવાસાદિક તપશ્ચરણથી પણ અંગ ઉપાંગોમાં સ્થિરતા કાયમ રહે, તે **સ્થિરનામકર્મ** છે. રસ, રૂધિર, માંસ, મેદ, હાડ, મજ્જા અને વીર્ય એ **સાત ધાતુ** છે. વાત, પિત્ત, કફ, શિરા, સ્નાયુ, ચામડી અને જઠરાગ્નિ એ સાત **ઉપધાતુ** છે.

૩૭. જેના ઉદયથી કિંચિત્ ઉપવાસાદિક કરવાથી તથા કિંચિત્ માત્ર **શીતઉષ્ણાદિકના** કારણથી અંગ, ઉપાંગ કૃશ થઇ જાય, અને ધાતુ ઉપધાતુઓની સ્થિરતા ન રહે તે **અસ્થિરનામકર્મ** છે.

૩૮. જેના ઉદયથી **પ્રભાસહિત** શરીર થાય, તે **આદેયનામકર્મ** છે.

૩૯. જેના ઉદયથી શરીર પ્રભારહિત થાય, તે **અનાદેયનામકર્મ** છે.

૪૦. જેના ઉદયથી પુણ્યરૂપગુણોની પ્રખ્યાતિ પ્રગટ થાય, તે **યશઃકીર્તિનામકર્મ** છે.

૪૧. જેના ઉદયથી પાપરૂપગુણોની ખ્યાત થાય, તે **અયશઃકીર્તિનામકર્મ** છે.

૪૨. જેના ઉદયથી **અચિન્ત્યવિભૂતિસંયુક્ત** તીર્થંકરપણાની પ્રાપ્તિ થાય, તે **તિર્થંકરનામકર્મ** છે.

એવી રીતે નામકર્મની ૪૩ પ્રકૃતિઓ છે અને તેના અવાન્તર ભેદોને એકઠા કરવાથી કુલ્લે ૯૩ પ્રકૃતિ થાય છે, તેમાંથી પહેલી પ્રકૃતિને પાડ(ભેદવાળી)પ્રકૃતિ કહે છે.૧૧.

**હવે ગોત્રકર્મની** પ્રકૃતિ કહે છે—

**उच्चैर्नीचैश्च ॥ १२ ॥**

अर्थ—(उच्चैः) ઉચ્ચગોત્ર (च) અને (नीचैः) નીચગોત્ર એ બે પ્રકૃતિ ગોત્રકર્મની છે. જેના ઉદયથી લોકપૂજ્ય, ઇક્ષ્વાકુઆદિ ઉચ્ચ કુળોમાં જન્મ થાય તે **ઉચ્ચગોત્રકર્મ** છે. અને જેના ઉદયથી નિન્દ્ય, દરિદ્રી, અપ્રસિદ્ધ, દુઃખથી આકુલીત ચાંડાલ વગેરે **નીચ કુળોમાં** જન્મ થાય, તે **નીચગોત્રકર્મ** છે.

હવે અન્તરાયકર્મની ૫ પ્રકૃતિ કહે છે—

**दानलाभभोगोपभोगवीर्याणाम् ॥ १३ ॥**

अर्थ—દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય એ પાંચેમાં વિઘ્ન કરે, તે પાંચ પ્રકારના અન્તરાયકર્મ છે. જેના ઉદયથી દાન આપવા ચાહે, પણ તેનાથી દાન અ-પાય નહિ તે **દાનાન્તરાયકર્મ** છે. જેના ઉદયથી લાભ મેળવવાની ઇચ્છા કરે, પણ તે લાભ મેળવી શકે નહિ તે **લાભાન્તરાયકર્મ** છે. જેના ઉદયથી ભોગ ભોગવવાને ચાહે પણ ભોગવવાને સમર્થ ન થાય તે **ભોગાન્તરાય-કર્મ** છે. જેના ઉદયથી ઉપભોગ કરવામાં સમર્થ ન થાય તે **ઉપભોગાન્તરાયકર્મ** છે. જેના ઉદયથી શરીરમાં સા-મર્થ્ય (બળ)ની પ્રાપ્તિ ન થાય, તે **વીર્યાન્તરાયકર્મ** છે. ધૂપ, અત્તર, પુષ્પ, સ્નાન, તામ્બૂલ, અંગરાગ, ભોજન-પાનાદિક જે એકજવાર ભોગવવામાં આવે છે તેને **ભોગ** કહે છે અને શયન, આસન, સ્ત્રી, આભરણ (ઘરેણાં) હાથી, ઘોડા વગેરે જે અનેકવાર ભોગવવામાં આવે છે, તે **ઉપભોગ** છે. ૧૩.

એવી રીતે જ્ઞાનાવરણાદિ આઠ કર્મોની ઉત્તમ પ્રકૃતિઓના બંધના ભેદ કહ્યા. હવે **સ્થિતિબંધને** કહે છે. કર્મ પોતાના સ્વભાવને છોડીને જેટલા કાળ સુધી આત્માથી જુદા ન થાય તેને સ્થિતિબંધ કહે છે, તેના બે પ્રકાર છે—**જઘન્યસ્થિતિબંધ** અને **ઉત્કૃષ્ટસ્થિતિબંધ.** તેમાંથી પહેલાં સંપૂર્ણ (આઠ) કર્મોના ઉત્કૃષ્ટસ્થિતિબંધનું પ્રમાણ કહે છે—

**आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥ १४ ॥**

अर्थ—(आदितः) આદિના (तिसृणां) ત્રણ કર્મોની અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીયકર્મની (च) અને (अन्तरायस्य) અન્તરાયકર્મની (परास्थितिः) ઉત્કૃષ્ટ સ્થિતિ (त्रिंशत्सागरोपमकोटीकोट्यः) ત્રીસ કોડાકોડી સાગરની છે. તે ઉત્કૃષ્ટસ્થિતિનો બંધ મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી (મનસહિત) પંચેન્દ્રિય પ્રર્યાપ્તક જીવોને થાય છે. ૧૪,

**सप्ततिर्मोहनीयस्य ॥ १५ ॥**

अर्थ—(मोहनीयस्य) મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (सप्ततिः) સિત્તેર કોડાકોડી સાગરની છે. ૧૫.

**विंशतिर्नामगोत्रयोः ॥ १६ ॥**

अर्थ—(नामगोत्रयोः) નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (विंशतिः) વીસ કોડાકોડી સાગરની છે. ૧૭.

त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुषः ॥ १७ ॥

अर्थ—(आयुषः) આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (त्रयस्त्रिंशत्-सागरोपमाणि) તેત્રીસ સાગરની છે. ૧૭.

હવે સંપૂર્ણ કર્મોની જઘન્યસ્થિતિ કહે છે—

अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ॥ १८ ॥

अर्थ—(वेदनीयस्य) વેદનીયકર્મની (अपरा) જઘન્ય સ્થિતિ (द्वादशमुहूर्त्ताः) બાર [1]મુહૂર્ત્તની છે. ૧૮.

नामगोत्रयोरष्टौ ॥ १९ ॥

अर्थ—(नामगोत्रयोः) નામકર્મ અને ગોત્રકર્મની જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ (अष्टौ) આઠ મુહૂર્ત્તની છે. ૧૯.

शेषाणामन्तर्मुहूर्त्ता ॥ २० ॥

अर्थ—(शेषाणाम्) બાકીના જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અન્તરાય અને આયુ એ પાંચે કર્મોની જઘન્ય સ્થિતિ (अन्तर्मुहूर्त्ता) [2]અન્તર્મુહૂર્ત્તની છે. ૨૦.

એવી રીતે સ્થિતિબંધ કહ્યા. હવે અનુભવબંધ ( અનુભાગબંધ ) નું વર્ણન કહે છે—

विपाकोऽनुभवः ॥ २१ ॥

अर्थ—( विपाकः ) કર્મોના જે વિપાક છે અર્થાત્ તેમાં

૧ ઉડતાલીશ (૪૮) મિનિટ જેટલા વખતને એક મુહૂર્ત્ત કહે છે. એક મુહૂર્ત્તમાં ૩૭૭૩ શ્વાસોશ્વાસ થાય છે.

૨ આવલીની ઉપર અને મુહૂર્ત્તની નીચેના કાળને અન્તર્મુહૂર્ત્ત કહે છે. એક શ્વાસમાં અસંખ્યાત આવળી થાય છે.

જે ફળ આપવાની શક્તિનું હોવું અને તે ઉદયમાં આવીને અનુભવ થવા માંડવો તેજ (अनुभवः) અનુભવ અથવા **અનુભાગબંધ** છે.

भावार्थ—તીવ્ર મંદ કષાયરૂપ જે પ્રકારના ભાવોથી કર્મોનો આસ્રવ થયો છે તે પ્રમાણે કર્મોની ફળદાયક શક્તિની તીવ્રતા મંદ થવાને અનુભાગબંધ કહે છે. ૨૧.

**स यथानाम ॥ २२ ॥**

अर्थ—(सः) તે અનુભાગબંધ (यथानाम) કર્મની પ્રકૃતિયોના નામાનુસારજ થાય છે. भावार्थ—જેવાં પ્રકૃતિઓનાં નામ છે તેવોજ તેનો અનુભવ થાય છે. જેમકે જ્ઞાનાવરણકર્મનું ફલ જ્ઞાનનું ઢાંકવું છે અને દર્શનાવરણકર્મનું ફલ દર્શનશક્તિને રોકવી તે છે. એવી રીતે મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિઓમાં જેનું જેવું નામ છે, તેવીજ ફલદાન શક્તિ છે અને તેજ અનુભવ છે. ૨૨.

**ततश्च निर्जरा ॥ २३ ॥**

अर्थ—(ततः) તે અનુભાગબંધની પછી અર્થાત્ કર્મ ઉદયમાં આવી પોતપોતાના તીવ્ર, મંદ રસ (ફલ) આપે છે તેના પછી તે કર્મોની (निर्जरा) નિર્જરા થઈ જાય છે અર્થાત્ જે કર્મ છે તે પોતાનું ફલ આપીને આત્માથી પૃથક્ થઇ જાય છે, તેને **નિર્જરા** કહે છે, જે બે પ્રકારની છે—૧. સવિપાકનિર્જરા, ૨. અવિપાકનિર્જરા; કર્મોનો ઉદયકાળ આવવાથી તે રસ (ફલ) આપીને પોતાની મેળે ખરી પડે તેને **સવિપાકનિર્જરા** કહે છે. એ સવિપાક

નિર્જરા ચારેગતિમાં રહેવાવાળા સંસારી જીવોને થયા કરે છે અને કર્મોનો ઉદયકાળ આવ્યા વગરજ તેને તપશ્ચરણાદિ કરીને અનુદય અવસ્થામાંજ ખરી પાડવાં તેને **અવિપાકનિર્જરા** કહે છે. આ સૂત્રમાં च શબ્દ આવેલો છે તે આગળ જે ( तपसा निर्जरा च ) એવું સૂત્ર કહીશું તે સૂત્રના અર્થનો સંગ્રહ કરવાને માટે છે. ૨૩.

હવે **પ્રદેશબંધનું** સ્વરૂપ કહે છે—

**नामप्रत्ययाः सर्वतो योगविशेषात्सूक्ष्मैकक्षेत्रावगाहस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ॥ २४ ॥**

अर्थ—( नामप्रत्ययाः ) જ્ઞાનાવરણાદિક અષ્ટ કર્મોની પ્રકૃતિયોના કારણભૂત અને ( सर्वतः ) સમસ્ત ભવોમાં અથવા સર્વે કાળમાં ( योगाविशेषात् ) મન, વચન, કાયની ક્રિયારૂપ યોગોથી ( सर्वात्मप्रदेशेषु ) આત્માના સમસ્ત પ્રદેશોમાં ( सूक्ष्मैकक्षेत्रावगाहस्थिताः ) સૂક્ષ્મ તથા એકક્ષેત્રાવગાહનરૂપ રહેલા એવા જે ( अनन्तानन्तप्रदेशाः ) અનન્તાનન્ત કર્મપુદ્ગલોના પ્રદેશ છે, તેને **પ્રદેશબંધ** કહે છે. भावार्थ—આત્માના મન વચન કાયરૂપ યોગદ્વારા ત્રણ કાલમાં બંધન કરવાવાલાં જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મપ્રકૃતિયોના કારણભૂત તથા આત્માના સમસ્ત પ્રદેશોમાં, વ્યાપ્ત થઈને કર્મરૂપ પરિણમવા યોગ્ય સૂક્ષ્મ અને જે ક્ષેત્રમાં આત્મા રહેલો હોય તેજ ક્ષેત્રને અવગાહન કરી સ્થિરરૂપ રહેવાવાળા એવા અનન્તાઅનન્ત પ્રદેશરૂપ પુદ્ગલ સ્કન્ધોને **પ્રદેશબંધ** કહે છે. ૨૪.

હવે બંધ પદાર્થના અન્તર્ભૂત પુણ્યબંધ અને પાપબંધ પણ છે, તેથી પ્રથમ **પુણ્યબંધની પ્રકૃતિઓ** કહે છે—

**सद्वेद्यशुभायुर्नामगोत्राणि पुण्यम् ॥ २५ ॥**

अर्थ—( सद्वेद्यशुभायुर्नामगोत्राणि ) સાતાવેદનીય, શુભઆયુ, શુભનામ અને શુભગોત્ર એ ( पुण्यम् ) પુણ્યરૂપ પ્રકૃતિયો છે. આઠ કર્મોથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર કર્મોને **ઘાતિયાકર્મ** કહે છે. એ ચારે કર્મ આત્માના અનુજીવી ગુણોને ઘાત કરે છે, એ કારણથી તે ચાર કર્મોને ઘાતિયાકર્મ કહે છે. અને વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર કર્મ આત્માના ગુણોને ઘાત કરતા નથી એ કારણથી તેમને **અઘાતિઆકર્મ** કહે છે. ચારે ઘાતિઆકર્મ અશુભ ( પાપ ) રૂપજ છે, પરંતુ અઘાતિઆકર્મ પુણ્ય અને પાપ બન્નેરૂપે છે, તેમાંથી ૩૮ પ્રકૃતિ નીચે મુજબ પુણ્યરૂપ છે—સાતાવેદનીય, તિર્યંચાયુ; મનુષ્યાયુ, દેવઆયુ અને ઉચ્ચ ગોત્ર, એ **પાંચ** અને નામકર્મની **૬૩ પ્રકૃતિ**-મનુષ્યગતિ ૧, દેવગતિ ૧, પંચેન્દ્રિયજાતિ ૧, શરીર ૫, આંગોપાંગ ૩, નિર્માણ ૧, બંધન ૫, સંઘાત ૫, સમચતુરસ્રસંસ્થાન ૧, વજ્રવૃષભનારાચસંહનન ૧, પ્રશસ્તસ્પર્શ ૮, પ્રશસ્તરસ ૫, પ્રશસ્તગંધ ૨, પ્રશસ્તવર્ણ ૫, મનુષ્યગત્યાનુપૂર્વ્ય ૧, દેવગત્યાનુપૂર્વ્ય ૧, અગુરુલઘુ ૧, પરઘાત ૧, ઉચ્છ્વાસ ૧, આતપ ૧, ઉદ્યોત ૧, પ્રશસ્ત-

વિહાયોગતિ ૧, પ્રત્યેક શરીર ૧, ત્રસ ૧, સુભગ ૧, સુસ્વર ૧, શુભ ૧, બાદર ૧, પર્યાપ્તિ ૧, સ્થિર ૧, આદેય ૧, યશઃકીર્તિ ૧, અને તીર્થંકરત્વ ૧, એ ૬૩. એવી રીતે સર્વ પ્રકૃતિ મેળવીએ તો કુલ્લે ૬૮ પ્રકૃતિ શુભ (પુણ્યમય) છે. ૨૫.

હવે પાપબંધની પ્રકૃતિઓ કહે છે—

अतोऽन्यत्पापम् ॥ २६ ॥

अर्थ-(अतः) ઉક્ત ૬૮ પ્રકૃતિયોથી અતિરિક્ત (अन्यत्) બાકીની કર્મપ્રકૃતિયો (पापम्) પાપરૂપ અશુભ છે અર્થાત્ જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૯, મોહનીયની ૨૮, અન્તરાયની ૫, અસાતાવેદનીયની ૧, નરકાયુ ૧, નીચ ગોત્ર ૧, નામકર્મની ૫૦ (જેમાં સ્પર્શાદિ ૨૦ અને અપ્રશસ્ત પણ છે.), નરકગતિ ૧, તિર્યગ્ગતિ ૧, એકેન્દ્રિયાદિ જાતિ ૪, સંસ્થાન ૫, સંહનન ૫, નરકગત્યાનુપૂર્વ્ય ૧, તિર્યગ્ગતિગત્યાનુપૂર્વ્ય ૧, ઉપઘાત ૧, અપ્રશસ્તવિહાયોગતિ ૧, સ્થાવર ૧, સૂક્ષ્મ ૧, અપર્યાપ્તિ ૧, સાધારણ શરીર ૧, અશુભ ૧, દૂર્ભગ ૧, અસ્થિર ૧, દુઃસ્વર ૧, અનાદેય ૧, અયશઃકીર્તિ ૧, એ સર્વ પ્રકૃતિ મળીને ૧૦૦ પ્રકૃતિ અશુભરૂપ પાપ પ્રકૃતિ છે. ૨૬.

इतिश्रीमदुमास्वामीविरचितेतत्त्वार्थाधिगमे

मोक्षशास्त्रेऽष्टमोऽध्यायः ॥ ८ ॥

# अथ नवमोऽध्यायः लिख्यते

**સંવરનું સ્વરૂપ કહે છે—**

**आस्रवनिरोधः संवरः ॥ १ ॥**

अर्थ—( आस्रवनिरोधः ) આસ્રવનો નિરોધ કરવો ( રોકવો ) તેને ( संवरः ) સંવર કહે છે. અર્થાત્ કર્મો આ-વવાના નિમિત્તરૂપ મન વચન અને કાયના યોગ તથા મિથ્યાત્વ કષાયાદિકોનો નિરોધ થવાથી જે અનેક સુખ દુઃખોના કારણરૂપ કર્મોની પ્રાપ્તિનો અભાવ થવો તેને **સંવર** કહે છે. તે સંવર બે પ્રકારના છે—૧ દ્રવ્યસંવર ૨. ભાવસંવર. પુદ્‌ગલમય કર્મોના આસ્રવનું રોકવું તે **દ્રવ્ય સંવર** છે અને જે દ્રવ્યમય આસ્રવોને રોકવામાં કારણરૂપ આત્માના ભાવ થવા તેને **ભાવસંવર** કહે છે. ૧.

**स गुप्तिसमितिधर्म्मानुप्रेक्षापरीषहजयचारित्रैः ॥ २ ॥**

अर्थ— ( सः ) તે સંવર ( गुप्तिसमितिधर्मानुप्रेक्षापरी-षहजयचारित्रैः ) ત્રણ ગુપ્તિથી, પાંચ સમિતિથી, બાર અનુપ્રેક્ષાનાચિંતવનથી, બાવીસ પરીષહોને જીતવાથી અને પાંચ પ્રકારનાંચારિત્ર પાળવાથી એમ છ કારણોથી થાય છે. સંસારપરિભ્રમણના કારણોથી આત્માની રક્ષા કરવી અ-ર્થાત્ તેને ન થવા દેવા તેને **ગુપ્તિ** કહે છે. ૨. પોતાના શરીરથી બીજા અન્ય જીવોને પીડા ન થવાની ઇચ્છાથી યત્નાચારપૂર્વક પ્રવૃત્તિ કરવી તેને **સમિતિ** કહે છે. જે પોતાના ઇષ્ટ સ્થાનમાં ધારણ કરે ( લઈ જાય ) તેને

ધર્મ કહે છે. શરીરાદિક પરદ્રવ્ય અને આત્માના સ્વરૂપનું વારંવાર ચિંત્તવન કરવું તેને **અનુપ્રેક્ષા** કહે છે. ક્ષુધા-તૃષાદિની વેદના આવવાથી તે કલેશરહિત પરિણામોથી સહન કરી લેવું તેને **પરિષહજય** કહે છે. અને સંસારીક પરિભ્રમણના કારણરૂપ ક્રિયાઓનો ત્યાગ કરવો, તેને **ચારિત્ર** કહે છે. એવી રીતે, ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહજય અને ચારિત્ર એ છ કારણોથી આસ્રવના નિરોધરૂપ **સંવર** થાય છે. ૨.

**तपसा निर्जरा च ॥ ३ ॥**

अर्थ—(तपसा) બાર પ્રકારનાં તપ કરવાથી (निर्जरा) નિર્જરા (च) અને સંવર એ બંને થાય છે. જોકે દશ પ્રકારના ધર્મોમાં તપ આવી ગયું છે, પરન્તુ સમસ્ત પ્રકારના સંવરોમાં તપ એક પ્રધાન કારણ છે, તેથી તેને જુદું કહ્યું છે. તપના પ્રભાવથી નવા કર્મોનો સંવર (નિરોધ) થાય છે. અને સત્તામાં રહેવાવાલા પ્રાચીન બંધનરૂપ કર્મોની નિર્જરા પણ થાય છે. જોકે તપનું ફળ સ્વર્ગ રાજ્યાદિકની પ્રાપ્તિ થવી પણ છે, પરન્તુ પ્રધાનતાથી સમસ્ત કર્મોનો ક્ષય ( નાશ ) કરી આત્માને મુક્ત કરવો, તેજ તેનું ફળ છે. જેમકે ખેતી કરવાનું ફળ મુખ્ય તો ધાન્ય ઉત્પન્ન થવું છે, પણ ગૌણતાથી ઘાસ પણ થાય છે, તેવી રીતે તપનું પણ ફળ છે. ૩.

**सम्यग्योगनिग्रहो गुप्तिः ॥ ४ ॥**

अर्थ—( सम्यक् ) સારીરીતે અર્થાત્ વિષયસુખાભિલાષારહિત (योगानिग्रहः) મન વચન કાયની યથેષ્ટ પ્રવૃત્તિને

રોકવી તેને (गुप्तिः) **ગુપ્તિ** કહે છે. ગુપ્તિ ત્રણ પ્રકારની છે. મનના યોગને સારી રીતે રોકવો તેને **મનોગુપ્તિ** કહે છે, વચનયોગને સારીરીતે રોકવો તેને **વચનગુપ્તિ** કહે છે અને કાયયોગને સારીરીતે રોકવો તેને **કાયગુપ્તિ** કહે છે. ૪.

**ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः समितयः ॥ ५ ॥**

अर्थ—(ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गाः) ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગ એ પાંચ (समितयः) **સમિતિ** છે. ઉપરના સૂત્રમાં જે સમ્યગ્ શબ્દ આવેલો છે, તેની [1]અનુવૃત્તિ આ પાંચમાં આવે છે અર્થાત્ સમ્યગીર્યા, સમ્યગ્ભાષા. સમ્યગેષણા, સમ્યગાદાનનિક્ષેપણ અને સમ્યગુત્સર્ગ એવી રીતે સમિતિના પાંચ સાર્થક નામ છે. ૧. જીવોની ઉત્પત્તિ, સ્થાન, યોનિ વગેરેના જાણકાર મુનિ ધર્માર્થ યત્નમાં સાવધાન થઈને, સૂર્યોદયની પછી, જયારે નેત્રોમાં વિષયગ્રહણ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થઈ જાય અને મનુષ્યતિર્યંચોના ચાલવાથી મર્દિત થઇને માર્ગ પ્રાસુક થઇ જાય ત્યારે એવા માર્ગમાં જુડાપ્રમાણ (પોતાના હાથથી સાડાત્રણ હાથ પ્રમાણ) આગળની જમીનને સારી રીતે જોઇને ધીરે ધીરે ચાલે, તે મુનિને પૃથ્વીકાય જલકાયાદિ જીવોની હિંસાના અભાવથી **સમ્યગીર્યાસમિતિ** થાય છે. ૨. હિત (અન્ય જીવોને હિતકારી) મિત (થોડા)

૧ જે શબ્દ ઉપરના સૂત્રમાંથી ગ્રહણ કરેલો હોય તે અનુવૃત્તિપદ કહેવાય છે.

સંદેહ રહિત પ્રિયવચન બોલવાં, તેને **સમ્યગભાષાસમિતિ** કહે છે. ૩. દિવસમાં એક વખત નિર્દોષ આહાર ગ્રહણ કરવો, તેને **સમ્યગેષણાસમિતિ** કહે છે. ૪. શરીર, પુસ્તક, કમંડલ વગેરે ઉપકરણોને આંખોથી જોઈને અને પીંછીથી સોધીને (સાફ કરીને) ગ્રહણ કરવારૂપ પ્રવૃત્તિ રાખવી, તેને **સમ્યગાદાનનિક્ષેપણસમિતિ** કહે છે. ૫. અને ત્રસ સ્થાવર જીવોને પીડા ન થાય, એવી શુદ્ધ જીવજંતુરહિત ભુમિ ઉપર મલમૂત્રાદિ ક્ષેપણ કરવું અને પ્રાસુક જળથી શૌચક્રિયા કરવી, તેને **સમ્યગુત્સર્ગ-સમિતિ** કહે છે.

હવે **ધર્મનું સ્વરૂપ** અને તેના પ્રકાર કહે છે—

**उत्तमक्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागा-**
**किञ्चन्यब्रह्मचर्याणि धर्मः ॥ ६ ॥**

અર્થ—(उत्तमक्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिञ्चन्य-ब्रह्मचर्याणि ) ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ, ઉત્તમઆર્જવ, ઉત્તમશૌચ, ઉત્તમસત્ય, ઉત્તમસંયમ, ઉત્તમતપ, ઉત્તમત્યાગ, ઉત્તમઆકિંચન અને ઉત્તમબ્રહ્મચર્ય એ દશ (धर्मः) ધર્મ છે. દુષ્ટ લોકોના દુર્વચનોથી તિરસ્કાર, હાસ્ય, તાડન, મારણાદિ ક્રોધની ઉત્પત્તિનાં કારણ થવાથી પણ પરિણામોમાં મલીનતાનો અભાવ રાખવો, તેને **ઉત્તમ-ક્ષમાધર્મ** કહે છે. ૨. ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ, રૂપ, વિજ્ઞાન, ઐશ્વર્ય, બળ વગેરે વિદ્યમાન હોવા છતાં પણ માન (ગર્વ) નહિં કરવો, તેને **ઉત્તમમાર્દવધર્મ** કહે છે અથવા

અન્યદ્વારા (બીજાથી) તિરસ્કારાદિક થવાથી અભિમાન કરવો નહિ, તેને **ઉત્તમમાર્દવધર્મ** કહે છે. ૩. મનવચનકાયની કુટિલતાનો (વક્રતાનો) અભાવ કરવો, તેને **ઉત્તમઆર્જવધર્મ** કહે છે. ૪. અન્યનાં ધન સ્ત્રી વગેરેમાં અભિલાષાનો (લોભનો) અભાવ, તથા પરિણામોને મલીન કરવાવાળા લોભનો અભાવ, તેને **ઉત્તમશૌચધર્મ** કહે છે. ૫. પ્રશસ્ત પુરૂષોમાં સુંદર સત્ય વચન બોલવું, તેને **ઉત્તમસત્યધર્મ** કહે છે. ૬. સંયમ બે પ્રકારના છે–૧. પ્રાણિસંયમ, ૨. ઇન્દ્રિયસંયમ. ઈર્યાસમિતિ આદિકમાં પ્રવર્ત્તતા મુનિ અન્ય જીવોની રક્ષાને માટે એકેન્દ્રિયાદિક પ્રાણિયોને પીડા કરવાનો ત્યાગ કરે, તેને **પ્રાણિસંયમ**કહે છે. અને શબ્દ, રૂપ, ગંધ અને સ્પર્શરૂપ ઇન્દ્રિયોના વિષયોમાં રાગનો અભાવ થવો, તેને **ઈન્દ્રિયસંયમ** કહે છે. ૭. કર્મોનો ક્ષય કરવાને માટે અનશનાદિ બાર પ્રકારનાં તપ કરવાં, તેને **ઉત્તમતપધર્મ** કહે છે. ચેતનઅચેતનરૂપ બાહ્યાભ્યંતર પરિગ્રહનો ત્યાગકરવો તેને **ઉત્તમત્યાગધર્મ** કહે છે. આત્મસ્વરૂપથી ભિન્ન શરીરાદિકમાં મમત્વરૂપ પરિણામોનો અભાવ, તેને **ઉત્તમઆકિંચનધર્મ** કહે છે. ૧૦. પોતાની તથા બીજાની સ્ત્રીના વિષયમાં જે રાગાદિરૂપ તથા વિષયસેવનરૂપ ભાવ થાય છે તેના અભાવને અને બ્રહ્મ (પોતાના આત્મા)માંજ રમણ કરવું, તેને **ઉત્તમબ્રહ્મચર્યધર્મ** કહે છે. એવી રીતે ઉક્ત દશધર્મ સંવરને માટે ધારણ કરવા જોઇએ. એ ધર્મોમાં **ઉત્તમ** શબ્દ છે તે એ માટે છે કે પોતાની ખ્યાતિ, લાભ, પૂજા, પ્રતિષ્ઠાદિકને

માટે એ ધર્મ ધારણ કરે તો તે ઉત્તમ ધર્મ નથી; ખ્યાતિ, લાભાદિકની ઇચ્છા રહિત ધર્મોને ધારણ કરવા તેજ ઉત્તમધર્મ કહેવાય છે. ૬.

**હવે અનુપ્રેક્ષાનું સ્વરૂપ અને તેના પ્રકાર કહે છે—**

**अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्रवसंवरानिर्ज्जरालोकबोधिदुर्ल्लभधर्म्मस्वाख्यातत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ॥ ७ ॥**

अर्थ—( अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्यातत्त्वानुचिन्तनम् ) અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા લોક, બોધિદુર્લભ, અને ધર્મસ્વાખ્યાતત્વ એ બારના સ્વરૂપને વારંવાર ચિન્તવન કરવું, તેને (अनुप्रेक्षाः) અનુપ્રેક્ષા (ભાવના) કહે છે. ૧. ઇન્દ્રિયોના વિષય, ધન, યોવન, જીવીતવ્ય વગેરે જળના પરપોટાની માફક અર્થાત્ વીજળીની માફક અસ્થિર છે—**અનિત્ય** છે—જોતજોતામાં નષ્ટ થવાવાળા છે, એવી રીતે ચિંત્તવન કરવું, તેને **અનિત્યાનુપ્રેક્ષા** કહે છે. ૩. જંગલના એકાન્ત સ્થાનમાં સિંહથી પકડાયલા હરણને કોઈ શરણ નથી, તેવીજ રીતે આ સંસારમાં આ જીવને સંસારીક દુઃખો દૂર કરવા અથવા કાળના પંજામાં પડતી વખતે કોઇ પણ રક્ષા કરવાવાળો (શરણ) નથી એવી રીતે ચિન્તવન કરવું, તેને **અશરણાનુપ્રેક્ષા** કહે છે. ૩. આ જીવ નિરન્તર એક શરીરથી બીજા શરીરમાં એવી રીતે અનેક દેહમાં જન્મ લેતો, ચતુર્ગતિમાં પરિભ્રમણ કરતો રહે છે અને સંસાર દુઃખમય છે, એવી

રીતે સંસારના સ્વરૂપનું ચિન્તવન કરવું, તેને **સંસારાનુપ્રેક્ષા** કહે છે. ૪. જન્મ, જરા, મરણ, રોગ, વિયોગાદિ મહાદુઃખોમાં પોતાને કોઈ સહાય નથી તેમ પુત્ર, મિત્ર, સ્ત્રી, કોઈ પણ તેને સહાય નથી, એવી રીતે ચિન્તવન કરવું અર્થાત્ સુખદુઃખ સહન કરવામાં હું એકલોજ છું, મારો કોઈ સાથી નથી, એવો વિચાર કરવો તેને **એકત્વાનુપ્રેક્ષા** કહે છે. ૫. શરીર કુટુંબાદિકથી પોતાના સ્વરૂપને જુદું ચિન્તવન કરવું તેને **અન્યત્વાનુપ્રેક્ષા** કહે છે. ૬. શરીર માંસ, હાડકાં, મળમૂત્ર વગેરેથી ભરેલું મહાન અપવિત્ર છે, એ પ્રકારે પોતાના શરીરના સ્વરૂપનું ચિન્તવન કરવું, તેને **અશુચિત્વાનુપ્રેક્ષા** કહે છે. ૭. મિથ્યાત્વ અવિરત કષાયાદિકથી કર્મોનો આસ્રવ થાય છે. આસ્રવજ સંસારમાં પરિભ્રમણનું કારણ અને આત્માના ગુણોનો ઘાતક છે, એવી રીતે આસ્રવના સ્વરૂપને ચિન્તવન કરવું, તેને **આસ્રવાનુપ્રેક્ષા** કહે છે. ૮. સંવરના સ્વરૂપને ચિન્તવન કરવું તેને **સંવરાનુપ્રેક્ષા** કહે છે. ૯. કર્મોની નિર્જરા કેવી રીતે થાય છે, કેવા ઉપાયોથી થાય છે વગેરે નિર્જરાના સ્વરૂપને વારંવાર ચિન્તવન કરવું તેને **નિર્જરાનુપ્રેક્ષા** કહે છે. ૧૦. લોક કેટલો મોટો છે; તેમાં શું શું રચના છે, કઈ કઇ જાતિના જીવોનો ક્યાં ક્યાં નિવાસ છે વગેરે લોકના સ્વરૂપને વારંવાર ચિન્તવન કરવું, તેને **લોકાનુપ્રેક્ષા** કહે છે. ૧૧. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણ રત્નત્રયને બોધિ કહે છે. તે બોધિની પ્રાપ્તિ થવી અતિશય દુર્લભ છે. તેની દુ-

ર્લભતાનું વારંવાર ચિન્તવન કરવું, તેને **બોધિદુર્લભાનુપ્રેક્ષા** કહે છે. ૧૨. ધર્મ છે તે વસ્તુનો સ્વભાવ છે. આત્માનો શુદ્ધ નિર્મળ સ્વભાવ તેજ પોતાનો ધર્મ છે, તથા દર્શનજ્ઞાનચારિત્રરૂપ અથવા દશલક્ષણરૂપ અથવા અહિંસ રૂપ ધર્મ છે, વગેરે ધર્મના સ્વરૂપને વારંવાર ચિન્તવન કરવું, તેને **ધર્માનુપ્રેક્ષા** કહે છે. એ બાર અનુપ્રેક્ષાઓના ચિન્તવનથી પણ સંવર થાય છે. ૭.

**मार्गाच्यवननिर्ज्जरार्थं परिषोढव्याः परीषहाः ॥ ८ ॥**

अर्थ— ( मार्गाच्यवननिर्जरार्थं ) રત્નત્રયમોક્ષમાર્ગથી પતિત ન થવા માટે તથા કર્મોની નિર્જરાને માટે (परीषहाः) બાવીસ પરિષહ ( परिषोढव्याः) સહન કરવા જોઇએ. ૮.

**क्षुत्पिपासाशीतोष्णदंशमशकनाग्न्यारतिस्त्रीचर्यानिषद्याशय्या क्रोशवधयाचनालाभरोगतृणस्पर्शमलसत्कार-पुरस्कारप्रज्ञाऽज्ञानाऽदर्शनानि ॥ ९ ॥**

अर्थ—૧. ક્ષુધા, ૨. તૃષા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશમશક, ૬. નાગ્ન્ય, ૭. અરતિ, ૮. સ્ત્રી, ૯. ચર્યા, ૧૦. નિષદ્યા, ૧૧. શય્યા, ૧૨. આક્રોશ, ૧૩. વધ, ૧૪. યાચના, ૧૫. અલાભ, ૧૬. રોગ, ૧૭. તૃણસ્પર્શ, ૧૮. મલ, ૧૯. સત્કારપુરસ્કાર, ૨૦. પ્રજ્ઞા, ૨૧. અજ્ઞાન, ૨૨. અદર્શન એ પ્રમાણે બાવીસ પરીષહ છે. એ સર્વે પરિષહ શરીરસંબંધી અથવા મનસંબંધી જે અત્યન્ત પીડા થાય છે; તે સમભાવોથી સહન કરી લેવાથી સંવર (કર્માસ્રવનો નિરોધ) થાય છે, ૧. અત્યન્ત ક્ષુધારૂપ અગ્નિ પ્र-

જ્વલિત થવાથી તેને ધૈર્યરૂપી જળથી શાન્ત કરી દેવી, તેને **ક્ષુધાપરીષહ** કહે છે. ૨ એવી રીતે તૃષા (તરસ)ને પણ સહન કરવી તેને **તૃષાપરીષહ** કહે છે. ૩. શીત (ઠંડી)ને સહન કરવી, તેને **શીતપરીષહ** કહે છે. ૪. ગ્રીષ્મઋતુ (ઉનાળા) ની ગરમીની પીડાને સહન કરવી, તેને **ઉષ્ણુપરીષહજય** કહે છે. ૫. ડાંસ, મચ્છર વગેરે જીવોના ડંખની પીડાને સહન કરવી, તેને **દંશમશકપરીષહજય** કહે છે. ૬. નગ્ન થવું એ ઘણું કઠીન કાર્ય છે અને નગ્ન થઇને પણ પોતાના અંગોને વિકારરૂપ ન થવા દેવા અને લજ્જા વગેરેને જીતી લેવી તેને **નગ્નપરીષહજય** કહે છે. ૭. ક્ષુધા તૃષાદિની પીડાથી સંયમમાં અરતિ અથવા અરૂચિ થવા લાગે તો તેને નહિ થવા દે અને સંયમમાં નિરંતર રતિ રાખવી, તેને **અરતિપરીષહજય** કહે છે, ૮. સુંદર સ્ત્રીઓના હાવ, ભાવાદિકથી વિકારસ્વરૂપ ન થવું, તેને **સ્ત્રીપરીષહજય** કહે છે. ૯. રસ્તામાં ચાલતાં ખેદ-ખિન્ન ન થવું, તેને **ચર્યાપરીષહજય** કહે છે. ૧૦. ધ્યાનને માટે સંકલ્પ કરેલા આસનથી ચલાયમાન નહિ થવું, તેને **નિષદ્યાપરીષહજય** કહે છે. ૧૧. શાસ્ત્રની આજ્ઞાનુસાર શયન (પથારી)થી ચલાયમાન નહિ થવું, તેને **શય્યાપરીષહજય** કહે છે. ૧૨. અનિષ્ટ વચનોને સહન કરવાં, તેને **આક્રોશપરીષહજય** કહે છે. ૧૩. પોતાને મારવાવાલાઉપર ક્રોધ નહિ કરવો અને મારવાની પીડાને સહન કરી લેવી, તેને **વધપરીષહજય** કહે છે. ૧૪. પ્રાણુજતાંપણુ આહારાદિકને માટે દીનતારૂપ પ્રવૃત્તિ

નહિ કરવી, તેને **યાચનાપરીષહજય** કહે છે. ૧૫. આહારાદિકની પ્રાપ્તિ નહિ થવાથી પણ લાભની માફક સંતુષ્ટ રહેવું, તેને **અલાભપરીષહજય** કહે છે. ૧૬. જુદા જુદા પ્રકારના રોગ થવાથી પણ તેના ઈલાજની ઇચ્છા નહિ કરવી અને રોગજનિત પીડાને સહન કરી લેવી, તેને **રોગપરીષહજય** કહે છે. ૧૭. રસ્તામાં ચાલતાં તૃણ, કંટક (કાંટા), કાંકરી વગેરે પગમાં ખુંચવાથી ઉત્પન્ન થયેલી પીડાને સહન કરવી, તેને **તૃણસ્પર્શ પરીહજય** કહે છે. ૧૮. પોતાનું મેલું (ગંદુ) શરીર જોઈને ગ્લાનિ કરવાની ઇચ્છા નહિ કરવી, તેને **મલપરિષહજય** કહે છે. ૧૯. કોઈ અજ્ઞાન મનુષ્ય અપમાન કરે–સન્માન નહિ કરે, તોપણ સન્માનની ઇચ્છા નહિ રાખી માનઅપમાનમાં સમભાવ રાખવો, તેને **સત્કારપુરસ્કાર-પરીષહજય** કહે છે. ૨૦. પોતાની વિદ્વતાના મદ (અહંકાર) નો અભાવ તેને **પ્રજ્ઞાપરીષહજય** કહે છે. ૨૧. પોતાની અજ્ઞાનતાથી પોતાનો તિરસ્કાર થવો અને જ્ઞાનની અભિલાષા કરવા છતાં પણ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, એવા દુઃખને સહન કરી લેવું, તેને **અજ્ઞાનપરીષહજય** કહે છે. ૨૨. દીક્ષા લીધાને ઘણા દિવસ થઇ ગયા, તપ કરવાવાળાઓમાં હું મુખ્ય છું, તોપણ મારે ઋદ્ધિ અથવા અવધિજ્ઞાન વગેરેની પ્રાપ્તિ થઈ નહિ, એવી ઇચ્છા નહિ કરવી, તેને **અદર્શનપરીષહજય** કહે છે. એવી રીતે એ બાવીસ પરીષહોને જીતી લેવા તે પણ પરમ સંવરનું કારણ છે. ૯.

ઉક્ત પરીષહો કયા કયા [1]ગુણસ્થાનમાં કેટલા કેટલા હોય છે તે કહે છે—

**सूक्ष्मसाम्परायछद्मस्थवीतरागयोश्चतुर्दश ॥ १० ॥**

अर्थ—( सूक्ष्मसाम्परायछद्मस्थवीतरागयोः ) સૂક્ષ્મસાંપરાય નામે દશમા ગુણસ્થાનવાળાને તથા છદ્મસ્થવીતરાગ અર્થાત્ ઉપશાન્તકષાય નામના અગીયારમા ગુણસ્થાન, અને ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનમાં રહેવાવાળા-ઓને (चतुर्दश) ચૌદ પરીષહ હોય છે. ભાવાર્થ—૧૦મા સૂક્ષ્મસાંપરાય, ૧૧મા ઉપશાન્તકષાય, અને ૧૨મા ક્ષીણકષાય ગુણસ્થાનમાં રહેવાવાળાઓને ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમજક, ચર્યા, શય્યા, વધ, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મલ, પ્રજ્ઞા અને અજ્ઞાન એ ચૌદ પરીષહ હોય છે. ૧૦.

**एकादश जिने ॥ ११ ॥**

अर्थ—(जिने) તેરમા ગુણસ્થાનવર્તી જિનમાં અર્થાત્ કેવલીભગવાનને ( एकादश ) અગ્યાર પરીષહ હોય છે. સંસારી જીવોને વેદનીયકર્મના ઉદયથી ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, અને મલ એ અગ્યાર પરીષહો હોય છે. કેવલીભગવાનને પણ વેદનીયકર્મનો ઉદય છે, એ કારણથી તેમને પણ

[1] ગુણસ્થાન ચૌદ છે-૧. મિથ્યાત્વ, ૨. શાસાદન, ૩. મિશ્ર, ૪. અવિરત, ૫. દેશવ્રત, ૬. પ્રમત્ત, ૭. અપ્રમત્ત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિકરણ, ૧૦. સૂક્ષ્મસાંપરાય, ૧૧. ઉપશાન્તકષાય, ૧૨. ક્ષીણકષાય, ૧૩. સયોગકેવલી, ૧૪. અયોગકેવલી.

અગ્યાર પરિષહ હોય છે, પરન્તુ મોહનીયકર્મનો નાશ થવાથી વેદનીયકર્મનો ઉદય જોર કરી શકતો નથી. અર્થાત્ ઉક્ત અગ્યાર પરીષહ કેવલી ભગવાનને કાંઇ પણ પીડા કરી શકતા નથી તેથી નહીં જેવા છે. વેદનીયકર્મનો સદ્ભાવ થવાથી નામમાત્રજ કહેવાય છે. ૧૧.

बादरसाम्पराये सर्वे ॥ १२ ॥

अर्थ—( बादरसाम्पराये ) સ્થલકષાયવાળા અર્થાત્ છઠ્ઠા પ્રમત્ત, સાતમા અપ્રમત્ત, આઠમા અપૂર્વકરણ અને નવમા અનિવૃત્તિકરણ એ ગુણસ્થાનોમાં રહેવાવાલાઓને ( सर्वे ) સર્વ પરીષહ હોય છે. ૧૨.

ज्ञानावरणे प्रज्ञाज्ञाने ॥ १३ ॥

अर्थ—( प्रज्ञाज्ञाने ) પ્રજ્ઞાપરીષહ અને અજ્ઞાનપરીષહ ( ज्ञानावरणे ) જ્ઞાનાવરણીયકર્મનો ઉદય થવાથી થાય છે. ૧૩.

दर्शनमोहान्तारायययोरदर्शनालाभौ ॥ १४ ॥

अर्थ — ( अदर्शनालाभौ ) અદર્શનપરીષહ અને અલાભપરીષહ ( दर्शनमोहान्तराययोः ) દર્શનમોહ અને અન્તરાય કર્મનો ઉદય થવાથી થાય છે; અર્થાત્ દર્શનમોહના ઉદયથી અદર્શનપરીષહ અને અન્તરાયકર્મના ઉદયથી અલાભપરિષહ થાય છે. ૧૪.

चारित्रमोहे नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचना-
सत्कारपुरस्काराः ॥ १५ ॥

अर्थ—( चारित्रमोहे ) ચારિત્રમોહનીયનો ઉદય થવાથી ( नाग्न्यारतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कारपुरस्काराः ) નગ્ન, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કાર, એ સાત પરીષહ થાય છે. ૧૫.

वेदनीये शेषाः ॥ १६ ॥

अर्थ—(शेषाः) બાકીના ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ એ અગ્યાર પરિષહો (वेदनीये) વેદનીયકર્મનો ઉદય થવાથી થાય છે. ૧૬.

एकादयो भाज्या युगपदेकस्मिन्नैकोनविंशतेः ॥ १७ ॥

अर्थ— एकादयः) એકને આદિ લઇને (एकस्मिन्)એકજ જીવમાં (युगपत्) એકસાથે (आएकोनविंशतेः) ઓગણીસ પરીષહ સુધી (भाज्याः) વિભાગ કરવા જોઇએ.

ભાવાર્થ—એક જીવમાં એક સાથે ઓગણીસ પરીષહો થઈ શકે છે. કેમકે શીત અને ઉષ્ણ પરીષહમાંથી એક કાળમાં બેમાંના એક થઇ શકે છે. શય્યા, ચર્યા, નિષદ્યા એ ત્રણોમાંથી એક કાળમાં એકજ થઇ શકે છે. એ રીતે એક સમયમાં ત્રણ પરીષહોનો સર્વને અભાવ થવાથી * ૧૯ પરીષહજ એક સાથે ઉદયમાં આવી શકે છે. ૧૭.

હવે પાંચ પ્રકારનાં ચારિત્રનું વર્ણન કહે છે—

सामायिकच्छेदोपस्थापनापारिहारविशुद्धिसूक्ष्मसाम्पराय-
यथाख्यातमिति चारित्रम् ॥ १८ ॥

अर्थ—(सामायिकच्छेदोपस्थापनापरिहारविशुद्धिसूक्ष्मसाम्परायय-थाख्यातम्) સામાયિક, છેદોપસ્થાપના, પરીહારવિશુદ્ધિ, સૂક્ષ્મસામ્પરાય અને યથાખ્યાત (इति) એવાં પાંચ પ્રકા-

---

* શ્રુતજ્ઞાનસંબધી પ્રજ્ઞાપરીષહ અને અવધિજ્ઞાનાવરણોદયજનિત અજ્ઞાનપરીષહ એ બન્ને એક કાળમાં થાય છે.

રનાં ( चारित्रम् ) ચારિત્ર છે. વ્રતોનું ધારણ કરવું, સમિતિનું પાલન કરવું, કષાયોનો નિગ્રહ કરવો, મનવચનકાયની પ્રવૃત્તિરૂપ અનર્થદંડોનો ત્યાગ અને ઇન્દ્રિયોનો વિજય જે જીવને હોય, તેને સંયમ થાય છે. સર્વે સાવદ્યયોગનો જેમાં ભેદ રહિત ત્યાગ થાય તેને **સામાયિકચારિત્ર** કહે છે. ૨. પ્રમાદના કારણથી જો કંઇસાવદ્ય કર્મો થઇ જાય તો તેથી ઉત્પન્ન થયેલા દોષો છેદી દે અને ફરીથી આત્માને વ્રતધારણાદિરૂપ સંયમમાં ધારણ કરે, તે ક્રિયાને **છેદોપસ્થાપનાચારિત્ર** કહે છે અર્થાત્ હિંસાદિ સાવદ્ય કર્મોના વિભાગ કરીને ત્યાગ કરવા તેને **છેદોપસ્થાપનાચારિત્ર** કહે છે. ૩. જીવોની પીડાનો પરિત્યાગ (ત્યાગ) કરવાથી વિશેષ વિશુદ્ધિનું થવું, તેને **પરિહારવિશુદ્ધિચારિત્ર** કહે છે. ૪. અતિ સૂક્ષ્મ કષાયના ઉદયથી સૂક્ષ્મસાંપરાયગુણસ્થાનમાં જે ચારિત્ર થાય, તેને **સૂક્ષ્મસાંપરાયચારિત્ર** કહે છે. ૫. ચારિત્રમોહનીયકર્મનો સર્વેરીતે ઉપશમ અથવા ક્ષય થવાથી આત્માનું આત્મસ્વભાવમાં સ્થિર થવું, તેને **યથાખ્યાતચારિત્ર** કહે છે. સામાયિક અને છેદોપસ્થાપના એ બે ચારિત્ર પ્રમત્ત, અપ્રમત, અપૂર્વકરણ, અને અનિવૃત્તિકરણ એ ચાર ગુણસ્થાનોમાં થાય છે, પરિહારવિશુદ્ધિચારિત્ર, છઠ્ઠા અને સાતમા એ બે ગુણસ્થાનોમાંજ થાય છે. સૂક્ષ્મસાંપરાયચારિત્ર દશમા ગુણસ્થાનમાં થાય છે. અને યથાખ્યાતચારિત્ર અગ્યારમા, બારમા, તેરમા અને ચૌદમા એ ચારે ગુણસ્થાનોમાં થાય છે. ૧૮.

હવે નિર્જરાના કારણભુત બાર તપોમાંથી પહેલાં **૭ બાહ્યતપના ભેદ કહે છે—**

**अनशनावमौदर्य्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशा बाह्यं तपः ॥ १९ ॥**

अर्थ—(अनशनावमौदर्यवृत्तिपरिसङ्ख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशाः) અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયકલેશ એવી રીતે એ ૭ (बाह्यं तपः) બાહ્ય તપ છે. લૌકિક પ્રખ્યાતિ, લાભાદિકની ઇચ્છા નહિ કરીને સંયમની સિદ્ધિને માટે રાગભાવોનો ઉચ્છેદ કરવાને, કર્મોનો નાશ થવાને માટે, ધ્યાન સ્વાધ્યાયની સિદ્ધિને માટે, ઇન્દ્રિય અથવા કામનું દમન કરવાને માટે તથા જીતવાને માટે ભોજનનો ત્યાગ કરવો, તેને **અનશનતપ** કહેછે. ૨. ઉક્ત પ્રયોજનની સિદ્ધિને માટે તથા ધ્યાનની નિશ્ચલતાને માટે અલ્પભોજન કરવું તેને **અવમૌદર્યતપ** કહે છે. ૩. જ્યારે મુનિ આહારને માટે વનથી નીકળે ત્યારે એવી પ્રતિજ્ઞા કરે કે " એક અથવા પાંચ અથવા સાત ઘેરજ જઇશ અથવા એક કે બે મોહોલ્લામાં જઇશ, અથવા રસ્તામાં તથા મેદાનમાંજ ભોજન મલશે તો લઇશ, નગરમાં નહિ જાઉં" એવીરીતે નિયમ કરે અને નિયમાનુસાર આહારની વિધિ નહિ મલે તો પાછા વનમાં આવીને ઉપવાસ ધારણ કરે તેને **વૃત્તિપરિસંખ્યાનતપ** કહે છે. ૪. ઇન્દ્રિઓને દમન કરવા માટે, સંયમની રક્ષાને માટે, લાલસાના ત્યાગને માટે, ઘૃત (ઘી), દુગ્ધ (દુધ), તેલ, ગોળ, લવણ

( મોઠું ) વગેરે રસોનો ત્યાગ કરે, તેને **રસપરિત્યાગ-તપ કહે છે.** ૫. જીવોની રક્ષાને માટે પ્રાસુકક્ષેત્રમાં પર્વત, ગુફા, મઠ, વન, ખંડાદિક એકાન્ત સ્થાનમાં કે જ્યાં બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, ધ્યાનાદિકમાં વિઘ્ન ન આવે, એવા ઉપદ્રવ રહિત સ્થાનમાં શયન અથવા આસન કરવું, તેને **વિવિક્તશય્યાસનતપ** કહે છે. ૬. શરીરથી મમત્વનો ત્યાગ કરી જિનેન્દ્ર માર્ગથી વિરોધ રહિત કાયને કલેશાદિક કરવાવાળાં તપ કરે, તેને **કાયકુલેશતપ** કહે છે. એ સર્વ તપ બાહ્ય દ્રવ્યની અપેક્ષાએ થાય છે તથા બાહ્યમાં સર્વને દેખાય છે, તેથી એનું નામ **બાહ્યતપ** છે. ૧૯.

હવે અભ્યન્તર તપોને કહે છે—

**प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानान्युत्तरम् ॥२०॥**

अर्थ—( प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानानि ) પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ ( उत्तरम् ) **અભ્યન્તરતપ છે.** પ્રમાદના યોગથી લાગેલા દોષોની શુદ્ધિને માટે પશ્ચાતાપ કરવો, તેને **પ્રાયશ્ચિતતપ** કહે છે. ૨ પૂજ્ય પુરૂષોનો આદરસત્કાર કરવો તેને **વિનયતપ** કહે છે. શરીરથી કે દ્રવ્ય વગેરેથી મુનિયોની સેવાચાકરી કરવી તેને વૈયાવૃત્ત્યતપ કહે છે. ૪. જ્ઞાનઆરાધનમાં આલસ્યનો ત્યાગ કરી જ્ઞાનાધ્યાન કરવું, કરાવવું કે ઉપદેશ આપવો તેને **સ્વાધ્યાયતપ** કહે છે. ૫. બાહ્યાભ્યંતર ચોવીસ પ્રકારના પરિગ્રહોનો ત્યાગ કરવો, તેને **વ્યુત્સગ તપ કહે છે.** ૬. ચિત્તના વિક્ષેપ-નો ત્યાગ કરવો, તેને **ધ્યાનતપ કહે છે.** ૨૦

**नवचतुर्दशपञ्चद्विभेदा यथाक्रमं प्राग्ध्यानात् ॥ २१ ॥**

અર્થ—( ध्यानात् प्राक् ) ધ્યાનથી પહેલાનાં પાંચ તપ ( यथाक्रमं ) ક્રમથી (नवचतुर्दशपञ्चद्विभेदाः ) નવ, ચાર, દશ, પાંચ અને બે ભેદરૂપ છે અર્થાત્ નવ પ્રકારના પ્રાયશ્ચિત્ત, ચારપ્રકારના વિનય, દશ પ્રકારનાં વૈયાવૃત્ય, પાંચ પ્રકારનાં સ્વાધ્યાય અને બે પ્રકારનાં વ્યુત્સર્ગતપ છે. ૨૧.

**आलोचनाप्रतिक्रमणतदुभयविवेकव्युत्सर्गतपश्छेद-
परिहारोपस्थापनाः ॥ २२ ॥**

અર્થ—प्रायः એટલે અપરાધ તેની चित्त એટલે શુદ્ધિ કરવી, તેને **પ્રાયશ્ચિત્ત** કહે છે. એના આલોચના, પ્રતિક્રમણ, આલોચના અને પતિક્રમણ એ બે; વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપના એ નવ પ્રકાર છે. ગુરૂની પાસે જઈને પોતે કરેલા અપરાધોને દશ પ્રકારના દોષોથી રહિત સ્પષ્ટ રીતે પ્રગટ કરવા, તેને **આલોચના** કહે છે. મેં જે અપરાધ કર્યા છે, તે મિથ્યા થાઓ ઇત્યાદિ પ્રગટ કરવું તેને **પ્રતિક્રમણ** કહે છે. કોઇ દોષ તો માત્ર આલોચનાથી શુદ્ધ (દૂર) થઇ જાય છે, કોઈ દોષ પ્રતિક્રમણ કરવાથી દૂર (શુદ્ધ) થાય છે અને કોઇ દોષ એ બન્ને કરવાથી શુદ્ધ થાય છે એમ આલોચન અને પ્રતિક્રમણ કરવા, તેને **તદુભયપ્રાયશ્ચિત્ત** કહે છે. આહાર, પાન અથવા ઉપકરણ વગેરેથી અલગ કરી દેવો, અર્થાત્ કોઇ મુકરર સમય સુધી આહારાદિકનો ત્યાગ કરાવી દેવો, તેને **વિવેકપ્રાયશ્ચિત્ત** કહે છે. કાલનો

નિયમ કરીને કાયોત્સર્ગાદિ કરવું, તેને વ્યુત્સર્ગ કહે છે. અનશનાદિક તપ, અથવા ઉપવાસ, બેલું, તેલું, પંચો-પવાસાદિક કરવા, તેને તપઃપ્રાયશ્ચિત્ત કહે છે. દિવસ, મહિનો કે વર્ષની દીક્ષાનો છેદ કરવો, તેને છેદપ્રાયશ્ચિત્ત કહે છે. પક્ષ (પખવાડીયું), મહિનો વગેરેના નિયમથી સંઘથી બહાર કરી દેવા, તેને પરિહારપ્રાયશ્ચિત્ત કહે છે. સમસ્ત દીક્ષાનો છેદ કરીને ફરીથી દીક્ષા આપવી, તેને ઉપસ્થાપનાપ્રાયશ્ચિત્ત કહે છે. ૨૨.

ज्ञानदर्शनचारित्रोपचाराः ॥ २३ ॥

अर्थ—જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય એ ચાર પ્રકારના વિનય છે. આલસ્ય રહિત થઇને શુદ્ધ મનથી અત્યન્ત સન્માનપૂર્વક જીનસિદ્ધાન્તોનું ગ્રહણ, અભ્યાસ, સ્મરણાદિ કરવું, તેને જ્ઞાનવિનય કહે છે. ૨. નિઃશકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સિત, અમૂઢદષ્ટિ, ઉપગુહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ દોષો રહિત સમ્યગ્દર્શનનું ધારણ કરવું તેને દર્શનવિનય કહે છે. ૩. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન-નાધારી પંચપ્રકારના ચારિત્રને પાળવાવાળા મુનિજનોનાં નામ સાંભલતાંજ રોમાંચિત થઈ અન્તરંગમાં હર્ષિત થવું, મસ્તક ઉપર હાથ જોડવા, ભાવોમાં ચારિત્ર ધારણ કરવાની ઇચ્છા રાખવી, તેને ચારિત્રવિનય કહે છે. ૪. આચાર્યાદિક પુજ્ય પુરૂષો પ્રત્યક્ષ થતાં તરતજ ઉભા થઈ તેમની સન્મુખ જવું, હાથ જોડવા, વંદન કરવું, તેમની પાછળ

પાછળ ગમન કરવું, તથા આચાર્યાદિક પરોક્ષ હોવા છતાં પણ હાથ જોડવા, તેમના ગુણોનો મહિમા કરવો, વારંવાર સ્મરણ કરવું તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું, તે **ઉપચારવિનય** છે. ૨૩.

**आचार्य्योपाध्यायतपस्विशैक्ष्यग्लानगणकुलसङ्घसाधुमनोज्ञानाम् ॥ २४ ॥**

અર્થ—આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને મનોજ્ઞ એ દશ પ્રકારના સાધુઓની સેવાચાકરી કરવી, તે દશ પ્રકારના **વૈયાવૃત્ય** છે. જે વ્રતાચરણ ધારણ કરાવે, પ્રાયશ્ચિત્ત આપે, સમસ્ત પ્રકારના શાસ્ત્રોના જાણકાર અને પંચાચારના ધારણકરનારાઓમાં શ્રેષ્ઠ હોય, તેને **આચાર્ય** કહે છે. જે વ્રત શીલ ભાવનાઓને આધારે હોય અને જેની પાસે મુનિઓ શાસ્ત્રાધ્યયન કરતા હોય, તેમને **ઉપાધ્યાય** કહે છે. ઉપવાસાદિક મહાતપ કરે, તેને **તપસ્વી** કહે છે. જે શ્રુતજ્ઞાનનું અધ્યયન કરવામાં તત્પર, વ્રત ભાવનાદિમાં નિપુણ હોય, તેને શિષ્ય અથવા **શૈક્ષ** કહે છે. જેનું શરીર રોગ વગેરેથી ક્લેશરૂપ હોય, તેને **ગ્લાન** કહે છે. જે મોટા મુનિઓની ગણનામાં હોય, તેને **ગણ** કહે છે. દીક્ષા આપવાવાળા આચાર્યના શિષ્યસમુહને **કુલ** કહે છે. ચાર પ્રકારના મુનિઓના સમુહને **સંઘ** કહે છે. ઘણા કાલનો દિક્ષિત હોય, તેને **સાધુ** કહે છે. જેમનો ઉપદેશ લોકમાન્ય હોય અથવા ઉપદેશ વગર પણ લોકમાં પૂજ્ય હોય,

પ્રશંસાવાન હોય તેને **મનોજ્ઞ** કહે છે. એ દશ પ્રકારના સાધુઓના વૈયાવૃત્ત્ય કરવા અર્થાત્ શરીરસંબંધી વ્યાધિ અથવા દુષ્ટ જનોએ કરેલા ઉપસર્ગાદિકમાં સેવાચાકરી કરવી, તથા દવા વગેરે કરવી, તે દશ પ્રકારના વૈયાવૃત્ત્ય છે. ૨૪.

**वाचनापृच्छनानुप्रेक्षाम्नायधर्मोपदेशाः ॥ २५ ॥**

अर्थ—વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશ એવા પાંચ પ્રકારનાં **સ્વાધ્યાયતપ** છે. નિર્દોષ ગ્રન્થ તથા ગ્રન્થના અર્થ તથા ગ્રન્થ અને અર્થ એ બન્નેના વિનયવાન ધર્મના ઇચ્છક ભવ્ય પાત્રોને ભણાવવું, શીખવવું, સંભળાવવું તે **વાંચનાસ્વાધ્યાય** છે. શબ્દમાં તથા શબ્દના અર્થમાં સંશય હોય, તો પોતાનો સંશય દૂર કરવાને માટે જ્ઞાનીઓને વિનયસહિત પ્રશ્ન કરવો, તે **પૃચ્છનાસ્વાધ્યાયતપ** છે. ગુરૂજનોની પરંપરાથી જાણેલા અર્થને મનન કરી તેનો અભ્યાસ અથવા વારંવાર ચિન્તવન કરવું, તેને **અનુપ્રેક્ષાસ્વાધ્યાયતપ** કહે છે. પાઠને શુદ્ધતાપૂર્વક ગોખવો તે **આમ્નાયસ્વાધ્યાયતપ** છે. ઉનમાર્ગ (મિથ્યામાર્ગ) દૂર કરવાને માટે અને પદાર્થોનું યથાર્થ સ્વરૂપ પ્રકાશવાને માટે ધર્માર્થઉપદેશરૂપ કથન કરવું, તે **ધર્મોપદેશસ્વાધ્યાયતપ** છે. ૨૫.

**बाह्याभ्यन्तरोपध्योः ॥ २६ ॥**

अर्थ—વ્યુત્સર્ગતપ બે પ્રકારનાં છે. એક બાહ્યોપધિત્યાગ અને બીજો અભ્યન્તરોપધિત્યાગ. ક્ષેત્ર, વાસ્તુ, ધન, ધાન્ય, નોકર ચાકર, પશુ (હાથી ઘોડા ગાય વગેરે),

શયનાશન, યાન ( ચુદ્ધ પાલખી વગેરેને ), કુપ્ય અને ભાંડ એ બ્રાહ્યપરિગ્રહને ત્યાગ, તે **બાહ્યોપધિત્યાગતપ** છે, અને મિથ્યાત્વ ૧, વેદ ત્રણ ( સ્રીવેદ પુંવેદ નપુંસકવેદ ) હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ, એ અભ્યન્તરપરિગ્રહને ત્યાગ, તે **અભ્યન્તરોપધિત્યાગ** છે. ૨૬.

**उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानमाऽऽन्तर्मुहूर्तात् ॥२७॥**

अर्थ—(उत्तमसंहननस्य) ઉત્તમ સંહનનવાળાને (आअन्तर्मुहूर्त्तात्) અન્તર્મુહૂર્ત્ત પર્યન્ત (एकाग्राचिन्तानिरोधः) એકાગ્ર ચિન્તાને નિરોધ કરવો તે (ध्यानम्) ધ્યાન છે. भावार्थ- છ સંહનનોમાંથી પહેલાના વજ્રવૃષભનારાચસંહનન, વજ્રનારાચસંહનન અને નારાચસંહનન એ ત્રણ **ઉત્તમ સંહનન** છે. એજ ત્રણ સંહનન ધ્યાનનાં કારણ છે. જે પુરૂષોને એ ત્રણ સંહનન હોય છે તે ધ્યાન કરી શકે છે. એ ધ્યાન ઉત્કૃષ્ટપણે અન્તર્મુહૂર્ત્તપર્યન્ત રહે છે. મોક્ષ થવાને કારણભૂત વજ્રવૃષભનારાચસંહનનજ છે. ચિત્તની વૃત્તિને અન્યક્રીયાઓથી ખેંચીને એક તરફજ સ્થિર રાખવી તે, એકાગ્રચિન્તાનિરોધ અથવા **ધ્યાનતપ** છે. ૨૭.

**आर्तरौद्रधर्म्यशुक्लानि ॥ २८ ॥**

अर्थ—આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મ્યધ્યાન અને શુકલ ધ્યાન એ ચાર પ્રકારના ધ્યાન છે, તેમાંથી આર્ત્ત અને રૌદ્રધ્યાન, એ અપ્રશસ્તધ્યાન છે અને ધર્મ્યધ્યાન તથા શુકલધ્યાન એ પ્રશસ્તધ્યાન છે. ૨૮.

परे मोक्षहेतू ॥ २९ ॥

अर्थ—(परे) આગલનાં બે ધ્યાન અથવા ધર્મ્યધ્યાન અને શુક્લધ્યાન (मोक्षहेतू) મોક્ષના કારણભૂત છે. એ વચનથી પહેલાનાં બે ધ્યાન અર્થાત્ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારના કારણભૂત છે એવું નક્કી થાય છે.૨૯.

आर्त्तममनोज्ञस्य सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥३०॥

અર્થ—આર્ત્તધ્યાન ચાર પ્રકારનાં છે. તેમાંથી (अमनोज्ञस्य) વિષ, કંટક (કાંટા) શત્રુ, શસ્ત્રાદિક એવા અપ્રિય પદાર્થનો (सम्प्रयोगे) સંયોગ થવાથી (तद्विप्रयोगाय) તેને દૂર કરવાને માટે (स्मृतिसमन्वाहारः) વારંવાર ચિન્તા કરવી, વિચાર કરવો તે (आर्त्तम्) **અનિષ્ટસંયોગજ નામનું પહેલું આર્ત્તધ્યાન** છે. ૩૦.

विपरीतं मनोज्ञस्य ॥ ३१ ॥

अर्थ—(मनोज्ञस्य) સ્ત્રી, પુત્ર, ધનાદિક ઈષ્ટ પદાર્થોનો (विपरीतं) વિયોગ થવાથી તેની પ્રાપ્તિને માટે ચિન્તા ઉપાયાદિકમાં વારંવાર લવલીન થવું, તે **ઇષ્ટવિયોગજ નામે બીજું આર્ત્તધ્યાન** છે. ૩૧.

वेदनायाश्च ॥ ३२ ॥

अर्थ—(च) અને (वेदनायाः) વેદનાનું અર્થાત્ રોગજનિત પીડાનું ચિન્તવન કરવું, અધીરા થઇ જવું, વિલાપાદિક કરવું, તે **વેદનાજનિત ત્રીજું આર્ત્તધ્યાન** છે. ૩૨.

## निदानं च ॥ ३३ ॥

अर्थ—(च) અને (निदानं) ભવિષ્ય માટે વિષયભોગાદિકની વાંચ્છા (ઈચ્છા) કરવી અને તેના વિચારમાં લીન થઈ જવું, **તેને નિદાન નામનું ચોથું આર્ત્ત-ધ્યાન કહે છે. ૩૩.**

## तद्विरतदेशविरतप्रमत्तसंयतानाम् ॥ ३४ ॥

अर्थ—(तत्) એ ચાર પ્રકારના આર્ત્તધ્યાન (अविरत-देशविरतप्रमत्तसंयतानाम्) મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર અને અ-વિરત એ ચાર ગુણુસ્થાનવાળાને તથા પાંચમા દેશવિરત, અને છઠ્ઠા પ્રમત્તસંયતગુણુસ્થાનવાળાને થાય છે, પરંતુ ઉપર કહેલા ચાર પ્રકારના આર્ત્તધ્યાનમાંથી નિદાન નામનું આર્ત્તધ્યાન પ્રમત્તગુણુસ્થાનવાળાને થતું નથી ૩૪.

## हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्योरौद्रमविरतदेशविरतयोः ॥३५॥

अर्थ--(रौद्रम्) રૌદ્રધ્યાન (अविरतदेशविरतयोः) મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરત અને દેશવિરત એ પાંચ ગુણુસ્થાનોમાં રહેવાવાળા જીવોને (हिंसानृतस्तेयविषयसंरक्षणेभ्यः) હિંસા, અનૃત, (જુઠું), સ્તેય (ચોરી) અને વિષયસંરક્ષણથી થાય છે. એ ચારોને ચિન્તવન કરતા રહેવું એ ચાર પ્રકારના રૌદ્રધ્યાન છે. હિંસા કરવામાં આનંદ માનીને તેને સાધવાને ચિન્તવન કરતા રહેવું તે **હિંસાનંદીરૌદ્રધ્યાન** છે જુઠું બોલવામાં આનંદ માની તેનુંજ ચિન્તવન કરવું તે **મૃષાનંદીરૌદ્રધ્યાન** છે ચોરી કર-

વામાં આનંદ માની તેનું ચિન્તવનાદિ કરતા રહેવું, તે **ચૌર્યાનન્દીરૌદ્રધ્યાન** છે. અને પરિગ્રહની રક્ષા કરવાને વારંવાર ચિન્તવન કરતા રહેવું તે **પરિગ્રહાનંદીરૌદ્રધ્યાન** છે. ૩૫.

**आज्ञापायविपाकसंस्थानाविचयाय धर्म्यम् ॥ ३६ ॥**

अर्थ—(आज्ञापायविपाकसंस्थानविचयाय) આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, અને સંસ્થાનવિચય (વિચાર)ને માટે વારંવાર ચિન્તવન કરવું તે (धर्म्यम्) ચાર પ્રકારનાં **ધર્મ્યધ્યાન** છે. ઉપદેશદાતાના અભાવથી અને પોતાની મંદ બુદ્ધિથી સૂક્ષ્મ પદાર્થનું સ્વરૂપ સારી રીતે સમજવામાં ન આવે ત્યારે સર્વજ્ઞની આજ્ઞાને પ્રમાણ માનીને ગહન પદાર્થનો અર્થ અવધારણ કરવો (માનવો) તે **આજ્ઞાવિચયધર્મ્યધ્યાન** છે. મિથ્યાદૃષ્ટિઓના કહેલા મિથ્યામાર્ગથી પ્રાણી કયારે ફરશે, તેમની અનાયતન (મિથ્યાત્વી) સેવાનો અભાવ કેવી રીતે થશે, એ સન્માર્ગમાં કયારે આવશે, સમીચીનમાર્ગનો (સન્માર્ગનો) તો જાણે અભાવ થઈ ગયો છે, એવી રીતે સન્માર્ગના અભાવનું ચિન્તવન કરવું, તે **અપાયવિચયધર્મ્યધ્યાન છે.** જ્ઞાનાવરણાદિ કર્મોના દ્રવ્યક્ષેત્રકાલભાવપ્રમાણે જે વિપાક અર્થાત્ ફળ થાય છે તેનું ચિન્તવન કરવું તે **વિપાકવિચયધર્મ્યધ્યાન** છે. લોકના સંસ્થાનોનું ચિન્તવન કરવું, તે **સંસ્થાનવિચયધર્મ્યધ્યાન** છે. એ ધર્મધ્યાન ચોથા અસંયત, પાંચમા સંયત, છઠ્ઠા પ્રમત્તસંયત અને સાતમા અપ્રમત્તસંયત; એ ચાર ગુણસ્થાનોમાં થાય છે. ૩૬.

शुक्ले चाद्ये पूर्वविदः ॥ ३७ ॥

अर्थ—આગળના ૩૯માં સુત્રમાં પૃથકત્વવિતર્કવિચાર, એકત્વવિતર્ક વિચાર, સુક્ષ્મક્રિયાપ્રતિપાતિ, અને વ્યુતપરત-ક્રિયાનિવર્તિ એ ચાર ભેદ શુકલધ્યાનના કહીશું, તેમાંથી (आद्येशुक्ले) આદિનાં બે શુકલધ્યાન (पूर्वविदः) પૂર્વને જાણવાવાળા અર્થાત્ શ્રુતકેવલીને થાય છે. ચકારના યોગથી શ્રુતકેવલીને ધર્મ્યધ્યાન પણ થાય છે. ૩૭.

परे केवलिनः ॥ ३८ ॥

अर्थ—આગલા સુક્ષ્મક્રિયાપ્રતિપાતિ અને વ્યુપરતક્રિયા-નિવર્ત્તિ એ બે ધ્યાન (केवलिनः) સયોગકેવલી અને અ-યોગકેવલીને થાય છે; છદ્મસ્થને થતાં નથી. ૩૮.

पृथक्त्वैकत्ववितर्कसूक्ष्मक्रियाप्रतिपातिव्युपरतक्रि-

यानिवर्तीनि ॥ ३९ ॥

अर्थ—પૃથકત્વવિતર્ક, એકત્વવિતર્ક, સુક્ષ્મક્રિયાપ્રતિ-પાતિ, અને વ્યુપરતક્રિયાનિવર્ત્તિ એ ચાર શુકલ-ધ્યાનના ભેદ છે. ૩૯.

त्र्येकयोगकाययोगायोगानाम् ॥ ४० ॥

अर्थ—શુકલધ્યાનના ઉક્ત ચારો ભેદોમાંથી પૃથકત્વ વિતર્ક નામનું પ્રથમ શુકલધ્યાન તો મન, વચન, કાય એ ત્રણે યોગોના ધારકોને થાય છે. બીજું એકત્વવિતર્ક નામનું શુકલ ધ્યાન ત્રણે યોગોમાંથી કોઈપણ એક યોગના

ધારકને થાય છે. ત્રીજું સુક્ષ્મક્રિયાપ્રતિપ્રાતિ નામનું શુકલ-ધ્યાન કાયયોગના ધારકનેજ થાય છે અને ચોથું વ્યુપરત-ક્રિયાનિવર્ત્તિ નામનું શુકલ ધ્યાન અયોગકેવલીને થાય છે. ૪૦.

**एकाश्रये सवितर्कवीचारे पूर्वे ॥ ४१ ॥**

अर्थ--(पूर्वे) પહેલાનાં બે ધ્યાન અર્થાત્ પૃથકત્વવિતર્ક અને એકત્વવિતર્ક એ બે શુકલધ્યાન (एकाश्रये) એકાશ્રય અર્થાત્ શ્રુતકેવલીને (सावितर्कवीचारे) વિતર્ક અને વિચાર સહિત થાય છે. ૪૧.

**अवीचारं द्वितीयम् ॥ ४२ ॥**

अर्थ--(द्वितीयं) બીજું શુકલધ્યાન (अवीचारं) વિચાર રહિત છે. અર્થાત્ જેમાં વિતર્ક અને વીચાર બન્ને હોય તેતો પૃથકત્વવિતર્ક નામનું શુકલધ્યાન છે. અને બીજું વિતર્ક સહિત પણ વિચાર રહિત છે. ૪૨.

**वितर्कः श्रुतम् ॥ ४३ ॥**

अर्थ--(श्रुतम) શ્રુતજ્ઞાન છે તે (वितर्कः) વિતર્ક છે. અર્થાત્ શ્રુતજ્ઞાનને વિતર્ક કહે છે. વિશેષ પ્રકારથી તર્ક કર-વાને વિતર્ક કહે છે શબ્દ શ્રવણપૂર્વક ગ્રહણને શ્રુતજ્ઞાન કહે છે. ૪૩.

**वीचारोऽर्थव्यञ्जनयोगसंक्रान्तिः ॥ ४४ ॥**

अर्थ—(अर्थव्यञ्जनयोगसंक्रान्ति): અર્થ, વ્યગ્જન અને યોગોનું પલટવું, તેને (वीचारः) વીચાર કહે છે. ધ્યેય પદા-ર્થને છોડીને તેની પર્યાયનું ધ્યાન કરવાને અને પર્યાયને

છોડીને દ્રવ્યનું ધ્યાન કરવાને **અર્થસંક્રાન્તિ** કહે છે. શ્રુતના એકવચનનું અવલંબન કરીને અન્યનું અવલંબન કરવાને અને તેને છોડીને બીજાનું અવલંબન કરવાને **વ્યગ્જનસંક્રાન્તિ** કહે છે. અને કાયયોગને છોડીને મનોયોગ અથવા વચનયોગને ગ્રહણ કરે અને મનોયોગ અથવા વચનયોગને છોડી કાયયોગને ગ્રહણ કરે તેને **યોગસંક્રાન્તિ** કહે છે. એવી રીતેના પ્રવર્ત્તનનેજ **વીચાર** કહે છે. ૪૪.

એવી રીતે બાહ્યાભ્યન્તર તપનું વર્ણન કર્યું. એ બન્ને તપ નવીન કર્મોનો નિષેધ કરવાને માટે હેતુ હોવાથી સંવરનું કારણ છે; અને પૂર્વે બાંધેલા કર્મોને નાશ કરવાના નિમિત્ત હોવાથી નિર્જરાનું પણ કારણ છે. હવે તપશ્ચરણાદિ કરવાથી જે નિર્જરા થવી કહી છે તે સમસ્ત સમ્યગ્દૃષ્ટી જીવોને એક સાથે થાય છે કે ભિન્ન ભિન્ન થાય છે, તે જણાવવાને માટે સૂત્ર કહે છે—

**सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहजिनाः क्रमशोऽसंख्येयगुणनिर्ज्जराः ॥ ४५ ॥**

અર્થ—( सम्यग्दृष्टिश्रावकविरतानन्तवियोजकदर्शनमोहक्षपकोपशमकोपशान्तमोहक्षपकक्षीणमोहाजिनाः) ૧. સમ્યગ્દૃષ્ટિ, ૨. શ્રાવક, ૩. વિરત અર્થાત્ મહાવ્રતીમુનિ, ૪. અનન્તાનુબંધીનો વિસંયોજનકરવાવાલા, ૫. દર્શનમોહને નાશ કરવાવાલા, ૬. ચારિત્રમોહનો ઉપશમ કરવાવાલા, ૭. ઉપશાન્તમોહવાલા,

૮. ક્ષપકશ્રેણી ચઢતા, ૯. ક્ષીણમોહ બારમાગુણસ્થાનવાલા, અને ૧૦. જિનેન્દ્રભગવાન એ સર્વને (क्रमशः) અનુક્રમે (असङ्ख्येयगुणनिर्जराः) અસંખ્યાતગણી નિર્જરા થાય છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિથી અસંખ્યાતગણી પંચમ ગુણસ્થાનવર્ત્તિ શ્રાવકને; અને પંચમ ગુણસ્થાનવર્ત્તિ શ્રાવકથી અસંખ્યાતગણી મહાવ્રતી મુનિને; એવી રીતે પ્રત્યેકને ઉપર ઉપર વધતી અસંખ્યાતગણી નિર્જરા થાય છે. ૪૫.

**હવે મુનિયોના પાંચ ભેદ કહે છે—**

**पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः ॥ ४६ ॥**

अर्थ—(पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातकाः) પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક; એવા પાંચ પ્રકારના (निर्ग्रन्थाः) નિર્ગ્રંથ સાધુ છે. જે મુનિ ઉત્તરગુણોની ભાવના રહીત અને મૂલગુણોમાં પણ કોઇ કાલ અથવા કોઇ ક્ષેત્રમાં કદાચિત (કોઇવિખત) પૂર્ણતાને પ્રાપ્ત ન થાય, તેને **પુલાકમુનિ** કહે છે. ૨. જે મુનિના મૂલગુણ પરિપૂર્ણ હોય અને પોતાના શરીર ઉપકરણાદિકની શોભા વધારવાની કિંચિત ઇચ્છા રાખવાવાલા હોય, તેને **બકુશમુનિ** કહે છે. ૩. કુશીલમુનિ બે પ્રકારના હોય છે. એક પ્રતિસેવનાકુશીલ, અને બીજા કષાયકુશીલ. જે મુનિને ઉપકરણ, શરીરાદિકથી વિરક્તતા ન હોય અને મૂલગુણ તથા ઉત્તરગુણની તો પરિપૂર્ણતા હોય પરન્તુ ઉત્તરગુણોમાં કંઈક કારણથી કદાચ કંઈ વિરોધ આવે તેને **પ્રતિસેવનાકુશીલ** કહે છે. અને જે મુનિએ સંજ્વલન કષાયથી અતિરિક્ત

અન્ય કષાયોને જીતી લીધા હોય તેને કષાયકુશીલ કહે છે. ૪. જે મુનિને મોહનીયકર્મના ઉદયને અભાવ હોય અને જેમ પાણીમાં લાકડી મારવાથી ઉછાળો મારે છે અને પછી તરત એક થઈ જાય છે એવી રીતે અન્ય કર્મોને ઉદય મંદ હોય, અને પ્રગટ અનુભવમાં નહિ આવે તેને નિર્ગ્રન્થમુનિ કહે છે, ૫. અને સમસ્ત ઘાતિયાકર્મોને નાશ કરવાવાલા કેવલી ભગવાન સ્નાતકમુનિ છે, એવી રીતે એ પાંચે મુનિ નિર્ગ્રન્થ છે. ૪૬.

**संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपादस्थान-**
**विकल्पतः साध्याः ॥ ४७ ॥**

अर्थ—(संयमश्रुतप्रतिसेवनातीर्थालिङ्गलेश्योपपादस्थानाविकल्पतः) સંયમ, શ્રુત, પ્રતિસેવના, તીર્થ, લિઙ્ગ, લેશ્યા, ઉપપાદ અને સ્થાન એ આઠ પ્રકારના અનુયોગોથી પણ પુલાકાદિક મુનિ (साध्याः) ભેદરૂપથી સાધવાયોગ્ય છે. અર્થાત્ ઉક્ત આઠે કારણથી પુલાકાદિ મુનિયોના વિશેષ ભેદ થાય છે. ૪૭.

**इति श्रीमदुमास्वामिविरचिते तत्त्वार्थाधिगमे**
**मोक्षशास्त्रे नवमोऽध्यायः ॥९॥**

# अथ दशमोऽध्यायः लिख्यते ।

આ દશમા અધ્યાયમાં સાત તત્ત્વોના વર્ણનમાંથો મોક્ષ-તત્વનું સ્વરૂપ કહેવાનું છે અને મોક્ષની પ્રાપ્તિ કેવલજ્ઞાનપૂર્વક છે અર્થાત્ પહેલા કેવલજ્ઞાન થાય ત્યારે મોક્ષ થાય છે; તેથી પહેલાં કેવલજ્ઞાનની ઉત્પત્તિનું કારણ કહે છે—

**मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥१॥**

अर्थ—( मोहक्षयात् ) મોહનીયકર્મનો ક્ષય થવાપછી અન્તર્મુહૂર્ત્તપર્યન્ત ક્ષીણકષાય નામનું બારમું ગુણસ્થાન પ્રાપ્ત કરીને (च) ત્યારપછી ( ज्ञानदर्शनावरणान्तरायक्षयात् ) યુગપત્ (એકસાથે) જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય-કર્મનો ક્ષય થવાથી ( केवलम् ) કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. भावार्थ—જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અન્તરાય એ ચાર ઘાતિયાકર્મોનો સર્વથા નાશ થઇ જવા પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ૧.

હવે મોક્ષનું લક્ષણ શું છે? અને તે કયા કારણથી પ્રાપ્ત થાય છે તે કહે છે—

**बन्धहेत्वभावनिर्जराभ्यां कृत्स्नकर्म्मविप्रमोक्षो मोक्षः ॥२॥**

अर्थ—( बन्धहेत्वभावानिर्जराभ्याम् ) બંધના કારણો ન રહેવાથી અને નિર્જરા થવાથી (कृत्स्नकर्मविप्रमोक्ष:) સમસ્ત કર્મોનો અત્યન્ત અભાવ થવો, તેજ (मोक्ष:) મોક્ષ છે.

भावार्थ--કેવલજ્ઞાન થવા પછી વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિયાકર્મોનો નાશ થઇ જવો અર્થાત્ આગળ કર્મબંધના કારણોનો અભાવ અને પૂર્વસંચિત કર્મોની સત્તાનો સર્વથા નાશ થઈજવો તેજ મોક્ષ છે. ૨.

હવે પુદ્ગલમયી દ્રવ્યકર્મની પ્રકૃતિયોનો નાશ થવાથીજ મોક્ષ થાય છે કે ભાવકર્મોનો પણ નાશ થઈ જાય છે એ પ્રશ્નના ઉત્તર માટે સૂત્ર કહે છે—

**औपशमिकादिभव्यत्वानां च ॥३॥**

अर्थ— (च) અને મોક્ષજીવને (औपशमिकादिभव्य-त्वानाम्) ઔપશમિક વગેરે ભાવોનો અને પારીણામિક ભાવોમાંથી ભવ્યત્વભાવનો અભાવ થાય છે. ભાવાર્થ—ઔપશમિક, ક્ષાયોપશમિક અને ઔદયિક તથા ભવ્યત્વ એ પ્રકારના ભાવોનો અને પુદ્ગલકર્મોની સમસ્ત પ્રકૃતિયોનો નાશ થવાથી મોક્ષ થાય છે. ૩.

**अन्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः ॥४॥**

अर्थ—(केवलसम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः) કેવલસમ્યકત્વ, કેવલજ્ઞાન, કેવલદર્શન અને કેવલસિદ્ધત્વ એ ચાર ભાવોના (अन्यत्र) સિવાય અન્યભાવોનો મુક્ત જીવને અભાવ છે. અહિંયા પ્રશ્ન થઇ શકે છે કે જો મુક્ત જીવને એ ચાર ભાવ અવશેષ રહે છે, તો અનન્તવીર્યાદિકનો પણ અભાવ સમજવો જોઇએ. એનું સમાધાન એ છે કે અનંતવીર્યાદિક છે તે અનન્તજ્ઞાન અને અનન્તદર્શનથી અવિનાભાવી સંબંધવાલા છે.

અર્થાત્ અનન્તજ્ઞાન અને અનન્તદર્શનની સાથે સાથે અનન્તવીર્ય, અનન્તસુખાદિક ભાવ પણ નિયમથી રહે છે; કેમકે અનન્તસુખ અનન્તવીર્ય એ જીવમાંજ થાય છે, જડમાં થતા નથી; જ્યારે જીવમાં થાય છે ત્યારે જીવ અનન્ત જ્ઞાનમય છે, જ્ઞાન વગર જડને સુખ થઈ શકતું નથી. ૪.

**तदनन्तरमूर्द्ध्वं गच्छत्यालोकान्तात् ॥५॥**

अर्थ—(तदनन्तरं)સમસ્ત કર્મોનો નાશ થયા પછી મુક્ત જીવ ( आलोकान्तात् ) લોકના અન્ત ભાગ અર્થાત્ સિદ્ધશીલા પર્યન્ત ( (ऊर्द्ध्वं ) ઉંચે (गच्छाति) જાય છે. ૫.

હવે જીવના ઉર્દ્ધ્વગમનનું કારણ કહે છે.—

**पूर्वप्रयोगादसङ्गत्वाद्बन्धच्छेदात्तथा गतिपरिणामाच्च ॥६॥**

अर्थ—(पूर्वप्रयोगात्) પૂર્વના પ્રયોગહેતુથી (असङ्गत्वात्) અસંગ થવાથી ( बन्धच्छेदात् ) કર્મબંધનો નાશ થઈ જવાથી (च) અને (तथागतिपरिणामात्) તથા ગતિપરિણામથી અર્થાત્ સ્વભાવ થવાથી મુક્તજીવનું ઉર્દ્ધ્વગમન થાય છે. ૬.

હવે ઉર્દ્ધ્વગમન થવાનાં ચાર કારણોનાં ચાર દ્રષ્ટાન્ત કહે છે.—

**आविद्धकुलालचक्रवद्व्यपगतलेपालाबुवदेरण्डबीजवद-ग्निशिखावच्च ॥ ७ ॥**

अर्थ—(आविद्धकुलालचक्रवत्) કુંભારદ્વારા ઘુમાવેલા ચાકની માફક અર્થાત્ પહેલા સૂત્રમાં જે પૂર્વપ્રયોગહેતુ (કારણ) કહેલું છે તેનું દ્દષ્ટાંન્ત એ છે કે જેમ કુંભારનો

હાથ, દંડ અને ચાકના સંયોગથી ચાકનું ફરવું થાય છે. તે કુંભાર જ્યારે તેને ફેરવતો રહી જાય, તોપણ પૂર્વના પ્રયોગથી જ્યાં સુધી ચાકને ફરવાનો સંસ્કાર મટતો નથી ત્યાં સુધી તે ફર્યા કરે છે, તેવી રીતે જીવ પણ સંસારઅવસ્થામાં રહેતો છતો મોક્ષની પ્રાપ્તિને માટે વારંવાર ચિન્તવન કરતો હતો તે મુકત થવાથી ચિન્તવન નહિ રહ્યું તેથી પૂર્વસંસ્કારથી મુક્તિતરફ ઉર્ધ્વંગમન કરે છે. બીજું (व्यपगतलेपालाबुवत्) દૂર થઇ ગયો છે માટીનો લેપ જેના ઉપરથી એવા તુંબડાની માફક અર્થાત્ તુંબડા ઉપર માટીનો ઘણો લેપ હોવાથી તે પાણીમાં ડુબી રહ્યું હતું તે કોઇ કારણથી તેનાઉપરથી માટીનો લેપ દૂર થવાથી ઉર્ધ્વંગમનપૂર્વક જલના ઉપર આવે છે, એવોજ રીતે જીવ પણ અનાદિ કાલથી કર્મોના ભારથી દબાયેલો પરવશ થયેલો હતો, તે સર્વ કર્મોના સંબંધથી તે સંસારમાં પડેલો હતો અને જ્યારે કર્મોનો લેપ દૂર થઈ જાય ત્યારે તે પણ ઉર્ધ્વંગમન કરે છે. ત્રીજું (एरण्डबीजवत्) દિવેલીના બીયાંની માફક ઉર્ધ્વંગમન કરે છે. અર્થાત્ જેમ એરંડીયાના ફલ ઝાડ ઉપર સુકાઇ જાય છે ત્યારે તેના આવરણ ( ડોડા ) ફુટતાંજ તે એરંડીની મીંચ ઉપર ( અદ્ધર ) ઉછળે છે; તેવીજ રીતે મનુષ્યાદિભવમાં રહેવાવાલા ગતિ, જાતિ આદિ નામકર્મ તથા આયુ, ગોત્રાદિ કર્મોનું બંધન ટૂટતાંજ આત્મા ઉપર (ઉર્ધ્વ) ગમન કરે છે. (च) અને ચોથું (अग्निशिखावत्) અગ્નિની શિખા ( જ્વાલા )ની માફક જીવ ઉર્ધ્વંગમન કરે છે. જેમકે આમતેમની વાંકી હવા નહિ આવે તો દીવાની

જ[illegible] છે તેવી રીતે મનુષ્ય નારકાદિ ગતિયોમાં ગમન કરાવવાના કારણભૂત કર્મોનો અભાવ થવાથી આત્માનો ઉર્ધ્વગમન સ્વભાવ થવાના કારણથી મોક્ષ થતી વખતે જીવનું નિયમથી ઉર્ધ્વગમન થાય છે. ૭.

જીવનો જ્યારે ઉર્ધ્વગમન સ્વભાવ છે તોપછી લોકના અન્તમાંજ કેમ રહી જાય છે? અલોકાકાશમાં પણ ગમન કેમ થતું નથી તેના ઉત્તરમાં આચાર્ય મહારાજ કહે છે કે—

**धर्मास्तिकायाऽभावात् ॥ ८ ॥**

अर्थ—અલોકાકાશમાં ધર્માસ્તિકાયનો અભાવ થવાથી ગમન થતું નથી અર્થાત્ ધર્માદિક પાંચ દ્રવ્યોનો નિવાસ લોકાકાશમાંજ છે, અલોકાકાશમાં નથી અને જીવ તથા પુદ્ગલનું ગમન કરવામાં સહાયક ધર્મદ્રવ્યજ થાય છે, તે ધર્મદ્રવ્યનો આગળ અલોકાકાશમાં અભાવ છે, તેથી જીવના પણ ગમનનો અભાવ છે. એ કારણથી લોકાના અન્ત ભાગમાં ૪૫ લાખ યોજનની એક સિદ્ધશિલા છે ત્યાં સુધી મુક્ત જીવ સિદ્ધશિલાની નીચે જઈ રહે છે. ૮.

અહીં કોઈ પ્રશ્ન કરે કે મુક્ત જીવોમાં કાંઇ ભેદ પણ છે કે નહીં, તો તેનો જવાબ આચાર્ય મહારાજ નીચે પ્રમાણે સૂત્રમાં કહે છે—

**क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तरसंख्याल्पबहुतत्वतः साध्याः ॥ ९ ॥**

अर्थ—(क्षेत्रकालगातिलिङ्गतीर्थचारित्रप्रत्यकेबुद्धबोधितज्ञानावगाहनान्तरसंख्याल्पबहुतत्वतः ) ક્ષેત્ર, કાલ, ગતિ, લિંગ, તીર્થ,

ચારિત્ર, પ્રત્યેક, બુદ્ધ, બોધિત, જ્ઞાન, અવગાહના, અન્તર, સંખ્યા, અને અલ્પબહુત્વ એ બાર અનુયોગોથી સિદ્ધોમાં પણ ભેદ (સાધ્યા:) સાધવા જોઇએ અર્થાત્ એ કારણોથી મુકત જીવનો પણ ભેદ થઈ શકે છે, भावार्थ—ખરીરીતે તો સિદ્ધોમાં કંઈ ભેદ નથી, બધા એક જેવાજ છે, પરંતુ નીચેની અપેક્ષાએ જુદા જુદા છે–અનેક ભરત વિદેહાદિ ક્ષેત્રમાં સિદ્ધ થાય છે. ૨. કોઇ અવસર્પિણી અને કોઇ ઉત્સર્પિણી કાલમાં સિદ્ધ થયા છે. ૩. કોઈ સિદ્ધ ગતિ અર્થાત્ મનુષ્ય ગતિથી સિદ્ધ થયા છે. ૪. ત્રણ ભાવલિંગોમાંથી કોઇ લિંગથી. ક્ષપકશ્રેણી ચઢીને મોક્ષ મળે છે. ૫. કોઈ તીર્થંકરના તીર્થમાં મોક્ષે ગયા છે અથવા તીર્થંકર થઇને મોક્ષે ગયા છે અથવા કોઇ તીર્થંકર થયા વગર પણ સિદ્ધ થયા છે. ૬. ભૂતપૂર્વ નયની અપેક્ષાથી કોઈ એક ચારિત્રથી સિદ્ધ થયા છે. કોઈ બે ત્રણ ચારિત્રથી સિદ્ધ થયા છે. ૭. કોઈ ઉપદેશ વિના જ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં રત થયા છે. અને કોઈ ઉપદેશથી સિદ્ધ થયા છે. ૮. કોઈ એકજ જ્ઞાનથી સિદ્ધ થયા છે. ૯. કોઇ ઉત્કૃષ્ટ અવગાહના પાંચસો પચ્ચીસ ધનુષથી સિદ્ધ થયા છે. ૯. કોઇ મધ્ય અવગાહનાથી, અને કોઈ જઘન્ય એટલે સાઢાત્રણ હાથની અવગાહનાથી સિદ્ધ થયા છે. ૧૦. એક સિદ્ધથી બીજા સિદ્ધ થવાનું અંતર જઘન્ય બે સમયનું અને ઉત્કૃષ્ટ છ મહિનાનું છે. ૧૧. જઘન્ય એક સમયમાં એકજ સિદ્ધ થઇ શકે અને ઉત્કૃષ્ટ એકસો આઠ (૧૦૮) થઇ શકે છે. ૧૨. સમુદ્ર આદિ જલભાગમાં થોડા સિદ્ધ થાય છે અને વિદેહઆદિક સ્થલભાગોમાં અધિક સિદ્ધ થાય છે. ૧૦.

इति श्रीमदुमास्वामीविरचिते तत्त्वार्थाधिगमे मोक्षशास्त्रे दशमोऽध्यायः ॥ १० ॥

अक्षरमात्रपदस्वरहीनं व्यञ्जनसन्धिविवर्जितरेफम् ।
साधुभिरत्र मम क्षमितव्यं को न विमुह्यति शास्त्रसमुद्रे ॥ १ ॥

अर्थ—જો આ ગ્રંથમાં કોઈ જગ્યાએ (अक्षरमात्रपदस्वरहीनं) અક્ષર, માત્રા, પદ, સ્વરાક્ષર રહિત હોય તો તથા (व्यञ्जनसन्धिविवर्जितरेफम्) વ્યઞ્જનાક્ષર તથા સંધિ રહિત અથવા રેફ રહિત હોયતો (अत्र) એ વિષયમાં (साधुभिः) સન્ત પુરૂષ (मम) મને (क्षमितव्यं) ક્ષમા કરે કેમકે (कः) એવો કોણ પુરૂષ છે કે જે (शास्त्रसमुद्रे) શાસ્ત્રરૂપી ગહન સમુદ્રમાં (न विमुह्यति) ગોથા ખાતો નથી અર્થાત્ કોણ ભૂલતું નથી. ભૂલ બધાથી-જ થાય છે.

दशाध्याये परिच्छिन्ने तत्त्वार्थे पठिते सति ।
फलं स्यादुपवासस्य भाषितं मुनिपुङ्गवैः ॥ २ ॥

अर्थ—(दशाध्याये परिच्छिन्ने) દશ અધ્યાયવાલા આ (तत्त्वार्थे) તત્ત્વાર્થનામરૂપ મોક્ષશાસ્ત્રને (पठिते सति) પાઠ કરવાથી (उपवासस्य) એક ઉપવાસનું (फलं) ફલ (स्यात्) થાય છે એવું (मुनिपुङ्गवैः) મુનિયોમાં શ્રેષ્ઠ એવા આચાર્યોએ (भाषितं) કહ્યું છે.

समाप्तोऽयं ग्रन्थ ।